આંતર જીવન.

બા. ક.

વીરમલ. એચ. મહેતા

મૂલ્ય આના આઠ

આંતર જીવન

યાને

અધારમાં જ્ઞાનગોષ્ઠિ

મૂળ લેખક

સી. ડબલ્યુ. લેડબીટર.

એફ ટી એસ

ભાષાતર કર્તા અને પ્રકાશક

વીરબલ હરિસુખરામ મહેતા

એફ ટી એસ, એસ ટી સી

શાતિસદન, આમલીરાન

સુરત.

૧૯૧૩

ધી સુરત "જૈન" પ્રિન્ટીગ પ્રેસમા મઠુભાઇ ભાઇદાસે છાપ્યુ

ખપાટીઆ ચકલા-સુરત.

પૂર્વ કથન.

બ્રહ્મનિષ્ઠ બન્ધુ સિ. ડબલ્યુ લેડબીટરે રચેલા Inner Life Vol I નામના રસિક ઇંગ્રેજી પુસ્તકના અર્ધા ભાગનું આ પુસ્તક ભાષાંતર છે. એમાં ચર્ચેલા વિષયો એવા તો રસિક છે કે એ પુસ્તક હાથમાં આવતાં ગુજરાતી વાચક વર્ગને એનો લાભ આપવા ઇચ્છા થઈ પરંતુ એ ઇચ્છા ફળિભૂત થવાનો સંભવ ઘણો ઓછો હતો. ઈશ્વર કૃપાએ સેન્ટ્રલ પ્રોવિન્સિસવાળા ઉદાર બન્ધુ પંડયા બૈજનાથ બી એ એ આ પુસ્તકનું ભાષાંતર કરવા સૂચના કરી રૂા ૬૦)ની મદદ આપવા કબુલ્યું અને સત્વર રૂા ૧૦૦) આ તથા એક બીજા પુસ્તકના ભાષાંતર સારૂ મોકલી આપ્યા એ આશ્રયને લીધેજ આ પુસ્તક પ્રસિદ્ધ થઇ શકે છે.

સાંસારિક અને અન્ય વ્યવસાયને લીધે જેટલું વહેલું આ પુસ્તક પ્રસિદ્ધ કરવું ધાર્યું હતું તેટલું વહેલું પ્રસિદ્ધ થઇ શક્યું નથી માટે તે માટે વાચક વર્ગની ક્ષમા ઇચ્છું છું.

આનો દ્વીતીય વિભાગ થોડા વખતમાં તયાર થશે એવી આશા છે.

ભાષાંતર કરવાની પરવાનગી આપવા સારૂ મૂળ લેખકનો અને દ્રવ્યની મદદ સારૂ બન્ધુ પંડયા બૈજનાથ બી એ નો ઉપકાર ખરા અંતઃકરણપૂર્વક માનું છું.

શાંતિસદન, આમલીરાન સુરત
૫ એપ્રિલ ૧૯૧૩

વી. હ. મહેતા.

બ્રહ્મવિદ્યાના જ્ઞાનમાર્ગની

દિશા બતાવનાર

વડીલ બંધુ

પરશુરામ હરિસુખરામ મહેતા

ને

અર્પણ

આંતર જીવન.

પ્રથમ સ્કંધ.

પ્રકરણ ૧ લું.

સિદ્ધસંઘ યાને મહાત્માઓ.

ગુપ્ત વિદ્યાના અભ્યાસીઓ વખતે એવા પ્રશ્નો પૂછે છે કે તે પરથી એમ સમજાય છે કે આપણે જેમને મહાત્મા કહીએ છીએ તેઓ કોણ છે, કેવા છે, તેમનું કાર્ય શું છે, એ વિષે તેઓને બહુ જ આછો ખ્યાલ હોય છે તેમનું સત્ય સ્વરૂપ તેઓ જાણતા હોય એમ જણાતું નથી આવી ભૂલો સામાન્ય મુમુક્ષુઓ જ કરે છે એમ નથી જેઓએ ઘણા વર્ષો સુધી ગુપ્ત વિદ્યાનો અભ્યાસ કર્યો છે તેઓ પણ આવી ભૂલો કરે છે આ લોકની માન્યતા [illegible] એવી જણાય છે કે મહાત્માઓ ફિરસ્તાઓ અથવા દેવો છે, અને આપણા કરતા એટલી બધી તો ઉંચી સ્થિતિમા છે કે તેમનાથી આપણને કાંઈ ફાયદો થવાનો સંભવ નથી આમ કહેવાનો હેતુ એવો નથી કે વાસ્તવિક રીતે જોતા તેઓ આપણા કરતા ઘણા ઉન્નત નથી તેમની શ્રેષ્ઠતા તો નિર્વિવાદ છે અને એ દૃષ્ટિએ જોતા આપણી અને તેમની વચ્ચે ઘણું અંતર છે પરંતુ તેઓશ્રી પણ પૂર્વાવસ્થામા આપણા જેવા જ હતા અને તેમણે મહા પરિશ્રમે આ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે એ વાત ધ્યાનમા રાખી વિચાર કરીએ તો તે રીતે જોતા તેમની અને આપણી વચ્ચેનું અંતર નિસીમ લાગતું નથી. અને

તેમની દ્વારાએ આપણને લાભ થવાનો સંભવ છે એ વાત વધારે સ્પષ્ટ રીતે સમજાય છે આ મહાન અને પરમ ઉપયોગી વિષયનું આપણને યથાર્થ જ્ઞાન થાય તેટલા માટે "મહાત્મા" એટલે શું એ વિષે પ્રથમ વિચાર કરવો ઘટે છે

આપણે કોને મહાત્મા કહીએ છીયે તે જરા વિચારીયે શ્રીન સિદ્ધાશ્રમ વિષે તો સર્વને માહીતી હશેજ એ મહાન્ અને ઉચ્ચ બંધુમંડલ વિષે વારે વારે આપણા સાહિત્યમા સૂચન કરવામા આવે છે એ મંડલના જે સભ્યો શિષ્યાનો સ્વીકાર કરી તેમના વિકાસ, ક્રમમા સાહાય્ય કરે છે તેમને આપણે મહાત્મા (અંગ્રેજીમા Master) કહીએ છીએ અહીં યાદ રાખવાનું છે કે આ આશ્રમ સામાન્ય રીતે જગતમા મળી આવતા સાધારણ આશ્રમ કરતા બહુ જુદા પ્રકારનો છે અને તેથી એ આશ્રમના સંબંધમા પણ ઘણી ગેર સમજુતી ઉભી થએલી જણાય છે કેટલીકવાર એને ટીબેટન અથવા હીમાલયી આશ્રમ કહેવામા આવે છે, અને તેથી એવો ખ્યાલ ઉત્પન્ન થાય છે કે એ મંડળ હિંદુ સન્યાસીઓનું બનેલું છે અને કોઈ અગમ્ય સ્થાનમા પર્વતની ગુફામા મઠ બાંધીને રહે છે આનું કારણ એ જણાય છે કે જે મહાત્માઓએ આપણા બ્રહ્મજ્ઞાની મંડળની સ્થાપના કરવામા આગળ પડતો ભાગ લીધો છે તેઓ હાલમા ટિબેટમા નિવાસ કરે છે અને હિંદીવાનો છે અથવા હિંદી શરીરમા છે પરંતુ તેથી સર્વે હિંદીવાનો છે અને સર્વે ટિબેટમા રહે છે એમ કાંઇ નથી

એક બીજી દ્રષ્ટિએ જોતા આ વાત વધારે સ્પષ્ટ થશે બ્રહ્મ વિદ્યાના અભ્યાસીઓ તો જાણેજ છે કે મોક્ષ માર્ગના હમેશા ચાર વિભાગ પાડવામા આવે છે, એની ચાર દશા ગણવામા આવે છે.

આગે દશામાથી જે પસાર થાય છે તેમને આ કલ્પને માટે કશુ કરવાનુ રહેતુ નથી અને તેથી તેમને આપણા કે બીજા કોઈ ગ્રહ ઉપર જન્મ લેવાની જરૂર પડતી નથી કોઇ મનુષ્ય જ્યારે આ દશાએ પહોચે છે એટલે તે [1]દિક્ષિત મટી સિદ્ધ બને છે પછી તે **સિદ્ધ** અથવા **મહાત્માને** નામે સબોધાય છે આ અશેષ-અશેષ દશાએ પહોચતા તેની સમુખ સાત માર્ગો નજરે પડે છે એમાથી ગમે તે માર્ગે જવાની તેને છૂટ છે એમાના ઘણા ખરા માર્ગો તેનો આ દુનિયાની સાથેનો સબંધ તોડે એવા છે એટલે તે માર્ગે ગયા પછી અહિના લોક સાથે સબધ રાખી શકાય નહિં એવા છે ભર્ય મડળને લગતુ કાઇ કાર્ય કરવાનુ તેને પ્રાપ્ત થાય છે એટલે આ દશાએ પહોચેલા ઘણા **મહાત્માઓ** આપણા સાથમાથી ખસી આપણા કરતા વિશાળ કાર્યક્ષેત્રમા કાર્ય કરી રહ્યા છે

૭ના તેઓમાના કેટલાક આપણી સાથે સીધા સબધમાં આવે છે અને આપણે માટ મહેનત કરી રહ્યા છે એ વર્ગના બે વિભાગ પાડવામા આવે છે (૧) જેઓ સ્થુલ ઉપાધિ સહિત કાર્ય કરે છે તેઓ, અને (૨) જેઓ એવી ઉપાધિ ગખતા નથી તેઓ આ બીજા વર્ગના લોકોને "નિર્માણુ કાયા" નુ નામ આપવામા આવે છે. કારણુ કે તેઓ આપણી સૃષ્ટિ અને નિર્વાણુ વચ્ચે અદ્ધર રહે છે અને મનુષ્ય જાતિને માટે આધ્યાત્મિક બળનો મ્હોટો સગળ કરો

---

[1] મુમુક્ષુ જીજ્ઞાસુ-જ્યારે યોગ્ય થાય છે અને મોક્ષ માર્ગને માટે અધિકારી ગણાય છે ત્યારે તેને ગુરૂથી દિક્ષા આપે છે. પછી તે દિક્ષિત કહેવાય છે. દિક્ષિત પછીની દશાને સિદ્ધ દશા કહે છે અને દિક્ષિત સિધ્ધ અથવા મહાત્મા કહેવાય છે.

ઉત્પન્ન કરે છે આ બળ એક મોટી ટાંકી જેવુ હોય છે તેમા તેઓ રેડે છે, અને એ બળનો ઉપયોગ **સિદ્ધસંઘ-મહાત્માઓ**–આપણા લાભને **અર્થે** કરે છે. આટલે અંશે નિર્માણકાયા આપણી સૃષ્ટિ સાથે સંબંધમાં રહે છે માટે તેને "દુ ખસંગી" "દુ ખશોધક" કહેવામાં આવે છે. પરંતુ તેમને આવું નામ આપવુ એ કેવળ અનુચિત છે એનો અર્થ માત્ર એટલોજ કે ઉચ્ચતર કાર્ય કરવાનો આનંદ તેમને મળતો નથી પરંતુ આટલુ ધ્યાનમા રાખવું જોઇએ કે એઓએ નિર્વાણલોકથી હેઠે વસવાનુ પસંદ કર્યુ છે તે દુ ખી લોકોને આશ્રય અને સાહાય્ય આપવા સારૂજ ઉચ્ચતર કાર્ય કરવાનુ મૂકી આવુ કાર્ય પસંદ કરવુ એ અગાશીની ખુલ્લી હવા મૂકી અંધારા ભોયરામાં ઉતરવા બરોબર છે એ સત્ય છે, પરંતુ જે માણસ એ પ્રમાણે ભોયરામા ગુગળાઈ રહેના કોઈ મનુષ્યને બહાર કાઢવા પ્રયત્ન કરે છે તે જ્યા સુધી ત્યા રહે છે ત્યા સુધી તેને દુ ખ થાય છે એમ નથી પણ સાહાય્ય કરવાનો પ્રસંગ મળ્યાથી ઉલટા તે આનંદમા નિમગ્ન રહે છે, અને ત્યાની હવા વગેરેની અસર તદ્દન ભૂલી જાય છે આવો પ્રસંગ મળ્યા છતા જે સાહાય્ય કરવાનુ મૂકી દે તેને ખરેખર આગળ જતાં પસ્તાવો થવાનો સંભવ છે એક વખત આપણે જનસમૂહની આધ્યાત્મિક દરિદ્રતા જોઇએ અને તેમને સાહાય્ય કરવાની કેટલી અગત્ય છે તે જાણીએ પછી જેઓ તે જાણતા નથી તેમની માફક આપણે કદી તેમના દુ ખ પ્રતિ અલક્ષ કરી શકીએ નહિ, બેદરકારી બતાવીએ નહિ

સદ્દભાગ્યે આપણામાંના જેઓને આવા દુ ખના દર્શન થયા છે તેમની પાસે હમેશાં સાહાય્ય કરવાના સાધનો પણ છે–જો કે

નિર્માણકાયાની સાથે સરખાવતા અમારા જેવાઓના પ્રયત્નોની અસર ઘણી ઓછી થાય છે છતા અમો પણ પેલી મોટી ટાંકીમા અમારૂ બળ અર્પણ કરી શકીએ છીએ એ વાત ધ્યાનમા રાખવાની ખાસ જરૂર છે જ્યારે જ્યારે પ્રેમ કે ભક્તિનો પ્રવાહ મોકલવામાં આવે છે ત્યારે તેની બેવડી અસર થાય છે એક તો એ પ્રવાહ મોકલનારના ઉપર અને બીજુ જેના પ્રતિ તેને મોકલ્યો હોય તેના ઉપર પરંતુ એ પ્રેમ કે ભક્તિ જો કેવળ નિસ્વાર્થ હોય તો તેની એક ત્રીજી અસર પણ થાય છે સામાન્ય પ્રેમ જો કે તે ઘણો ઉચા પ્રકારનો હોય તો પણ તેના આદોલનો એક બંધ વર્તુલના આકારમા થાય છે એ વર્તુલાકાર ગમે તેવો મોટો હોય પણ તે પાછો ફરીને તેના પ્રેરનાર તરફ આવે છે પરતુ કેવલ નિસ્વાર્થી માણસનો પ્રેમ તો ખુલ્લા વર્તુલાકારમા વહે છે અને જો કે એની કેટલીક અસર પ્રેરનારના ઉપર થાય છે છતાં એ પ્રવાહનો મોટો ભાગ તો ઈશ્વર પ્રતિ વહે છે અને પછી ઇશ્વર જે આશીર્વાદ વર્ષાવે છે તે પેલી ટાકીમા પડી એકઠો થાય છે (આ ટાકી એ શબ્દ માત્ર સ્થુલ ભૂમિની વાણીમા બોલવાનુ હોવાથી વાપર્યો છે) અને તેમાથી મનુષ્ય જાતિને સાહાય્ય કરવા સારૂ જ્યારે જોઇએ ત્યારે શક્તિ વાપરી શકાય છે એટલે આપણામાંના સૌથી બળવાન તેમજ બળહીન સર્વથી આ સુદર રીતે જગતને મદદ કરવાનુ બની શકે છે

સ્થુળોપાધી ધારણ કરી ગમીને જેઓ કાર્ય કરે છે તેમની સખ્યા નિર્માણ કાયાના કરતા ઘણી ઓછી છે પરતુ તેઓ આપણી સાથે વધારે ઘાડા સબધમાં આવે છે. કારણ કે તેઓ આપણા વિકાસક્રમને લગતુ કેટલુક કાર્ય કરવાનું છે તેમાં કાર-

કોની પદ્મઓમ લે છે આ દ્વીતીય વિભાગના સિદ્ધસંઘને શ્વેત સિદ્ધસંઘ કે 'ગુપ્ત જ્ઞાની મહાત્મા મંડળ' એવું નામ આપવામાં આવ્યું છે અને એ મંડળ કોઈ એક દેશના કે જાતિના લોકોનું બનેલું નથી પરંતુ સર્વ દેશના સર્વ જાતિના લોકનું બનેલું છે સ્થુલ ભૂમિકા ઉપર તેઓ એકજ જગ્યાએ રહેતા નથી પરન્તુ ઉચ્ચ ભુવનો પર તેઓ હમેશા એક બીજાની સાથે સબંધમાં આવે છે. જન્મ મૃત્યુના નિયમની પાર તેઓ પહોચ્યા હોય છે એટલે જ્યારે એક શરીર કાળે કરી જીર્ણ થઈ જાય, નિરૂપયોગી થઈ જાય, ત્યારે જે કર્મ તેમણે કરવાનું હોય છે તેને અનુકૂળ દેશ અને જાતિનું શરીર તેઓ ધારણ કરે છે માટે સિદ્ધસંઘના અંગભૂતોના સ્થુલ શરીરની જાતિ ઉપર આપણે લક્ષ આપવાનું નથી, આધુનિક સમયમાં અમે સિધ્ધસંઘ વિષે કાંઈક જાણીએ છીએ તેમાં કેટલાક મહાત્મા હિંદીવાનો, એક ટીબેટન, એક ચીનના, બે ઇંગ્રેજ, એક ઇટાલીયન, એક હંગેરીઅન, એક સિરીયન, અને એક સૈપ્રસના છે ઉપર કહ્યું તેમ એમના સ્થૂલ શરીરની જાતિ મહત્વની નથી પરંતુ આટલું ઉપર કહ્યું તે એટલાજ સારૂ કે તે ઉપરથી આવો શરીર ભેદનો વિચાર રાખવો કેવો વ્યર્થ છે તે સ્પષ્ટ સમજાય

આ સિદ્ધસંઘના સિધ્ધેશ્વર અથવા પ્રમુખ પ્રત્યે અમને એટલું તો માન અને ભક્તિ છે કે તેઓશ્રીના સંબંધમાં વધારે લખતા અમને આંચકો લાગે છે પૃથ્વીના જુદા જુદા ખંડોની વ્યવસ્થા રાખવાનું કાર્ય તેઓ કરે છે અને મુમુક્ષુઓને દિક્ષા પણ તેમના નામથીજ અપાય છે આજથી ૧૮ લક્ષ વર્ષો ઉપર શુક્રના ગ્રહ ઉપરથી જે મહાન્ વ્યક્તિઓએ આપણી સૃષ્ટિના વિકાસ ક્રમની

વ્યવસ્થા કરવાને અહિં પધારવાની કૃપા કરી તેમાના તેઓશ્રી એક છે આ મહાત્માઓએ આપણી વચ્ચે જન્મ લીધો નહતો પરંતુ સૂક્ષ્મ ભૂમિકાના દ્રવ્યમાથી પોતાની ઇચ્છા શક્તિ વડે આપણા જેવા આકારના શરીરો પોતાને માટે બનાવ્યા હતા અને તેને સ્થળ કરી લીધા હતા તે સમયે અને ત્યાર પછી ઘણા કાળ સુધી આપણી મનુષ્ય જાતિમાથી કોઈ સિદ્ધસંઘના મહાન અધિકારીઓની પદ્દી લેવાને યોગ્ય થયા નહોતા એટલે આપણને બાહ્ય સાહાય્યની આવશ્યકતા હતી અને તેવી સાહાય્ય આપવામા પણ આવી હતી ત્યાર પછી જેમ જેમ માનવ જાતિ વિકાસ ક્રમમા આગળ વધી તેમ તેમ તે પોતાનુ કાર્ય જાતેજ કરતા શીખી અને તેથી શુક્રના ગ્રહ ઉપરથી આવેલા મહાત્માઓ પૈકી કેટલાક બીજી સૃષ્ટિના વિકાસ ક્રમને મદદ કરવા સારૂ જવાને છૂટા થયા અને ગયા પરંતુ તેઓશ્રી માંના એક હજુ આ સિદ્ધસંઘમા રહેલા છે અને આપણા ગ્રહના વિકાસ ક્રમને દોરવે છે તેઓશ્રી એકલી માનવ જાતિના કે પ્રાણી વર્ગના વિકાસ ક્રમની વ્યવસ્થા રાખે છે એમ નથી પરંતુ અન્ય સર્વ પ્રકારના જીવોના વિકાસ ક્રમની વ્યવસ્થા રાખે છે

સિદ્ધસંઘના પ્રમુખ શ્રીના હાથ હેઠે વિવિધ ખાતાંઓના અધિકારીઓ કાર્ય કરી રહ્યા છે પ્રમુખના કાર્ય કરતા આ તેમના મદદગારોના કાર્યની રૂપરેખા આપણાથી વધારે સહેલથી સમજાય છે જો કે એમના સંબંધમાં પણ આપણાથી વિગતો તો સમજાતી નથીજ. પરંતુ એક મૂળ પ્રજાના મનુની પ્રવૃત્તિ અને તેમને શીર રહેલી જવાબદારીનુ આપણને કંઈક જ્ઞાન થાય છે જે ધર્મ મંત્રીનું કાર્ય કરે છે તેઓશ્રીના સંબંધમા આપણે કાંઈ જાણી શકીએ છીયે.

એ મહાત્મા આખા જગતના ધર્મની વ્યવસ્થા રાખે છે અને જુદા જુદા દેશોમાં જુદે જુદે પ્રસંગે પોતે જાતે અવતરીને અથવા તો પોતાના કોઇ શિષ્યને કે કારકને મોકલી દેશ અને કાળને અનુસરતા વિવિધ ધર્મો પ્રવર્તાવે છે બૌદ્ધ ધર્મની પરિભાષામા આ કાર્ય કરનારને બોધિસત્વનુ નામ આપવામા આવ્યુ છે અને તેનો અર્થ એવો થાય છે કે તેઓશ્રી હજી બુદ્ધ થયા નથી પરંતુ તે સ્થિતિએ પહોચવાની તૈયારીમા છે હાલમા ધર્મ મંત્રીનુ કાર્ય મૈત્રેય રૂષિ કરે છે ત્યાર પહેલા એ કાર્ય **શ્રી ગૌતમ બુદ્ધ** કરતા હતા **બુદ્ધ** દશાએ પહોચે એનો અર્થ કાઇ અમુક જ્ઞાન પ્રાપ્ત કરવુ એટલોજ નથી પરંતુ તેને માટે એક મહાન્ દિક્ષા લેવાની જરૂર પડે છે, અને તે લીધા પછી એ દિક્ષા લેનારથી આ પૃથ્વી ઉપર ફરી જન્મ ધારણ કરી શકાતો નથી તેથી તે પોતાનુ કાર્ય કોઇ બીજાને સોપે છે અને સાધારણ રીતે આપણી પૃથ્વી સાથેના સર્વ પ્રકારના સંબંધમાથી મુક્ત થાય છે

આમ છતા **શ્રી ગૌતમ બુદ્ધ** આપણી પૃથ્વી સાથે અમુક પ્રકારનો સંબંધ હજુ રાખી રહ્યા છે કે તેથી આપણને સહજ સાહાય્ય આપી શકાય વર્ષમા એકવાર તેઓ શ્રી **સિદ્ધસ**ંઘને દર્શન દે છે અને પોતાનો આશાર્વાદ આપે છે તેઓને એઓશ્રીની સાથે કેમ સંબંધમા આવવુ તેની ખબર છે તેઓ એમની સાથે સંબંધમા આવી શકે છે આપણા પ્રમુખ **મિસિસ બેસન્ટે** પોતાના કેટલાક લેખોમા જણાવ્યુ છે તેમ એમણે બુદ્ધપદ પ્રાપ્ત કરતા પહેલા આર્ય પ્રજાના ઉપપ્રજાઓના ધર્મગુરૂ તરીકે વારંવાર જન્મ ધારણ કર્યો હતો ઇજીપ્ટમા 'રહસ્યજ્ઞાન શાખા" ના સ્થાપક **હરમીસ** તરીકે, તેમજ આતસ અને સૂર્યની પૂજા પ્રવર્તાવનાર મૂળ **ઝરથુસ્ત** તરીકે,

અને ગ્રીસમાં રહસ્ય જ્ઞાનની શાખાના સ્થાપક **ઓરફીયસ** તરીકે જન્મ લીધા હતા તેમના ઉપર કહ્યા તેટલાજ જન્મો થયા છે એમ નથી પૂર્વના ઇતિહાસનુ જે સંશોધન અમે કરીએ છીએ તેમા એમનો અમને ઘણે પ્રસંગે આના કરતા અન્ય ધર્મોના સ્થાપક તરીકે મેળાપ થાય છે

થિઓસોફિના પ્રથમ કાળમા લખાએલા પુસ્તકમા **જગદ્‌ગુરુ શ્રી શં**કરાચાર્ય તરીકે એમણે ફરી જન્મ લીધો હતો એવુ કહેવામા આવ્યુ છે એમ કહેવુ યોગ્ય નથી કારણકે ગુપ્ત વિદ્યાની દૃષ્ટિએ જોતા આ બે મહાન્ ગુરૂઓ જુદા જુદા ખાતાઓ તરફથી આવેલા ગણાય છે આ ભૂલ થવાનુ કારણ એ જણાય છે કે **શ્રી ગૌતમ બુદ્ધને** માટે તૈયાર કરેલી કેટલીક ઉપાધિઓનો **શ્રી શં**કરાચાર્યે ઉપયોગ કર્યો હતો આ વિષય **મેડમ બ્લેવેટસ્કિએ** **સિક્રટ ડૉક્ટ્રિનમા** ચર્ચ્યો છે

શ્રી ગૌતમ **બુદ્ધને** માટે જે પ્રેમ ભાવ સર્વત્ર જોવામા આવે છે તેના કારણ બે છે એક તો એ કે આપણી માનવ જાતિમાથી **બુદ્ધપદ** મેળવનાર એઓશ્રી પ્રથમજ હતા એટલે આપણે એમને આપણી જાતિના વિકાસના પ્રથમ ફલ રૂપે અને તેથી આપણા નાયક તરીકે ઓળખાએ તોપણ ખોટુ નથી (એમની પૂર્વે થએલા બુધ્ધો અન્ય માનવ જાતિમાથી આવેલા હતા અને અન્ય સૃષ્ટિના હતા) બીજુ કારણ એ છે કે માનવ જાતિનો વિકાસ ત્વરીત ગતિએ ચલાવવાને સારૂ એમણે પોતાને માથે કેટલીક બીજી મહાન્ જોખમદારીઓ સ્વીકારી લીધી હતી એ જવાબદારીનુ સ્વરૂપ આપણાથી સમજાય તેવુ નથી એમ કહેવાય છે કે જે સમયે આપણી માનવ જાતિમાથી કોઈ આ મહાન્ પદને માટે યોગ્ય થશે એવુ ધારવામા

આવ્યુ હતુ તે સમયે એ કાર્ય કરવાને સર્વાંશે યોગ્ય કોઇ જણાયુ નહિ આપણામાના થોડાજ અરહત દશાની ઉચ્ચતર સ્થિતિએ પહો ચેલા માલમ પડયા પરતુ એ નાના મડળમા સૌથી આગળ વધેલા બે મિત્ર અને ભાઇઓ હતા અને તેમનો વિકાસ સરખોજ થએલો હતો બેઉ સરખાજ દશામા હતા આ બે તે જેમને આપણે શ્રી ગૌતમબુદ્ધ અને ઋષિ મૈત્રેય તરીકે ઓળખીએ છીએ તે હતા માનવજાતિ પ્રતિના પોતાના અપ્રતિમ પ્રેમને વશ થઇ શ્રી ગૌતમ બુદ્ધે પોતે ધર્મગુરૂના મહાન પદને સારૂ યોગ્ય અધિકાર પ્રાપ્ત કરવાનું દુર્ઘટ અને મહાન કાર્ય પોતાને શીર લેવાનુ કબુલ કર્યુ અને તે . મિત્ર અને બધુ મૈત્રેય ઋષિએ એમના પછી એ પદ ધારણ કરવાનુ કબુલ કર્યુ

આ પુરાણા કાળમા ધર્મગુરૂને પદે મહાત્મા ગૌતમબુદ્ધ હતા, પરતુ હવે તેઓશ્રીએ પોતાનુ પદ મૈત્રેય ઋષિને આપ્યુ છે એજ ઋષિને પાશ્ચાત્ય દેશમા ક્રાઇસ્ટ તરીકે ઓળખવામા આવે છે તે સમયે એમણે જીસસ નામના પોતાના શિષ્યના શરીરમા પ્રવેશ કર્યો હતો અને તેના જીવનના છેલ્લા ત્રણ વર્ષ રહ્યા હતા વળી જેઓ આ બાબતો જાણે છે તેઓ કહે પણ છે કે ફરી એકવાર આ મહાત્માશ્રીના દર્શન થવાનો સમય બહુ દૂર નથી જેઓ આ સુદર સત્ય સમજવાને શક્તિમાન થશે તેમની ખાત્રી થશે કે એક ધર્મના અનુયાયીઓ ને બીજા ધર્મના અનુયાયીએની વચ્ચે ભેદ ગણવો અને ધર્મ ભેદને કલેશનું કારણ થવા દેવો એ કેવુ વ્યર્થ છે એજ પ્રમાણે એક ધર્મનાને અન્ય ધર્મમાં વટલાવવાનો પ્રયત્ન પણ નિરર્થક છે વળી એક ધર્મના સ્થાપનારને બીજા ધર્મના સ્થાપનાર સાથે સરાખવીને તેમને નીચે પાડવાનો

પ્રયત્ન કરવો એ પણ અયોગ્ય છે એ ધર્મ સ્થાપકોની આવી પરસ્પર સરખામણી કરવી એતો ઉલટુ હાસ્ય જનક છે કારણ કે કાતો એ સ્થાપકો જુદા જુદા જન્મ લઈ કાર્ય કરનાર એકજ વ્યક્તિ હોય છે અથવા તો એકજ ગુરૂના એ શિષ્યો હોય છે અને તેથી મૂળ સિદ્ધાન્તને સબધે કોઈ પણ પ્રકારની ભિન્નતા સભવતીજ નથી તેઓ અમુક દેશકાળ પરત્વે બાહ્ય દ્રષ્ટિએ જોતા જુદા જુદા સિદ્ધાન્તો પ્રતિપાદન કરતા માલમ પડે તેથી ભમી જવાનુ નથી જુદે જુદે સ્વરૂપે મુખ્ય ઉપદેશ એકનો એકજ હોય છે, મૈત્રેય રૂપિ હાલ જે પરપર છે તે તેમણે ધારણ કયુ ત્યાર પહેલા તેમણે ઘણા જન્મ ધારણ કર્યા હતા પરતુ આ પુરાણા કાળમા પણ તેઓ હમેશા ધર્મ ગુરૂ કે મદિરના મહાન્ પુજારી તરીકેજ દર્શન દે છે

જે એ મહાત્માઓએ બ્રહ્મ જીજ્ઞાસુ મડળની સ્થાપાનામા બહુ આગળ પડતો ભાગ લીધો છે તેઓએ છઠ્ઠી પ્રજાના મનુ અને ધર્મ ગુરૂ તરિકે કાર્ય કરવાનુ માથે લીધુ છે એ પ્રજા સાતસે વર્ષ પછી જન્મ પામશે મનુભગવાન નવી પ્રજાના સ્થલ ભુવનને લગતી સર્વ બાબતોની વ્યવસ્થા કરનાર સર્વ સત્તા ધારી રાજા થશે, અને ઈશ્વરની ધારણામા એ પ્રજા જેવી થવી જોઈએ એમ છે તેવી કરવાને બનતો પ્રયાસ કરશે ધર્મ ગુરૂને ધર્મની જુદી જુદી બાબતો પર લક્ષ આપવાનુ રહેશે અને કેળવણી ધર્મના અગ તરીકે ગણાશે આ ઉપરથી સ્પષ્ટ જણાશે કે બ્રહ્મ જીજ્ઞાનુ મંડળ સ્થાપવવામા આ મહાત્માશ્રીઓનો હેતુ એવો છે કે પોતાની આસપાસ ચાલાકીથી, પ્રેમભાવથી, અને ઉત્સાહથી આ કાર્યમા મદદ કરી શકે એવા મનુષ્યોનો જમાવ કરવો તેમની આસપાસ હાલ જેઓ એમના શિષ્યો છે તેમાથી તે સમયે અરહત દશાને પહોચ્યા હશે તેઓ રહેશે

ત્યારે આપણે આ સુંદર જગતકાર્ય જે તેઓએ માથે લીધું છે તે કાર્યમાં તેમના કારકો તરીકે કાર્ય કરવાને માટે આપણને ચૂંટી કહાડવામાં આવે એવી યોગ્યતા પ્રાપ્ત કરવાને સારૂ હમેશાં પ્રયત્ન કરવો એ આપણો ઈષ્ટાર્થ હોવો જોઇએ.

કાર્ય વિવિધ પ્રકારનું છે અને તે કરવાને વિવિધ પ્રકારના મનુષ્યોની જરૂર પડશે. આપણામાંના કેટલાએક એક કાર્ય પ્રતિ આકર્ષાશે તો કેટલાએક બીજા કાર્ય પ્રતિ, જેવી જેની વલણ. ઘણી વાર એમ કહેવામાં આવ્યું છે કે એ બે મહાત્મામાંના એકનું મુખ્ય લક્ષણ "સત્તા" છે અને બીજાના પ્રેમ અને દયા એ લક્ષણો છે. આ સર્વાંશે સચ છે, પરંતુ જો તેનો અર્થ બરાબર રીતે સમજવામાં આવે નહિ તો અનર્થ થવાનો સંભવ રહે છે. આ બે મહાત્માઓ-માંના એક પૂર્વ જન્મમાં રાજા હતા અને આ જન્મના પૂર્વકાળમાં પણ તેઓ નૃપતિજ હતા. પરિણામે તેમની પ્રત્યેક હીલચાલમાં, શબ્દમાં અને દૃષ્ટિમાં રાજ્ય સત્તાનો આભાસ થાય છે તેજ પ્રમાણે બીજાની મુખમુદ્રા એવી છે કે તેમાથી પ્રેમ અને દયાનો અપ્રતિમ ઝરો વહેતો હોય એમ લાગે છે. બેઉ જુદા જુદા "કિરણો" (Rays) ના છે અને ભિન્ન ભિન્ન માર્ગે પોતાની સાંપ્રત દશાએ પહોચ્યા છે. એટલે આવો ભેદ માલમ પડયા વિના રહેજ નહિ. પરંતુ જો તેનો અર્થ એવો કરવામાં આવે કે એકનામાં દયા કે પ્રેમ બીજા કરતાં ઓછા છે કે બીજામાં પહેલાના જેટલી સત્તા નથી તો તે કેવળ ભૂલ છે. બીજા મહાત્માઓ પણ આ કાર્યમાં ભાગ લેશે અને આપણામાંના કેટલાકોને તેમની સાથે પણ પૂર્વનો સંબંધ હોય.

આ બે મહાત્માઓને નામથી તો તમો બધા સારી રીતે જાણો છો, પણ હમારા કાર્યને પ્રસંગે તમને રૂબરૂમાં મળવાનું અને

જોવાનુ સુભાગ્ય આપણામાના જે કેટલાકને મળ્યુ છે તેઓને તેમનુ સ્વરૂપ અને સત્યતા જેવી રીતે અનુભવસિદ્ધ થયા છે તેવા તમને બધાને હજી થયા નથી

તોપણ તમારે તેમના સબધમા જે કાઇ લખાય તે વાચી મનન કરી તેમના વિષે સત્ય જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઇએ એમ કર્યાથી તેઓ માત્ર આદર્શરૂપે અદ્ભુત ભાસે છે તે મટી આપણા કરતા ઘણુ દરજ્જે ઉન્નત થએલા પરતુ આપણા જેવાજ મનુષ્યો લાગશે. આ વાત તો પોકારી પોકારીને કહેવાની જરૂર છે કે તેઓ આપણા જેવાજ પણ કોઇપણ જાતના દુર્ગુણ વિનાના તેમજ કોઇપણ જાતની અપૂર્ણતા વિનાના માનવીઓ છે જો કે તેઓ માનવીઓ છે પરન્તુ આપણને તેઓ દયા પ્રેમ વગેરેને લઇને દેવો સમાન ભાસે છે વળી આ એક લક્ષ આપવા જેવી વાત છે કે તેમની અગાધ સત્તાને લીધે તેમના સમક્ષ જતા આપણે તેમને માટે ઘણુ માન લાગે છ પરતુ તેથી બીક લાગતી નથી કે મુઝાવુ પડતુ નથી પણ હમેશા જાણે આપણે ઉન્નત થતા હોઇએ એવુ લાગે છે

જે મનુષ્ય તેમની સમુખ ઉભા રહે છે તેને પોતાની અને ગુરૂઓની વચ્ચેના તફાવતને લીધે ઘણી દીનતાનો અનુભવ થયા વિના રહેતો નથી આવી દીનતા લાગવા છતા તેનામા એક જાતની શ્રદ્ધા ઉત્પન્ન થાય છે તેનુ કારણ એ છે કે ગુરૂ શ્રી પણ આપણા જેવાજ મનુષ્ય છે અને તેમણે જે દશા પ્રાપ્ત કરી છે તે આપણાથી પણ પ્રાપ્ત થઈ શકે એવી ખાત્રી થાય છે એમના સાન્નિધ્યમા કાંઈ અશકય તો લાગતુ જ નથી, સર્વ સહેલુ લાગે છે એવે સમયે ગતકાલની મુશ્કેલીઓ પર દૃષ્ટિ કરતા આશ્ચર્ય લાગે છે કે તે સમયે આપણે કેમ શોક અને નિરાશાને આધીન થયા હઇશુ ? વળી

એની ખાત્રી થાય છે કે ભવિષ્યમા કાંઈ મુશ્કેલીઓ નડશે નહિ, કારણકે વસ્તુવિવેક સમજાયો છે જેમ ગમે તેવા વદળા હોય છતા પાછળ સૂર્ય પ્રકાશે છે તેથી વાદળાથી આપણે ડરતા નથી તેમ દુખ અને શોકથી પણ ડરવુ ભૂલી જઈએ છીએ ગુરૂશ્રીનો ઓજસ એવો તો જબરો છે, તેના આદોલનો એવા તો સબળ થાય છે, કે આપણામા જે ગુણો તેમના ગુણોના જેવાજ હોય તેનેજ તે ઉત્તેજે છે પરિણામ એ થાય છે કે આપણને પરમ શ્રદ્ધા અને પ્રેમ ઉત્પન્ન થાય છે તથા સદા તેમના સાન્નિધ્યમા રહેવાની જીજ્ઞાસા થાય છે પરતુ તેથી આપણામા જે અવગુણો હોય છે તેપર દુર્લક્ષ થતુ નથી ફક્ત માત્ર એટલોજ પડે છે કે પહેલા આપણે તેને આધીન રહેતા તેને બદલે હવે આપણી સત્તા હેઠળ તેને રાખી શકીશુ અને તે સર્વ ઉપર વિજય મેળવી શકીશુ એવી પ્રતીતિ થાય છે વળી ગુરૂશ્રીને એ અવગુણોની ખબર પડે તેની પણ ચિતા નથી રહેતી કારણકે આપણે જાણીએ છીએ કે તેઓશ્રી સર્વ સમજે છે અને તેથી આપણા અવગુણો પર તેઓ ક્ષમા દૃષ્ટિથી જોશે

સિદ્ધમડળ આપણા જેવાજ માનવીઓનો બનેલો છે એની પૂર્ણ પ્રતીતિ **થવા** સારૂ આટલુ યાદ રાખવુ અગત્યનુ છે કે એમાના ઘણા જણ થોડાજ કાળ ઉપર ઐતિહાસિક પુરુષો તરીકે થઈ ગયા છે, અને વિખ્યાતિ પામ્યા છે દાખલા તરીકે **મહાત્મા કે એચ** યૂરોપમા **પાયથાગોરસ** તરીકે જન્મ્યા હતા ત્યાર પૂર્વે ઈજીપ્તમા **સારથોન**, વળી ત્યાર પહેલા એટલાંટીના મદિરના તેઓ મુખ્ય પૂજારી હતા એ સમયે જગલી લોકોનુ જે ટોળુ ટેકરીઓ ઉપરથી હુમલો કરવાને ઉતરી આવ્યુ હતું તેઓએ તેમને કતલ કર્યા હતા ત્યારે તરતજ એમણે નાસવા જતાં બચી ગએલા એક ગ્રીસના માછીના શરીરમાં

પ્રવેશ કર્યો હતો. અને પછી **પર્શિઆ** જઇને ત્યા છેલ્લા **ઝોરોઆસ્ટરને** મઝદેયઝનીયન ધર્મની સ્થાપના કરવામા મદદ કરી હતી ત્યાર **પછી** વળી **રોમમા** જ્યુપિટરના મ દિરમા પુજારી હતા અને વળી ત્યાર પછી બૌદ્ધ ધર્મના પ્રખ્યાત ઉપદેશક **નાગાર્જુન** રૂપે અવતર્યા હતા.

વળી બીજા કાળને લગતી આ શોધ ખોળોમા **ઈસસ** નામના શિષ્ય વારવાર માલમ પડ્યા છે એમણે **પેલેસ્ટાઇનમા મહાત્મા** ક્રાઇસ્ટને પોતાનુ શરીર અર્પણ કયુ હતુ એ આત્મભોગના **પરિ**-ણામે **એપોલોનીઅસ** ઑફ **ટાએના** તરીકે એમનો જન્મ થયો હતો અને ૧૧ મી સદીમા હીદુસ્તાનમા **રામાનુજ** આચાર્ય તરીકે તેઓ પ્રકટ થયા હતા એ જન્મમા એમણે હિદુ ધર્મમા ભક્તિભાવની ભાવનાને સતેજ કરીને તેનુ ગૌરવ વધાર્યું હતુ

આમ ઈશાનુ મ ડલની સાથે જે બે **મહાત્માઓ** બહુ નિકટનો સબધ ધરાવે છે તેમના શિવાય બીજા મહાત્માઓ વિષે તમોએ સાભળ્યું હશે દાખલા તરીકે એક મહાત્માએ માર્ગ પ્રકાશિની, અને "શ્વેત કમલની વાર્તા" એ નામના પુસ્તકો ઉતરાવ્યાં છે ત્યારે એક બીજા **મહાત્માએ** યુરોપમાં કરવાનુ કાર્ય માથે લીધુ છે, અને સાહિત્યના ક્ષેત્રમા કેટલાક પરમસુ દર ફૂલ ઉગાડ્યા છે **મહાત્મા ઈસસ** જેઓ પહેલા શિષ્ય હતા તેઓ ખ્રીસ્તી ધર્મની જુદી જુદી પ્રવૃત્તિઓને નિયત્રણમા રાખવાનુ કાર્ય માથે લેવાને તૈયાર છે. વળી એક હિદુસ્તાનપર દૃષ્ટિ રાખી એ દેશનું કાર્ય કરે છે

આ ઉપરથી આટલુ તો નક્કી સમજાશે કે વિશ્વનો વિકાસક્રમ ગમે તેમ ચાલવા દેવામા આવે છે એમ જે ઘણા લોકનુ માનવુ છે તે બહુ ભૂલ ભરેલું છે કારણ કે એની ઘણી દીર્ઘ દ્રષ્ટિથી વ્યવસ્થા

કરવામા આવે છે આપણને પુરૂષાર્થની જે શક્તિ આપેલી છે તેની આડે આવ્યા વિના જેટલી અને જેવા પ્રકારની વ્યવસ્થા થઈ શકે તેવી વ્યવસ્થા **સિદ્ધસંઘ** તરફથી કરવામા આવે છે આ ભ્રાતૃ મંડળના સભ્યો તેમના કારકો મારફત જગતના મહાન્ પુરૂષોની સાથે રહીને કાર્ય કરવાનો પ્રયત્ન સાથે કરે છે તેઓ તેમને અનેક જાતની સૂચનાઓ કરે છે વિચારો સુઝાડે છે અને જે સાર્વત્રિક બંધુત્વના પ્રચારથી યુદ્ધ થવા અશક્ય થશે તે મહાન ભાવિ વહેલુ પ્રત્યક્ષ થાય તે માટેની વિવિધ પ્રવૃત્તિઓમા તેમને પ્રેરે છે પરતુ બધી પ્રજાઓના કર્મોનો વિચાર કરવાનો રહે છે અને તેને આડે અવાતુ નથી એ વાત આપણે યાદ રાખવાની છે. ખરેખર દુનીઆનો વિકાસક્રમ એકદમ જલદી ચલાવી શકાય એમ છે, પરતુ તેમ કર્યાથી મનુષ્યોની ઉન્નતિ થતી નથી મને એક વખતે મહાત્મા **કે. એચ** નો એક પત્ર મળ્યો હતો તેમા તેઓ લખે છે કે "ચોક્કસ શુ કરવુ તે હુ તને કહી શકુ, અને કહુ તો તુ એમ કરે પણ ખરો પરતુ એ પ્રમાણે વર્તન કર્યાનુ જે કર્મ તે મારૂ ગણાય તારૂ નહિ તારૂ કર્મ માત્ર મારી આજ્ઞા સત્વર માનવા પુરતુજ થાય"

આપણે માત્ર આજ્ઞાંકિત કારકોજ થઇને અટકવાનુ નથી, આપણે સહકારીઓ થવાનુ છે કેમકે આવા કાર્યો આપણે પણ કરવાનો એક વખતે સમય આવશે અને જો તે કાર્ય કરવા હોય તો આપણે નાના નાના કાર્યો કરી તે માટે તૈયાર થઈ રહેવુ જોઇએ કેટલીકવાર આપણને કોઈ મહાન જગતકાર્ય કરવાનો પ્રસંગ મળે છે. પરંતુ એવુ તો ક્વચિતજ બને છે સો એક જન્મમાં એવી એકાદ તક મળે છે. એ તકનો યોગ્ય ઉપયોગ કરવો અથવા તેને જવા

કેટી એ આપણા હાથની વાત છે જો આપણે આપણા જીવનની નાની નાની બાબતોમા સત્યને માર્ગે જતા શીખ્યા હઈશુ તો એ તકોનો આપણે લાભ લઈ શકીશુ નહિ તો તેમને ગુમાવીશુ જો સત્‌અસત્‌નો વિવેક નાની બાબતોમા કરતા શીખ્યા હઈશુ તો કટોકટીને પ્રસગે આવો વિવેક આપો આપ સહજજ થઇ જશે આ મહાત્માઓના સબધમા આવી માહીતી મેળવવા આપણે પ્રયત્ન કરીએ એ વાસ્તવિકજ છે એનુ કારણ મિથ્યા કુતૂહળ નથી આવુ જ્ઞાન આપણે મેળવીએ તો આપણી ખાત્રી થાય થાય કે તેઓ પણ આપણા જેવા મનુષ્યો છે, જો કે આપણા કરતા ઘણા મહાન્ છે જેવો આપણામા વ્યક્તિ પરત્વે ભેદ જોવામા આવે છે તેવો તેઓનામા પણ જોવામા આવે છે પરતુ એ ભેદો આપણા જેવા ક્ષુદ્ર નથી, ઘણી ઉચી ભૂમિકાને લગતા છે સર્વમા જ્ઞાન, સત્તા અને પ્રેમ જોવામા આવે છે પરતુ તેઓ સર્વ કાઈ સરખા હોતા નથી તેઓ પણ આપણા જેવીજ વ્યક્તિઓ છે તેઓ માનવ જીવોની નિશ્રેણીને સૌથી ઉચે પગથીએ છે પરતુ આપણે એજ દાદરના હેઠના ભાગના એકાદ પગથીઆ પર ઉભેલા છીએ અને કોઇ કાળે ઉચે ચઢી શકીશુ અને જ્યા આજે તેઓશ્રી ઉભા છે ત્યા આપણે પણ બેસી શુ એમા સશય નથી

તેમના સબધમા બીજી એક વાત જાણવા જેવી છે તેઓ સર્વ પ્રકારે ઉન્નત થએલા હોય છે આપણે જો આપણી પરીક્ષા કરીએ તો આપણને માલમ પડશે કે આપણી ઉન્નતિ એકદેશી છે એક વાતે આપણે આગળ વધેલા હોઇએ છીએ તો બીજી

વાતે આપણે પાછળ પડેલા હોઇએ છીએ આપણામાંના કેટલાકમા શાસ્ત્રીય બુદ્ધિ અને માનસિક શક્તિ હોય છે તો ભક્તિ અને દયાનો અંશ જોઇએ તેટલો હોતો નથી વળી કેટલાક ભક્તિભાવવાળા હોય છે તો તેઓની માનસિક ઉન્નતિ બરોબર થયેલી હોતી નથી મહાત્માઓ તો સર્વાંશે ઉન્નત થએલા હોય છે પાઇથેગોરાસ તરીકે મહાત્મા કે. એચ અમણે કેવુ બુદ્ધિબળ બતાવ્યુ છે તે અને હાલ તેઓ જે પ્રેમ અને દયા વર્તાવે છે તે બેનો સાથે વિચાર કરીએ તો આ બાબત બરાબર સમજાશે

પરતુ આપણે તેમના ચમત્કારિક જ્ઞાનનો અનર્થ કરવો જોઇએ નહિ અરહત પદે પહોચવા સારૂ તેમણે અજ્ઞાન અવિદ્યા-ની બેડી તોડી હોવી જોઇએ વળી અજ્ઞાન જ્યારે મનુષ્ય સર્વજ્ઞ થાય ત્યારે જ ટલે પરતુ આ અક્ષરશ સત્ય છે એમ માની લેવાનુ નથી એ મડળનો મને જે અનુભવ છે તેપરથી કહી શકાય છે કે કેટલાક મહાત્માઓ સર્વ વિદ્યા જાણતા નથી કટલાક ગાયન વિદ્યામા કે કળામા પ્રવીણ નથી એ પ્રમાણેનો મારો અનુભવ છે મને લાગે છે કે અજ્ઞાનના બધન તોડવા એક એવી શક્તિ પ્રાપ્ત થાય છે કે તેથી જે ક્ષણે જે વિષયનુ જ્ઞાન પ્રાપ્ત કરવાનુ જરૂરનું જણાય તે ક્ષણે તેનુ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય તેમનાં સ્થૂલ મગજમા સર્વવાતો નો સગ્રહ કરી મકેલો હોતો નથી એ નક્કી છે પરતુ સાથે સાથે આપણ તેટલુજ સત્ય છે કે જયારે તેમને જે જ્ઞાનની જરૂર પડે ત્યારે તે પ્રાપ્ત કરી શકવાની તેમનામા શક્તિ હોય છે દૃષ્ટાંત તરીકે આપણે ભાષાનો વિષય લઇએ કદી કોઈ મહાત્મને પોતે જે ભાષા જાણતા નથી તે ભાષામા પત્ર લખવની જરૂર પડે તો

પોતાનો જે શિષ્ય એ ભાષા જાણતો હોય તેનુ મગજ તેઓ વાપરે છે, અને તે આ પ્રમાણે. પહેલા તો તેઓ એ શિષ્યના મગજમાં વિચારો પ્રેરે છે અને પછી તે વિચારો કયા શબ્દોનુ રૂપ પકડે છે તે જોઇ લે છે જોઈ કોઇ તેમને અજાણી ભાષામા કાંઇ કહે છે તો આ અણુ જાણ્યા શબ્દોના વિચારનુ રૂપ માનસિક ભૂમિકા પરથી તરતજ તેઓ જાણી લે છે.

ઘણી વખતે એવો પ્રશ્ન કરવામા આવે છે કે કદી કોઈ માણસને સ્થૂલ ભૂમિકા પર મહાત્માનો મેળાપ થાયતો તે પ્રસગે તે તેમને ઓળખી શકે ખરો કે નહિ. પ્રશ્ન ઘણો સ્વાભાવિક છે અને તેનો ઉત્તર પણ સરળ છે એ પ્રમાણે ઓળખાણ થવાનું કશુ કારણ નથી મહાત્માની સમ્મુખ થતા તેઓ આપણને ઉમદા, પવિત્ર, ગભિર, અને પ્રભાવશાલી લાગે, વળી એમ પણ લાગે કે આપણે કોઈ સમર્થ પુરૂષની સમક્ષ છીયે પરતુ અમુક પુરૂષ મહાત્મા છે કે નહિ તેની ખાત્રી કરવાને સારૂ આપણે તેમનુ કારણ શરીર જોવાની જરૂર છે સામાન્ય મનુષ્યથી એ જોઇ શકાતુ નથી જો એ કારણ શરીર જોઇ શકાય તો તેનો વિસ્તાર ઘણો વધી ગએલો લાગે અને તેમાના રગોની ગોઠવણી અમુક પ્રકારની જણાય. આ ગોઠવણી "સાત કીરણ ' ને લઇને જુદી જુદી તરેહના મહાત્માઓને માટે જુદી જુદી હોય છે પરતુ આપણે જે સામાન્ય મનુષ્યની વાત કરીએ છીએ તેનાથી આ સર્વ સમજાય એમ નથી.

મહાત્માઓને ઓળખી કઢાય એવા બાહ્ય ચિન્હો તેઓનામાં કાંઇ હોતા નથી સર્વ શાત અને ઉદાર હોય છે, તેમના મુખાર્વિદ ઉપર હમેશાં આનંદ અને ગાંભિર્ય છવાઈ રહેલા હોય છે, તેમજ જે શાતિનો આપણે વિચાર પણ આવી શકે નહિ એવી શાંતિ

છવાઈ રહેલી લાગે છે તેમાના ઘણાનો ચહેરો સુદર હોય છે તેમના સ્થૂલ શરીર સર્વાંશે સપૂર્ણ હોય છે, કારણકે તેઓ આરોગ્યના સર્વ નિયમો જાળવે છે અને કોઇ પણ બાબતની ચિતા તો કરતાજ નથી આપણામા ઘણાખરાને હજુ જુદી જુદી જાતના કર્મ ભોગવવાના રહ્યા છે અને સ્થૂલ શરીરના દેખાવમા એની પણ અમુક અસર થાય છે તેમના સંબધમા તો તેમના કર્મ ઘણો સમય થયા ભોગવાઈ રહેલા છે અને તેથી તેમના સ્થૂલ શરીર સર્વાંશે સંપૂર્ણ હોય છે એટલે સાધારણ રીતે મહાત્માનુ સ્થૂલ શરીર સુદર હોય છે એટલુજ નહિ પરતુ બીજા જન્મમા જે શરીર તેઓ ધારણ કરે છે તે પણ પૂર્વ જન્મના શરીર જેવુજ હોય છે કારણકે એમા ફેરફાર થવાનુ કાઇ કારણ હોતુ નથી

એમના સબધમા બીજી એક જાણવા જેવી વાત છે તે એ કે તેઓ આપણા કરતા વધારે લાબો સમય સુધી પોતાનુ શરીર ટકાવી રાખી શકે છે તેનુ કારણ ઉપર આપણે કહ્યુ તેજ છે તેઓ આરોગ્ય બહુ સારી રીતે સાચવે છે અને ચિતા તો રાખતાજ નથી અમારી જાણમા જે મહાત્માઓ છે તેમાના લગભગ બધા ભરજુવાનીમાં હોય એમ લાગે છે છતા ઘણાનાસબધમા એવુ માનવાને કારણ છે કે તેઓએ માનવીનુ સો વર્ષનુ આયુષ્ય ઘણા કાળ પૂર્વે પુરૂં કર્યું હશે મેડમ બ્લેવેટસ્કી કહેતા કે મારા ગુરૂશ્રીને ૬૦ વર્ષ પૂર્વે બાળપણમા જેવા જોયા હતા તેના કરતા સહેજ પણ ઘરડા જણાતા નથી માત્ર એકજણના સબધમાજ કાઇ ન્યૂનતા જણાય છે. તેઓ આ જન્મમા અહુણાજ અરહત પદે પહોચ્યા છે અને એ સ્થિતિએ પહોચતા પહેલા જે શરીર

હતુ તેજ તેઓ ધારણ કરી રહ્યા છે એથી તેમના ચહેરામા કાઇક કરચલીઓ જોવામા આવે છે પરંતુ હું ધારૂ છુ કે જ્યારે તેઓશ્રી નવુ શરીર ધારણ કરશે ત્યારે આવુ કાઈ રહેશે નહિ

વળી તેઓ ઘણા માણસો કરતા બહુ થોડા બોલા હોય છે. બહુ કામમા રોકાએલા માણસોને વાત કરવાનો અવકાશ હોતો નથી, અને મહાત્માઓ તો સર્વના કરતા અત્યત વ્યવસાયી પુરુષો છે. તેમના શિષ્ય મેડમ બ્લેવેટસ્કિ બહુ અસરકારક અને સુંદર વાર્તાલાપ કરનાર હતા એવુ કોઇ મે બીજુ દીઠ નથી, પરતુ તેઓ પણ વગર અપની વાત કરતા નહિ, તેઓ પણ એમજ કહે છે કે મહાત્માઓ કાઈ પણ હેતુ વિના બોલતાજ નથી અને તેઓનો હેતુ હમેશા ધીરજ ઉત્સાહ સાહાય્ય કે ચેતવણી આપવાનો હોય છે. તેઓ હમેશા નમ્રતાથી અને માયાળુ રીતે બોલે છે, કદી તેઓ નમ્ર વિનોદ કરે છે, પરતુ એ વિનોદ બહુજ માયા ભરેલો હોય છે, અને જ્યારે તેનો ઉપયોગ કરવામા આવે છે ત્યારે તે કોઇ અસહ્ય લાગતી મુશ્કેલી સહ્ય કરવાનો અથવા તો જરૂરી ઠપકાની કડવાસ ઓછી કરવાનો જણાય છે ખરે ખર જેઓનામા સહજ પણ વિનોદ હોતો નથી તેઓ ગુપ્ત વિદ્યામા આગળ બહુ વધી શકતા નથી. જે મહાત્માઓ જગતને મદદ કરવા શારૂ સ્થૂળ શરીર રાખી રહીને કાર્ય કરે છે તેઓની સખ્યા બહુ નાની છે એઓની સખ્યા ૫૦–૬૦ ની છે પરતુ આમાના ઘણાનો શિષ્યોનો સ્વીકાર કરતાજ નથી, કેમ કે તેઓ બીજાં કાર્યોમાં રોકાએલા છે. મેડમ બ્લેવેટસ્કિ મહાત્મા (Adept) શબ્દનો ઉપયોગ બહુ છુટથી કરતાં

હતા એક સમયે તો દિક્ષિત અને અદિક્ષિત મહાત્માઓની વાત કરે છે, પરંતુ હમણાના પુસ્તકોમા અમોએ "દિક્ષિત" (Initiate) એ સંજ્ઞા મોક્ષ માર્ગ ઉપરની નિદાન પહેલી દિક્ષા જેમણે લીધી છે તેમને માટે વાપરીએ છીયે અને મહાત્મા એ શબ્દ અશેખ પદ્દી જેમણે પ્રાપ્ત કરી છે તેમને માટે વાપરીએ છીએ મહાત્માઓએ આપણી સૃષ્ટિનો વિકાસક્રમ પૂર્ણ કરેલો છે, તેઓનુ ચૈતન્ય સામાન્ય રીતે આત્મિક ભૂમિકાપર વ્યવહાર કરે છે, પરતુ જેઓએ અશેખ પદ્દી પ્રાપ્ત કરી છે તેઓમાના માત્ર ઉપર કહેલા થોડાઓજ સ્થૂળ શરીર ધરી રહ્યા છે એનાથી વળી વધારે થોડા શિષ્યોનો સ્વીકાર કરે છે આ સૌથી થોડી જે વર્ગની સખ્યા છે તેમને **મહાત્માઓ** (Masters) કહીએ છીયે જો કે તેઓની સખ્યા થોડી છે છતા તેમનું કાર્ય એવુ મહાન્ છે કે તેની આપણાથી કિમત કરી શકાય એમ નથી, કેમકે તેમની મદદ વિના મનુષ્યથી દિક્ષા મેળવી શકાતીજ નથી

પ્રકરણ ૨ જું.

મહાત્મા ક્રાઇસ્ટનું કાર્ય.

જે મહાત્માને ક્રાઇસ્ટ અથવા મૈત્રેય ઋષિ કહીએ છીએ તેઓ કોણ છે અને તેમણે ગત કાળમા શુ કાર્ય કર્યું છે અને ભવિષ્યમા શું કરશે એમ તમે પુછો છો એ વિષય ઘણો ગહન છે અને વળી એવો છે કે એ સબધમા અમારાથી બહુ છુટથી બોલી શકાય તેમ નથી, કેમકે અમોને કટલીક પ્રતિજ્ઞાઓથી બાધી લીધેલા છે વિશ્વની વ્યવસ્થામા એક ખાતુ એવું છે કે જેનુ કાર્ય ધર્મોપદેશની યોજના કરવાનુ છે એ ખાતા તરફથી નવા ધર્મો પ્રવર્તાવાય છે અને જીર્ણ થવા આવેલા હોય છે તેમનો ઉત્કર્ષ કરવામા આવે છે એ ખાતાના ઉપરી મહાત્મા કાઇસ્ટ છે, કોઇવાર ધર્મની સ્થાપના કરવાને સારૂ પોતે જાતે અવતરે છે અને કોઇવાર એ કાર્ય પોતાના કોઇ આગળ વધેલા શિષ્યને સોપે છે જાણે પાછળ રહીને એક જાતનુ બળ આપ્યા કરતા ન હોય એવો વિચાર કરવાથી આવાત વધારે સ્પષ્ટ સમજાશે એટલે જ્યાં જ્યા જેવા જેવા બળની જરૂર હોય ત્યા ત્યા તેવુ બળ આપો આપ જઈ પહોચે છે એકી વખતે જુદા જુદા ધર્મ દ્વારા કાર્ય કરે છે અને પ્રત્યેકમાં જે કઇ ભક્તિભાવ અને આત્મભોગની ભાવના હોય તેનો ઉપયોગ કરે છે

જુદા જુદા ધર્મના અનુયાયીઓ એક બીજાના દુગુણો શોધવામા પોતાના સમયનો દુરૂપયોગ કરે છે એ ખરેખર ખેદકારક છે સ્થૂલ ભૂમિકા ઉપર આવો ભેદ ભલે હોય પરંતુ તેથી કોઈ એક

મહાન્ વ્યક્તિને સર્વમા જે કાંઇ સારૂં હોય તેનો એકી વખતે ઉપયોગ કરવામા અડચણ નથી આવતી આ દુનીઆની સર્વ બાબતોને લાગુ પડે એવુ સત્ય છે જે કાંઇ સારૂં હોય છે તેનો બને તેટલો ઉપયોગ કરવામા આવે છે અને જે અનિષ્ટ બાબતો હોય છે તેને શક્તિનો મિથ્યા વ્યય થતો ગણી તેની ઉપેક્ષા કરવામા આવે છે આપણે છીએ તેના કરતા વધારે ડાહ્યા હોતે તો આનો આપણે વધારે સારો ઉપયોગ કરી શકતે **સિક્રેટ** ડોક્ટ્રિનમા "બુદ્ધાવતારનુ રહસ્ય' એ નામનો જે અધ્યાય છે તે આ બાબત બહુ સારી રીતે સમજાવે છે એમા આ ધર્મનાખાતાના અધિષ્ઠાતાઓના પરસ્પર સબધ વિષે બહુ સ્પષ્ટ સમજ આપવામા આવી છે અને એ ઉપરથી આપણને **મહાત્મા ક્રાઇસ્ટ** સબધે પણ કઇક સૂચના મળી આવે છે

હવે **ક્રાઇસ્ટ મહાત્માનો** જન્મ થવાનો છે અને તેઓ જે કાર્ય કરશે તેના **સબધમા** જો આપણા પ્રમુખ **મિસીસ બેસન્ટનુ** બનાવેલુ The Changing World (બદલાતી દુનિયા) નામ પુસ્તક વાચવથી બહુ જ્ઞાન મળી શકે એમ છે એમના આગમનનો સમય બહુ દૂર નથી એટલુજ નહિ પરતુ જે શરીરમા તેઓ પ્રવેશ કરશે તે શરીર સુદ્ધા તૈયાર કરવામા આવે છે

આ બાબતો ઘણા વર્ષો ઉપર નક્કી કરી મૂકી હતી કેટલાક ભાગમાતો છેક ઝીણી ઝીણી બાબતો પણ નક્કી થઇ ચૂકી હતી પરંતુ એમા બીજી બાબતોમા ફેરફાર થવાનો ઘણો અવકાશ રહે છે એમ જણાય છે તેઓ પોતાની યોજનાઓ એવી ચોકસાઇથી કરે છે કે તેથી આપણને આશ્ચર્ય થયા વિના રહેજ નહિ અને તેજ તેમના ગહન કાર્યનુ બહુ સુદર લક્ષણ છે અમોએ ઉચ્ચ ભૂમિકા-

ને લગતી શક્તિઓ ખીલવેલી હોવાથી તેમની મહાન્ યોજનાઓની ઝાંખી કરવાનો અને ભવિષ્યના પર રહેલા ઢાંકણનો એક છેડો ઉચો કરી તેના દર્શન કરવાનો લાભ કેટલીક વાર અમો મેળવી શકીએ છીએ વળી કેટલીકવાર બીજી રીતે એમની યોજનાઓના દર્શન સભવ્યા છે કેમકે ભૂતકાળની ઝાંખી કરવાનો પ્રયત્ન કરતાં અમોએ જોયુ છે કે તેઓએ ઘણીવાર ભવિષ્ય ભાખ્યુ છે અને તે અત્યારે સત્ય પડતુ જોવામા આવે છે

આ દર્શન કરતા બીજુ શુ ઉત્સાહક અને આકર્ષક હોઈ શકે ? તેમની યોજનાઓની ગહનતા આપણને દિગમૂઢ કરી નાખે છે, એટલુજ નહિ પરંતુ તેમની ભવ્યતા અને ચોકસાઈ પણ ઓછા અસર કારક નથી આ રમતમા એકલા માનવીએજ નહિ પરતુ સમસ્ત પ્રજાઓ પણ એમા રમકડાઓ જેવા છે પરતુ એક માનવીને કે પ્રજાને કોઈને અમુક રીતેજ કાર્ય કરવાની ફરજ પાડવામા આવતી નથી તેમને માત્ર અમુક કાર્ય કરવાની તક આપવામા આવે છે, જો તેઓ એ તકનો લાભ લે નહિ તો તેમને સટે કોઇને કોઈ તૈયાર હોય છેજ કાર્ય કરનાર ગમે તે હોય પરતુ કાર્ય થશે એટલુ તો નિશ્ચિત હોય છે કોની મારફત અમુક કાર્ય થાય છે એ પ્રશ્ન કાર્ય પરત્વે મહત્વનો નથી કાર્ય કરનારને તો તે ઘણોજ મહત્વનો છે, પરંતુ વિશ્વના ઉત્કર્ષમા તેનો કાંઇ હિસાબ નથી ઓગણીસમો વર્ષ ઉપર સિદ્ધસ્થે એપોલોનિઅસને એક મહત્વનું કાર્ય કરવાનુ સોપ્યુ હતુ એ કાર્યનો એક ભાગ એવો હતો કે જુદા જુદા દેશમા જુદે જુદે સ્થળે પ્રવિત્ર સ્થળો તૈયાર કરવા માદળીઆ જેવી વસ્તુઓ તેમને આપવામા આવી હતી

અને અમુક પસંદ કરેલી જગ્યાઓએ તેને દટવાનું કહેવામાં આવ્યું હતું આ પ્રમાણે કરવાનો હેતુ એવો હતો કે ભવિષ્યમાં આ સ્થળોનો ઉપયોગ થવા સારૂ તૈયાર રહે આમાંના કેટલાક સ્થળો નો તો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે અને જેનો હજુ કાંઈ ઉપયોગ કરવામાં આવ્યો નથી તે સર્વનો ઉપયોગ મહાત્મા કાઈસ્ટના (મૈત્રેય ઋષિના) પુનઃ આગમનના પ્રસંગે કરવામાં આવનાર છે આ ઉપરથી સમજાશે કે એમના કાર્યની ઘણી વિગતો બેહજાર વર્ષ ઉપર નક્કી કરવામાં આવી હતી એટલુંજ નહિ પરંતુ સ્થળ ભૂમિકા ઉપર પણ ત્યારની તૈયારીઓ કરી હતી કેવી અડગ વ્યવસ્થા અને ગોઠવણ અગાડીથી કરી રાખવામાં આવે છે તેની જો આપણને પૂર્ણ પ્રતીતિ થાય તો સંશય, આનાકાની, ચિંતા, સર્વાંશે નાશ પામે અને આપણે પરમ શાંતિ અને સંતોષમાં રહીએ તથા જે શક્તિઓ જગતની નિયંત્રણા ચલાવે છે તેમના પર પૂર્ણ શ્રદ્ધા રહે.

પ્રકરણ ૩ જું.

સિદ્ધસંઘનું કાર્ય.

મહાત્માઓ પોત પોતાની ભૂમિકા ઉપર જે કાર્ય કરી રહ્યા છે તેનો આપણને ખ્યાલ આવવો મૂસ્કેલ છે. પરંતુ આટલુ તો આપણે જાણી શકીએ કે ત્યા તેમની પ્રવૃત્તિ બહુજ ઉચ્ચા પ્રકારની હોવી જોઇએ. જે મહાત્માઓ સ્થૂળ શરીર ધારણ કરીને રહ્યા છે તેમની સખ્યા ઘણીજ થોડી છે, પરતુ તેમના હાથમા જે જે પ્રકારનો વિકાસક્રમ આ પૃથ્વી ઉપર ચાલી રહ્યા છે તે સર્વ નિયમ પ્રમાણે સોપવામા આવી છે માનવ મડળની વ્યવસ્થાને સારૂ તેઓ આપણી દુનીઆના જુદા જુદા વિભાગ પાડી નાખે છે, પરતુ એ વિભાગો આપણા પરગણાઓ જેવા નાના હોતા નથી તેઓની દેખરેખ હેઠે તો ખડો હોય છે અને પ્રત્યેક ખડના અધિકારી એક મહાત્મા કાર્ય કરે છે આપણુ મડળ સિદ્ધસંઘના મુખ્ય સ્થાનમાથી મોકલેલા ઉપદેશકોનુ બનેલુ છે એટલે એ મડળમા જેઓ આગળ પડતો ભાગ લે છે તેઓ કોઇ એક ધર્મ કે દેશને માટે પ્રયત્ન કરતા નથી પરતુ સમસ્ત જનમડળ માટે કાર્ય કરે છે મહાત્માઓનુ કાર્ય મુખ્યત્વે કરીને જન મડળને લઇનેજ છે એમના મડળમા એવી વ્યવસ્થા જોવામા આવે છે કે કેટલાકો દુનીઆના જુદા જુદા મહા પુરુષો ઉપર અમુક જાતની અસર કરે છે રાજાઓ અને રાજકીય પુરૂષોના મનમા શાતિ અને પ્રેમ ઉત્પન્ન કરે છે, મહાન ધર્મોપદેશકોમા સર્વગ્રાહી ભાવનાઓ પોષે છે, અને સકુચિત ભાવનાઓને શોષે છે, કળા કૌશલ્ય ગૃહસ્થોને કળાની પરમ સુંદર ભાવનાની ઝાંખી કરાવે

છે, આ પ્રમાણે સમસ્ત જગતનો ઉત્કર્ષ કરવામા પ્રવૃત્ત રહે છે

પરંતુ આવા ખાતાઓની વ્યવસ્થા કરવાનુ કામ તેમના શિષ્યોને સોંપવામા આવ્યુ છે. તેઓ પોતે તો જીવાત્માઓના કારણ શરીર દ્વારા કાર્ય કરે છે, અને તેમના ઉપર આધ્યાત્મિક બળ વર્ષાવે છે. જે પ્રમાણે સૂર્યના કિરણો એક ફુલ ઉપર પડતાં તેમાં રહેલી સૌદર્યતાને પ્રકટાવે છે તે પ્રમાણે તેઓ જીવાત્માઓના પર પોતાનાં આધ્યાત્મિક પ્રકાશના કિરણો નાખી તેમનામા રહેલુ સૌંદર્ય પ્રકટાવે છે અને એ પ્રમાણે તેમને ઉન્નત કરે છે આવી સાહાય્ય મળવાની ઘણા લોકો વાતો કરે છે પરંતુ એ સાહાય્ય કયાથી અને કોણ કરે છે તે તેઓ જાણી શકતા નથી સામાન્ય મનુષ્યનુ શરીર હજુ એવુ વિકાસ પામ્યુ નથી કે પોતાની ભૂમિકા ઉપર પોતાના સિવાય અન્ય વ્યક્તિનુ તેને જ્ઞાન થાય એક ઇંડાની અંદર રહેતા મરઘીના બચ્ચા જેવી તેની સ્થિતિ છે જેમ આ બચ્ચુ ગરમી અનુભવે છે પરંતુ તે કયાથી અને શાને લીધે આવે છે તે જાણી શકતુ નથી તેમ સામાન્યરીતે મનુષ્યો નાં કારણ શરીરો પણ એક જાતનુ આધ્યાત્મિક બળ અનુભવે છે પરંતુ તે કયાથી આવે છે તે તેઓ જાણી શકતા નથી મરઘીનુ બચ્ચુ પડ તોડીને બહાર આવે છે તે પ્રમાણે જ્યારે કોઇ મનુષ્ય પોતાના આસપાસનુ પડ તોડે છે અને અમુક અંશે આ સ્પંદો ગ્રહણ કરતાં શીખે છે ત્યારે તેની સઘળી સ્થિતિ બદલાઈ જાય છે અને કામ ઘણું ત્વરાથી ચાલે છે માનસિક ભૂમિકાના હેઠેના વિભાગો પર પ્રાણીઓના સમષ્ટિ જીવો પણ આ પ્રમાણે ઘણી સાહાય્ય મેળવી શકે છે કારણકે સૂર્યના કિરણોની પેઠે આ બળ

આખી ભૂમિકામા પ્રસરે છે અને તેથી કરીને ત્યાં જે જે વસ્તુ હોય તે સર્વના પર અમુક અંશે અસર કરે છે આવો આધ્યાત્મિક બળનો વર્ષાદ વર્ષાવતી વખતે મહાત્માશ્રીઓ ખાસ પ્રસંગો અને પવિત્ર સ્થળોનો ઉપયોગ કરે છે કોઇ સ્થળે કોઈ પવિત્ર પુરુષ રહી ગયો હોય, અથવા તો કોઇ સ્થળે આવા કોઈ પુરુષનાં સ્મરણ ચિન્હો સગ્રહી રાખ્યા હોય અને પરિણામે તેવાં સ્થળોમાં એક જાતનુ સુદર ઓજસ પ્રકટી રહેતું હોય તો તેનો તેઓશ્રી લાભ લે છે કોઈ સ્થળે કદી યાત્રાળુઓનો મોટો સઘ એકઠો થયો હોય અને તેઓની માનસિક સ્થિતિ અસર ગ્રહણ કરે એવી હોય તો તેનો લાભ લઈ જે સાધન દ્વારા તેઓ આશીર્ અને આશ્રયની આશા રાખે છે તેવા સાધનો દ્વારા તેઓનાપર આધ્યાત્મિક બલ વર્ષાવે છે

આપણુ જન મડળ બહુ ઉચ્ચ સ્થિતિએ પહોચ્યું નથી પરતુ આવી સ્થિતિ પણ આપણે પ્રાપ્ત કરી છે તેનુ કારણ એ છે કે આપણને આવી મદદ આવી છે આપણે હાલ આપણા ચોથા ફેરામા છીયે સ્વભાવિક રીતે આ ફેરામા કામના અને મનોભવનો વિકાસ થવો જોઇએ, છતા આપણે આપણા મનસનો વિકાસ કરવામા ગુથાયા છીએ । મનસનો વિકાસ પાચમા ફેરાનુ મુખ્ય લક્ષણ થનાર છે, આ પ્રમાણે થવાનુ કારણ એ છે કે શુક્રના ગ્રહથી જે મુનીમડળ આપણી દેખરેખ રાખવા આવ્યુ હતુ તેના તરફથી આપણને આવી મદદ મળી હતી વળી મહાત્માઓએ ઘણો ભોગ આપીને આપણે માટે આવુ બળ સગ્રહી રાખ્યુ છે તે પણ એક કારણ છે જેઓને આવા કાર્યનુ મહત્વ સમજાય છે. તેઓ અને

અમો જેઓને તેમનાં દર્શન કરવાનોજ નહિ પરતુ તેમને એ મહા કાર્ય કરતાં જોવાનો લાભ મેળવ્યો છે તેઓને તો પોતાની વાતો કરીને તેમને તેમના મહાન પરમાર્થના કાર્યમાંથી રોકવાનો વિચાર આવે નહિ તેઓને કરવાના કાર્યનો વિસ્તાર એવો તો મોટો છે, અને તે એટલુ તો મહત્વનુ છે કે તેમને સામાન્ય વ્યક્તિ ઉપર લક્ષ આપવુ પાલવે એમ નથી.

આવુ કાર્ય કરવાની કદી જરૂર પડે છે તો તે પોતાના શિષ્યોને સોપે છે અથવાતો યક્ષો Elementals અને દેવતાઓને Nature-Spirits ને સોપાય છે માટે જેઓ તેમના શિષ્ય છે તેમણે આવુ ઉતરતા દરજ્જાનુ કાર્ય કરવાની યોગ્યતા મેળવીએ તેમની ફરજ છે કેમકે જો તે એ કાર્ય કરશે નહિ તો તે તરત થતુ અટકશે કારણ કે મહાત્માઓ સમસ્ત જનમડળ તરફથી પોતાનુ લક્ષ ખેચી વ્યક્તિઓની સભાળ લે નહિ કામલોક ઉપર અદૃશ્ય સહાયકોને જે કામ કરવાનું છે તે જો કોઇ તૈયાર ન હોય તો થતુ અટકે છે જો કોઈ એવી દશામા હોય કે એજ કાર્ય તેના વિકાસ માટે સૌથી ઉત્તમ ગણાય તો તેને તે સોપવામા આવે કારણ કે તે વધારે ઉચા પ્રકારનુ કામ કરવાને લાયક થાય છે કે તરતજ તેને નવું કામ સોંપવામા આવે છે

ઘણી વેળાએ એવો પ્રશ્ન પૂછવામા આવે છે કે મહાત્માઓ અપૂર્ણ ખામીવાળા માનવીઓ દ્વારા કેમ કાર્ય કરેછે તેમને જાતે કરવાનો અવકાશ નથી એટલે તેમને જેવા અને જેટલા સાધનો હોય તેનો ઉપયોગ કરવો પડે છે તેમ ન કરે તો તે કાર્ય થતું અટકે એક દૃષ્ટાંત તરીકે જનમંડળને માટે પુસ્તકો લખવાનુ કાર્ય લ્યો. આતો સ્પષ્ટજ છે

કે કોઈ મહાત્મા એ કાર્ય કરે તો તેઓ તેમના શિષ્યો કરે તેના કરતા ઘણી સારી રીતે કરી શકે વળી કોઇ પણ જાતની ભૂલ થવાનો પણ સભવ રહે નહિ એમને એ કાર્ય કરવાનો સહજ પણ અવકાશ નથી અને જો એ કાર્ય તેમના શિષ્યોને સોંપવા આવે નહિ ને તે એટકે–થાય નહિ, વળી એવા કાર્ય જો પોતે કરે તો બીજા એોને સારા કાર્યો કરી સારા કર્મોનો સગ્રહ કરવાનો પ્રસગ મળે નહિ વસ્તુત તેઓ મહાત્માશ્રીના જેવુ તો કરી શકે નહિજ પરતુ જેઓ તેમના કરતા પણ ઘણી ઉતરતી પક્તિના છે તેમને માટે તો જોઇએ તેવુ સારૂ કરી શકે

આપણે ખાસ ધ્યાનમા રાખવાનુ છે કે પ્રત્યેક મહાત્મા પાસે જો કે ઘણુ બળ હોય છે પરતુ એ બળની પણ મર્યાદા હોય છે અને જન મડળની ઉન્નતિ સારૂ એનો સૌથી સારામા સારો જેવો ઉપયોગ થઈ શકે તેવો કરવો એ તેમનો ધર્મ છે, એમ કહેવુ એ જો અવિનય કે પૂજ્ય ભાવની ન્યુનતા ન ગણાય તો સાથે એટલુ પણ કહી શકાય કે એ બળનો ઉચ્ચમા ઉચ્ચ ઉપયોગ જે થઇ શકે તેના કરતા ઉતરતા પ્રકારની બાબતોમા તેનો વ્યય કરવો એ ખોટુ ગણાય અમુક એક વ્યક્તિની યોગ્યતા ગમે તેટલી હોય પરતુ જેની સમસ્ત જન મડળને માટે યોજના છે તેનો અમુક એક વ્યક્તિને માટે ઉપયોગ થઈ શકે નહિ એ સ્વભાવિક છે

પ્રકરણ ૪ થું.

મહાત્માઓ અને તેમના શિષ્યો.

આપણે જોઈ ગયા છીએ કે, શરીર ધારણ કરી રહેલા મહાત્માઓની સંખ્યા ઘણી ઓછી છે અને તેઓ મહાન્ સિદ્ધસંઘની દેખરેખ હેઠે વિશ્વની વ્યવસ્થા કરવાના કાર્યમાં રોકાએલા રહે છે વળી જેઓ શિષ્યનો સ્વીકાર કરે છે તેઓની સંખ્યા એમના કરતાં પણ ઓછી છે ત્યારે હવે આપણે જોવું જોઈએ કે, મહાત્માના શિષ્ય થવું એટલે શું ? એ પદ પ્રાપ્ત કરવાને જેઓ મથન કરે છે તેમનામાં કેવી યોગ્યતા હોવી જોઈએ અને તેમને શું શું કાર્ય કરવા પડે છે

પહેલાં તો આપણે આ ધ્યાનમાં રાખવું જોઈએ કે આ મહાત્માઓએ પોતાનું જીવન સર્વાંશે જનસેવામાં અર્પણ કરી દીધું છે ને તેથી તેઓ માત્ર એજ કાર્યમાં નિમગ્ન રહે છે બીજા કશા ઉપર ધ્યાન આપતા નથી આ વિષય વિષે પૂર્વે વિવેચન કરતાં હું કહી ગયો છું કે, એક મહાત્માને પણ અમુક આધ્યાત્મિક બળનો ઉપયોગ કરવાનો હોય છે અને જો કે એ બળનો જથ્થો આપણને અથાગ ભાસે છે છતાં તેની પણ મર્યાદા હોય છે અને તેથી તેઓ શ્રી એ બળનો સૌથી ઉત્તમ રીતે ઉપયોગ થાય એવી વ્યવસ્થા કરે છે આ તો દેખીતુંજ છે કે, એક શિષ્યને શિક્ષણ આપવામાં એમને પોતાની શક્તિનો અને કાળનો વ્યય કરવો પડે. તેઓ વિકાસક્રમમાં આવો વ્યય કેટલો અસર કારક અથવા લાભ કારક થાય છે તેનોજ હમેશાં વિચાર

કરે છે, એટલે જ્યા સુધી એવી તેમની ખાત્રી થતી નથી કે અમુક માણસ શિષ્ય થવાને સર્વાંશે લાયક છે ત્યાં સુધી તેનો સ્વીકાર કરી પોતાના કાળ અને શક્તિનો વ્યય કરતા નથી

જો તેમને એમ લાગે કે બીજી રીતે પોતાના બળનો ઉપયોગ કરવાથી જે લાભ મેળવી શકાય તેટલો લાભ અમુક માણસને શિષ્ય તરીકે સ્વીકારી તેની પાછળ શ્રમ લેવાથી મેળવી શકાશે, તાજ તેઓ તેને ઉમેદવાર તરીકે સ્વીકારે છે ત્યર પહેલા નહિ. કેટલીક વાર એવુ બને છે કે, કોઇનામાં એક કર્ય કરનાર તરીકે ઘણા સારા ગુણો હોય, પરતુ એક અવગુણ એવો હોય, કે જેનાથી તેના ગુણોથી મળતો લાભ ધોવાઇ જાય કોઇપણ મહા મા આવા મનુષ્યને શિષ્ય તરીકે સ્વીકારે નહિ, તેને તો એમ કહેવામા આવે કે તારામાં આ અવગુણ છે તે પહેલા નિર્મૂળ કર, અને તેમ કરવામાં તને વિજય મળશે, ત્યારે હુ તારો સ્વીકાર કરીશ, અને તારો વિકાસ ક્રમ આગળ વધારીશ

આપણા સભ્યોમાંના ઘણા ઉત્સાહી અભ્યાસકો ઘણા ઉદાર અને પરમાર્થ બુદ્ધિવાળા હોય છે તેઓ જાણે છે કે, તેઓ આ બાબતમા સામાન્ય રીતે જગતના ઘણા ખરા માણસો કરતા આગળ વધેલા છે એટલે તેઓ મનમા વિચારે છે કે, જન મડળની સેવા કરવાને માટે હુ આટલો બધો આતુર છુ, તો મહાત્મા મને શિષ્ય તરીકે સ્વીકારીને કેમ નહિ કેળવે ?

આ વિષયનો વિચાર આપણે સ્પષ્ટતાથી યાને ખુલ્લા દિલથી કરવાની જરુર છે મહાત્મા આવા મનુષ્યને પોતાના હાથમા લેતા નથી, કારણ કે તેનામા નાના પ્રકારની ઘણી ન્યૂનતા હોય છે એતો

સત્ય છે કે, જન મંડળની સેવા કરવાની તીવ્ર ઇચ્છા, ઉદારતા, નમ્રતા, એ બધુ આપણા ગુણ દોષના ખાતામા જમેની બાજુએ બહુ મોટી રકમો છે પરતુ આપણે વિચારવુ જોઇએ કે દુનીઆ માં ઉદાર અને સારી ઇચ્છાઓ ધરાવનારા હજારો માણસો છે, અને આપણા અને તેનામા ફેર માત્ર એટલોજ છે કે આપણામા તેમના કરતાં સ્હેજ વિશેષ જ્ઞાન છે અને તેથી આપણે ઉદારતા વગેરેનો સારી રીતે ઉપયોગ કરીએ છીએ શિષ્ય માટે અથવા મુમુક્ષુને માટે જો આટલોજ અધિકાર બસ ગણાતો હોય, તો, પ્રત્યેક મહાત્માની આસપાસ હજારો શિષ્યોના ટોળા જોવામા આવે પરિણામ એ આવે કે તેમનો બધો વખત આ સ્થળ અને કામ ભૂમિકા ઉપર તેમના નાના નાના દોષોની સુધારણા કરવામા રોકાય, દરમ્યાનમા મહાત્માઓનુ ઉચી ભૂમિકા ઉપર જીવાત્માના વિકાસનુ જે કાર્ય છે તે સદતર અટકી પડે

પ્રથમ તો મહાત્માના શિષ્ય થવા જીદગી પ્રતિ મહાત્માના દૃષ્ટિબિંદુએ જોતા શીખવુ જોઇએ, એટલે સમસ્ત જગતના ઉત્કર્ષ સારૂ શુ ઉત્તમ છે તેનોજ હમેશા વિચાર કરવો જોઇએ શિષ્યે પોતાનો વિચાર કરવાની ટેવજ મૂકી દેવી જોઇએ પોતાની જાતને તો વિસારી મુકવી જોઇએ આ કાઇ વાકચાતુર્ય નથી પરંતુ એનો જે અર્થ છે તે સર્વાશે સત્યજ છે પોતે કોઈ પણ જાતની ઇચ્છાઓ રાખવી જોઇએ નહિ અને જે કર્ય કરવાનુ આવે તેને અનુકૂળ પોતાના જીવનની વ્યવસ્થા કરવા તત્પર રહેવુ જોઇએ સ્વીકૃત શિષ્યના જીવનના નિયમોનો આ પહેલો નિયમ પાળવાને આપણામાના કેટલા ખરા અંતકરણ પૂર્વક તૈયાર છે ?

વિચાર કરો કે શિષ્યવૃત એટલે શું ? જ્યારે કોઇ મનુષ્ય આ અધિકાર પ્રાપ્ત કરવાને તૈયાર થાય છે ત્યારે મહાત્મા એકદમ જોશે કે ઉમેદવારના પદને માટે તે લાયક છે કે નહિ. જે યોગ્યતા અને અધિકાર જોઇએ તે તેનામા ઉપ્તન્ન થવાનો સંભવ સબળ હોય તો તેઓ તેને ઉમેદવાર તરીકે સ્વીકારશે આ પ્રમાણે તેનો સ્વીકાર થયા પછી કેટલાક વર્ષો સુધી તેની સૂક્ષ્મ પરીક્ષા કરવામાં આવે છે સામાન્ય રીતે સાત વર્ષ આ કામમાં થાય છે. પરંતુ શિષ્ય જોઇએ તેવો આગળ વધ્યો જાય નહિ તો એ મુદ્દત બહુ લંબાવવામા પણ આવે તેમ જો તેનો વિકાસ ઝડપથી ચાલે તો તે ટુંકી કરવામાં પણ આવે. ત્રીશ વર્ષ સુધી આ કાળ લંબાયલો મારી જાણમા છે તેમ માત્ર પાચ વર્ષમા પૂરો થએલો પણ જાણમાં છે. એક વર્ષમા પણ કદી આ અભ્યાસ કાળ પૂર્ણ થાય છે અને એક શિષ્યને તો માત્ર પાચ મહિનાજ ઉમેદવારી કરવી પડી હતી આ આ ઉમેદવારીના કાળમા શિષ્ય ને ગુરૂ સાથે કોઇ પણ જાતનો સીધો સબંધ હોતો નથી ગુરૂને જોવામા આવવાનો કે તેમની સાથે પ્રસગ પડવાનો સભવ ઘણો થોડો હોય છે વળી સામાન્ય રીતે શિષ્યની કસોટી કરવાને તેને આ કાળમા અમૂક સયોગોમા મૂકવામા આવતો નથી, માત્ર તેના જીવનના દરરોજના પ્રસંગોમા તે કેવી રીતે વર્તન કરે છે તેના પર લક્ષ આપવામાં આવે છે આવું નિરીક્ષણ કરવાનુ સહેલું પડે એટલા માટે ગુરૂ ઉમેદવારની "જીવત આકૃતિ" બનાવે છે. જીવત આકૃતિ એટલે તેના માનસિક શરીર અને કામરૂપનો આબેહુબ નમુનો. આ આકૃતિ એક એવે સ્થળે તેઓ રાખે છે કે જ્યાંથી

જ્યારે જરૂર પડે ત્યારે તેનું નિરીક્ષણ થઇ શકે પછી એ આકૃતિ અને ઉમેદવાર એની વચ્ચે એક જાતનો વિદ્યુતાત્મક સંબંધ બાંધે છે. પરિણામ એ આવે છે કે ઉમેદવારના વિચારો અને વૃત્તિઓના જે કોઇ ફેરફાર થાય તે તેમાં જણાયાં કરે ગુરુ દરરોજ આ આકૃતિઓને તપાસે છે, આ રીતે ભવિષ્યના શિષ્યના વિચાર અને વૃત્તિમાં થતા ફેરફારનુ સ્પષ્ટ સ્વરુપ સમજાય છે, અને તેને શિષ્ય તરીકે સ્વીકારી વધારે ગાઢ સબંધમા લેવામા કાઇ વાધો છે કે નહિ તેનો નિર્ણય કરી શકાય છે જો ઉમેદવારનો શિષ્ય તરીકે સ્વીકાર થાય છે તો ત્યારથી તે બીજા દરજ્જામા પ્રવેશ કરે છે અને ઉમેદવાર મટી શિષ્ય થા છે યાદ રાખવું જોઇએ કે મહાત્મા ઇશ્વરના બળનુ વહન કરનાર પ્રણાલિકાઓજ છે, જો કે તે અચેતન પ્રણાલિકાઓ નથી પરતુ બુદ્ધિમાન સહકારીઓ છે તે આ પ્રમાણે કાર્ય કરે છે તેનું કારણ એ છે કે તેઓ ઇશ્વરના એક અગ સરખા છે અને તેને લીધે તેઓને જ્ઞાન હોય છે. એજ પ્રમાણે ઉતરતે દરજ્જે એક શિષ્ય પણ પોતાના ગુરુના બળના પ્રવાહની પ્રણાલિકા છે માટે એણે પણ બુદ્ધિમાન સહકારી થવાનો પ્રયત્ન કરવાનો છે, નહિ કે અચેતન જડ પ્રણાલિકા આમ કરવાને તેણે પણ પોતાના ગુરુના અગભૂત થઈ રહેવુ જોઇએ.

એક મનુષ્ય જેનો શિષ્ય તરીકે સ્વીકાર થએલો છે તેનો તો ગુરુના ચૈતન્ય સાથે એવો ગાઢો સબધ થાય છે કે તે શુ જુએ છે, શુ સાભળે છે, વગેરે બાબનો તેના ગુરુથી અજાણી રહેતી નથી જ્યારે શિષ્યનો આવો વ્યવહાર ચાલતો હોય ત્યારે તેજ ક્ષણે ગુરુ પણ તેજ કરતા હોય એમ બનતું નથી. (જો કે એમ

ઘણીવાર બને પણ છે) પણ જે થાય છે માત્ર એટલુંજ કે એ સર્વ વિગતો જેમ શિષ્યની સ્મૃતિમાં રહે છે તેમ ગુરુની સ્મૃતિમા પણ રહે છે શિષ્યને જે કાંઈ લાગણી થાય છે તે, કે જે કોઇ વિચાર કરે છે તે સર્વ ગુરુના સૂક્ષ્મ અને માનસિક શરીરમા રહે છે, આનો અર્થ શુ તે આપણે સર્વાંશે સમજીએ તો આપણાથી આ પણ સહજ સમજી શકાય કે જયા સુધી આપણી ઇચ્છાઓ અને આપણા વિચારો મહાત્માશ્રીને અનુસરતા હોય નહિ ત્યા સુધી આપણને શિષ્ય તરીકે કદિ પણ સ્વીકારી શકે નહિ.

ઘણી વખત એવુ બને છે. શિષ્યના મનની અંદર કોઇ અયોગ્ય વિચાર આવી જાય છે, જે વિચાર ગુરુ પોતે કદિ કરે નહિ પરંતુ આમ થાય છે ત્યારે પોતાની વચ્ચે અને આ વિચારોના આંદોલનોની વચ્ચે એક પડદો ઉભો કરી તેની અસર અટકાવવાની જરૂર પડે છે આ કામ કરવાને માટે બીજા કામમાથી લક્ષ ખેંચી લેવુ પડે છે અને શકિતનો પણ અમુક વ્યય કરવો પડે છે આ ઉપરથી પણ આપણને જણાશે કે જે વિચારો ગુરુ દેવો ત્યાજ્ય ગણે એવા વિચારો જેના મગજમાં વારવાર આવ્યા કરે છે તેવાઓને શિષ્ય તરીકે સ્વીકારી શકાય નહિં કારણકે અયોગ્ય વિચાર અને વ્યકિતઓ પોતાના તરફ આવતી અટકાવવાને માટે જે કાળ અને શક્તિનો વ્યય કરવો પડે તે ઘણો મોટો થઇ પડે છે આવા માણસને મહાત્માઓ શિષ્ય તરીકે સ્વીકારતા નથી, તેનુ કારણ તેમની દયા કે ધૃતિની ન્યૂનતા નથી, પરંતુ એમ કરવું એ પોતાના વખત અને શક્તિનો સારો ઉપયોગ કરેલો ગણાય નહિં, એ બંનેનો ઉત્તમ ઉપયોગ કરવો એજ તેમનો તો ધર્મ

છે. કોઇ એમ માનતું હોય કે હું શિષ્ય થવાને લાયક થયો છું, છતા એ અધિકાર હજુ કેમ આપવામાં આવતો નથી, તો તેણે માત્ર એકજ દિવસ પોતાની બારીક પરીક્ષા કરવી, અને જોવું કે ગુરુશ્રીઓ જેને અયોગ્ય ગણે એવા વિચાર અને વૃત્તિ પોતાનામા છે કે નહિ એવો વિચાર કરતા આટલું યાદ રાખવાની જરૂર છે કે, ચોક્કસ જાતના વિચારોજ માત્ર અયોગ્ય ગણાય છે એમ નથી, પરતુ નાના નાના ક્ષુદ્ર વિચારો, ક્રોધના વિચારો, અને મુખ્યત્વે કરીને સ્વાર્થના વિચારો પણ અયોગ્ય ગણાય છે આ દૃષ્ટિથી જોતાં આપણામાનો કોણ શિષ્ય થવાને લાયક ગણી શકાય, આ આશ્ચર્ય કારક અને ઘાડા સબધ દ્વારા ગુરુ જે અસર કરવા ધારે છે તે આવી છે. એમાં શિષ્યના જૂદા જૂદાં શરીરોને સુવ્યવસ્થિત બનાવવાનો તેમનો હેતુ છે હિન્દુસ્તાનના ગુરુઓ પોતાના શિષ્યોને સ્થુળ ભૂમિકા ઉપર પોતાની પાસેજ રાખે છે તેનુ કારણ પણ કાંઇક આવુજ જણાય છે એક શિષ્યને ગમે તે ખાસ વિષયનુ જ્ઞાન આપવામાં આવતું હોય, તે વાત જુદી છે પરતુ જે મુખ્ય અસર થાય છે, તે આવા અભ્યાસ કે શિક્ષણથી થતી નથી, પરતુ ગુરુશ્રીના સાન્નિધ્યમાં રહ્યાથી થાય છે. શિષ્યનાં જુદાં જુદા શરીરોમા જુદી જુદી જાતની ગતિ થયા કરે છે વખતે દરેક શરીર જુદી જુદી ગતિએ ગતિમાન જણાય છે. કારણ કે ઘણી ઘણી જાતના ઉડતા વિચારો અને વૃત્તિઓ આવ જા કરે છે શિષ્યને જે વિકટ કાર્ય સૌથી પહેલામાં પહેલું કરવું પડે છે, તે એજ છે કે, તેના જુદાં જુદાં શરીરોની જુદી જુદી ગતિને વ્યવસ્થિત કરવી આટલા માટે જે નાની નાની બાહ્ય-

તેમાં આપણે આપણો સ્વાર્થ સમાએલો ગણીએ છીએ તે દૂર કરવો પડે છે, ઉડતા વિચારોના ઉપર અંકુશ રાખવો પડે છે ઘણા વર્ષો સુધી પોતાના તમામ શરીર ઉપર ઇચ્છા શક્તિ દ્વારા અસર કર્યાથીજ આ કામ બની શકે એમ છે જો તે આ દુનિયામા રહે છે તો તેનૂ કાર્ય વધારે કઠણુ બને છે. આસપાસના લોકોના હજારો જાતના વિચારો અને વૃત્તિઓ તેની સાથે અથડાય છે, એક ક્ષણવાર પણ તેને વિચાર કરવાનો કે પોતાના શરીરોની ગતિ વ્યવસ્થિત કરવાનો તેને અવકાશજ મળતો નથી હિન્દુસ્તાનમાં આધ્યાત્મિક જીવન ગાળવાની ઇચ્છા રાખનાર માણસો ઘણુ ખરૂ જંગલમાં ભરાઈ બેસે છે, તેનુ કારણુ પણ આજ છે વળી જુદા જુદા દેશોમા જુદે જુદે કાલે સાધુની જીંદગી સ્વીકારી મનન કરવાનુ યોગ્ય ધારેલુ ગણાય છે તેનુ કારણુ પણુ આજ છે એક સાધુને બીજું કાંઇજ નહિ તો સ્હેજ વિરામ તો મળે છેજ. વિરોધી વિચાર વૃત્તિના સતત પ્રવાહમાંથી તે પોતાને બચાવી શકે છે, અને બરાબર વિચાર કરવાનો અવકાશ પણુ તેને મળે છે પોતાની મુશ્કેલીઓમા અડચણુ કારક વસ્તુઓ બહુ રહેતી નથી, અને આસપાસની નૈસર્ગિક સૃષ્ટિની શાન્ત અસરો સાહાયકારક નીવડે છે

પરંતુ જે મનુષ્ય માર્ગ ઉપર જઇ ચૂકયો છે, તેના સાન્નિધ્યમા જે હમેશ રહે છે, તેને તો વળી ઓરજ લાભ મળે છે આવા ગુરુએ પોતાના શરીરોની ગતિ સુવ્યવસ્થિત કરેલી હોય છે, અને ધડ પાયા વગરની હજારો રીતે ગતિમાન થવાને બદલે પસંદ કરેલી અમુક ચોક્કસ રીતે ગતિમાન થવા કેળવેલી હોય છે. આ જે થોડા પ્રકારોની ગતિ પસંદ કરેલી હોય છે તે ઘણી બળવાન

અને સ્થિર હોય છે, અને શુ દિવસે, શું જાગૃત અવસ્થામા કે શું સ્વપ્નામા શિષ્યના શરીરોની ગતિ ને ગુરુના શરીરોની ગતીની સાથે સવાદિ કરવાનો પ્રયત્ન થયા કરે છે. આ અસર ગુરુ સાથે બહુ જ ગાઢા સબધથી અને ઘણે કાળેજ થઈ શકે છે સર્વના પર એવી અસર થઈ શકતી નથી, માત્ર જેઓના શરીરોની ગતિ સવાદિ થઇ શકે છે, તેમના ઉપરજ અસર થઈ શકે છે ઘણા ગુરુઓ ગુપ્ત વિદ્યામા પોતાના શિષ્યોનો પ્રવેશ કરાવે ત્યારે પહેલા તેમના પર આવી કાઇક અસર થઈ છે કે નહિ, તેની ખાત્રી કરે છે

જો દુરુપયોગ કરવામા આવે તો ઘણા અનિષ્ટ પરિણામો નીપજે, એવી કોઇ પણ વસ્તુ શિખવતા પહેલા જે શિક્ષણ આપવાનું હોય તેને માટે શિષ્ય યોગ્ય છે કે નહિ તે અને જ્યારે પ્રસગ આવે ત્યારે જે દિશા તરફ તેને વાળવો હોય તે દિશા તરફ વળવા તૈયાર થશે કે નહિ તે પ્રથમથી જાણી લેવાનુ પસદ કરે છે જેઓને મહાત્માઓ ચુટી કાઢે છે, અને તેથી કરીને જેઓ તેમની સાથે ગાઢ પરિચયમા આવે છે તેમને જે શ્રેષ્ઠ લાભો મળે છે, તેની તો વાતજ શું કરવી?

એક મહાત્માના શિષ્ય થવું તેનો અર્થ આવો છે શિષ્યે પોતાના ગુરુના ચૈતન્યની પ્રણાલિકા થવાનું છે, જેથી કરીને તેમના આધ્યાત્મિક બળનો પ્રવાહ તેના દ્વારા મોકલી શકાય, અને તેથી તેને પોતાને પણ ફાયદો થાય શિષ્ય ગુરુ સાથે એવા તો ગાઢા સબધમા આવે છે કે કોઈ પણ વખતે ગુરુના વિચારો અમુક વિષય પરત્વે કેવા હશે તે તે જોઇ શકે છે ને તેથી ભુલાવામા પડવાના પ્રસગો બહુ ઓછા થાય છે ગુરુએ શિષ્ય

દ્વારા કોઈ પણ ક્ષણે સૂચના કે આજ્ઞાને રૂપે એક વિચાર મોકલી શકે એક દૃષ્ટાંત તરીકે શિષ્ય કોઈ પત્ર લખતો હોય અથવા ભાષણ કરતો હોય, તો ગુરુને એ વાતની ઝાખી જાણ થાય છે, અને તેથી વખતે પત્રમાં લખવાનું એકાદ વાક્ય તેને શિખવે છે, અથવા તો ભાષણને માટે યોગ્ય દૃષ્ટાંત બતાવે છે પહેલા તો શિષ્યોને આની ખબર પડતી નથી, અને તેમને એમ લાગે છે કે, આ વિચારો કાંઈ આપોઆપ ઉદ્‌ભવે છે. પરતુ પાછળથી ગુરૂના વિચારોને ઓળખતા શિખે છે.

પરતુ એક મધ્યસ્થની જે સ્થિતિ આપણે વારંવાર વખોડીએ છીએ, તેના જેવી આ વાતને ગણવા જેવી નથી દાખલા તરીકે કેટલાક પ્રસંગોએ કોઇ મહાત્માએ આપણા પ્રમુખ મારફત કાંઈ કંઈ આપણને કહ્યુ છે, અને એમ કહેવામાં આવે છે કે, એવે પ્રસંગે એમનો અવાજ, બોલવાની રીત બદલાઈ જાય છે, એટલુજ નહિ પણ ચહેરાના દેખાવમા પણ ફેરફાર થઈ જાય છે પરંતુ આવા પ્રસગોએ મિસીસ બેસન્ટ તદ્દન ભાનમા હોય છે, અને કોણ, શું, શા માટે બોલે છે, તે બરોબર જાણે છે. સાધારણ રીતે એક મધ્યસ્થની જે દશા હોય છે તેવી આ દશાને મધ્યસ્થની દશા કહેવી એ ભુલ ભરેલુ છે આવુ બને છે ત્યારે તેઓ (મિસિસ બેસંટ) નુ ચેતન હમેશની માફક સ્થૂળ મગજ દ્વારા કામ કરતું હોય છે, પરતુ વાચેંદ્રિયનો ઉપયોગ કરવાને બદલે પોતે માત્ર શ્રવણજ કર્યા કરે છે, અને મહાત્માને તેનો ઉપયોગ કરવા દે છે. ગુરૂશ્રી પોતાના મગજમા વાકય ગોઠવે છે, અને ત્યાર પછી એ વાકયની તેમના મગજ ઉપર છાપ પડે છે. આ ક્રિયા ચાલુ હોય

છે, તે પ્રસંગે તેઓ પોતાના મગજનો સાંભળવામાં સમજવામાં, અને સાંભળેલી બાબતની પ્રશંશા કરવામાં ઉપયોગ કરી શકે છે પણ મને લાગે છે કે, બીજા વિષય ઉપર તેજ ક્ષણે એકાદ વાક્ય યોજવું હોય તો બની શકે નહિ હું ધારૂં છું કે ઉત્તમ પ્રકારની આત્મનિયંત્રણા આવીજ હોઈ શકે, પરંતુ તે સર્વાંશે સમ્પૂર્ણનો ભાગ્યેજ હોઇ શકે

એક મહાત્માના શરીરમાંથી વહેતો આધ્યાત્મિક પ્રવાહ એવો તો સબળ હોય છે કે તે ઘણા વિસ્તારમાં એકી વખતે પ્રસરે છે. વળી જ્યારે પોતે કોઈ શિષ્ય દ્વારા ભાષણ કરે છે ત્યારે શ્રોતાજનો પર તેમની ગ્રહણ શક્તિ ખીલેલી હોય તો એટલે સુધી અસર કરે છે કે કટલાકને તો તેમના સાન્નિધ્યનું જ્ઞાન થાય છે એટલુંજ નહિ પરંતુ શિષ્યને બદલે તેમનોજ ચહેરો જોતા હોય અને તેમનાજ બોલેલા શબ્દો કર્ણગોચર થતા હોય એમ લાગે છે ખરે ખરો કોઈ પણ માણસથી જોઇ શકાય એવો સ્થુળ ફેરફાર થવાનો તો સંભવ નથી પ્રેતાવાહન પ્રયોગોમાં મારા જોવામાં આવ્યું છે કે કેટલાક મધ્યસ્થોના અવાજ, રીતભાત, અને ચહેરો તદ્દન બદલાઇ ગએલાં, પરંતુ આમ થાય ત્યારે તેઓનો જીવાત્મા તદ્દન અશક્ત થઇ જાય છે અને તેમના દ્વારા જે વ્યક્તિ બોલે છે તેની સત્તા હેઠે આવી જાય છે પરંતુ આપણે જે મહાત્માઓ વિષે વાત કરીએ છીએ તેઓ આ પ્રમાણે કરતા નથી

આ બીજી દશામાંથી પસાર થયા પછી ગુરુ સાથે વધારે ગાઢા સંબંધ જેમાં થાય છે એવી શિષ્યવૃતની ત્રીજી દશાનો આરંભ થાય છે. એ દશામાં શિષ્ય ગુરુનો પુત્રવત્ થાય છે જેને શિષ્ય

તરીકે સ્વીકારેલો છે તેના સંબંધમા ગુરુની એવી ખાતરી થાય કે એના કામરૂપમા કાંઇ પણ અયોગ્ય વિચાર કે વૃત્તિ ઉત્પન્ન નહિ થાય ત્યારેજ તેને આ ત્રીજી દશામા પ્રવેશ કરવાનો અધિકાર આપવામા આવે છે એક સામન્ય શિષ્ય અને પુત્રવત્ શિષ્ય એ એની વચ્ચે જે તફાવત છે તે સ્થુલ દૃષ્ટિએ જોતા કાંઇક આવો છે એક સામાન્ય શિષ્ય જો કે ગુરુના ચૈતન્યનો એક વિભાગ થઈ રહે છે છતા તેનામા ઉઠતી વૃત્તિઓનો વેગ પોતા તરફ આવતો અટકાવવાનો પ્રસગ આવે તો અટકાવાય છે પરતુ પુત્રવત શિષ્યના સંબધમા એમ થતુ નથી મહાત્મા પણ પોતાના શિષ્યની સાથે એકવાર આવો સબધ યોજ્યા પછી અને એકવાર આવુ ચૈતન્ય ઐકય સ્થાપ્યા પછી એક ક્ષણવાર પણ એ ઐકયનો ભગ કરવા શકિતમાન નથી

ગુરુ શિષ્યના સબધની આવી ત્રણ દશાઓ છે (૧) ઉમેદવારની દશા (૨) સ્વીકારેલા શિષ્યની દશા (૩) પુત્રવત્ શિષ્યની દશા. આ દશાઓને દિક્ષા અથવા મોક્ષ માર્ગના પગથીઆઓ કહીએ છીએ તેની સાથે કશો સબધ નથી એ તદ્દન જુદા દ્રષ્ટિ બંદુએ વપરાતા શબ્દો છે. એ શબ્દો શિષ્યનો ગુરુ સાથેનો સબંધ બતાવવામા વપરાતા નથી પરતુ તે સિદ્ધસધના મહાન પ્રમુખની સાથેનો સબધ બતવવામાં વપરાય છે આ ઉપર જે ત્રણ દશા ગણાવી તે શિષ્યનો તેના ગુરૂ સાથેનો સબધ દર્શાવે છે એક દૃષ્ટાંતથી આ વાત વધારે સ્પષ્ટ થશે એક મહાશાળાના વિદ્યાર્થીનો સંબધ શાળાના અધ્યક્ષ સાથે હોય છે અને શારદાપીઠ (University) સાથે પણ હોય છે પરન્તુ એ સબધ સરખા હોતા નથી તેજ પ્રમાણે શિષ્યને પોતાના ગુરૂ સાથે અને સમસ્ત સિદ્ધસઘ સાથે સબધ હોય

છે શારદાપીઠ અમુક પરીક્ષાઓ નક્કી કરવા ઉપરાંત કાઇ કરતી નથી વિદ્યાર્થી કઇ રીતે અભ્યાસ કરે છે તેની સાથે તેને કાંઈ લેવા દેવા નથી, એ કાર્ય તો મહાશાળાના અધ્યક્ષનુ છે આ પ્રમાણેનો અભ્યાસ કરવામા તે પોતાના શિષ્ય સાથે યોગ્ય લાગે તેવો સબંધ રાખે તેમાં શારદાપીઠને કશુ લાગતુ વળગતુ નથી

એજ પ્રમાણે ગુરૂ શિષ્યના સબધ પરત્વે **સિદ્ધસઘ**ને કશો સબધ નથી, એ તો ગુરૂને પોતાને વિચારવાનુ કાર્ય છે જયારે કાઇ શિષ્ય પ્રથમ દિક્ષાને માટે અધિકારી થએલો લાગે છે ત્યારે ગુરૂ એ વાતની ખબર **સિદ્ધસઘ**ને આપે છે આ ખબર મળ્યા બાદ તેઓ ગુરૂ શિષ્યનો કેવો સબધ છે એ પૂછતા નથી પરતુ તેનો અધિકાર જોઇએ તેવો છે કે નહિ તેજ પૂછે છે. પરતુ આટલી વાત ખરી છે કે દિક્ષા મેળવવાને માટે શિષ્યનુ નામ એક જણે સૂચવવુ જોઇએ અને એ સૂચનાને **સિદ્ધસઘ**ના બે સભ્યોની અનુમતિ જોઇએ કોઈ પણ ગુરૂને જયા સુધી તેની શિષ્યના અધિકાર સંબધીની ખાતરી થઇ નથી ત્યા સુધી તેની દિક્ષા માર્ગની પરીક્ષા સારૂ ભલામણ કરતા નથી અને આવી ખાતરી ઉપર કહી ગયા તેમ ચૈતન્ય ઐકયના સાધ્યા વિના થઈ શકે પણ નહિ

જયારે અભ્યાસી આવુ આવું સાભળે છે ત્યારે તેને પ્રશ્ન ઉઠે છે કે "હુ મહાત્માનો શિષ્ય શી રીતે થઈ શકુ? હુ શુ કરૂ કે જેથી તેઓશ્રીનુ લક્ષ મારા પ્રતિ ખેચાય? ખરૂ જોતા તો આપણે તેમનુ લક્ષ ખેચવાની જરૂર નથી કારણ કે એ મહાત્માઓ હમેશા જે મહાકાર્ય પોતાને કરવાનુ છે તેમાં ઉપયોગી થઈ પડે એવા સજ્જનોની શોધમાજ રહે છે. એટલે આપણી યોગ્યતાથી તેઓશ્રી અજાન રહે એ સંભવિત નથી.

આજથી પચીશ વર્ષ ઉપર જ્યારે આ મહાત્મા મંડળ સાથે મારો પ્રથમ સબંધ થયો ત્યારે એક બનાવ બન્યો હતો અને તે બહુ રમુજી હતો આ સ્થળે તે યાદ આવવાથી વાચકની સમક્ષ રજુ કરૂ છુ આ સ્થુળ ભુવન ઉપર એક ઘણા ઉત્સાહી અને પવિત્ર પુરૂષનો મને મેળાપ થયો હતો સિદ્ધસંઘના અસ્તિત્વ વિષે તેને સમ્પૂર્ણ ખાતરી હતી તેથી તેમની સેવાને માટે અધિકાર પ્રાપ્ત કરવામા પોતાનુ જીવન ગાળતો હતો દરેક રીતે શિષ્ય થવાને માટે તે એવો તો લાયક જણાતો હતો, મારા પોતાના કરતાં એવા સારા ગુણવાળો જણાતો હતો કે, હજુ સુધી તેને શિષ્ય તરીકે સ્વીકારવામા કેમ નહિ આવ્યો તેને વિષે મને આશ્ચર્ય લાગ્યુ ગુપ્ત વિદ્યાનો હુ તદ્દન નવો અભ્યાસી હતો, અને અજ્ઞાની પણ હતો, એટલે એક દિવસે એક સુંદર પ્રસંગ મળ્યો તેનો લાભ લઇને ભયને વશ થતા પણ મારા ગુરૂ આગળ તેનુ નામ લીધુ, અને એવી સૂચના પણ કરી, કે આપશ્રીના કાર્યમા એક સારો સહાયક નીવડે તેમ છે. આથી ગુરૂશ્રીના મુખ ઉપર દયાથી ભરપૂર હાસ્ય છવાઇ રહ્યુ તેમણે કહ્યુ કે "તારા મિત્ર ઉપર કોઇપણ જાતનુ અલક્ષ્ય થાય છે એવી બીક રાખવાની કાઈપણ જરૂર નથી. કાઈના પર પણ કદિ અલક્ષ્ય થવાનો સંભવ નથી, પણ આ તારા મિત્રના સંબધમા તો હજુ કેટલુક કર્મ ભોગવાઈ રહેવાનુ બાકી છે, એટલે હમણા તારી સૂચના ઉંપાડી લેવાય એમ નથી. થોડાજ સમયમા એ મિત્ર સ્થુળ ભૂમિકા તજી જશે, અને ફરીથી પાછો થોડવખતમા તેનો જન્મ થશે એટલે જે કર્મ ભોગવવાનુ હતું તે ભોગવાઇ ચુકયું હશે, તેથી તે વખતે તેનો સ્વીકાર થવાનો સંભવ છે."

પછી જે દયા અને માયા એમનું ખાસ લક્ષણ છે તે વડે તેમણે મારા ચૈતન્યનું પોતાના ચૈતન્ય સાથે ઐક્ય કર્યું, અને ત્યાર પછી હું જે ભૂમિકા ઉપર સ્વતંત્ર રીતે જઈ શકતો હતો તેના કરતાં ઘણી ઉચી ભૂમિકા ઉપર મને લઇ ગયા, અને પછી મહાત્માઓ સૃષ્ટિનુ કેવી રીતે અવલોકન કરે છે, તે બતાવ્યુ એ અવલોકન કરતી વખત આ પૃથ્વી અને તેમાના અસખ્ય જીવો મારી નજરે પડયા. ઘણા બહુ વિકસેલા નહિં હોવાથી અસ્પષ્ટ જણાતા હતા, પરતુ એ અસખ્ય જીવોમા કોઇ પણ જીવ કોઇ પણ જાતના કામમાં લઈ શકાય એટલો ઉન્નત થએલો હોય તો તે તરત માલૂમ પડતુ અંધારી રાત્રિએ કોઈ એક ઠેકાણે દીવો સળગતો હોય, તે જેમ જણાઇ આવે, તેમ બધા જીવોમાથી એવો જીવ પણ જણાઈ આવતો હતો પછી ગુરુશ્રીએ કહ્યુ "હવે તારી ખાતરી થાય છે કે, એક ઉમેદવાર તરીકેના સ્હેજ પણ ગુણ જો કોઇનામા ખીલેલા હોય છે, તો તે અમારી જાણની બહાર રેહેવાનો કોઈ પણ જાતનો સંભવ નથી "

આપણે જે કાંઈ કરી શકીએ તે માત્ર એટલુજ કે થીઓસોફીનાં પુસ્તકો વાચીને આપણે આપણા ચારિત્ર્યની સુધારણા કરતા જઇએ અને પરાર્થ સાધવામા નિષ્કામ રીતે જોડાઇએ વળી એવી ખાતરી રાખવી કે આપણો સ્વીકાર થશેજ આત્મ સુધારણા કરીને શિષ્યપદ પ્રાપ્ત કરવાને યોગ્ય થવા ઉપરાંત બીજી કશીવાત આપણા હાથમા નથી. સાહાયકોની કેટલી ખોટ છે તેનો જો આપણે વિચાર કરીએ તો આપણી ખાતરી થાય છે કે આપણામા યોગ્યતા આવતાંજ આપણો સ્વીકાર થશે પણ ગુરૂશ્રીને

આપણુને કેળવવાના કાર્યમાં પોતાની આધ્યાત્મિક શક્તિનો નિરર્થક વ્યય કરવો પડશે નહિ એવી ખાતરી થયા વિના જો આપણને શિષ્ય પદનો અધિકાર આપવાનો અધિકાર આપવામાં આવે તો તે અયોગ્ય ગણાય

ઘણીવાર આપણને એમ લાગે છે કે અમુક લોકોના સબંધમાં આ નિયમનુ ઉલ્લંઘન કરવામા આવે છે અને તેનું કારણ આપણે એમજ માની લઇએ છીએ કે અમુક વ્યક્તિઓના સબંધમા એમ કરવામા આવ્યુ છે પરતુ આ માન્યતા ખોટી છે કોઈના પણ સબંધમા આ નિયમનુ ઉલઘન થતુજ નથી તેની અદર કેટલીક ખામી છતા જો એક માણસને ઉમેદવાર તરીકે સ્વીકારેલો આપણે જોઇએ તોપણ તેનુ કારણ એવુ હોય છે કે, તેના ખામીના દોષો કરતાં આપણી જાણમા નહિ એવા ઘણા ઉચ્ચા સદ્ગુણો તેનામાં હોય છે બીજી વાત એ ધ્યાનમા રાખવાની છે કે આપણી માફક જ્ઞાનમૂર્તિ મહાત્માઓનો પણ અનેકવાર જન્મ થઇ ચૂકેલો છે અને એ જુદા જુદા જન્મમા જુદા જુદા મનુષ્યો સાથે કર્મનાં બધનો બધાયલા હોય છે, અને તેથી કોઇને તેમના ઉપર પૂર્વે કરેલી સેવાને લીધે એક જાતનો હક ઉત્પન્ન થએલો હોય છે પૂર્વ જન્મોની જે તપાસ અમોએ અત્યાર સુધીમા કરી છે તેમા આવા દાખલાઓ અમારા જોવામા આવ્યા છે. તે એ છે કે આપણામાનો એક સભ્ય પૂર્વે છ હજાર વર્ષ પહેલા ઈજીપ્તમા સમર્થ ઉમરાવ હતો તે પ્રસંગે તેણે મદિરના અધિકારીઓ પર દબાણ કરી ગુપ્ત વિદ્યાના રસિક યુવકને અભ્યાસી તરીકે દાખલ કરાવ્યો હતો એ યુવકે ગુપ્તવિદ્યાનો અભ્યાસ ઘણુજ ઉત્સાહથી કરવા માંડયો અને

તેમાં તેનો પ્રવેશ બહુ અજાયબી પમાડે એવો થયો પરિણામ એવુ આવ્યું કે ત્યાર પછી એ જન્મમાં જે અભ્યાસ તેણે શરૂ કર્યો હતો તે પ્રત્યેક જન્મમા આગળ વધારતોજ રહ્યો. આજ પહેલાં એ યુવાન અભ્યાસીએ સિદ્ધ દશા પ્રાપ્ત કરી છે. અને જે મિત્રની સત્તા અને લાગવગને લીધે તે આ અભ્યાસ શરૂ કરી શકયો હતો તેનાં કરતા ઘણો આગળ વધી ગયો છે આ દશા પ્રાપ્ત કર્યા પછી તેને જે કાર્ય કરવાનુ હતુ તેમાં કેટલાક સત્યો જગતને સમજાવવાની જરૂર હતી કેમકે એ સત્યો પ્રકટ કરવાનો સમય આવી પહોચ્યો હતો તેથી તેમણે આસપાસ દૃષ્ટિ કરીને જોયુ કે કોણ આ કાર્યમા ઉપયોગી થઈ પડે એમ છે તો જે મિત્રે એમને આસાહાય્ય કરી હતી તેજ પોતાના કાર્યમા ઉપયોગી થઇ પડે એવી સ્થિતિમા જણાયો તરતજ પેલુ પુરાણુ ઋણ યાદ આવ્યુ અને જન સમૂહને આ સત્યો સમજાવવામા સાધનભૂત થવાનો લાભ એને આપ્યો

ખરેખર આવા પ્રસગો ઘણા બને છે. આપણા મડળના સ્થાપક પ્રમુખ મી. એચ એસ ઑલકોટે, બાઇ બ્લેવેટસ્કીનો જાન આથી પણ ઘણા વર્ષો ઉપર કેવી રીતે બચાવ્યો હતો તે આપણને સર્વને ખબર છે તે વખતે મેડમ બ્લેવેટસ્કી હાલ જે મહાત્મા બેઉના ગુરુ છે તેઓના જયેષ્ટ પુત્રી હતા આથી તેઓની વચ્ચે એક જાતનુ કર્મ બધન થયું. અને આ જન્મમાં તેઓ ત્રણે ફરી એકઠા થયા વળી ઘણાં વર્ષોપર પ્રમુખે (મિસિસ બેસન્ટે) પોતાના હાલના ગુરુશ્રીની જીદગી બચાવી હતી તે વખતે તેમનો જાન લેવાનુ કાવતરૂ થયુ હતુ અને તેમાંથી એમણે તેમને બચાવ્યા હતા વળી બીજો એક દાખલો છે તેમાં એવું બન્યું હતું કે

જેણે હમણાજ દિક્ષા લીધી છે તેવા એક સભ્યે ઋષિ મૈત્રેયની જીંદગી બચાવી હતી

આ સર્વ કર્મ સબધ કહેવાય અને તે એક જાતના ઋણ છે, જે સર્વાશે અદા કરવામા આવશે ત્યારે એમ પણ બની શકે કે આપણામાના કાઈ પૂર્વ જન્મની અદર હમણા જેઓ સિદ્ધ પદ પામ્યા છે તેમના સબધમા આવ્યા હોય અને તેમની કાઈ સેવા કરી હોય તો એ સહજ સબધને પરિણામે પણ તેઓનો તેમની સાથે શિષ્ય તરીકેનો સબધ બધાવાનો સભવ રહે ઘણી વખતે એવુ બને છે કે જેઓને ગુપ્ત વિદ્યાની ધુન લાગી હોય છે તેઓ એક બીજાના સબધમા આવે છે અને પછી તેમાના કેટલાક બીજાઓના કરતા ઘણા આગળ વધી જાય છે ત્યારે તેઓ પૂર્વના સહચારીઓના પણ ગુરુ બને છે

આ પ્રમાણે મહાત્માઓનું આપણા તરફ ખાસ લક્ષ ખેચવાની જરૂર નથી છતા એ કેવી રીતે બની શકે તે વિચારતા કાઈ અડચણ નથી તેમનું ધ્યાન ત્રણી રીતે ખેચી શકાય છે એક મનુષ્ય મોક્ષ માર્ગના દરવાજા આગળ ચાર વિવિધ માર્ગે આવી શકે છે, (૧) પોતાના કરતા વધારે ઉન્નત મનુષ્યોની સાથેના સહવાસથી, (૨) સતત મનનના બળથી (૩) ભકિતભાવથી અને (૪) સતત સત્કાર્યો કરવાનો પ્રયત્ન કરવાથી પરતુ આ સર્વ પણ એકજ માર્ગના જુદા જુદા વિભાગો છે એટલુ ધ્યાનમા રાખવાનુ છે કારણ કે જેઓ આ જુદે જુદે માર્ગે પ્રયાણ કરે છે. તેઓ જુદા જુદા પ્રકારનુ કાર્ય કરવાને માટે અધિકાર પ્રાપ્ત કરે છે એટલે અમુક એક માર્ગ ઉપર જયારે તે અમુક દશાને

પહોચે છે ત્યારે મહાત્માઓનું લક્ષ તેના તરફ ખેંચાય છે અને તે તેમના સબંધમા આવે છે આ ઘણુ ખરૂ સૂક્ષ્મ ભૂમિકા ઉપર બને છે, સ્થુળપર નહિ. તેમની યોજના એવી છે કે આવો જીજ્ઞાસુ પ્રથમ તેમના આગળ વધેલા શિષ્યોમાથી એકાદના સબધમા આવે આ રસ્તો સૌથી વધારે સલામતી ભરેલો છે કેમ કે કામલોક દ્વાગ ચાલતા વ્યવહાર બરાબર સમજવા એ સાધારણ મનુષ્યોથી બની શકતુ નથી

એક મધ્યસ્થને જો બહોળો અનુભવ હોય તોજ તે જાણી શકે છે કે કામલોક પર કેટલા બધા એવા મનુષ્યો છે કે જેઓને ધર્મ ગુરૂઓ થવાની તીવ્ર અભિલાષા હોય છે સામાન્ય રીતે તેઓનો હેતુ ખોટો હોતો નથી અને એમ ખરેખર માને પણ છે કે તેઓ પોતાના શિક્ષણદ્વારા જગતનો ઉદ્ધાર કરી શકશે એનુ કારણ આવુ છે મૃત્યુ થયા પછી સાસારિક બાબતોની ક્ષણિકતા વિષે તેઓની ખાતરી થઈ છ અને તેઓ વિચારે છે ક તેમણે ધારણ કરેલા નવિન વિચારો જો સ્થલ ભુવનના માનવીઓના મગજ પર ઠસાવાય તો તેઓનો ઉદ્ધાર થય અને આખી દુનીઆ ફ્રરોજ જાય વળી તેઓ એમ માનતા જણાય છે કે સ્થલ ભુવનપર માત્ર તેઓના અનુભવ અને વિચારોને માત્ર પ્રકટ કરવાથીજ લોકો તેમના કહેવાનો સ્વીકાર કરી લેશે આથી કરીને તેઓ કોઈ મધ્યસ્થ થવાને અનુકૂળ હોય એવાને શોધી કહાડે છે અને કહે છે કે સમસ્ત જન મડળમાથી તને આ સુદર સત્યનો પ્રસાર કરવા સારૂ પસદ કર્યો છે

એક સામાન્ય માનવીને જ્યારે આ પ્રમાણે કહેવમા આવે ત્યારે સ્વાભાવિક રીતે તે જરા ફુલાય છે કે મ્હારા શિવાય આખી દુનીઆમા આ ઉત્તમ શિક્ષણ પહોચાડવાનુ

કાર્ય કરવા બીજું કોઈ યોગ્ય નથી એટલે કદી પેલી કામલોકની વ્યક્તિ એમ પણ કહે કે મારામા કાઇ ખાસ મહત્તા નથી તો તેને માત્ર વિવેક ગણી લેવામાં આવે છે, અને તેને એક દેવ અથવા તો પરમેશ્વરના અવતાર તરીકે ગણવામાં આવે છે આ સંદેશા મોકલનાર ભૂલી જાય છે કે જ્યારે તે સ્થૂલ ભૂમિકા ઉપર જીવન ગાળતો હતો ત્યારે પોતાના જેવા બીજાઓ પણ આજ પ્રમાણે મધ્યસ્થોદ્વારા સદેશાઓ મોકલતા અને તેવે પ્રસગે પોતે એ સદેશાઓપર લેશ માત્ર પણ લક્ષ આપતો નહિ તેથી કરીને પોતે સમજી શકતો નથી કે જેમ હુ પોતે સસાર વ્યવહારમા મચી રહેતો અને આવા સદેશાઓ પ્રતિ દુર્લક્ષ કરતો, તેને વિશ્વાસ પાત્ર ગણતો નહિ, તેમ હવે આખી દુનીઆ પોતાના સદેશાઓને વિશ્વાસ પાત્ર ગણશે નહિ અને તેમના તરફ દુર્લક્ષ કરશે

આવી વ્યક્તિઓ સામાન્ય રીતે મહાન પુરૂષોના નામો ધારણ કરે છે, કેમકે તેઓ માનવસ્વભાવ બહુ સારી રીતે જાણે છે. એટલે તેઓ કાઈ રામદાસભાઇ કે ગગારામનુ નામ ધારણ કરે અને કાઇ ઉપદેશ કરવા માગે તો લોકો તેમનાપર કશુ લક્ષ આપે નહિ, પછી તેમનુ કહેવાનું ગમે તેવુ સુન્દર હોય. પરતુ તેઓ જો કોઇ મહાન પુરૂષોના નામો ધારણ કરીને સદેશા મોકલે તો તેનો સ્વીકાર જલદીથી થાય એટલુજ નહિ પણ વગર વિચારે પણ તેનો સ્વીકાર થવાનો સભવ એટલે તેઓ આવા નામ ધારણ કરે છે તેનો હેતુ જો વિચારીએ તો આપણે એમની એ કૃતિને ક્ષમ્ય ગણી લેવી જોઇએ.

કામ લોકપર જે કોઈ વ્યવહાર કરી શકે છે તેને જેમની સાથે તે કાર્ય કરે છે તેમના વિચાર અને તેમની લાગણી કેવાં છે

તે જણાય છે આથી જ્યારે આવી વ્યક્તિઓ બ્રહ્મવિદ્યાના અભ્યાસીઓના સંબધમા આવે છે ત્યારે તેઓ જુએ છે કે તેઓ જ્ઞાન મૂર્તિ મહાત્માઓ પ્રતિ ઘણો પૂજ્યભાવ રાખે છે એટલે કોઈકોઈ વખતે તેઓ આ મહાત્માઓનાં પણ નામ ધારણ કરે છે વળી એ પણ ધ્યાનમા રાખવુ જોઇએ કે કેટલાક એવા પણ છે કે જેઓ આપણા ગુરુઓ પ્રતિ ઈર્ષા ધરાવે છે અને તેમને બને તેટલુ નુકસાન કરવાને પ્રયત્ન કરે છે આ તો નક્કી છે કે આવી રીતે તેમનાથી તેમને કાંઈ કરી શકાતું નથી તેથી તેઓ તેમના શિષ્યોદ્વારા ઈજા કરવા પ્રયત્ન કરે છે ગુચવણો ઉભી કરવાનો સાથી સહેલો રસ્તો એ છે કે કોઇ ગુરૂનુ રૂપ ધારણ કરવુ અને તેઓ એ પ્રમાણે કરે છે તેઓ કોઈ શિષ્ય જે ગુરૂને પુજ્ય ગણતો હોય તેમનુ આબેહુબ રૂપ ધારણ કરે છે જો કે આખની અદર ખરેખરૂ મળતાપણુ આણી શકાતુ નથી એમ મને લાગે છે. જેની સુક્ષ્મ દૃષ્ટિ ખુલી છે તે તો કદી છેતરાય નહિ કેમકે ગુરના કારણશરીરના જેવુ પોતાનુ શરીર બનાવવાની આ વ્યકિતઓની શક્તિ નથી ગુપ્ત નાદ નામના પુસ્તકમા જે ચેતવણી આપવામા આવી છે તેપર આપણે ખાસ ધ્યાન આપવું જોઇએ ત્યા કહ્યું છે કે " આ માયાવિ પ્રદેશોમા ગુરુને શોધતો મા કામલોકપર ગુરુપદ ધારણ કરી બેઠેલી કોઈ પણ વ્યકિતનુ શિક્ષણ કબુલ રાખવુ નહિ પરતુ તેમના તરફથી જે કાઈ કહેવામા આવે કે જે સૂચના કરવામા આવે તેનાપર સ્થુલ ભુવન ઉપર કોઇ અજાણ્યો પુરૂષ કાંઈ સલાહ આપે તેને જેટલુ વજન આપીએ તેટનુજ વજન આપવુ તેની બરોબર તુલના કરીને જેટલો સ્વીકાર ઘટે તેટલો અને તેવો કરવો પરતુ તે કોના તરફથી આપવામા આવે છે તેપર બહુ આધાર રાખવો

નહિ બુદ્ધિમા જે શિક્ષણ ઉતરે એવુ હોય તેજ શોધવુ અને જો કોઈ તરફથી કોઈ દાવો કરવામાં આવે કે હું આણુ કે તે છું તો તેનો સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરી જોવો.

વળી આટલુ હમેશા યાદ રાખવુ કે આપણે જે માર્ગે જઇએ છીએ તેજ એક રાજમાર્ગ છે એવુ કાંઈ નથી. જે બે **મહાત્માઓ** **થિઓઓફિકલ સોસાએટી**ની સાથે બહુ નિકટનો સબધ ધરાવે છે તેઓ વિવિધ માર્ગના અનુયાયીઓ છે. પરતુ તેમના શિવાય અન્ય **મહાત્માઓ** પણ છે અધ્યાત્મ જીવનની જે જુદી જુદી શાખાઓ છે તે સર્વમા ચારિત્ર્ય સુધારણા સારૂ એક જાતનુ પ્રાથમિક શિક્ષણ આપે છે પરતુ જે માર્ગ બતાવવામા આવે, જે સાધનો સૂચવવામા આવે તે ગુરૂપરત્વે જુદા જુદા હોય છે પરતુ આપણે જેને **શ્વેત ભ્રાતૃમંડળ** કહીએ છે તેના અગભ્રતો સર્વ, જીવન વિશુદ્ધ કરી, કામનાઓપર વિજય મેળવી તે દ્વારા મોક્ષ સાધવો એમ કહે છે, પણ કામનાઓ તૃપ્ત કરવાનું કહેતા નથી.

એક શિષ્યને **મહાત્મા** ગમે તે રીતે કામે લગાડે. કેટલાકને 'અદૃશ્ય સહાયકો'* (Invisible Helpers) નામના પુસ્તકમાં જે કાર્ય દિશા બતાવી છે તે દિશામા કામ કરવાનું સોપવામા આવે છે અર્થાત્ અદૃશ્ય સહાયકો તરીકે કામ કરવાનું સોંપવામા આવે છે બીજા કેટલાકને **મહાત્માઓ** કોઈ કામ કરતા હોય તેમને મદદ કરવાને કામે લગાડવામા આવે છે; કેટલાકને કામલોકની અદર બહુ આગળ નહિ વધેલા એવા જીવોને ભાષણ આપવાના કામમાં અથવા તો ઉંઘમાં કે મૃત્યુ પછી હમે-

---

*ગેબી મદદગારો: બા. ક. ન. મ. દેસાઈ, ચેરાગ પ્રેસ–મુંબાઇ.

શને માટે વિચરતા લોકોને શિક્ષણુ આપવાનુ કાર્ય સોંપવામા આવે છે. સાધારણુ રીતે જ્યારે કોઇ શિષ્ય ઉઘી જાય છે, ત્યારે તે પોતાના ગુરુની સમક્ષ કાંઈ કાર્યની આજ્ઞા માંગવા જાય છે, ત્યારે જો કોઇ ચોક્કસ કામ કરવાનુ હોય તો તે તેને સોપવામા આવે છે. જો કોઇ ખાસ કામ કરવાનુ ન હોય તો તે હમેશનુ પોતાનું રાત્રિનું કામ કરવાને નીકળે છે દરેક અદૃશ્ય સહાયકને ડૉકટરોની ભાષામાં બોલીએ તો કેટલાક 'કેસો'ની તપાસ રાખવાની હોય છે અને જ્યારે હમેશ મુજબનુ કોઈ કામ કરવાનુ હોતુ નથી ત્યારે તે પોતે ફેરી ફરવા નીકળી પડે છે અને આ કેસોની તપાસ કરી તેમને માટે જે યોગ્ય લાગે તે કરે છે એટલે જ્યારે કાંઈ ખાસ કામ કરવાનુ હોતુ નથી ત્યારે આવી રીતનુ ઘણુ કામ તેના હાથપર હોય છે એ ખાસ કામોમા કોઈ મોટા અકસ્માતને લીધે કામ લોકની અદર એકજ સમયે ઘણીજ ભયભીત સ્થિતિની અદર જીવો આવી પડે છે તેનુ શાન્ત્વન કરવાના કામનો સમાવેશ થાય છે કામલોકપર કાર્ય કરવાને માટે જે શિક્ષણની જરૂર છે તે સાધારણુ રીતે મહાત્માનો કોઇ ઉચ્ચ પાક્તનો શિષ્ય નવા શિખનારને આપે છે

જો શિષ્યને અમુક પ્રકારની સૂક્ષ્મ ઇંદ્રિઓ સ્થળ ભુવન ઉપર ખીલવવાની જરૂર હોય, તો ગુરુ પોતે તેને બતાવે છે. અથવા તો પોતાના કોઈ શિષ્યને તે કાર્ય કરવાનુ બતાવે છે આ પ્રમાણે જે શિક્ષણુ આપવામાં આવે છે તે શિષ્યની સ્થિતિ અને તેની જરૂરીઆતો પરત્વે જુદા જુદા પ્રકારનું હોય છે સામાન્ય રીતે આવી કોઈ રીત ગ્રહણુ કરતા પહેલા તેમ કરવાનુ આપણુને કહેવામાં આવે ત્યાં સુધી આપણે રાહ જોવી જોઇએ, એકદમ સૂક્ષ્મ ઇંદ્રિયો કેળવવાનો પ્ર-

યત્ન કરવા માંડવુ નહિ અને જ્યારે આપણને એવી કાઈ સુચનાઓ કરવામાં આવે ત્યારે પણ આપણે પોતે મનમા સમજીને બેસી રહેવુ જોઇએ; કોઈ બીજા સાથે એ બાબતની ચર્ચા કરવી જોઇએ નહિ કારણ કે જે અમુક પ્રકાર આપણને બતાવવામા આવ્યો હોય, તે તેમને અનુકૂળ ન પણ હોય અહીઆ હિન્દુસ્તાનમા જે જુદા જુદા નાના ગુરુઓ જોવામા આવે છે તેઓમા પણ દરેકની પદ્ધતિમાં કોઇ ને કોઇ ફેર હોય છે, એ ભિન્નતાનુ કારણ એ છે, કે તેઓ હિન્દુ ધર્મની જુદી જુદી શાખાના અનુયયીઓ હોય છે, અથવા તો એક જ વસ્તુ વિષે તેઓ જુદા જુદા દૃષ્ટિ બિન્દુએ વિચાર કરે છે. તેઓની રીત ગમે તેવી હોય, પણ હમેશા તેઓ તેને ગુપ્ત રાખે છે, કે જેથી કોઈને હાથે પણ તેનો દુરુપયોગ થવાનો સભવ રહે નહિ આવી એકાદ રીત લોકોના જાણવામા આવી જાય, તો તેથી કેટલા માઠા પરિણામ નીપજે છે, તેની કલ્પના અમેરિકામા એક હિન્દી ઉપદેશકની ચોપડી પ્રસિદ્ધ થવાથી જે પરિણામો આવ્યા છે તેનો વિચાર કરતા સહજ થઈ શકશે આ ઉપદેશકે ઘણીજ સભાળપૂર્વક કેટલીક રીતો બતાવી પરતુ તેણે પણ પ્રસ્તાવનામાં લખ્યુ હતુ કે પહેલા ચારીત્ર્યની વિશુદ્ધિ કરવાની કેટલીક જરૂર છે છતા જે કાઇ તેણે લખ્યુ છે તેથી કરીને ઘણુજ દુ ખ લોકોને સહન કરવુ પડયું છે, કેમકે લોકોએ તેની ચેતવણી ઉપર કાઇ પણ લક્ષ આપ્યુ નહિ અને વગર વિચારે તેણે બતાવેલા સાધનોનો ઉપયોગ કરવા માંડયો કેટલાક વર્ષ ઉપર હુ અમેરિકાને પ્રવાસે ગયો હતો, તે પ્રસગે મને ઘણા આદમીઓ એવા મળેલા કે જેઓનાં શરીર આ સાધનોનો વગર વિચારે ઉપયોગ કરવને લીધે બેહાલ થઇ ગયા હતાં કેટલાક લોકો તો ગાડા થઇ ગયા હતા,

બીજા કેટલાએકને આંકડી આવતી હતી, અને કેટલાએક ભુત પીશાચના ભોગ થઇ પડયા હતા, આવી જે સાધનાઓ બતાવવમા આવે તેનો જો વગર જોખમે લાભ લેવો હોય તો આ એક વાત ઘણીજ જરૂરની છે હિન્દુસ્તાનમા કરવામા આવે છે તેમ તે કાર્ય ગુરની સમક્ષ થવુ જોઇએ, કેમકે જો ગુરના જોવામા આવે કે અમુક ઠેકાણે ભુલ થાય છે તો તે પાને સુધારી શકે ખરેખર આ દેશમાં તો શિષ્યોને ગુરની સમુખ રહેવાનોજ પ્રચાર છે કેમકે લોકો સમજે છે કે એક ગુરને પોતાના શિષ્ય સબધે જે પહેલુ અને મોટુ કાર્ય કરવાનું છે, તે એજ કે તેના (શિષ્યના) અને પોતાના શરીરોના શક્ષ્મ આન્દોલનોનો સવાદ કરી લેવો વળી સામાન્ય રીતે દુનિયાની અદર જે અવ્યવસ્થિત આન્દોલનો પ્રચલિત છે તેની તેનાપર થતી અસરો અટકાવવાની જરૂર છે અને એ સર્વપર દુર્લક્ષ કરીને પરમ શાત જીવન કેમ ગાળવુ તે શિખવવાનુ છે આગળ આવેલા એક પત્રમા આપણા મંડળના એક પૂજ્ય મહાત્મા કહે છે કે ‘ તમારા જગતમાથી નીકળી અમારા જગતમા વસો ” આનો અર્થ સ્થળનો ફેરફાર કરવો એમ નથી પરતુ માનસિક સ્થિતિનો ફેરફાર કરવો એમ છે

આટલુ હમેશા યાદ રાખવાની જરૂર છે કે જે કોઇ ગુરુનું ધ્યાન ધરે છે, તે તેમની સાથે ચોક્કસ જાતનો સબંધ યોજે છે. શક્ષ્મ દષ્ટાઓને એ એક તેજની રેષા જેવો દેખાય છે આ રેષા દ્વારા શિષ્યની લાગણી અને વૃત્તિ વગેરે ગુરુ સમજી શકે છે અને તેના દ્વારા પોતાની વિદ્યુત શક્તિનો પ્રવાહ તેના ભણી મોકલે છે એની અસર ધ્યાન પૂર્ણ થયા પછી પણ ઘણો વખત સુધી પહોચે છે, આ પ્રમાણે કરવામાં આવતું ધ્યાન મુમુક્ષુને ઘણું સહાયકારક

થઇ પડે છે એનુ પરિણામ સતોષકારક આવવાનો એકજ રસ્તો છે, હમેશ અને મુકરર કરેલે વખતેજ નિયમિત રીતે ધ્યાન થવાની જરૂર છે, શરૂઆતમાં કાંઈ પ્રત્યક્ષ પરિણામ ન જણાય તો પણ તે જારીજ રાખવું અને નિરાશાનો સ્હેજ પણ પ્રવેશ થવા દેવો નહિ કેમકે તે આપણી અને આપણા ગુરુની વચ્ચે મોટો પ્રતિબધ ઉભો કરે છે વળી તે એમ પણ બતાવે છે કે આપણે ગુરૂનો વિચાર કરતા નથી પણ પોતાનોજ વિચાર કરીએ છીએ.

પ્રકરણ ૫ મું.

મુક્તિનો માર્ગ.

જ્યારે જ્યારે એમ કહેવામાં આવે છે, કે પરમાત્મા વિકાસ ક્રમના નિયંતા છે, આપણે તેમની દિવ્ય જ્યોતિના તણખાઓ છીએ, અને કોઈક કાળે આપણે પાછા એ જ્યોતની અંદર ભળી જવાનું છે, ત્યારે આપણને બે સ્વાભાવિક પ્રશ્નો પુછવામાં આવે છે. એક તો એવો પ્રશ્ન થાય છે કે, જો આપણે પરમાત્માનો અંશ જ હોઈએ, એટલે કે આદિકાળથીજ જો આપણામાં દિવ્ય અંશ હોય તો પછી આપણને આ જગતમાં મોકલવાની જરૂર શી? પોતે સ્વભાવેજ જ્ઞાનસ્વરૂપ હોવા છતાં પ્રકૃતિદ્વારા વ્યકત થવાનું શા માટે પસંદ કીધું? બીજો સવાલ એવો પૂછવામાં આવે છે કે, આપણે જો પરમાત્માના અંશ હોઈએ તો આ દુષ્ટ દુનિયામાં આપણને મોકલવાનું કારણ શું? આપણી આસપાસ જે અધમ સ્થિતિ આપણે જોઈએ છીએ તેમાં આપણે આવી શકીએજ શી રીતે? આવા પ્રશ્નો વારેવારે પૂછવામાં આવે છે ત્યારે એનો શો ઉત્તર આપી શકાય છે તે જોવાની જરૂર છે. ત્યારે પહેલાં તો પરમાત્માએ સૃષ્ટિ શા માટે રચી, તે વિષે આપણે કાંઈ લેવા દેવા નથી. આપણે માત્ર એટલું જાણીએ તો બસ છે કે આ સૃષ્ટિ એણે રચી છે, આપણે એની રચનાનો એક ભાગ છીએ, અને તેથી કરીને આપણી બુદ્ધિ અનુસાર એ રચના જેટલી સમજી શકાય તેટલી સમજવાનો અને સમજીને તેને અનુકૂળ વર્તન કરવાનો બને તેટલો પ્રયત્ન કરવો

પરન્તુ જો કોઇને આ અગમ્ય વાતનો વિચાર કરવામાં આનંદ મળતો હોય તો ગ્રીસના ફીલસુફો એ બાબતમા શુ કહે છે, તે તેમને યાદ આપવાની જરૂર છે તેઓ કહે છે કે, પરમેશ્વર પ્રેમ સ્વરૂપ છે, પરન્તુ પ્રેમને પણ સર્વાંશે સમ્પૂર્ણપણે પહોચવાને સાધનની, પ્રેમપાત્રની જરૂર છે એવા પાત્રમા પ્રેમ વહે નહિ અને ત્યાથી પાછો ફરે નહિ ત્યા સુધી તે સપૂર્ણપણે પહોચતો નથી તેથી પ્રેમસ્વરૂપ પરમાત્મા પ્રકૃતિદ્વારા વ્યક્ત થયા, અને માયાને પ્રસારી, જેથી ફરીને વિકાસક્રમના નિયમાનુસાર આપણે અસ્તિત્વમા આવીએ. આપણે તેમની ઇચ્છા દ્વારા જ્યા સુધી તેમના જેવી ઉચ્ચ સ્થિતિએ પહોચીએ ત્યા સુધી વિકાસ કરવાનો છે એમ કર્યાથી પરમાત્માનો પ્રેમ વધારે સમ્પૂર્ણ થશે કારણ કે તે તેના કદરદાન બચ્ચાઓના ઉપર ઢોળવામા આવશે, જેનો તેઓ પ્રેમપૂર્વક સ્વીકાર કરશે એમ થાય ત્યારે તેની રચનાનો હેતુ સફળ થાય અને તેમની ઇચ્છા ફળીભૂત થાય

વળી એમ પૂછવામા આવે કે તેમણે વ્યક્ત થવાની આ રીત કેમ શોધી હશે, તો ત્યાં પણ એમ કહેવુ પડે છે, કે એની સાથે પણ આપણે કાંઈ સબંધ નથી આપણે જે જોવાનુ છે, તે જે પરિસ્થિતિમા આપણે આવી પડયા છીએ તે છે, નહિ કે તેના કારણો ? પરન્તુ એ પ્રશ્નનો ઉત્તર પણ કઈ દિશામાથી મળી શકે છે તેનુ કાંઈક સૂચન કરવુ કઠીન નથી. એ તો સહજ છે કે આપણે પરમાત્માના અશ છીએ, પરન્તુ પ્રકૃતિદ્વારા વ્યક્ત થતા હોવાથી જ્યારે પ્રકૃતિ પ્રથમ સ્વરૂપમા હોય છે, અને જ્યારે પ્રથમ પ્રકટ થાય છે, ત્યારે તેમા કોઇ જાતની વિવિધતા હોતી નથી, અને આપણી દૃષ્ટિએ જોતા અચેતન હોય છે, અર્થાત્ જેને આપણે ચૈતન્ય

કહીએ છીએ તેવુ કોઇ હોતુ નથી, તેનુ માત્ર બીજજ હોય છે. વિકાસક્રમના પ્રથમ કાળમા આત્માનો પ્રકૃતિ સાથે સંબધ થાય છે અને જુદા જુદા ભુવનોમા પસાર થયા પછી ખનીજ પદાર્થમાં આવે છે ત્યારે તેમા આપણે જેને ચૈતન્ય કહીએ છીએ તેનો વિકાસ થવાની શરૂઆત થાય છે આજ કારણથી માનવીના ચૈતન્યનો વિકાસ પ્રથમ સ્થૂલ ભુવન ઉપર થાય છે, અને ત્યા કરવાનુ કાર્ય સમ્પૂર્ણપણે થયા પછી કામલોક અને માનસિક ભૂમિકાઓનો બુદ્ધિપૂર્વક વ્યવહાર ચાલુ થાય છે એ સત્ય છે

નિસશય છે, કે ઇશ્વરે જો ધાર્યુ હોત તો માનવીને પ્રથમથીજ ઉત્કૃષ્ટ સ્થિતિમા ઉત્પન્ન કર્યા હોત, અને પોતાની એક ઇચ્છા દ્વારા વિશ્વના નિયમોને તાબે થવાનુ તેને શીખવ્યુ હોત, પરન્તુ એમ કરવામા આવે ત્યારે જે ઇચ્છાશક્તિદ્વારા તે કામ કરે તે મનુષ્યની પોતાની કહેવાય કે ઇશ્વરની ? એમ થાય તો મનુષ્ય માત્ર બોલતા ચાલતા સાચા જેવોજ થઇ રહે ઇશ્વરે જે ઇચ્છયું હતુ તે એજ હતુ કે પોતાની દિવ્ય પ્રકૃતિમાથી શક્તિમા પોતાના જેવાજ પોતાની બુદ્ધિનો સ્વતત્રપણે ઉપયોગ કરનારા છતા હમેશા અસત્યને મૂકી સત્ય માર્ગને પસદ કરનારા જીવો પેદા કરવાનુ હતુ તેઓ સ્વતત્ર છતા સત્ય માર્ગે વિચરે તેનુ કારણ એજ કે તેમનુ જ્ઞાન અને તેમનો પ્રેમ સમ્પૂર્ણ હોય જે રીતે આ કાર્ય થયુ છે, તે કરતા બીજી શી રીતે એ કાર્ય થઈશકે એની કલ્પના આવવી પણ દુર્લભ છે. મનુષ્યને સ્વતત્ર રહેવા દેવો અને ભૂલો કરતાં કરતાં અનુભવસિદ્ધ જ્ઞાન મેળવવાની તેને તક આપવી એજ માર્ગ સુંદર જણાય છે આવી ભૂલો દ્વારાજ તેને વિવિધ પ્રકારના અનુભવો થાય છે. અને તે જ્ઞાન સપાદન થાય છે. એતો

ખરૂ છે કે આવી રચનામા પાપની યોજના કરવાની જરૂર પડે છે, પરન્તુ દુ ખ માનવીના વિકાસમા જે કાર્ય કરે છે, તેના પર જો આપણે વિચાર કરીએ તો આપણને એમ સ્પષ્ટ જણાશે કે પાપ એ પુણ્યને ઘેરો પડછાયોજ છે હેડેથી આપણને વાદળા ગમે તેવાં કાળા અને ઘનઘોર લાગે પરન્તુ આતો સત્યજ છે, કે તેનો આ સ્વભાવ ક્ષણિક છે, અને તેની પાછળ આખરે તેમની વીખેરી નાખનાર પ્રતાપી સૂર્ય હમેશા પ્રકાશે છે ત્યારે અસલમા જે એમ કહેવાતુ કે પરસ્પર વિરોધી લાગતી વસ્તુઓ પણ એક સામાન્ય અને સારા હેતુને માટેજ સરજાએલા છે તે સત્ય છે

જેઓ ખરેખરા આગળ વધેલા છે તેઓ તો આ વાત સત્ય છે એમ સ્વાનુભવથી જાણે છે જો કે તેઓમા જેમને આવો અનુભવ થયેલો નથી તેઓ એ વાત પુરવાર ન કરી આપી શકે છતાં તેની તેઓ સાક્ષી તો પુરી શકે એમ છે જેઓ જ્ઞાનપ્રકાશ મેળવવાને મથી રહ્યા છે અને અદ્યાપિ પોતાના પ્રયાસમા બહુ સફલ થયા નથી તેઓને તો આવી સાક્ષી પણ ઘણી ઉપયોગી થઇ પડવી જોઇએ

બીજા પ્રશ્નના સબધમા એટલુ કહેવુ જરૂરનુ છે કે તેમાં અતિ વ્યાપ્તિનો દોષ આવે છે આપણને દુષ્ટ અને અધમ સ્થિતિમાં મૂકવામા આવે છે એમ કહેવુ યોગ્ય નથી ખરૂ જોતાં તો આપણને મોકલવામા આવ્યાજ નથી જે કાંઈ થાય છે તે આથી કેવલ ભિન્ન છે ઇશ્વર પોતાના બલને પ્રવાહરૂપે વ્યક્ત કરે છે. એ પ્રવાહને આપણે ઇશ્વરના શરીરનો ભાગ કહીએ અથવા તેમની ઉપાધિ કહીએ આ પ્રવાહમા જીવના બીજો છે અને તેનો વિકાસ થતાં થતા

તેનામાં ઈશ્વર થવાની શક્તિ છે, પરતુ આમ બની શકે આવો વિકાસ થાય, તેટલા માટે આ વાત ઘણી જરૂરની છે તેણે ભિન્ન ભિન્ન પ્રકારની પ્રકૃતિમાથી પસાર થવુ જોઈએ, કે જીવા મા ધીમે ધીમે ચોક્કસ સ્વરૂપ પકડે અને કેટલીક તિરોભૂત શકિતઓના આવિર્ભાવ થાય જેને આપણે વિકાસક્રમ કહીએ છીએ તે આજ છે અને વિશ્વના સર્વ મહાન નિયમો આ ક્રમ ઝટ આગળ વધે તેટલા સારૂજ યોજવામા આવ્યા છે જીવ જ્યા સુધી વ્યક્તિત્વ પામતો નથી ત્યા સુધી તે આ નિયમોને તદ્દન આધીન રહે છે

પરતુ વિકાસક્રમમા એક સ્થિતિ એવી આવે છે કે જ્યારે જીવ વ્યકિતત્વ પામે છે અને ઇચ્છા શકિતનો પ્રથમ વિકાસ થવા માડે છે ઇશ્વરની એવી યોજના છે કે મનુષ્ય આ વિકસતી ઇચ્છા શકિતનો સ્વતત્રપણે ઉપયોગ કરે પ્રથમ કાલમા બાલજીવો આ સ્વાતંત્ર્યનો સરખો દુરપયોગ કે સદુપયોગ કરે છે, જેટલીવાર ભૂલ કરે છે તેટલીવાર યોગ્ય માર્ગે પણ વિચારે છે જો કે પૂર્વની સૃષ્ટિમા ઉત્પન્ન થએલા ગુરૂઓ તેને વારવાર કયે રસ્તે જવુ અને કયે રસ્તે ન જવુ તે હમેશા બતાવ્યા કરે છે જયારે તે અયોગ્ય માર્ગ ગ્રહણ કરે છે અર્થાત્ વિકાસ ક્રમના પ્રવાહ આડે આવે એવુ કર્મ કરે છે ત્યારે વિશ્વ નિયમ તેનાપર દુખ આણે છે આ પ્રમાણે વારે વારે થાય છે એટલે બાલ જીવાત્માની ખાત્રી થાય છે કે જે ડહાપણ ભર્યુ શિક્ષણ આપવામા આવે છે તેને અનુકૂળ વર્તન કરવુ જોઇએ આવી તેની માન્યતા બરોબર થાય છે, અને જે કાઈ કરે છે તેમા આજ વિચાર કરતાં તે શીખે

છે, ત્યારે તેને માટે વધારે વિશાળ કાર્યક્ષેત્ર ખુલ્લુ કરવામાં આવે છે.

આ નવા ક્ષેત્રમા પણ સ્વાભાવિક રીતે તે કેટલીક વાર અવળે માર્ગે જશે તો કેટલીક વાર સવળે માર્ગે પણ જશે માટે પહેલાની માફકજ તેને અનુભવ થતો રહેશે, અને ભૂલના પરિણામે દુ ખ મળશે આપણે દુનીઆમા જે કાઇ દુષ્ટતા અને અધમતા જોઇએ છીએ, તે પૂર્વે મનુષ્યે પોતાની સ્વતત્રતા અને બુદ્ધિનો દુરુપયોગ કરેલો તેનુ પરિણામ છે તેઓ સવળે માર્ગે જતાં હજુ શીખે છે, અને જ્યારે સર્વે મનુષ્યો એ શિક્ષણ સર્વાંશે શીખી રહેશે ત્યારે તે અદૃશ્ય થશે તે આપણને ગમે તેવા અચળ અને ઉડા મૂળ ઘાલી બેઠેલા લાગે તો પણ તેઓ અસ્થિરજ છે એટલું યાદ રાખવું જોઇએ, કારણકે આ તો દરેક વસ્તુનો સ્વભાવ છે, કે જે કારણનુ તે પરિણામ હોય તે કારણનો નાશ થયા પછી તે ટકી રહી શકતી નથી માટે જો જે કાંઇ અધમતા વગેરે દુનીઆમાં આપણે જોઇએ છીએ તેને માટે જો કોઇને પણ ઠપકો ઘટે છે તો તે જગતના કર્ત્તાને નહિ પરંતુ આપણને પોતાને ઘટે છે કેમકે આપણે તેમની સકલના પ્રમાણે કાર્ય કરતા નથી અને તેજ એનુ ખરૂં કારણ છે

કેટલીક વખતે આપણે લોકોને નીચો માર્ગ મૂકી ઉચો માર્ગ ગ્રહણ કરવાનું કહીએ છીએ, પણ સત્ય વાત તો એ છે કે મનુષ્ય હમેશાં જેને વિષે પોતાને એવી ખાતરી થઇ ગઇ હોય કે આજ ઉચામા ઉચો માર્ગ છે, તેજ માર્ગ તે ગ્રહણ કરે છે, આપણે જે મુખ્ય અડચણ પડે છે તે એજ છે કે, આપણે જેને ઉચુ શિક્ષણ કહીએ છીએ તે ઘણા લોકોને અસત્ય અને ઢંગધડા વગરનું લાગે

છે, અને તેથી એ તેમને માન્ય છે, એમ બતાવે છે અને માને પણ છે, કે અમે માનીએ છીએ, છતાં જ્યારે તેને આચારમા ઉતારવાની વાત આવે છે, ત્યારે તેના ઉપર પોતાની જીદગીનો આધાર રાખતા તેઓ અચકાય છે.

એક દાખલો લઇએ ઘણા લોકો એવા માલમ પડે છે કે જેઓ પોતાને ઘણા ધાર્મિક માને છે, છતાં સત્તા અને દ્રવ્ય મેળવવાનો પ્રયત્ન કરે છે જો તેઓ જડવાદી હોય અને આમ કરતા હોય તો તે વ્યાજબી ગણાય, કારણકે વધારે ઉચ્ચતર જીવનમાં તેમને વિશ્વાસ નથી એ ખુલ્લુ જ છે, પણ જ્યારે ધર્મિષ્ટ માણસને દ્રવ્ય અને સત્તા શોધતો દેખીએ, ત્યારે તે ઘણુ કઢગુ જણાય છે કારણ આવુ છે કે, તે પોતે એમ માને છે કે મારા ધર્મમા મને શ્રદ્ધા છે, પણ ખરી રીતે જોતા તેની એવી માન્યતા છેજ નહિ, કેમકે જો એવી સત્ય માન્યતા હોય તો તે આ પ્રમાણે કરેજ નહિ–કરી શકેજ નહિ–કેમકે માનવીનો સ્વભાવજ છે કે જેની તેને પૂર્ણ ખાતરી હોય તેનીજ પાછળ તે જાય છે, અને આ માણસ દ્રવ્ય ને સત્તા શોધે છે તેનુ કારણ એટલુ જ કે તેમાં તેને સમ્પૂર્ણ શ્રદ્ધા છે, અને તે એમ માને છે કે તે જો મને મળે તો તેથી મને સુખ થશે તેથી પોતાનો બધો વખત તેની પ્રાપ્તિમા રોકે છે આપણે પણ યાદ રાખવુ જોઇએ કે આ પ્રમાણેનુ વર્તન રાખતા તેનામા ઇચ્છા શક્તિ અને ખત એ બેનો વિકાસ થાય છે

એવા મનુષ્યને જો કોઇ પ્રકારે એવી ખાતરી કરી અપાય કે જે વસ્તુની પાછળ તે અહુણા ભમે છે તેના કરતા આધ્યાત્મિક બાબતો વધારે ઉચી અને મહત્વની છે રૂપીઆ, આના, અને પાઇ

કરતાં વધારે શ્રેષ્ઠ છે, તો જે ખત અને દૃઢ ઇચ્છા શક્તિનો તે આ દિશામાં ઉપયોગ કરે છે તેનો ઉપયોગ આ મહત્વની બાબતો પાછળ કરશે અને અહુણા ઐહિક વસ્તુ ઉપર જેટલો આસક્ત રહે છે તેટલોજ એ બાબતોપર રહેશે. બ્રહ્મવિદ્યાનો અભ્યાસ તેને આજ શીખામણ આપે છે જે બ્રહ્મવિદ્યા એ શુ છે તે ખરેખર સમજે છે તેઓ પોતે આ જગતમા શા માટે આવ્યા છે તે પણ બરાબર સમજે છે, અને એ હેતુ પાર પાડવાને માટેજ પોતે પ્રયત્ન કરવો જોઇએ એમ માને છે કઇ વસ્તુઓ કરવા જેવી છે, કયા ઉદ્દેશો પાર પાડવાને મથન કરવા યોગ્ય છે વગેરે તે સમજે છે અને પહેલાં તે દ્રવ્ય અથવા સત્તાની પ્રાપ્તિ સારૂ જેટલુ અને જેવુ મથન કરતો તેટલોજ પ્રયત્ન હવે તે આ હેતુઓ પાર પાડવા માટે કરે છે.

પરતુ આટલુ કાર્ય કરવાને પણ માત્ર થોડાક પુસ્તકો વાચવા એ કાંઈ બસ નથી, અથવા તો આ વિદ્યામા માત્ર રસ લાગવાથીજ બસ નથી એના સત્યો તેણે પોતે માનવા જોઇએ તેની સત્યતા વિષે તેને પૂર્ણ ખત્રી હોવી જોઇએ આવી પ્રતીતિ જો એમાંના કેટલોક ભાગ અનુભવ સિદ્ધ કરવાનો પ્રયત્ન થાય તોજ આવે એમ છે, પછી એ ભાગ વધારે હોય કે થોડો તેનો વિચાર અત્રે કરવાનો નથી આ પ્રમાણે કર્યા વિના પણ આપણને અમુક સિદ્ધાન્તોનું માનસિક જ્ઞાન થાય ખરૂ ન્યાય દૃષ્ટિએ જોતા એ સિવાય અન્ય અશક્યજ છે એમ પણ લાગે પરતુ આવા જ્ઞાનને આધારે વર્તન યોજવાની દૃઢતા અને હિમત આપણામાના ઘણા થોડામાજ છે આપણામાના ઘણાને માટે તો એ જરૂરનુજ લાગે છે કે એમાંનો થોડો ભાગ પણ આપણા પોતાના અનુભવથી સિદ્ધ થવો જોઇએ

આ બાબતની અગત્યતા હાલ જેટલી નવા સભ્યોને લાગે છે તેટલીજ અમો જેઓ જૂના સભ્યો છીએ તેમને પણ આરંભના વખતમાં લાગતી હતી એટલે અમો આ પ્રમાણે કાંઈ કાંઈ બાબતોની ખાત્રી અમે પોતે કરી શકીએ એમ છે કે નહિ એવા પ્રશ્નો આજથી ૨૫-૨૭ વર્ષ ઉપર મેડમ બ્લાવેટસ્કિને પૂછતા તે વખતે અમને હમેશાં ઉત્તર મળતો કે હા તેમ થઇ શકે એમ છે તેઓ કહેતાં કે જો હમે એવી ખાત્રી થવા સારૂ જે શક્તિઓ હમારામા ખીલવવાનો જરૂર છે તેને ખીલવીએ તો હમો કેટલાંક શિક્ષણો સિદ્ધાન્તોની સત્યતાની અનુભવથી ખાત્રી કરી શકીએ તેઓ કહેતાં કે માર્ગ વિકટ અને લાબો છે અને અમુક માણસને તેમ કરતાં કેટલો વખત લાગશે તે કોઇથી પણ આગળથી કહી શકાય નહિ પરંતુ તેઓ એમ પણ કહેતા કે પરિણામની તો ખાતરી છેજ જે માણસ શોધ કરવા નિકળે તે તેમાં નિષ્ફળ નિવડે એવો તો સંભવજ નથી જો કે ઘણા લોકો-ના સબધમા એમ બને કે તેને આ એક જન્મમા એવી પ્રતીતિ ન પણ થાય, પણ ભવિષ્યમાં પણ નવા જન્મમાં થાય

આ વચનો એક રીતે ઉત્સાહક હતા, તો બીજી રીતે ગભરાવે એવા હતા પણ અમારામાંના કેટલાએકે એમના વચનોપર પૂર્ણ ભરોસો રાખ્યો અને તેમણે જેવા પ્રકારનું જીવન ગાળવાની સૂચના કરી તેવું જીવન ગાળવા ખંતથી પ્રયત્ન કરવા લાગ્યા અને જે કાર્ય કરવાનુ હતું તે કરવા લાગ્યા અમો સર્વ એકસરખી રીતે સફલ થયા નહિ પરંતુ હુ ધારૂ છુ કે જેઓએ આવા પ્રયત્નો કર્યા તેમને કાંઇ નહિને કાંઇ અનુભવ તો થયા વિના રહ્યોજ નહિ. આવો અનુભવ

બહુ ભલે ન હોય તોપણ તેમને જે કાંઈ કહેવામાં આવતું તેની સત્યતાની સંપૂર્ણ પ્રતીતિ થવા જેટલો તો હતોજ. જો કદી કોઇનો બહુ ઝડ વિકાસ થતો નહિ તો તેનું કારણ તે પોતેજ હતો તેમાં તેના ગુરૂનો કાંઇ દોષ હતો નહિ.

પરંતુ અમારામાંના કેટલાક તો ગુરૂશ્રીઓએ કહેલા ઘણા સિદ્ધાન્તોની સત્યતાની સ્વાનુભવથી ખાતરી કરી શકયા. પહેલાં તો આપણા બંધારણની, આપણા દોષોની, આપણી શક્તિઓની, અને કામલોક જે આપણાં આસપાસ છે તેની ખાતરી થઇ. પછી અમોએ માનસિક શરીરની શક્તિઓ ખીલવી અને સ્વર્ગીય જીવન વિષે જેજે બાબતો અમને મોઢે કે પુસ્તકોદ્વારા કહેવામાં આવી હતી તે સર્વ પ્રથમ સમજવા લાગ્યા. આ સર્વ બાબતો પ્રથમ અમે બહુ ખોટી રીતે સમજ્યા હતા, કેમકે તે વખતે જે શક્તિઓ અમારામાં હતી તેની મદદથી એ બાબતો સમજવી અશકય હતી. આગળ પ્રયત્ન ચાલુજ રાખ્યાથી અમને કારણ શરીરની શક્તિઓ પ્રાપ્ત થઈ અને ત્યારે સાપેક્ષ દૃષ્ટિએ વધારે સત્ય એવી દુનીઆની અમને ઝાંખી થવા લાગી.

તે વખતે અમો ગત કાલની વાતો જાણવા શક્તિમાન થયા અને તેમાંથી ઇશ્વરની યોજનાઓ કેટલી ચોકસાઇથી ધીમે ધીમે પાર પડે છે તે અમારી જાણમાં આવ્યુ અને એ યોજના વિકાસ-ક્રમ અને કર્મના નિયમોને આધીન રહીને કેવી રીતે પાર પડે છે તે પણ સમજાયુ ત્યારેજ અમારી ખાતરી થઈ કે અમો પોતે એ યોજનાનો એક ભાગ છીયે. આટલુ સમજાતાં એ યોજના પાર પાડવામાં યથાશક્તિ પ્રયત્ન કરવો એ અમારી ફરજજ છે એ પણ

સમજાયુ. ત્યારે અમને વિકાસક્રમના સંબધમાં કાંઈ શંકા રહી નહિ કેમકે અમને સ્પષ્ટ સમજાયુ હતું કે અમે નીચી યોનીઓમાંથી ઉંચીમાં આવ્યા હતા અને એ દાદરના હેઠેના તેમજ ઉપરનાં પગથીઆઓ જોઇ શકાતા હતા અમે હતા ત્યાંથી હેઠે તેમજ ઉપર દૃષ્ટિ કરી શકાતી અને એ દાદરના પ્રત્યેક પગથીઆ ઉપર જીવો હતા અને તેઓ ઉપર ચઢવાનો પ્રયત્ન કર્યા કરતા હતા

જે ગુરુશ્રીઓ અમોને એ નિશ્રેણીની ટોચ ઉપર ઉભેલા જણાતા હતા તેઓ અમને કહેતા કે તમે પણ અમારા પોતાના જેવાજ માનવીઓ છો અમો હતા તે સ્થિતિમાથીજ તેઓશ્રી પણ પસાર થએલા છે. અમારી અને તેમની વચ્ચે કોઈ જાતની ખાલી જગ્યા ન હતી. કેમકે દરેક પગથીઆ ઉપર કોઈ નહિને કોઇતો જણાતુંજ અમો પોતે અમારા કરતા આગળ વધેલા જીવોનો વિકાસ ક્રમ તપાસી શકતા હતા અભ્યાસ અને પરિચયથી આ ભુવનનો પ્રકાશ અમારી આખોને ઓછો ઝગઝગાટ ભર્યો લાગવા માડયો ત્યારે અમ ને એમ પણ જણાયુ કે ગુરુશ્રીઓ ઉભા હતા ત્યાના કરતાં પણ વધારે ઉચે કેટલાક જણ હતા તેઓ મનુઓ, ક્રાઇસ્ટો, બુધ્ધો, લિપિકાઓ, દેવો, ધ્યાનચોહાનો અને બીજા ઘણાઓ હતા આ બીજાઓના સબધમા તો તેઓ છે એ શિવાય બીજુ જ્ઞાન આપણને મળી શકે એમ નથી તેઓ પણ મહાન્ સૃષ્ટિની રચનાનો એક ભાગ છે

ભૂતકાળ અમારી આગળ ખડો છે, રસ્તામા ક્યાં કયા વિસામો થએલો તે અમે જાણીએ છીએ. તેમાંથી આડા અવળા ફાંટાઓ પડેલા તે પણ પ્રત્યક્ષ છે. માટેજ અમો દૃઢ શ્રદ્ધા રાખી શકીએ છીએ કે જે જગાએ ગુરૂ-

શ્રીઓ હાલ વિરાજે છે તે જગાએ ભવિષ્યમાં અમે પણ જઇ પહોચીશું. આ પ્રમાણે અમારી નિર્ણિત દશા ચોક્કસ છે એટલું જાણવાથી એ દિશાથી ઉલટી દિશામાં પ્રયાણ કરવું કેટલું મિથ્યા છે એ પણ અમો જાણીએ છીયે. ઉન્નતિ એજ આપણે માટે મહાન્ નિયમ છે ઉન્નતિમાજ આપણુ ખરૂ સુખ છે અને તેમાંજ આપણી સલામતી પણ છે આ સૃષ્ટિ સકલાનામા આપણે જે ઉન્નતિ કરવાની છે તેના સબધમા તો આપણામાના ઘણાખરા [છેક સલામત છે એમ કહેવાય નહિ એ સ્થિતિ તો આપણે જ્યારે ચિરસ્થાયી શ્વેત ભ્રાતૃમડળની એકાદ દિક્ષા લઇને સબ્યપદ પ્રાપ્ત કરીએ ત્યારેજ પ્રાપ્ત થાય છે એવા દિક્ષિતને સ્રોતાપત્તિ અથવા સ્રોતાપન્ન કહે છે. અને તેનો અર્થ આવો થાય છે કે તે જીવન પ્રવાહમાં ઉતરે છે.

આ પગલુ ભરવુ એ માનવીના વિકાસક્રમમા એક કટાકટીના વખતમાથી પસાર થવા બરાબર તેમજ એક મહાન્ કાર્યમાં ફ્તેહ મેળવવા બરાબર છે કારણકે આ વિકાસક્રમમાં ત્રણ બાબતો મુખ્ય છે એકતો વ્યક્તિત્વ પ્રાપ્ત કરવાનો સમય છે એ પ્રસંગે કારણ શરીરની ઉત્પત્તિ પ્રાપ્ત થાય છે એટલે જીવ મનુષ્યત્વને પામી જુદી વ્યક્તિ તરીકે તૈયાર થાય છે આ વ્યક્તિત્વ પ્રાપ્ત કરવુ એ પાશવ યોનિનો ઉદ્દેશ હતો એ વ્યક્તિત્વનો વિકાસ એક અમુક હેતુ પાર પાડે છે ઇશ્વરની ધારણા એવી છે કે એક એવુ બિન્દુ ઉત્પન્ન કરવું કે જેમાંથી પોતાનું બળ મોકલી શકાય જ્યારે આ પ્રથમજ બને છે, ત્યારે જીવ ઘણી બાલ્યાવસ્થામાં હોય તેટલા માટે તેનું બરાબર રક્ષણ કરવાને માટે તેની આસપાસ સ્વાર્થની દિવાલ ચણ-

વામાં આવે છે. જેને આપણે જંગલી લોક કહીએ છીએ તેઓ ઘણા સ્વાર્થી હોય છે તેનું કારણ આ છે સ્વાર્થની આ વૃત્તિ ઘણા જન્મો સુધી જાળવી રાખવી પડે છે કેમકે તેમ કર્યાથી તેની અંદર રહેનારો જીવ વધારે ને વધારે વિકાસ પામે. એકાદ ઘર બાંધવું હોય છે ત્યારે પાલખ બાંધવી પડે છે. તેના જેવી આ સ્વાર્થની દિવાલો છે ઘર બાંધવાને માટે તે જરૂરની છે પણ ઘર બંધાઇ રહ્યા પછી તે છોડી નાંખવી જોઇએ. તેમ કર્યાથી તેનો હેતુ પાર પડયો ગણાય. પાલખ કંઇ સુંદર હોતી નથી. અને ઘર બંધાઈ રહ્યા પછી તે રહેવા દેવામા આવે તો આપણાથી ઘરમા રહી શકાયજ નહિ છતાં જો તે ન હોય તો ઘર બંધાય પણ નહિ આ (ઉપર કહી ગયા તે) બિન્દુની ઉત્પત્તિનુ કારણ એવુ છે કે તે દ્વારા ઇશ્વરની શક્તિ સૃષ્ટિ ઉપર પ્રસરે. પરતુ જો સ્વાર્થની આ દિવાલો જીવની આસપા-હમેશાજ રહે તો ઇશ્વરની શક્તિનો પ્રવાહ બરાબર વહી શકે નહિ તેમ જો એ સ્વાર્થ હોયજ નહિ તો જીવનુ રક્ષણ પણ થઈ શકેજ નહિ આ પરથી સ્પષ્ટ સમજાય છે કે, આ ઘણીજ અધમ વૃત્તિનું પણ વિકાસક્રમમાં સ્થાન છે. હવે આપણે માટે તે નિરૂપયોગી છે અને આપણે કયારનીએ તેને તજી દેવી જોઇતી હતી. છતાં કોઇ સામાન્ય મનુષ્યની અંદર સ્વાર્થની વૃત્તિ જોવામાં આવે, તો તેથી તેની સાથે ગુસ્સે થવાનું કાંઇ કારણ નથી, કેમકે જંગલી દશામાં જે એક જરૂરનો સદ્ગુણ હતો, તે હવે સુધરેલી દશામાં પણ રહે છે એટલોજ માત્ર એનો અર્થ છે. ખરી રીતે જોતાં તો એક સ્વાર્થી માણસ જુના પુરાણા વખતનું રહ્યું સહ્યું બિન્દુ છે; અત્યારે તો એવો મનુષ્ય બહુજ પાછળ પડી ગએલો ગણાય.

ત્યારે આત્મા માણસે કયે રસ્તે નિસ્વાર્થ થવાનો પ્રયત્ન કરવો અને પ્રતિદિન આગળ વધતા જમાનાના પ્રવાહની સાથે થઈ જવુ ? આ હેતુ પર પાડવાને માટે કુદરત જે ઉપાયો યોજે છે, તે ઘણા અને વિવિધ છે, પણ તેઓનો પાયો એકજ છે; કારણ કે જે જરૂરતું છે, તે માત્ર એટલુંજ છે, કે દેખીતા વૈવિધ્યમા ઐક્ય જોવું. આ કામ ધીમે ધીમે જે આત્માનો હમેશ પોતે વિચાર કર્યા કરે છે, તેનો એટલે પોતાના સ્વાર્થનોજ વિકાસ કરવો અને તેને સર્વગ્રાહી બનાવવું એકલા પોતાનાજ વિચાર કરવાને બદલે તે ધીમે ધીમે પોતાના કુટુબનો પોતાનામાં સમાવેશ કરે છે, અને એ કુટુબના ક્ષેત્રમાં તે નિસ્વાર્થ બનતાં શીખે છે ત્યાર પછી તે પોતે જે કોમનો અથવા જ્ઞાતિનો હોય, તેનો વિચાર કરતાં શીખે છે, અને તે પરત્વે નિસ્વાર્થી થતાં શીખે છે છતાં આ કોમની બહારના લોકોના સંબધમાં તો તે હજી સ્વાર્થીજ હોય છે, અને તેમને પોતાના સ્વાભાવિક દુશ્મનો ગણે છે. ધીમે ધીમે પ્રગતિ વધારે થતાં પોતાની પ્રજાનો કેટલેક દરજ્જે પોતાનામાં સમાવેશ કરે છે.

આ છેલ્લી કહેલી સ્થિતિમા આ કાળના જન મડળના ઘણાં ખરાં માણસો છે, જો કે નાની નાની બાબતોમાં મનુષ્યો અન્ય કુટુબોની સાથે સ્વાર્થની લડાઇ કરે છે, પરંતુ થોડીએક બાબતોમાં તો તે એમ વિચારતાં શીખ્યા છે, કે પોતાનો અને અન્ય કુટુંબોનો સ્વાર્થ સરખોજ છે, તેથી કરીને એ બાબતો પરત્વે તેનામાં દેશાભિમાન—રાષ્ટ્રત્વની લાગણી—ઉત્પન્ન થાય છે પરન્તુ આ બાબતોમાં પણ અન્ય ભાષાઓ બોલે છે, અને અન્ય દેશોમાં વસે છે, તેમની સાથે તો સમ્પૂર્ણ સ્વાર્થીપણેજ વર્તે છે ભવિષ્યમા કોઇક વખત એવો આવશે કે માનવી સમસ્ત જનમંડળને પોતાનામાં

સમાવેશ કરતા શીખશે, અને ત્યારેજ આપણે કહી શકીશુ કે તે ધીમે ધીમે સ્વાર્થ તજીને નિસ્વાર્થ બન્યો છે

પોતાનો અન્ય સર્વ સાથેના સબધનો જ્યારે તેઆવો વધારે ગ્રાહક બુદ્ધિથી વિચાર કરતા શીખે છે ત્યારે તે પોતાના સબધમા પણ કાઇને કાઇ શીખે છે ખરો પહેલા તો તેની ખાતરી થાય છે કે 'હુ' તે મારૂ સ્થૂલ શરીર નથી પાછળથી તે એમ સમજે છે કે તે પોતાની લાગણીઓનો સમૂહ નથી વળી આગળ ચાલતા તેની એવી પણ પ્રતિતી થાય છે કે 'હુ' મારૂ મન પણ નથી. આટલુ સમજાતા તે એમ સમજે છે કે પોતે જીવાત્મા છે વળી આગળ વધતા એટલી વધારે પ્રતીતિ થાય છે કે આ જીવાત્મા પણ દેખીતોજ જુદો છે, અને સત તો એકજ છે

આ પ્રમાણે માનવી જીજી જન્મના ફેરા ફરે છે એ ફેરા ઘણા કંટાળા ભર્યા લાગે છે, સર્વ અનિશ્ચિત લાગે છે, વિકાસ બહુ ધીમો થાય છે અને દુખદ હોય છે પણ આખરે આ સર્વ દુખનો, અનિશ્ચિતતાનો, અત આવે છે અને તે એવા જીવન પ્રવાહમા પડે છે કે જ્યા તે નિર્ભય બને છે અને સર્વ સુનિશ્ચિત હોય છે આ તેના વિકાસક્રમમા બીજુ પગલુ છે, અને વધારે મહત્વનુ પગથીઉ છે પરતુ આ પગથીએ પગ મૂકતા પૂર્વે તેણે કુદરતની સાથે જ્ઞાનપૂર્વક કાર્ય કરતા શીખવું જોઇએ, પોતાનો વિકાસક્રમ પોતાના હાથમા ચોક્કસ રીતે લીધેલો હોવો જોઇએ સર્વના પરમ ઐક્યનુ જ્ઞાન તેને નિસ્વાર્થ બનાવે છે, ને તેને સર્વને મદદ કરતા પણ શીખવે છે કારણકે તેથી તેને અભ્યાસ કરવાની અને શ્રેષ્ટતા પ્રાપ્ત કરવાની પ્રેરણા થાય છે. એ

પોતાના કાર્યનો હેતુ બને છે, અમે પોતાની કામનાઓ અને વિચારોની પરીક્ષા એ વડે કરે છે અને જે વસ્તુ સાથે કામ પડે છે તેમની મહત્તા સમજવાનું પણ એજ સાધન છે

ત્યારે સ્વાભાવિક રીતે એવો પ્રશ્ન પુછાય કે આ આત્મવિકાસનુ કાર્ય શી રીતે શરૂ કરવુ ? આ તો દેખીતુંજ છે કે પહેલાં તો તેણે પોતાનામાં શા શા દુર્ગુણો છે તે શોધી કહાડવા અને એક પછી એક તેને જડમૂળથી ઉખેડી નાખવા, અને ત્યારબાદ સદ્‌ગુણો નું સંશોધન કરી તેમને ખીલવવા આ કરવુ તો ઘણુજ જરૂરનુ છે પોતે સર્વને સહાયભૂત થતાં તો શીખવુજ જોઇએ જો કે પ્રથમ આ અપરિચિત કાર્યમાં તેને ઘણીએ ગુચવણ પડશે તેનો ચારિત્ર્યવિકાસ ઘણો ધીમો થશે કારણકે તેની સામે ઘણા અંતરાયો છે અને તે પૂર્વજન્મોમા પોતેજ ઉભા કરેલા છે ઘણા વર્ષો થયા કેટલીક ટેવો પોતે પડવા દીધી છે અને તેથી તેઓનામા એટલા વર્ષોનુ કેટલુંક બળ છે

એક દષ્ટાંત તરીકે ચીડવાઇ જવાની ટેવો હો વારે વારે ગુસ્સે થવાની ટેવ પડેલી છે, પડવા દીધી છે, અને તેથી એવા પ્રત્યેક પ્રસંગે, ભવિષ્યમા ક્રોધ ઉપ્તન્ન કરે એવા સંજોગોમા પોતાના ઉપર અંકુશ રાખવાની શક્તિ ગુમાવી હોય છે તેથી કરીને એક સજડ ટેવ પડી ગઇ હોય છે અને તેનામા અમુક બળ એકઠું થયુ હોય છે આ કાઇ જીવમા સ્વાભાવિક ગુણ તરીકે પરોવાઈ ગઇ નથી એતો કામલોકના નિત્ય પરમાણુમા રહે છે એટલે જ્યારે એ ક્રોધની અનિષ્ટતા સ્પષ્ટ સમજાય છે અને તેને કાબુમા લાવવા માટે પોતે પ્રયત્ન કરે છે ત્યારે પૂર્વ જન્મોમાં એકત્ર કરેલા બળ સામે યુદ્ધ મચાવવાને તેને તૈયાર થવાનું છે. સ્વાભાવિક રીતે તેને પોતા-

નું કાર્ય કઠિન લાગે છે. ઘણીવાર તેમાં તે નિષ્ફળ પણ નીવડે છે, નિરાશ થાય છે. પરંતુ આટલી વાત તેણે યાદ રાખવી જોઇએ કે તે ગમે તેટલી વાર નિષ્ફળ નિવડે તોપણ આખરે તેનો વિજય થવાનો એ તો એક શાસ્ત્રીય સિદ્ધાન્ત છે તેણે માત્ર મંડયાજ રહેવાનું છે

પોતે એકત્ર કરેલું બળ ગમે તેવું પ્રબળ હોય તોપણ તેને હદ તો હોય છેજ એટલે પોતે જે પ્રત્યેક પ્રયત્ન કરે છે તેનાથી તેના પ્રમાણમાં તે ઘટે છે લાભ એટલો છે કે પોતાની તરફ જે શક્તિ છે તે અનંત અખૂટ છે તેની ઇચ્છા શક્તિ પ્રબળ હોય તો જન્મો જન્મ તે જે કુટેવની સાથે યુદ્ધ મચાવે છે, તેને જડ-મૂળથી ઉખેડનારા બળનો વધારો કર્યેજ ચાલ્યો જાય. કારણકે તેની પાછળ ઇશ્વરનું અખૂટ બળ છે કેમકે એ વિકાસ ઇશ્વરની કલ્પના ને અનુસરતો છે જ્યા સુધી પરમ ઐકકની ખાતરી થાય નહિ ત્યા સુધી ચારિત્ર્ય વિકાસનું આ કઠિન કાર્ય હાથે ધરાતું નથી પરંતુ એક વખતે આ સમજાયું અને તેથી ચારિત્ર્ય વિકાસની આવશ્ય-ક્તા પણ સમજાઈ એટલે પછી તે કાર્ય માથે લેવાને સબળ કારણ મળે છે. અને ગમે તેટલીવાર નિષ્ફળ નિવડે પરંતુ તે હારતો નથી કારણ *કે તે ઇશ્વરની સંકલ્પના સમજે છે; અને જાણે છે કે પોતાની* સામાનું બળ ગમે તેટલું હોય પરંતુ ઇશ્વરનું અખટ અનંત બળ તેની તરફ છે એટલે અંતે તો પોતાનોજ વિજય છે

આ હેતુ જન્મો જન્મ યાદ રહે અને વિસ્મૃત થાય નહિ એટલા માટે તેણે પોતાનો ચૈતન્ય વ્યાપાર જીવાત્મા સાથે યોજવો જોઇએ પરંતુ એ સ્થિતિ પ્રાપ્ત થતાં પૂર્વે પણ નિત્ય પરમાણુઓ ઉપર આની છાપ પાડી શકાય અને એ રીતે જન્મો જન્મ આ

સ્મૃતિ લઇ જઇ શકાય. ઉપર કહ્યા એટલા ચૈતન્ય વિકાસ થઈ શકે તો તો આ જ્ઞાન તેને સ્વભાવસિદ્ધ રહેવાનું, પણ નિત્ય પરમા ણુઓ ઉપર એની છાપ પાડી હોય તો તે એ જ્ઞાન સાથે લઇ અવતરશે નહિ પરંતુ તેને એ જ્ઞાનનો પ્રથમ પરિચય થતાજ તેની સત્યતા સમજાશે, અને તે પ્રમાણે વર્તન કરશે આ સદ્દૃર્તનના સતત્ત પ્રયત્નો અને આ રીતે થતો જ્ઞાન વિકાસ તેને ઉમેદવાર શિષ્યના પંથ સમીપ આણી મૂકશે અને તે દ્વારા દિક્ષામાર્ગપર પણ ચઢાવશે

આ દિક્ષા પછી ત્રીજું પગથીઉં આવશેજ અને તે સિદ્ધપદ પ્રાપ્ત કરવાના માર્ગમાં પેલા જીવન પ્રવાહને કિનારે પહોચશે અહિ તે માત્ર માનુષવિકાસ પૂર્ણ કરી વધારે ઉન્નત્ત વિકાસના ક્ષેત્રમાં પ્રવેશ કરે છે અમને એમ કહેવામા આવે છે કે જ્યારે કોઇ જીવ આ જીવન પ્રવાહમાં પડે છે ત્યારે તેને ચોથે પગથીએ પહોચવા સારૂ સાત જન્મો જોઇએ છીયે એ દશા તે અર્હતની દશા છે. આ સાત જન્મોમાં વધારો થાય છે ઘટાડો થતો નથી અને બે જન્મ વચ્ચે સ્વર્ગમાં રહેવાનું નથી સાધારણ રીતે જેઓ સ્વર્ગ ત્યાગ કરવા શક્તિમાન થાય છે તેઓ આ સ્થિતિમા હોય છે.

સાથે આટલું પણ કહેવાની જરૂર છે જેઓને જે ઉન્નત કાર્ય માટે મહાત્મા પુરૂષો આપણને તૈયાર કરે છે તેમાં એટલે છઠ્ઠી મૂળ પ્રજાના વિકાસમા મનુભગવાનના હાથ નીચે કાર્ય કરવાના કાર્યમા ભાગ લેવાને પસંદ કરવામા આવ્યા છે તેમને સ્વર્ગીય શાંતિનો ત્યાગ કરી ને ઘણા જન્મો લેવા પડશે પરંતુ એમ થવાને માટે એક યોગ્યતાની જરૂર છે તેમણે પૂર્વે સ્વગર્ગીય સુખનો અનુભવ કરેલો હોવો જોઇએ; તોજ તેનો ત્યાગ કરી શકાય વળી એ

ને માટે એકલી ત્યાગ બુદ્ધિની જરૂર નથી પરતુ સ્વર્ગમાં જે વિકાસ થાય છે તે વિના કેટલાક કાળ ચલાવી લેવા જેટલો વિકાસ થએલો હોવાની જરૂર છે

જ્યારે તે અર્હતપદના પગથીઆ ઉપર ઉભો રહે છે ત્યારે પહેલી દિક્ષા અને સિદ્ધ દશા વચ્ચેના માર્ગમા અર્ધો રસ્તો તે ઓળગી ગયો કહેવાય કેમકે તે દરમિયાનમા તેણે જે દસ અતરાયો માનવી અને નિર્વાણુની વચ્ચે રહેલા છે તેમાના પાચ તો ઓળંગ્યા હોય છે, અને બીજા પાચ ઓળગી જવાના રહ્યા છે. તેટલા માટે પણ સાધારણ રીતે સાત જન્મો લેવાના છે પરતુ યાદ રાખવુ કે આ માત્ર સરેરાસ છે ચોક્કસ નિયમ નથી કારણ ઘણા ઓને આથી વધારે વખત લાગે છે તેમ કેટલાએક ખત અને આગ્રહને લીધે ઓછા સમયમા પણ દિક્ષાઓ લઈ લે છે એક એવો દાખલો જાણ્યમા છે કે આ કાર્ય ઘણુ વહેલુ શરૂ કર્યાથી, એકજ જન્મમા તેણે ચારે દિક્ષાઓ લીધી હતી પરતુ આમ બનવુ બહુજ દુર્લભ છે દશ હજારમા એક માનવી પણ કરી શકે નહિ અર્હતપદ પ્રાપ્ત કરવુ એટલે બુદ્ધિક શરીરમા રહેવુ અને કાર્ય કરવું જોઇએ અને જ્યારે બુદ્ધિક શરીરમા કાર્ય કરવા માડે ત્યારે કારણ શરીર રહેતું નથી અને પછી તેને ફરી બનાવવાની જરૂર પણ રહેતી નથી એટલે સિદ્ધપદ પ્રાપ્ત કરવાને જે સાત જન્મો લેવા પડે છે તેમા તેને સ્થલ ભૂવન ઉપર ઉતરવાની જરૂર રહેતી નથી અને તેથી એ જન્મો જેને આપણે જન્મો કહીએ છીએ તેવા ન પણ હોય છતા ઘણીવાર સ્થૂલ ભૂવન ઉપરજ એ જન્મો લેવામા આવે છે કારણકે શ્વેત ભ્રાતૃમડળનું કાર્ય તેણે ભૂલોક ઉપર કરવાનુ છે

જીજ્ઞાસુ આ ચૌદ જન્મો મોક્ષ માર્ગની જુદી જુદી દશામાથી પસાર થવામા અને "અદશ્ય સહાયકો" (ગેબી મદદગારો) નામના પુસ્તકમા અંતમા વર્ણવેલા ગુણો સપાદન કરવામાં ગાળે છે જેઓ આપણા મહાત્માઓના શિષ્યો થાય છે તેઓ સ્વાર્થી મોક્ષ માર્ગે વિચરતા નથી, એટલે શુભ અશુભ કર્મની વ્યવસ્થા કરી કામનાનો ત્યાગ કરી માત્ર જન્મ મરણના ફેરામાથી બચવાનો માર્ગ ગ્રહણ કરતા નથી તેઓ તો પરમ ત્યાગનો માર્ગ ગ્રહણ કરે છે. આ માર્ગમા ઈશ્વરની સંકલનાનો સાક્ષાત્કાર કરી, એ યોજનામા ભાગ લેવાનો છે અને જનમડળને સાહાય્ય કરવાની છે.

આ માર્ગને ઘણીકવાર દુખ માર્ગ કહેવામા આવે છે, કેમકે એમા હમેશા આત્મભોગ આપવો પડે છે ખરૂ જોતાં આ નામ ખોટુ છે, કેમકે જો કે એમા કાંઈક દુખ છે ખરૂ તોપણ તે દુખ આપણા અધમ સ્વભાવને લગતુ છે, ઉચ્ચ સ્વભાવને લગતુ નથી આળસાઈ અથવા બીજી કાઇ રીતે આ દુખ દૂર રાખે અને જે કાર્ય કરવાનુ હતું, તે ન કરે તો વધારે ઉન્નત્ત સ્થિતિએ પહોચતા પશ્ચાતાપ રૂપે વધારે દુખ ખમવુ પડે છે આ માર્ગમા જે અનિવાર્ય દુખ છે, તેનુ કારણ માત્ર એટલુંજ છે કે શિષ્ય આ ચોથા ફેરામાં, જે સાતમાં ફેરામા થઈ શકે, તે કરવા માગે છે. તે કાળે આપણા જુદાં જુદા શરીરો વધારે કેળવાયલાં હશે, એટલું જ નહિ પરતુ જેના તે બનેલા હશે તે પદાર્થ પણ તદ્દન જુદીજ સ્થિતિમા હશે કારણકે સ્થૂલ પરમાણુની સાતે "સ્પીરીલીઓ"નો બરોબર કાર્ય કરતી થઈ હશે. હમણા માત્ર ચારજ કાર્ય કરે છે, માટે હજારો વર્ષ પછી જે કાર્ય કરવાને માટે આપણું શરીર તૈયા-

ર કરવાનું છે, તે અત્યારથી કરવામાં ઘણો શ્રમ પડે, અને તે શ્રમને અંગે અમુક દુ:ખ વેઠવું પણ પડે.

આ દુઃખ કોઇ મલ્લ કસરત કરીને શરીર મજબુત કરવા કષ્ટ વેઠે છે. તેના જેવું છે, કોઇ મોટી શરતમાં તેને ઉતરવું હોય, તો સામાન્ય રીતે તેના સ્થૂલ શરીરને જે કરવાની ટેવ હોય, તેના કરતાં વિશેષ કાર્ય તેની પાસે કરાવવુંજ જોઇએ, એટલુંજ નહિં, પણ જે વસ્તુઓની તેને ટેવ પડી ગઇ હોય, અને તેથી બહુ ગમતી હોય, તે આપવી બંધ કરવી પડે છે વળી કદાચ કાંઈ કષ્ટ પણ આપવું પડે, પણ પોતે જે કાર્ય કરવા માગે છે, તેના ઉપર નજર કરતાં એ બધું કષ્ટ તે ખુશીથી હોરી લે છે ખરેખર આમાં જે કાંઇ થોડું ઘણું કષ્ટ કે થોડી ઘણી અગવડ ભોગવવી પડે તે દૂર કરવાને માટે હરિફાઇમાં ઉતરવાનું કે શરત રમવાનું માંડી વાળે, તો પાછળથી જ્યારે વિજય પામેલા લોકોને આગળ વધતા જુએ ત્યારે પોતાની જાતને જે લાડ લડાવ્યા હોય તેને માટે તેને પશ્ચાતાપ થયા વિના રહેજ નહિ, અને પશ્ચાતાપ આ કષ્ટ કરતાં વધારે દુઃખકર હોય છે. ત્યાગના માર્ગ ઉપર શિષ્યોને જે મહેનત લેવી પડે છે, તેના સંબંધમા આ સરખામણી લાગુ પડે છે. જે માણસ મહેનત અને કષ્ટથી ગભરાઇને એ માર્ગ ઉપર જવાનુ છોડી દે છે, તે જ્યારે પોતે જેને સહાય કરી શકે એવા માનવીઓને કોઇની સહાય વિના જતાં દેખે અથવા તેઓને જે દુઃખનું પોતે નિવારણ કરી શકે એવા દુઃખમા દટાયલાં દેખે તો પોતાના વર્તન માટે તેને પશ્ચાતાપ થયા વિના રહે નહિ.

આત્માને તો કદી કષ્ટ થતુંજ નથી; માત્ર આપણા આ શરીરોનેજ થાય છે. કેટલાંક પ્રાણીઓના શરીરનાં બંધારણ ઉપરથી પણ સર-

ખામણી થઈ શકે છે તેમનાં હાડકા આપણાં હાડકાંની માફક અંદર હોતાં નથી પરંતુ બહાર ઢાલની માફક રહે છે. આવા કવચની રચનાને માટે મોટામાં મોટો વાંધો એ છે કે જ્યારે એમા રહેનારૂં પ્રાણી વધે છે ત્યારે તેને તે કવચ તોડવું પડે છે અને બીજું બંધાય ત્યાં સુધી રાહ જોવી પડે છે એ ઘણું દુ ખદ છે, અને અગવડ ભરેલુ છે એમજ આપણા વિકાસમાં આપણે આપણી આસપાસ વિચારનાં કવચો બાધીએ છીયે અને જાણે આપણે એક જાતનાં માનસિક પ્રાણીઓ થઇ રહીએ છીએ થોડા સમયમા એ કવચ આપણને ઘણુ નાનુ પડે છે અને તેથી જેમ તેમ કરીને આપણે તેમા સમાઈ રહેવુ પડે છે, પરતુ આખરે તો આ અશક્યજ છે અને તેથી આપણે દુ ખ ખમીને પણ તેને તોડી નાખવુ પડે છે. માટે કુદરતના નિયમો કે કર્મના કાયદાનો વાક કાઢવો નહિ. પૂર્વ જન્મમાં આપણેજ કવચ બાધ્યુ છે અને તે આપણેજ તોડવું જોઇએ. જો તોડશુ નહિ તો કાઇ વિકાસ થતો નથી એવા અસંતોષની લાગણીથી એના કરતા પણ વધારે દુ ખ ખમવુ પડશે.

ઘણા માણસો ફેરફારના નામ માત્રથી ડરે છે, મુખ્યત્વે કરીને મત, અથવા માન્યતાના ફેરથી આનુ કારણ એક પક્ષપાત નથી પરતુ એક જાતના સશય પણ છે મનમા એમ થાય છે કે એક વખત જો હાથમાનુ લગર મૂકી દેવામા આવે તો પછી અન્ય સ્થળે કાંઇ જડશે કે કેમ ? ઘણા માણસો એવા હોય છે કે પોતાની માન્યતાનો બુદ્ધિપૂર્વક, યુક્તિ પ્રયુક્તિથી બચાવ કરી શકતા નથી. વહેલો મોડો પણ પોતાના વિચારનો સકોચ મૂકી દેવો પડશે અને તેથી તેના વિકાસમાં કેટલુએક કષ્ટ પણ ભોગવવું પડશે, જો આપણે આપણું કવચ તોડીએ નહિં તો તો કાઇ

કષ્ટ ભોગવવાનુ નથી પરતુ એમ કર્યાથી આપણી પ્રગતિ થતી અટકે છે

શિષ્યનું જીવન આનદમય હોય છે એ વાતની એક ક્ષણ પણ શકા લાવવી નહિ, પરતુ તેથી એમ માનવુ નહી કે એની જીદગી આરામથી ભરપૂર છે તેને જે કાર્ય કરવાનુ છે તે ઘણુ સખ્ત છે, અને તેમ કરતા એક ખરેખર યુદ્ધ મચાવવું પડે છે હજારો લાખો વર્ષની અતે જેટલો વિકાસ થવાનો હેય તે વિકાસ એક થોડી જીદગીની અદર કરવાનો પ્રયત્ન કરવો એ એક તહેવારના દિવસે કરવાના કામ જેવુ સહેલું નથી આપણા માનવંત પ્રમુખ એક જગોએ લખે છે કે શિષ્યો કુદરતની કુચીઓ છે કે જેમા અનિષ્ટ મેળવણીઓ છુટી પાડીને સર્વના સામાન્ય સુખને અનુકૂળ નવી મેળવણી કરવામા આવે છે

તોપણ આટલુ ધ્યાનમા રાખવાનુ છે કે કોઇએ આવી એક કુલ્લી રૂપ થઈ રહેવુ એ જરૂરનુ નથી એમ કહી એ કે ઘણા લોકો આ પ્રમાણે થઇ રહેવાને માટે તક મળવાનુ માન ઘણી અ-તુરતાથી શોધે છે વળી જે કોઇ માણસ ઇશ્વર જે ભોગ આપે છે તેનુ એક વખત પણ દર્શન કરે છે તેને તે એવા તો થઈ રહ્યા વિના ચાલતુ જ નથી કેમકે તે તેને મદદ કરવાને માટે પો-તાના અધમ સ્વભાવનો ગમે તેવો ભોગ આપવો પડે તોપણ તેમ કરવામા પોતાની પવિત્ર ફરજ સમજે છે આ કાઇ એક બાળકની રમત નથી ખરેખર આ એક મહા મહેનતનુ કામ છે પણ જે શિષ્ય આ બાબતોનો અંતકરણપૂર્વક અભ્યાસ કરે છે તેની તો નજરમા ઝટ ઉતરશે કે મનુષ્યો જેઓ પોતાનુ કામ ચાહે છે તેઓ

તેમા એવી રીતે મચ્યા રહે છે, તેમાં તેમને એટલો આનદ પડે છે કે તે શિવાય અન્ય વસ્તુમા તેમને કોઇપણ જાતનો આનદ મળતો નથી પછી તે કાર્યમા ગમે તો સ્થુળ, સૂક્ષ્મ, કે માનસિક શરીરોમાના એક-ને કે સર્વને પણ અનહદ શ્રમ અને કષ્ટ પહોચે

જ્યારે આ કાર્ય સમસ્ત જનમડળને કરવાનુ પ્રાપ્ત થશે અને આ વિકાસ સર્વને યોગ્ય ગણાશે ત્યારે જે મનુષ્ય અત્યારે ઘણા ઢોળાવવાળે રસ્તે ત્યા પહોચવાનો—ચઢવાનો—પ્રયત્ન કરે છે તેના કરતા તેઓ આવો શ્રમ લેવાને વધારે યોગ્ય થયા હશે જે મુશ્કેલીઓ આજે નડે છે તેનુ કારણ એ છે કે સાતમા મન્વતરના શરીરદ્વારા જે કાર્ઈ કુદરતી રીતે કરી શકાય તે કાર્ય આપણે ચોથા મન્વતરના શરીરોદ્વારા કરવા મથીએ છીએ તેઓને આ સુદર શરીરો મેળવવાને માટે મહેનત તો તેટલીજ કરવી પડશે પરતુ એ મહેનતનો બોજો ઘણા વર્ષોમા વહેંચાઈ જવાથી ઓછો કષ્ટસાધ્ય લાગશે

પરતુ આ બધો શ્રમ પડવા છતા પણ શિષ્યને નિત્ય આનદ મળે છે અને કશાથી પણ ભગ ન થાય એવી પરમ શાતિ મળે છે. જો એમ ન થય તો સમજવુ કે તે પોતાના ગુરનો નિમકહલાલ શિષ્ય નથી અને પોતાના શરીરપરના ક્ષણિક કષ્ટપર ઘણુ લક્ષ રાખવાથી તેનાથી આત્માની શાતિ અનુભવાતી નથી એમ થાય છે ત્યારે તે પોતાના ઉચ્ચ તત્ત્વની સાથે ઐકય કરવાને બદલે અધમ તત્વની સાથે ઐકય કરે છે.

આ પ્રમાણે વિચાર કરતાં જણાય છે કે આ માર્ગને કષ્ટનો કે દુખનો માર્ગ કહેવો એ હાસ્યાસ્પદ છે કેમકે જો શિષ્ય એ માર્ગ ગ્રહણ કરે નહિ તો ભવિષ્યમા તેને પશ્ચાતાપ રૂપી અસહ્ય

કષ્ટ સહન કરવુ પડે ખરેખર જે માણુસ પોતાનો ધર્મ અદા કરવાનો પ્રયત્ન કરે છે તેને તો દુ,ખ જેવુ કાઇજ રહેતુ નથી **શ્રીમદ્ ભગવદ્ ગીતામા** કહ્યુ છે કે,—

પુણ્યશાળી જનો કાંઈ પામે પાર્થ ન દુર્ગતિ *

આતો આપણે શિષ્યના આતર જીવનને લક્ષીને કહ્યુ પરતુ જો સ્થલ ભુવન પર લોકો તેનો કેવો સત્કાર કરે છે અથવા કરે તેનો વિચાર કરીએ તો આ માર્ગને કષ્ટનો માર્ગ કહેવો એ અયોગ્ય નથી મૂખ્યત્વે કરીને જો તેને દુનિયાને મદદ કરવા સારૂ કંઈ સાર્વજનિક કાર્ય કરવાનુ હોય તો તો એમ કહેવુ એ ખરૂ છે રૂસબ્રોક, જે ચાદમા સૈકામા ફ્લેમીશલોકમા એક મહાન્ ધર્મિષ્ટ પુરૂપ થઇ ગયો તે આ માર્ગપર જેઓ પ્રયાણ કરવુ શરૂ કરે છે તેના સબધમા લખે છે કે "આમાના કેટલાક દુ ખી જનોની પાસેથી તેમનુ ઐહિ સુખ લઇ લેવામા આવે છે, મિત્રો અને સગાઓ તે ગુમાવે છે, સામાન્ય મનુષ્યોમા સર્વ તેના કૃત્યોનો ઉધાજ અર્થ કરે છે, સર્વ તેમને ત્યજી દે છે તેમની પવિત્રતાની હાસી થાય છે, તે ધિક્કારાય છે અને વિશ્વાસપાત્ર ગણાતા નથી સર્વ દિશા તરફથી તિરસ્કાર મળે છે, કદી કદી તો વિવિધ રોગના પણ તેઓ ભોગ થઇ પડે છે." **મેડમ બ્લેવેટ્સ્કિ** પણ શુ લખે છે "આપણે ઇતિહાસનો અભ્યાસ કરીએ તો એવો એક પણ દાખલો આપણને જડશે ખરો કે જેને પછી તે સામાન્ય શિષ્ય હો કે દીક્ષિત હો—કાઇ છુપા સત્યનો પ્રકાશ કરવાનુ કાર્ય સોપવામા આવ્યુ હતુ અને તેને દાર્યા, અને અજ્ઞાન

---

* न हि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति

अ०-६-४०.

નાભોગથવુ પડયું નથી? આ એકસખ્ત ગુપ્ત નિયમ છે, જેનામાં અજ્ઞાનના કુતરાઓ ભસે તે સહન કરવા જેટલી સહનશક્તિ અથવા તો ક્ષમા કરવા જેટલુ ઔદાર્ય નથી તેણે આ પવિત્ર વિદ્યાનો અભ્યાસ કરવાનુ મૂકી દેવુ" (સિક્રેટ ડૉક્ટ્રિન પુ ૩-પૃ-૯૦)

સામાન્ય રીતે જગત નવા સત્યનો કેવો સત્કાર કરે છે, કેવી રીતે સ્વીકાર કરે છે ? પહેલા તો તેને હસી કાઢવામાં આવે છે, પાછળથી તેનો પ્રસાર થતો જોઇ તેના પ્રતિ ક્રોધ દર્શાવે છે, અને અ તે જાણે પરાપુર્વથી એ વિચાર તો સર્વ માન્યજ છે એમ ગણી તેનો સ્વીકાર કરવામા આવે છે દરમિઆનમા એ સત્યના પ્રથમ પ્રકાશકને કાતો મારી નાખ્યો હોય છે અથવા તો હૃદયભગ દશામા તે મૃત્યુ પામ્યો હોય છે

"**શાંતિનો સ્વર**" એ નામના પુસ્તકમા જે ત્રણ ખંડો-દિવાનખાનાઓ-કહ્યા છે તે આ માર્ગમા છે આ માર્ગ પર પ્રયાણ કરનાર શિષ્યના ચૈતન્યના વિકાસના આ ત્રણ ખડ સૂચક ચિન્હો છે એ પુસ્તકમા આ ત્રણ ખડદ્વારા ત્રણ નીચલા ભુવનો સૂચવ્યાં છે **અજ્ઞાનનો ખંડ** તે સ્થલ ભુવન છે કે જ્યા આપણે જન્મીએ છીએ, જીવન વ્યતીત કરીએ છીયે, અને અ તે મૃત્યુવશ થઇએ છીએ. એને **અજ્ઞાનખડ** કહેવાનું કારણ એ છે કે આજે આપણને જે જ્ઞાન થાય છે તે માત્ર વસ્તુઓના ઉપરના છોતરાનું બાહ્ય સ્વરૂપનુ જ્ઞાન થાય છે બીજો ખડ **વિદ્યાખડ** છે અને તે કામલોકનું સૂચન કરે છે શિષ્ય-સ્વીકૃત શિષ્યની દશા પ્રાપ્ત થવા પહેલાની આ દશા છે એ દશામાં સૂક્ષ્મ ઇન્દ્રિયો જાગૃત થાય છે અને તે કાળમાં આપણે જે કાંઇ જોઇ શકીએ છીએ તે સ્થૂલ ભુવનમાં આપણે

જે જોએલુ તેના કરતાં એવુ તો ભિન્ન હોય છે કે આપણને એવો મિથ્યા ભ્રમ થાય છે કે આપણુ જ્ઞાન સપૂર્ણ છે જો કે સહજ આગળ વિકાસ થતા વળી માલમ પડે છે કે અહિ જે જોએલુ તે પણ સર્વાંશે નહિ પરતુ થોડેજ અશે પરતુ **શાંન્તિનો સ્વર** આપણને ચેતવણી આપે છે કે ' આ પ્રદેશના પ્રત્યેક સૌદર્ય**થી** ભરપુર પુષ્પની હેઠે સતાએલો કામનાનો સર્પ તેની દાડી ઉપર વીટલાએલો છે, તે અનિષ્ટ કામનાનો જીજ્ઞાસુએ ત્યાગ કરવો જોઇએ કે જેથી કામનાનો કીમીઓ થઈ ત ઉચ્ચ અભિલાષાનુ સ્વરૂપ પકડે પ્રેમનો દાખલો લઇએ ઉતરતી પક્તિના સ્વાર્થમુલક યાચક બુદ્ધિના પ્રેમને ઉંચા પ્રકારનો પવિત્ર નિસ્વાર્થી પ્રેમ બનાવવો જોઇએ ઉતરતી પક્તિના પ્રેમનુ રૂપાતર થઈ શકે, પરતુ ઉંચા પ્રકારના પ્રેમનુ થઈ શકે નહિ, કારણ કે શુદ્ધ પ્રેમ એ પરમેશ્વરનુ સ્વરુપ છે, અને તેથી આ માર્ગ ઉપર શિષ્યનુ એક લક્ષણ ગણાય છે જે પ્રેમનો આપણે ત્યાગ કરવાનો છે તે આ શુદ્ધ પ્રેમ નહિ પરતુ ઉતરતી પક્તિનો એવો ઉતરતી પક્તિનો પ્રેમ હમેશા વિચાર કરે છે કે, મને કેટલો પ્રેમ મળી શકે છે, ફલાણો મને કેટલો ચહાય છે ? મારા કરતા બીજા કોઇને વધારે ચહાયછે ? આવા પ્રેમની આપણે જરૂર નથી, આપણે તો જે ઉચ્ચ પ્રેમ સ્વાર્થનુ ભાનજ ભુલાવી નાખે છે, અને પોતાનો પ્રેમ રેડવાને માટે હમેશા પાત્રની, શોધમા રહે છે, તેની જરૂર છે

કામલોકને વારવાર માયાવિ પ્રદેશ કહેવામા આવે છે, પરતુ આપણે સ્થલ દુનિયા ઉપર સત્યનુ જે ભાન થઈ શકે એમ છે, તેના કરતા એક અશે અને તેઘણે મોટે અશે, વધારે સત્ય જ્ઞાન આ

પ્રદેશમા થાય છે ઘણી વેળા એમ બને છે ખરૂં કે જે લોકો એ પ્રદેશમા નવા જન્મેલા બાળકોજ હોય છે, અને તેથી અંતર કે ગતિનુ બરોબર ભાન હોતુ નથી, તેઓ ભ્રમમા પડે છે. આ વાત આપણે લક્ષમાથી ખસી જવા દેવી જોઇએ નહિ, સામાન્ય રીતે જેવી રીતે એક બાળક ધીમે ધીમે સ્થૂલ ભુવનની સાથે પરિચિત થાય છે, તેમ સામાન્ય મનુષ્યોને કામલોકનો પરિચય થાય છે, પરતુ આપણામાના જેઓ આ માર્ગ ઉપર કાઇક વહેલા પ્રવેશ કરે છે, અને તેથી કરીને આ જ્ઞાન કાઇક અસાધારણ રીતે પ્રાપ્ત કરે છે, તેમનો હાથે ભુલો થવાનો સભવ વધારે હોય છે

જે સર્વ શિષ્યો પોતાની ગુપ્ત શક્તિઓ જાગ્રત કરવાનો પ્રયત્ન કરે છે તેમને આ ગુપ્ત ભુવનોનો જેઓને ઘણો પરિચય છે એવાઓની મદદ ન હોય, તો પોતાના પ્રયોગોમાં તેમને ઘણો ભય નડે અને ઘણી ઇજા થવાનો સભવ રહે. સૂક્ષ્મ ભુવનો ઉપર કામ કરવાને માટે તૈયાર થનારને જે સખત કસોટીઓમાથી પસાર થવુ પડે છે, તેનુ કારણ પણ આજ છે. નવા શિષ્યને જુદી જુદી જાતના ભય કર દેખાવો બતાવવામા આવે છે, તેનું કારણ પણ એજ કે, તેનાથી તે પરિચિત થાય અને તેનો સ્વભાવ સમજે જો આ પ્રમાણે કરવામા આવે નહિ, તો તેને એક જાતનો ધાસ્કો પડે અને તેથી તે પાછો પોતાના સ્થૂલ શરીરમાં પ્રવેશ કરે, એમ થવાથી તે કાંઇ ઉપયોગી કાર્ય કરતો અટકે એટલુંજ નહિં પરંતુ તેથી તેના શરીરને ઘણો ભય રહે. નવો શિષ્ય કામલોકની અદર ભ્રમ પામે છે તેમાં ભુલ તેની હોય

છે, નહિં કે એ પ્રદેશની, કારણકે ભુલનું કારણ પરિચયનો અભાવ છે એ પુસ્તકમા ત્રીજા ખડને જ્ઞાનખડ કહ્યો છે, ત્યા માનસિક ભુવનનુ સૂચન કરેલુ છે કામલોકની વસ્તુ ઉપરનો રાગ જતો રહે છે, એટલે તે ઉમેદવારની દશામાથી આગળ વધે છે, અને સત્યને ચોક્કસ જ્ઞાનની પ્રાપ્તિ કરવાની શરૂઆત કરે છે વળી તેની પાર બુદ્ધિક ભુવનનો અમર પ્રદેશ આવેલો છે, ત્યા પ્રવેશ થતા તેને નીચેના પ્રદેશોમા જે ભિન્નતા જોવામા અવતી હતી તે અદૃશ્ય થાય છે અને સર્વનુ પરમ ઐક્ય સમજાય છે.

એમ કહેવામા આવ્યુ છે કે, " જાતેજ તુ માર્ગરૂપ થાય નહિ ત્યા સુધી તુ માર્ગ ઉપર પ્રયાણ કરવાને અશક્ત છે " જ્યા સુધી એ આપણને એક માર્ગ રૂપજ રહે છે, અને આપણને જે કાંઈ સુચનાઓ મળી હોય અથવા તો આપણી બુદ્ધિમા ઉતરે તે પ્રમાણે કાર્ય કરીએ, ત્યા સુધી આપણે ખરેખર માર્ગ ઉપર પડયા કહેવાઇએ નહિ આ માત્ર એક દશાજ છે અને તેના ઉપરથી માર્ગમય બની જવાની દશાએ પોચી જવાય છે, અને આ દશા પ્રાપ્ત થાય છે ત્યારે તેના સર્વ નિયમો પળાય છે, અને તે સત્ય હોવાને લીધે આપોઆપ થઇ જાય છે વળી બીજુ એક કારણ એ પણ છે કે આ દશાએ પહોચ્યા પછી સત્ય સિવાય અન્ય માર્ગે જાઓ એ કલ્પનામા પણ સભવતુ નથી આ પ્રમાણે હોય ત્યારેજ તમે માર્ગમય થઇ ગયા કહેવાઓ

જે મનુષ્ય ઝાડપર ચઢવાનો પ્રયત્ન કરતો નથી તે ઝાડપર ચઢી શકતો પણ નથી જો તે ચઢે નહિ તો તે ઘણે દૂર પડે પણ નહિ. મજબૂત માણસ ઘણી વખતે ગંભીર પ્રકારની ભૂલો કરે છે

પણ જે શક્તિ એની પાસે આની ભૂલો કરાવે છે એજ શક્તિ જ્યારે તે પોતાની સર્વ શક્તિઓના પ્રવાહને સત્ય દિશા તરફ દોરે છે, ત્યારે તેને ઘણી ઝડપથી આગળ વધવાનુ સાધન થઈ પડે છે ઝડપથી આગળ વધવાના પ્રયત્નથી માનવીના સમસ્ત બધારણ ઉપર ઘણી પ્રબળ અસર થાય છે અને તેને ઘણો શ્રમ વેઠવો પડે છે આનુ પરિણામ એમ આવે છે કે માનવીનામા જે કાઈ ખામીઓ હોય તે જણાઇ આવે છે આપણે ગમે તે કરીએ કે ન કરીએ છતાં **સિદ્ધ મંડળ**ની યોજનાઓ તો પાર પડયાજ કરવાની કેમકે વિશ્વ વિકાસની આ મહાન રમત ચાલી રહી છે તેમા આપણે તો માત્ર ચોપાટ ઉપરના સોકટા જેવા છીએ પરતુ જો આપણે અક્કલવાન થઈએ અને તે યોજના પાર પાડવાને સહાય ભૂત થવા મા તૈયાર હોઇએ તો તેના પ્રવર્તકોને અને તેથી કરીને આપણને ઓછી મહેનત પડે છે

ત્યારે આ બધાનો અત ક્યારે અને શેમા આવશે ? સર્વ પ્રકારની સપૂર્ણતા પ્રાપ્ત કરવા છતા યાદ રાખવુ જોઇએ કે આ માત્ર સાપેક્ષ દૃષ્ટિએજ અત કહેવાય છે, કારણકે જ્યારે આપણે આપણી સૃષ્ટિના ઇશ્વરની સાથે ઐક્ય ભાવ પામીએ–આપણા ચૈતન્યનુ તેમના ચૈતન્ય સાથે જોડાણ કરીએ ત્યારે પણ એમના કરતા વધારે ઉચી શક્તિઓની સાથે ઐક્યતા પ્રાપ્ત કરવાનો માર્ગ આપણી સમક્ષ ખીલે છે જેના કહેવાને અમે ઘણુ માન આપીએ છીએ તેમણે એક વખત અમને કહ્યુ હતુ કે સિદ્ધદશા પ્રાપ્ત કર્યા પછીની વિકાસક્રમની એક દશા ને અતે ઉન્મત્ત થયલો માનવી હાલ સાત તત્ત્વો છે તેને બદલે

દસ તત્ત્વનો બનેલો થશે, અને તેને વિશ્વના સાત ભૂવનોમાના છેલ્લા ભુવનના જે સાત ભાગો છે તે દરેક ભાગ ઉપર એકેકુ શરીર હશે અને દેશ અને કાળથીપર ત્રિગુણાત્મક ઇશ્વર તે તેના આત્મારૂપ હશે આ પ્રમાણે '' તત્વોની યોજના થશે પણ આ સ્થિતિ જ્યારે માનવી આ દરેક ભુવન ઉપર પોતાને માટે એક શરીર પ્રાપ્ત કરવાની શક્તિ મેળવે ત્યારેજ થઈ શકે

અમારી સમજમા એમ આવ્યુ છે કે આપણા વિકાસક્રમમા જેટલા જીવો ગુથાયલા છે તેમાથી એક પચમાશ ભાગ સફળ નિવડશે એટલે કે સાતમો ફેરો પુરો થના પહેલા અશેખ દશા પ્રાપ્ત કરશે બીજો એક પચમાશ ભાગ ભાજ દરમિયાનમા અરહત દશાએ પહોચ્યો હશે વળી એક પચમાંશ ભાગ આના કરતા ઉતરતી દશાએ પહોચ્યો હશે અને લગભગ બે પચમાશ જીવો પાચમા મન્વતરના સક્રાન્તિ કાળને પ્રસગે આ વિકાસક્રમમાથી છુટા પડી ગયા હશે પરન્તુ જેઓથી નિર્મિત્ત દશા પ્રાપ્ત થઈ શકી નથી એટલે કે પોતાનો વિકાસ સપૂર્ણ કરી શકાયો નથી તેમને નવી સૃષ્ટિમા પોતાનુ કાર્ય નવેસરથી કરવુ પડશે

વળી જેઓ પાચમા મન્વતરમા નિષ્ફળ નિવડયા છે તેઓ નવી સૃષ્ટિમાં સફળ નિવડશે એજ દૃષ્ટિએ જોતા જો એમ કહીએ કે જેઓ હાલ અરહત અને અશેખની દશાએ પહોચેલા છે તેઓ ચદ્રની સાકલ (Moon Chain)ના વિકાસ ક્રમમા નિષ્ફળ નિવડેલામાના પણ હોય તો તે અસભવિત નથી આમ કહેવાનો અર્થ એવો છે કે તેઓ એ સૃષ્ટિના માનવીઓ હોય પણ કઇક પાછળ પડી ગએલા હોય અને ત્યાંના ક્રમથી છુટા પડી જઈ ત્યાર પછી આપણી સૃષ્ટિના વિકાસ

ક્રમમાં આપણા કરતા આગળ નીકળી ગએલા હોય એક છોકરો એક પરીક્ષામા એક વર્ષે નાપાસ થાય અને ફરીથી બાર મહીના રહીને તેજ પરીક્ષા આપવા બેસે તો સભવિત છે કે તે પહેલા છોકરાઓની પક્તિમા આવી શકે ... પણ તેજ પ્રમાણે બને છે આટલુ યાદ રાખવાની જરૂર છે કે આપણે હજુ વિકાસ ક્રમમા અર્ધેથી સહજ આગળ વધેલા છીએ અને તેટલાજ માટે આપણામાના આટલા બધા થોડા અરહત દશા પ્રાપ્ત કરી શકયા છે એક વર્ગના છોકરાઓની વાર્ષિક પરીક્ષા જો છ મહિનાને અંતે લેવામા આવે તો તેમા પાસ થઈ શકે એવા ઘણાજ થોડા નીકળે આમા પણ એમજ છે એજ પ્રમાણ પ્રાણી વર્ગમા પણ ઘણા થોડાજ વ્યક્તિભાવ પામે છે કારણ કે જે પ્રાણી વ્યકિતત્વ પામે છે તેનામા અને જે નથી પામતુ તેનામા જેટલો અતર છે તેટલોજ અતર સામાન્ય મનુષ્ય અને અરહતની સ્થિતિએ પહોચેલા મનુષ્યની વચ્ચે છે બને વિકાસક્રમના મધ્યમાં અતે મળવાની દશા પ્રાપ્ત કરવાનું કરે છે જેઓ સાતમા મન્વતરની અતે સામાન્ય નિયમાનુસાર આ દશા પ્રાપ્ત કરે છે તેઓનો વિકાસ એવો તો ધીમો થાય છે કે તેમને બહુ કષ્ટ સહન કરવુ પડતુ નથી.

શિષ્યને માટે આ પ્રમાણે ઉન્નત થવાનો માર્ગ વધારે સહેલો ગણાય પણ તેમા એક મોટો ગેરલાભ છે તે એ છે કે આવો માણસ બીજાને કોઇપણ રીતે ઉન્નત કરવાને શક્તિમાન થઈ શકતો નથી, એટલુજ નહિ પણ તેને પોતાને બીજાની મદદની જરૂર પડશે હુ નાનો હતો ત્યારે એક ખ્રીસ્તી ધર્મની કવિતા શીખેલો તે મને યાદ આવે છે તેમાં આ બાબત ઘણી સુદર રીતે સમજાવેલી છે.

તેમાં એક જીવ સ્વર્ગમા જઇને કેવી રીતે આનદ ભોગવતો હતો અને સુખચેનમા ભટકયા કરતો હતો તેનુ વર્ણન કરેલુ છે આખરે તેને માલમ પડયુ કે જે મુગટ તેના શીરપર હતો તે બીજાઓએ પહેરેલા મુગટના જેવો શુશોભિત ન હતો અને કેટલોક વખત સુધી આમ હોવાનુ' કારણ શુ તે તે સમજી શકયો પણ નહિ આખરે તે ખુદ ક્રાઇસ્ટને મળ્યો અને આવો તફાવત શા માટે રાખવામા આવ્યો છે તેને વિષે તેમને પ્રશ્ન કરવાની હિમત કરી તેને જે જવાબ મળ્યો હતો તે આ પ્રમાણે હતો

',હુ જાણુ છુ કે તે મારા ઉપર શ્રદ્ધા રાખી છે અને મારે લીધે તારૂ જીવન જયવત છે, પરતુ જે પ્રકાશમાન રત્નો તારા મુકુટ ઉપર ચળકવા જોઇએ તે કયા છે' પણે દૂર તુ પેલુ ટોળુ જોઇ શકે છે, તેમા પ્રત્યેકના કપાળપર તારાઓ ચળકે છે કારણ કે જે જીવો ને તેમણે મારા ભણી દોરવ્યા છે તે પ્રત્યેક દીઠ તેઓએ હવે એકેક રત્ન પહેર્યું છે''

જેઓ જ્ઞાની હોય છે તેઓ (આકાશી પદાર્થોની માફક) આકાશના જેવા પ્રકાશી રહેશે પણ જેઓ ઘણાઓને સત્યના માર્ગો ઉપર દોરે છે તેઓ તો તારાઓની માફક હમેશા પ્રકાસ્યાજ કરે છે

જ્યારે આપણે આગળ વધવાનો પ્રયત્ન કરી રહ્યા હોઇએ છીએ ત્યારે આપણે બીજાઓને મદદ કરી શકીએ છીએ અને એ પ્રમાણે મદદ કરવામા આપણાથી જે કઇ બની શકે તે કરવુજ જોઇએ તેથી આપણને પોતાને ફાયદો થયા વિના રહેતોજ નથી પરતુ આપણે જે મદદ કરવાની છે તે આપણને એ મદદથી મળતા ફળને માટે નહિ પરંતુ કેવળ દુનિયાને મદદ કરવાની ખાતરજ

એક માણસ વહેતા પ્રવાહની અદર વહ્યો જાય તો તેને આગળ લઇ જવામા પ્રવાહની શક્તિ વપરાય પરતુ જો તે પોતે તરતા શીખે તો એ શક્તિ કોઈ અન્યના ઉપયોગને માટે વાપરી શકાય તે પોતે પણ એ દિશામા કાર્ય કરે તો પણ એ છુટ્ટુ પડેલુ બળ બીજાને મદદ કરવાને માટે વાપરી શકાય

અશેખ દશા પ્રાપ્ત કરનાર જન્મ મરણના બધનમાથી છુટે છે, અને એદશા પ્રાપ્ત થતા પણ અન્યને સાહાય્ય કરવાને સારૂ કેટલુ ક બળ છુટુ થાય છે જે મનુષ્ય માત્ર પોતાનોજ મોક્ષ શોધે છે ને પોતાના કર્મોની વ્યવસ્થા એવી કરી શકે કે જેથી તેની તેના પર અસર થાય નહિ, કામનાને પણ જીતે અને તેથી કર્મના નિયમાનુસાર તેને જન્મ લેવાની ફરજ ન પડે તે જો કે આવી રીતે કર્મના નિયમના પજામાથી છૂટી શકે તોપણ તે વિકાસ ક્રમના નિયમને તો આધીનજ છે એ નિયમની અસર હેઠે એ ઘણો મોડો આવે એ બનવુ સભવિત છે કેમકે જે માણસ આ દશામા સર્વપ્રકારની કામનાઓનો ત્યાગ કર્યો હોય તે સામાન્ય માનવીના કરતા ઘણો આગળ વધેલો હોવો જોઇએ એક એવો વખત તો આવશેજ કે જ્યારે વિકાસ ક્રમનો ધીમે ધીમે ચાલતો નિયમ તેને પકડી પાડશે ત્યારે આ નિયમાનુસાર પોતાના સ્વાર્થી આનદનો ત્યાગ કરી જન્મ લેવો પડશે એટલે પછી તેને જન્મ મરણના જે ચક્રમાંથી છૂટવાની તેને આશા હતી તેમા ફરી સપડાવુ પડશે

કેટલીક વખતે એવો પ્રશ્ન પૃછવામા આવે છે કે દીક્ષાને સમયે જે ગુપ્ત રહસ્યો સમજાવવામા આવે છે તે જેઓ વિચાર રૂપે જોઈ શકે છે તેમનાથી શી રીતે છુપા રાખી શકાય ? આવી રીતે જે રહસ્ય કહેવામા આવે છે તે કોઇને કદાપી પણ જણાઇ જવાનો

સભવ નથી કારણ કે એ બધું કહેવામા આવે છે ત્યારે તેનું રક્ષણ કરવાના યોગ્ય માર્ગો પણ બતાવવામાં આવે છે કદી એમ બની શકે કે કોઈ દિક્ષિત પોતાને મળેલા રહસ્યો બહાર પાડી દેતા આચકો ખાય નહિ, તોપણ કશો ભય રાખવાની જરૂર નથી કારણ કે તેને સિદ્ધસગ કે જેનો પોતે એક અગભુત છે તેની સાથે એવો તો નિકટનો સબધ હોય છે કે તેઓ એકદમ તેનો વિચાર જાણી જાય અને રહસ્ય બતાવી દે ત્યાર પહેલા તો તે રહસ્ય કહી દેવાનુ તેની જાણમા છે એ વાતજ તે ભૂલી જાય વળી આ રહસ્યોમાં એવુ કાઈ નથી કે જે બહુ ભયકર હોય ફ્રિમેસનોની માફક દિક્ષિતો એક બીજાને ઓળખે છે, અને તેમનીજ માફક ઉચી પક્તિનો માણસ પોતાનાથી ઉતરતી પક્તિના માણસથી ઉચી પક્તિના લોકના સબધમા તેમ કરી શકે નહિ સિદ્ધસઘને સાહાયકોની ગમે તેવી જરૂર હોય તોપણ કોઇપણ મનુષ્ય જ્યા સુધી દિક્ષા લેવાને યોગ્ય ચારિત્ર પ્રાપ્ત કરે નહિ ત્યા સુધી દિક્ષા મળે શકે નહિ અને તેજ પ્રમાણે જો અમુક માણસે યોગ્યતા પ્રાપ્ત કરી હોય તો તેને દિક્ષા આપ્યા વિના ચાલે પણ નહિ ઘણીવાર એમ બને ખરૂ કે કોઇ માણસ ઘણી રીતે તૈયાર થયો હોય પરતુ એક ખામીને લીધે તેને ઘણો લાબો વખત સુધી પાછળ રહેવુ પડે, પરતુ એવા પ્રસગે એમ બનવાનો સભવ છે ખરો કે એ ખામી દૂર થતા લગીમા બીજી બધી રીતે ઘણો આગળ વધી જાય માટે એકજ દશાએ પહોચેલા સર્વ દિક્ષિતો સર્વ રીતે સરખા હોય છે એમ માનવાને કારણ નથી દુનિયા જે કોઇને મોટો માણસ કહે છે તે સર્વ દિશામા આગળ વધેલો હોતો નથી તેથી કરીનેજ તે દિક્ષાને માટે યોગ્ય ગણાય નહિ. અહીઆ કોઈ જાતનો લાગવગ

ચાલતો નથી તેમજ પક્ષપાત પણ થતો નથી અને કોઇના પર અલક્ષ પણ થતું નથી આ બાબતમા એવો નિયમ છે કે જે માણસ જાત મહેનત કરીને જેને માટે યોગ્ય થઇ રહ્યો હોય નહિ તે તેને કોઈ દિવસ આપી શકે નહિ તેમજ જે ઉન્નતિ તેણે પ્રાપ્ત કરી હોય તેનો સ્વીકાર કર્યા વિના પણ ચાલે નહિ

પ્રકરણ ૬ઠું

પુરાણાં ગુપ્તજ્ઞાન મંડળો.

પુરાણા ગુપ્તજ્ઞાન મંડળો વિષે હું જે કાંઈ તમને કહીશ તે જુની હસ્તપ્રતો કે એ વિષયના ઇતિહાસના અભ્યાસનું પરિણામ નથી મારા એક જન્મમાં હું પુરાણા ગ્રીસ દેશમાં જન્મ્યો હતો અને તે સમયે કેટલાક રહસ્યજ્ઞાનની મને દિક્ષા આપવામાં આવી હતી તેઓએ આ પ્રમાણે જ્યારે દિક્ષા આપવામાં આવતી ત્યારે દિક્ષિતે જે કાંઇ પોતાના જાણમાં આવે તે સર્વથી ગુપ્ત રાખવાનું વચન આપવું પડતું હતું હવે જોકે એ વચન પૂર્વજન્મમાં અપાયું છે તો પણ તે તેટલું જ બંધનકર્તા છે, પરંતુ જેઓ દ્વારા એ શિક્ષણ મળ્યું હતું તે સમયે જે કાંઈ ગુપ્ત રાખવાનું વચન લઈ શીખવાતું તેમાંનો ઘણો ભાગ હાલમાં પ્રકટ કર્યો છે અને તેથી કરીને એ જ્ઞાન પુરતા અમો હમારા વચનના બંધનમાંથી મુક્ત થયા છીએ આથી એ રહસ્યો હું તમને સમજાવું તો તેથી હું મારૂં વચન ભંગ કરતો નથી એમ ગણી શકાશે હું કહું છું તેના સિવાય બીજા બીજા વિષયો પણ શીખવાતા હતા પરંતુ તેને માટે કશું કહેવાની મને છૂટ નથી કેમકે એ બાબતો પ્રસિદ્ધ કરવાનું યદ્યપિ યોગ્ય ધાર્યું નથી

પ્રથમ હું તમોને એક વાત ધ્યાનમાં રાખવાને કહું છું. તે એ છે કે બધી પ્રજાઓના "ધર્મોમાં કાંઇને કાંઈ ગુપ્તજ્ઞાન હોય છેજ." અને તેમાં ખ્રિસ્તિ ધર્મનો પણ સમાવેશ થાય છે એવું કહેતાં મે

ઘણીવાર લોકોને સાભળ્યા છે કે ખ્રિસ્તિ ધર્મમા તો એવુ કાઇ ગુપ્તજ્ઞાન ન હતુ એમા તો ગરીબ તેમજ અભણ સર્વને માટે અભ્યાસ કરવાની છુટ હતી આ પ્રમાણે જો કોઇ કહે તો તે ખ્રિસ્તિ ધર્મનો ઇતિહાસ બરાબર જાણતો નથી એમ નિશક કહી શકાય. હવે તો જે કાઇ ખ્રિસ્તિ ધર્માચાર્યો જાણે છે તે બધુ સર્વને પ્રકટ રીતે કહેવામા આવે છે તેનુ કારણ એ છે કે જે તેમા ગુપ્તજ્ઞાન હતુ તે આ લોકો ભૂલી ગયા છે એ ધર્મના પુરાતન ઇતિહાસનો અભ્યાસ કરતા માલમ પડે છે કે 'પુરાણા લેખકો ગુપ્તજ્ઞાન સબધી સ્પષ્ટ ઈસારા કરે છે અને કહે છે કે એ ગુપ્તજ્ઞાન જેઓ એ ધર્મના સર્વાશે અનુયાયીયો હોય તેમનેજ શીખવાનુ છે' જેઓ એ ધર્મમા નવા દાખલ થએલા હતા તેમને ઘણી બાબતો વિષે કશુજ કહેવામા આવતુ નહિ

આ બાબતનુ સૂચન આપણને હજુ આગળના સમયમાં પણ મળી આવે છે તમને ગોસ્પેલમા શુ કહ્યુ છે તે યાદ હશેજ. ત્યા શુ નથી કહ્યુ કે જે જે બાબતો ક્રાઇસ્ટ સામાન્ય લોકોને વાર્તાના રૂપમા કહેતા તે પોતાના શિષ્યોને વધારે ખુલાસાથી કહેતા.

જે પ્રમાણે થવુ જોઇએ તેમ પોતાના અનુયાયીઓમાના બુદ્ધિશાલી લોકોનાપર ખ્રિસ્તિ ધર્મ સસ્થાનો જોઇએ તેટલો અકુશ રહેતો નથી તેનુ એક કારણ આ છે કે જે ગુપ્તજ્ઞાન હતુ તે એ ધર્મના આચાર્યો ભૂલી ગયા છે અને એના સિદ્ધાન્તોના બધારણનુ મૂળ એ જ્ઞાનજ હતુ મ્હોટા Gnostic લેખકોના લખાણો વાચવાથી આ બાબતની ખાત્રી થાય છે ત્યારે આપણને માલમ પડશે કે આલેખમા ખ્રિસ્તિ ધર્મનુ જે સ્વરૂપ મળે છે તે ને વિદ્વજ્જન માટે

ના સિદ્ધાન્તો ધણીએ અને સામાન્ય રીતે જે પ્રકટ છે તેને સામાન્ય લોકોને યોગ્ય સ્વરૂપ ગણીએ તો એ એનો યોગ કર્યાથી જે ધર્મ જણાય છે તે પુરાણી પ્રજ્ઞાનું બહુ સુદર સ્વરૂપ જણાય છે પરતુ એમાંથી એકજ સ્વરૂપ લઈ બીજાને નાસ્તિકતા કહી વખોડી કહાડીએ ત્યારે તો આપણને એક તરફીજ જ્ઞાન મળે છે એજ પ્રમાણે પ્રત્યેક ધર્મમાં જેઓ બાહ્ય રૂપ મૂકી આતર રહસ્ય સમજવાને યોગ્ય નથી તેમને માટે તેમજ જેઓ ઉચ્ચતર સિદ્ધાન્તો સમજી શકે એવા છે તેમને માટે પૃથક્ પૃથક્ યોજનાઓ જોવામા આવે છે

પરતુ જયારે આપણે પુરાણા ગુપ્ત જ્ઞાનની વાત કરીએ છીયે ત્યારે પુરાણા ગ્રીસ દેસમા જે ગુપ્તજ્ઞાન પ્રચલિત હતુ તેને વિષેજ બોલીએ છીએ એમ સમજવાનું છે એ વિષયપર માત્ર થોડાજ પુસ્તકો લખાયલાં છે આએમ્બીકસ જેઓ પોતે એક દિક્ષિત હતા તેઓનુ એક પુસ્તક છે, અને મારા દેશી બધુ થોમસ ટેઈલિર કૃત એક પુસ્તક છે તેઓ પ્લેટોના અનુયાયી છે એક ફ્રેચ ગૃહસ્થ મૉપી ફ્રેકાર્ટનુ છે જો કે આ બધા ઘણા રસિક પુસ્તકો છે છતાં તેમાંથી ખરે ખરી અગ્યત્યની ઘણી થોડી બાબત જડે છે આપણને એ ગુપ્તજ્ઞાનનું જે કાંઈ જ્ઞાન છે (બહાય દૃષ્ટિએ) તે તેમના સામા વાળાઓ તરફથી મળેલુ છે

ખ્રિસ્તિ ધર્મમા પોતાના કરતા વિરૂદ્ધ શિક્ષણો જે ગ્રથોમાં માલમ પડે તે સર્વનો નાશ કરવાનો રિવાજ હતો તેમની દૃષ્ટિએ જોતાં એ રિવાજ કદી યોગ્ય ગણાય આપણને પૂર્વના ખ્રિસ્તિ ધર્મ સબધે જે કાંઈ જ્ઞાન મળે છે તે મધ્યકાળના સાધુઓ દ્વારા મળેછે. તે સમયમાં તેઓજ માત્ર કેળવણી પામેલા હતા અને તેઓ સર્વ હસ્ત

તેઓની નકલો ઉતારતા. વળી શું ઉપયોગી છે અને શું નિરુપયોગી છે એ બાબતમાં તેઓના ચોક્કસ અભિપ્રાયો હતા. માટે સ્વભાવિક રીતે જે તેમની વિચારશ્રેણી સાથે સંમત હોય તેજ પ્રસિદ્ધ રહી શકતું, તેનાપરજ વધારે ભાર મૂકાતો, અને બાકીના વિરોધી લખાણનો તિરસ્કાર અને ત્યાગ થતો. વળી ગુપ્તજ્ઞાનના સબંધમાં લોક સમસ્તને જે કાંઇ જ્ઞાન છે તે તેમના વિરોધી ખ્રિસ્તિ ધર્માચાર્યોના લેખમા જોવામા આવે છે ખ્રિસ્તિ ધર્માચાર્યોપર જાણીજોઇને વસ્તુનું સ્વરૂપ બદલી નાખવાનો આરોપ મૂકવાનો ઉદ્દેશ નથી, છતાં પણ એમ તો કહી શકાય કે તેઓ પોતાના વિચાર જેમ બને તેમ સારી રીતે પ્રકટ કરવાનો પ્રયત્ન કરતા. હમણા પણ જો પ્રોટેસ્ટન્ટ પથના સબધમા કાંઈ જાણવુ હોય તો આપણે રોમન કેથોલિકોની પાસે જઇ પૂછીશું નહિ, તેમજ રોમન કેથોલિક ધર્મના સબંધમાં કાંઇ ખુલાસો જોઇએ તો મૂક્તિ ફોજના માણસોની તે બાબતમા સલાહ લેઇશુ નહિ

ગુપ્ત જ્ઞાનના સબધમા આપણે એવી સ્તિતિથી પણ વધારે કફોડી સ્થિતિમાં છીયે, કારણ કે ખ્રિસ્તિ ધર્માચાર્યો અને પૂરાણા ધર્મના અને રહસ્યજ્ઞાનન અનુયાયીઓ વચ્ચે ઘણી તકરારો ચાલતી, મોટો-ઝઘડો ચાલતો. માટે આ વિષય વિષે ખ્રિસ્તી પાદરીઓ જે કાંઇ કહે તેનો બુદ્ધિપૂર્વક વિચાર કરીને યોગ્ય લાગે તેટલોજ સ્વીકાર કરવાનો છે દાખલા તરીકે એઓ એવું કહે છે કે જરૂરના રહસ્યજ્ઞાનમાં ઘણું એવું હતુ કે જે અનીતિ ભરેલું અને અશ્લીલ કહેવાય. મેક્ષ્મ દૃષ્ટિની સહાયતાથી ગ્રીસના રહસ્યજ્ઞાનની શોધખોળ કરી

છે અને વળી એક જન્મમાં મે પોતે પણ એ જ્ઞાનમા દિક્ષા લીધી હતી એટલે હુ સંપૂર્ણ ખાત્રીથી કહી શકુ છુ કે આમ કહેવામાં સહજ પણ સત્ય સમાએલું નથી. કેટલાંક એવા મંડળો હાસ્તમાં હતાં કે જેના સંબંધમાં એક જાતનું એક્સ પુજન પ્રચલિત હતું અને જે પાછળથી ઘણું નિચ પ્રકારનું થઇ પડયું હતું. પરતુ આ [illegible] વખતમાં થયું હતું અને એ મંડળ તો તદ્દન જુદુજ હતું. ઇલ્યુસીયસના ગુપ્ત જ્ઞાનનો લે વિભાગ નહતો, પરંતુ તેનો ઘણા ઉતરતા પ્રકારનો નમુનો હતો અને એ નમુનો રહસ્યહીન હતો.

આજે આપણે એક વિસ્તૃત વિષયનું ઘણા ટુકા સમયમા અવલોકન કરનાનું છે આ ગ્રીસનુ ગુપ્તજ્ઞાન શું હતુ અને તેમા દિક્ષિતોને શુ શીખવામા આવતું તેનો કાઇક ખ્યાલ આપીશ

આતો તમને યાદ હશેજ કે હમેશાં બે ભાગને વિષે સૂચન કરવામાં આવે છે, ન્હાનુ અને મ્હોટુ ગુપ્તજ્ઞાન દરેક જણ જાણતું હતુ કે આવુ જ્ઞાન છે અને જેઓને દિક્ષા આપવામાં આવતી તેમા પ્રજાના ઘણા ભાગનો સમાવેશ થતો પ્રસિદ્ધ થએલા બાહ્ય પુસ્તકો વાંચવાથી જણાય છે કે ત્રીસ હજાર દિક્ષિતો એકજ સ્થળે એકત્ર થતા આના ઉપરથી આટલું પણ સમજાય છેકે અમુક માણસને દિક્ષા આપવામા આવી છે એ બાબત ગુપ્ત રાખવાની જરૂર નહતી બાહ્ય જન સમૂહના લોકો જાણતા હતા કે અમુક માણસ ગુપ્તજ્ઞાન મંડળનો દિક્ષિત છે ભાવાર્થ એ છે કે એવુ કેટલુંક શિક્ષણ આપવામાં આવતું કે જે હમેશા ગુપ્ત રખાતુ છતાં આખી ગ્રીસ અને રોમની પ્રજાનાં મ્હોટા ગુપ્ત જ્ઞાન મંડળો અસ્તિત્વમાં છે તે અને કોણ કયા મંડળનુ છે તે જાણતી.

પરંતુ આ બે મંડળ જેનું અસ્તિત્વ સામાન્ય રીતે સર્વેની જાણમાં હતું તેનાથી બીજું ખરેખરૂં ગુપ્ત જ્ઞાન મંડળ હતું અને આ ત્રીજા મંડળના અસ્તિત્વની જન સમૂહને ખબર ન હતી. તે સમયની પરિસ્થિતિનો જેઓ વિચાર કરસે તેમને તો આનું કારણ સ્પષ્ટ સમજાશે રોમના ઘણા ખરા બાદશાહો આ બે ઉતરતી પંક્તિના મંડળોનું અસ્તિત્વ જાણતા હતા. અને દિક્ષા મેળવવાનો આગ્રહ કરતા હતા ઇતિહાસના અભ્યાસથી જાણીતી વાત છે કે ઘણા ખરા રોમના બાદશાહો એવા હતા કે તેમને ધાર્મિક મેસ્થાઓમાં આગળ પડતો ભાગ લેવાર્ડવામાં આવે નહિ. છતાં આ મંડળના મુખીઓને રોમના બાદશાહને દાખલ કરવાની ના કહેવી એ ઘણુ કઠિન કામ હતુ એક પ્રસંગે કહેવાયું છે તેમ રોમના ત્રીશ લશકરોના સરદારની સાથે વિવાદ કરવો અશકય હતો. તેઓ એવા હતા કે કોઇ તેમની ઇચ્છાની વિરૂદ્ધ વર્તન કરે તો તેનો જાન લે. માટે ત્રીજી પંક્તિના મંડળ વિષે અમુક માણસ એમા પ્રવેશ કરવાને યોગ્ય છે એમ જણાય નહિ ત્યા સુધી તેને અજ્ઞાન રાખવો એ જરૂરનું હતુ.

આ ત્રીજી પંક્તિનાં શિક્ષણો સામાન્ય જન સમૂહને કદી આપવામાં આવના ન હતાં, અને આપવામા આવશે પણ નહિ. પરંતુ સામાન્ય બે પંક્તિને લગતા રહસ્યો એવાં છે કે તેમાંનું ઘણું કહી શકાય તેથી તે કહુ છુ પ્રથમતો અમને ટુંકાં સુત્રો શીખવવામા આવતા તેમાનુ એકાદ હુ તમને કહી બતાવુ તો તેનું સ્વરૂપ તમો સહેલથી સમજી શકો સૌથી સારી રીતે જણાએલું એ હતું કે "મૃત્યુ એ જીવન છે, અને જીવન એ મૃત્યુ છે" આથી આપણને માલમ પડે છે કે મૃત્યુની પેલેપારના ઉચ્ચ જીવનં

વિષે તેમને માહીતી હતી. બીજું એ હતું કે જેઓ આ જીવનમાં સત્ય શોધકો છે તેઓ મૃત્યુ પછી પણ સત્ય શોધકોજ રહેશે અને જેઓ આ જીવનમાં અસત્ય વસ્તુઓ પાછળ ભમે છે તેઓ મૃત્યુ પછી પણ તે વસ્તુઓ પાછળજ ભમશે. તેમના શિક્ષણનો આધારભૂત નિયમ એ હતો કે જીવાત્મા ઉચ્ચતર ભૂવનોમાંથી ભૂલોકમાં ઉતરે છે. પૂનર્જન્મના નિયમો પણ તેમના શિક્ષણમાં સમાઇ જતા હતા આતો યાદ હશેકે આ બાબત ગ્રીસ કે રોમના બાહ્ય ધર્મના દશ સિદ્ધાન્તોમાં સ્વીકરાએલી ન હતી, એટલે કે જાહેર રીતે સ્પષ્ટ શબ્દોમાં એ વાત કહેવાતી નહિ પરંતુ પુરાણાત્મક વાર્તાઓમા આ વાતનુ સૂચન થએલું માલમ પડે છે પ્રોસરપીનાની વાત તમને યાદ હશે તેને જયારે તે નારસીસસનુ ફુલ તોડતી હતી ત્યારે હેઠેની ભૂમીમાં લઇ જવામાં અવી હતી

નારસીસસની વાત જોતાં જણાય છે કે તે પૂર્વે એક મહા રૂપવાન યુવક હતો પાણીમાં પડેલા પોતાના પડછાયાની સાથે તે પ્રેમમા પડયો હતો માટે તે ફુલ બની ગયો અને ભૂલોકના બધનમા આવી પડયો. આનો અર્થ શું તે સમજવાને કાંઈ થિઓરગરીના ઉંડા અભ્યાસની જરૂર નથી. સિક્રેટ ડૉક્ટ્રિનમાં આપણને કહેવામા આવ્યુ છે કે જીવાત્મા કામ લોકના અને તેની હેઠેના લોકના દ્રવ્યના પાણીમા નીચો વળીને જુએ છે અને પછી ભૂતાત્મા તેનું પ્રતિબિંબ બને છે, અને એ પ્રતિબિબ તે પોતેજ છે એમ સમજે છે અને તેથી ભૂલોક સાથે બધાઈ રહે છે. માટે પ્રોસરપીના જયારે નારસીસસ તોડે છે ત્યારે તેને હેઠેની દુનિયામા ધસડી લઇ જવામા આવે છે, અને પાછળથી તે પેતાનું અર્ધું જીવન પૃથ્વીપર અને અર્ધું

પૃથ્વિ નીચે ગાળે છે એટલે કે અર્ધું સ્થૂળ ખોળીયામાં અને અર્ધું બહાર.

એજ પ્રમાણે એવી ઘણી વર્તાઓ છે કે જેનો થિઓસોફિની દૃષ્ટિએ અર્થ કરીએ તો ઘણો રસ પડે છે. દૃષ્ટાંત તરીકે આ પુરાણા ગુપ્તજ્ઞાનમાં મિનોટોર (minotaur)*ને માનવીનો અધો સ્વભાવ ગણવામાં આવતો હતો જે ભૂતાત્મા છે તે અર્ધ મનુષ્ય અને અર્ધ પશુ છે. આનુ આખરે સીયુસ જે ઉર્ધ્વસ્વભાવ સૂચક છે તેણે છેદન કર્યું આ ધીમે ધીમે જ્યાં સુધી તેના દિવ્ય પિતાની એટલે આત્માની તરવાર પકડી તેનો ઉપયોગ કરવાની તેનામાં શકિત આવે છે ત્યાં સુધી વિકાસ પામ્યા કરે છે આ હેઠેના ભુવનોમાં જે માયા પ્રસરી રહી છે તેના ગચવાડા ભર્યા રસ્તાપર તેને Ariadne એટલે પ્રેરણા (બુદ્ધી)થી મળેલા ગપ્તજ્ઞાનની સહાયથી તે છેદન કરે છે અને અધમ વૃત્તિનો નાશ કરવાને તથા માયા જાળમાંથી છુટવાને શકિતમાન થાય છે. છતાં હજુ તેને માનસિક અભિમાનનુ ગ્રહણ અને પોષણ કરવાનો અને તેથી પ્રેરણા પ્રતિ અલક્ષ રહેવાનો (થીસીપુસ એરીએડન પ્રતિ રહયો હતો તેમ) ભય રહે છે. આથી પોતાનામાં જે ઉત્તમતા છે તેનો સાક્ષાત્કાર કરવામાં નિષ્ફળ નિવડવાનો સંભવ રહે છે.

પૂર્વે ગ્રીસની નાની ગુપ્તજ્ઞાન મંડળીઓ એક એગ્રી કરીને નાનુ સ્થળ હતુ ત્યાં વધારે જાણીતી હતી એના દિક્ષિતોને મિસ્ટિ (mystae) કહેતા આનો કદાચ તમને માલમ હશે કે તેમનો અધિકાર દર્શક પહેરવેશ હરણના ચામડાનો હતો–પુરાણા સંજ્ઞા શાસ્ત્રમાં એ સૂક્ષ્મ શરીરનું સૂચક ગણાતુ હતું.

---

* આ નામ પ્રાચીન સમયમા અડધા માનુષિ અને અડધા ગોધાના શરીરવાળા એક રાક્ષસને અપાયલ છે.

તેના ચાઠા ચાઠા વાળો દેખાવ સામાન્ય સૂક્ષ્મ શરીરના વિવિધ રંગનો સૂચક ગણાતો હતો. આ પંક્તિના દિક્ષિતોનો પહેરવેશ આવો હોવાનું કારણ એ હતું કે તેમને જે રહસ્યો શીખવવામાં આવતાં હતા તે કામ લોકને લગતાં હતાં. જેઓને દિક્ષા મળતી તેઓ મૃત્યુ પૂર્વે માનવીની કેવી દશા થાય છે તે જાણી શકતા

આ દુનીઆમા ગાળેલા અમુક પ્રકારના જીવનની એ ભૂવનમા કેવી અસર થાય છે તે શીખવવા પાછળ ઘણી મહેનત લેતા અને દૃષ્ટાંતો તેમજ સિદ્ધાન્તો દ્વારા એ રહસ્યનો સ્પષ્ટ બોધ થતો પહેલા તો બહુ બહુ ચિત્રો બતાવતા હતા. મંદિરોમા દિવાલોપર ચિત્રો ચીત્રીને તેમજ નાટકો દ્વારા ઘણા ઘણા લોભી કે વિષયી મનુષ્યની કામ લોકમાં કેવી દશા થાય છે તે બતાવતા પૂરાતન કાળમાં જ્યારે આ સંસ્થાના શિક્ષાગુરુઓ પોતે શિષ્યો કે શિષ્યો હોતા ત્યારે આ ચિત્રો ઘણું કરીને સૂક્ષ્મ વસ્તુઓને સ્થુલ રૂપ આપીને કરવામાં આવતાં એટલે કે ચિત્ર બતાવનાર પોતાની શક્તિને બળે કામલોકના દ્રવ્યમાંથી કે ઇથરમાંથી સ્થુલ રૂપો ઉત્પન્ન કરતા પરંતુ જેમ જેમ જમાનો બદલાતો ગયો અને પાછલા ગુરૂઓ આવો પ્રયોગ કરવાને અશક્ત નિવડયા તેમ તેમ આ શિક્ષણ ને અન્ય રીતે દર્શાવવાનો તેઓ પ્રયત્ન કરતા ગયા કેટલીકવાર અભિનય કળાનો ઉપયોગ થતો. આ મંડળના સાધુઓ જુદા જુદા પુરુષોનો વેશ ભજવતા અને કેટલીકવાર તો પુતળાંઓને સાંચા કામ વડે નચાવવામાં આવતાં.

કામલોકના સંબંધના શિક્ષણ ઉપરાંત સૃષ્ટિનો વિકાસક્રમ સમજાવવાને પણ શિક્ષણ આપવામાં આવતું હતું. તેમજ બીજી

કેટલીક બાબતો સાથે આપણુ સૂર્ય મંડળ અને તેનાં અંગભૂતો કેવી રીતે અસ્તિત્વ પામ્યા તે પણ શીખવાતુ હતુ આ સ્પષ્ટ સમજાવવાને (Nebulae) નેબ્યુલી અને ગોળાઓને સ્થુલ રૂપ આપવાથી આ કેમ બની શકે એનો ખ્યાલ સહજ આવે એમ છે. જ્યારે આ શક્તિ તેમનામાં રહી નહિ ત્યારે સૂર્ય મંડળના યંત્ર દ્વારા આ કામ કરવામાં આવતુ.

એ ગુપ્ત જ્ઞાન મંડળને લગતી સૌથી અગત્યની વાત એ હતી કે તે લોકોના બાહ્યધર્મનો સામાન્ય રીતે અર્થ થતો હતો તેના કરતાં જુદોજ અર્થ કરતા હતા જો તમને ગ્રીસના જુના ધર્મ વિષે કાંઇ માહિતી હશે તો તમે સમજી શકશો કે તેમાં ઘણી બાબત એવી હતી કે જેનુ ગુપ્ત રહસ્ય સમજાવવાની જરૂર હતી. કારણકે જો સામાન્ય દૃષ્ટિએ ધર્મનુ અવલોકન કરીએ તો તેની અંદર બહુ ઉંચાપણુ હોય એમ લાગતુ નથી એવો કંઇક ઇરાદો હોય એમ લાગે છે કે જે જુદી જુદી વાર્તાઓનો બાહ્યધર્મ બનેલો હતો તેમાંની ઘણી ખરી વાર્તાઓ તો વિચિત્ર લાગતી હતી. તે બધી લોકોએ શીખવી પડતી તેમજ તેનો સ્પષ્ટ ખ્યાલ મગજમાં રાખવો વળી બધા ઉત્સાહી મનુષ્યો ગુપ્તજ્ઞાન મંડળમાં જોડાતાં અને ત્યાં એ વાર્તાઓનુ રહસ્ય સમજતા અને તેથી કરીને આખા ધર્મનુ સ્વરૂપ બદલાઇ જતુ હતું. મારા કહેવાનો ભાવાર્થ શો છે તે એક બે ટુંકા અને સાદાં દષ્ટાંતો આપીને હુ સમજાવીશ મે તમને કહ્યુ છે કે આ ઉતરતી પંક્તિનાં ગુપ્ત જ્ઞાન મંડળનો હેતુ લોકોને સ્થૂલ ભૂવનના જીવનની કામ લોકના જીવન ઉપર કેવી અસર થાય છે તે બતાવવાનો હતો. ટૅન-

ટેલસની વાર્તા તપાસતા જણાય છે કે, નર્કની અંદર તેની આસપાસ દરેક બાજુએ પાણી હોવા છતાં તરસથી પીડાવાની તેને શિક્ષા કરાવવામા આવી હતી જેવો તે પાણી પીવા જવાનો પ્રયત્ન કરતો કે તુરતજ તે તેના હોઠથી આઘુ ખસી જતુ આનો અર્થ શો તે સમજવું મુશકેલ નથી તે સમજવાને કામલોકનું જીવન કેવું હોય છે તેજ સમજવાની માત્ર જરૂર છે જેઓ આપણી આ દુનિયા ત્યજી જતી વખતે કોઇપણ જાતની વિશેષ વાસનામા લપટાયલા હોય છે તેઓની સ્થિતિ કામ લોકમા ટેનટેલસના જેવી થાય છે પછી તે કટ્ટો દારૂડીયો હોય કે વિષયભોગી હોય એણે આ એક ભયાનક વાસના પોષેલી છે અને તે તેના પર પોતાની પ્રબળ સત્તા ચલાવે છે એક કટ્ટા દારૂડીયાના ઉપર એ વાસનાનુ પ્રાબલ્ય કેવુ હોય છે તે તમે જાણો છો સ્વમાન વૃતિના ઉપર તે વિજય મેળવે છે, કુટુબ પ્રેમને હાકી કાડે છે, અને તેના ચારિત્ર્યમા જે કાઇ શુભ વૃત્તિઓ હોય તેને દાબી દે છે. તે પોતની સ્ત્રી અને બાળ બચ્ચાની પાસે પૈસા લેવાને તૈયાર થાય છે એટલુજ નહિ પરતુ પીવાને માટે પૈસા મેળવવા ખાતર તેમના કપડા લઇને વેચવાને પણ તૈયાર થાય છે.

યાદ રાખવુ જોઇએ કે જ્યારે મનુષ્ય મરે છે ત્યારે તે જરા પણ બદલાતો નથી તેની વાસના હમેશના જેટલીજ પ્રબળ રહેછે પરતુ જે સ્થૂળ શરીર દ્વારાજ તે તૃપ્ત કરી શકાય એમ છે તે જતુ રહ્યુ છે, તેથી તે તૃપ્ત થવી અશકય છે આ વાર્તામા પણ ટેનટેલસ એક પ્રબળ વાસનાને આધીન જોવામા આવે છે. હમેશાં તે તૃપ્ત કરવાનેજ પ્રયત્ન કર્યાં કરે છે અને જ્યારે એમ જાણે છે કે તે તૃપ્ત થવાની તૈયારીમા છે ત્યારે જાણે છે કે તે તૃપ્ત થઇ શકતી નથી.

ટીટીયસની વાર્તા જોતાં જણાય છે કે એને એક ખડકની સાથે બાંધવામા આવ્યો હતો અને માસાહારી પક્ષીઓ તેના આતરડા ખાઇ જતા હતા જેમ જેમ તે ખવાતા હતા તેમ તેમ તે ફરી ઉગતાં હતા. અહીયા વાસના ને આધીન થવાનુ પરિણામ સુચવાયુ છે પૃથ્વી ઉપર કરેલા પાપોને માટે હમેશા પશ્ચાતાપ કરતા માણસનુ આ દષ્ટાંત છે

આજ બાબતમા એક ઉંચા પ્રકારના દષ્ટાંત તરીકે સિસિફસની વાર્તા લઇએ એને એક પત્થરને ગબડાવીને ટેકરીની ટોચ ઉપર લઇ જવાનો હતો જેવો તે મથાળા નજીક આવી પહોંચતો કે તરતજ તે પત્થર નીચે ગબડી પડતો આ દષ્ટાંતમા લોભીયાની મરણોત્તર દશા સૂચવી છે જે માણસ સ્વાર્થી યોજનાઓ ઘડવામા, કીર્તિ કે માન સપાદન કરવામાં પોતાનું જીવન ગાળે છે, તેની આ દશા છે એના સંબધમા પણ મૃત્યુથી કાઇ ફેરફાર થતો નથી સ્થૂલ જીવનમાં જે પ્રમાણે તેને કરવાની ટેવ હતી તેમ તે યોજનાઓ ઘડયોજ ચાલ્યો જાય છે ત્યાની માફકજ તે પાર પાડવાને પ્રયત્ન કરે છે અને પોતાના ધારવા પ્રમાણે પાર પાડે છે પણ ખરો પોતાનો હેતુ પાર પડવાની તૈયારીમા જે એમ લાગે છે એટલામાં તો તરત એવી ખાતરી થાય છે કે સ્થલ શરીર તો હવે જતુ રહ્યું, છે અને આ સર્વ તો માત્ર એક સ્વપ્ન હતું

તેથી વાર્તામાં સિસિફસને હમેશા પથ્થર ગબડાવીને ઉપર લઇ જતો કલ્પ્યો છે કે તેમ કર્યાથી તે પથ્થર ગબડાવવાનું કામ કરતો બધ પડે. આ વાત શીખવી તે વાસના પર વિજય મેળવ્યા બરોબર છે અને નવા જીવનમાં તેનામાં એ વાસના જોવામાં

આવે નહિ કારણકે વાસના જતી રહી હશે પણ જેથી કરીને એ વાસના ઉત્પન્ન થઇ હતી તેવી ચારિત્રની નબળાઈ તો તેનામા રહેશેજ.

આ ઉપરથી એમ સમજાશે કે આપણને જે સ્થિતિ ભયાનક લાગે છે તે આ પૃથ્વી ઉપર ગાળેલા અયોગ્ય જીવનનુ પરિણામ છે. ખરાબ વસ્તુને સારી વસ્તુમાં ફેરવી નાંખવાનો આ કુદરતનો રસ્તો છે. મનુષ્યપર દુઃખ પડે છે એ વાત ખરી છે, પરતુ જે દુ ખનો તેને અનુભવ થાય છે તે તેની પોતાની કૃતિનુ પરિણામ છે, કોઇ બાહ્ય સત્તાએ તેને કરેલી શિક્ષા નથી. એટલુજ નહિ પણ એ દુ ખજ માત્ર એક એવુ સાધન છે કે જેથી નવા જન્મમા તેની પ્રકૃતિ ખરે રસ્તે દોરવી શકાય હવે ઉચી પ ક્તિના મ ડળ વિષે કહીશું એથન્સથી થોડેક દૂર આવેલા ઇલ્યુસીસ નામના મ દીરમા ને પ્રખ્યાત હતા દિક્ષિતોને ઈપોપ્ટાઈ (Epopotai) એવું નામ આપ્યુ હતું. એનો અર્થ અવો થાય છે કે જેમના જ્ઞાન ચક્ષુઓ ખુલ્યા હોય તે જેસનનુ સોનેરી ઉન એ તેમનું ચિન્હ હતુ અને તેથી માનસિક શરીરનુ સૂચન થતુ હતુ કારણકે દરેક સૂક્ષ્મ દર્શી જાણે છે તે પ્રમાણે મનુષ્યના ઓજસમા પીળો રંગ હોય તો તે બુદ્ધિ સૂચવે છે દિક્ષિતોના આ વર્ગમા આગળ આપવામા આવેલા શિક્ષણનો ક્રમ અગાડી ચાલુ રહેતો હતો આપણે ઉપર કહી ગયા તેમ તે વર્ગમા આ દુનિયામા જુદા જુદા પ્રકારનુ જીવન ગાળવાથી કામ લોકમા કેવી જુદા જુદા પ્રકારની અસર થાય છે તે શીખવવામા આવતુ હતુ આ ઉપલા વર્ગમાં સ્વર્ગની ભૂમીકા (માનસિક ભૂવનમા) આ દુનિયામાં ગાળેલા જીવનની તેમાં કરેલા અભ્યાસની અને રાખેલી અભિલાષાઓની કેવી અસર થાય છે તે બતાવવામાં

આવતુ હતું. આ વર્ગમા સૃષ્ટિ અને મનુષ્યની ઉત્પત્તિનાં ગૂઢ રહસ્યો સૂક્ષ્મ દૃષ્ટિથી સમજાવવામાં આવતા હતાં દેખાવો પહેલાંની માફક બતાવવામાં આવતા પરતુ માનસિક ભૂવન પર બનતા બનાવો સ્થૂલ ભૂવન ઉપર બતાવવામા ઘણી મુશ્કેલી નડતી હતી

આ બને વર્ગમા એક આન્તર મડળ હતું જે લોકો યોગ્ય જણા- તેમને પોતાનો વિકાસ કરવાના વ્યવહારૂ સાધનો બતાવવામાં આ- વતાં હતાં. ઉતરતી પક્તિમા કામ લોકને લગતુ સામાન્ય જ્ઞાન આપવામા આવતું હતુ પરતુ ગુરઓ હમેશા શિષ્યોના ઉપર દેખરેખ રાખતા અને જ્યારે તેમને માલમ પડતું કે અમુક શિ- ષ્યનું ચારિત્ર્ય યોગ્ય રીતે બધાયુ છે અને સૂક્ષ્મ ઇંદ્રિયોના વિકા સને માટે તે યોગ્ય થયો છે ત્યારે તેઓ તેને આન્તર મંડળમા દાખલ કરતા અને સૂક્ષ્મ શરારનો સચેતન અવસ્થામા ઉંપયોગ કરતા શીખવતા જયારે આવો માણુસ ઉચા વર્ગમા પ્રવેશ કરતો ત્યારે તેને માનસિક ભૂમિકાનુ એકલુ સામાન્ય શિક્ષણ આપવામા આવતું નહિ, પરતુ સાથે સાથે માનસિક શરીરનો પણ એક ઉપાધી તરીકે કેમ વિકાસ કરવો તે શીખવવામા આવતુ

આ પ્રમાણે જેઓને માત્ર આ બે વર્ગમા નહિ પરંતુ તેને લાગતા આન્તર મડળમાં પણ પ્રવેશ કરવા દેવામાં આવતો તેઓને બતાવવામાં આવ્યું છે તેનું મહત્ત્વ ગમે તેટલુ હોય પરંતુ તે બધું માત્ર તેઓને શ્વેત સિદ્ધાશ્રમના આાતૃમંડલમાં પ્રવેશ કરવાને અને જ્ઞાનમૂર્તિ મહાત્માઓની ચરણસેવા પ્રાપ્ત કરવાને માટે તૈયારી રૂપે હતું.

આ બધું શિક્ષણ આપવાને માટે જે સંજ્ઞાઓનો ઉપયોગ કરવામાં આવતો હતો તેનો અર્થ હજુ વધારે સમજાવીશું. પહેલાં તો આપણે થિરસસ (Thyrsus) લઇશુ. આ એક લાકડી હતી અને તેના મથામા પર અનનાસનુ ફળ હતુ હિંદુસ્તાનમાં પણ એજ સંજ્ઞા વપરાએલી માલમ પડે છે- ફેર માત્ર એટલોજ છે કે અહીયા સાત ગાઠાવાળી લાકડી વપરાય છે કેટલેક ઠેકાણે થિરસસ ને બદલે પોલો લોઢાનો સળીયો વપરાતો હતો અને તેમાં અગ્નિ છે એમ મનાતું હતુ ગુપ્તવિદ્યાના અભ્યાસીને તો સમજાશે કે આ ગ્રીસનો દંડ અથવા તોઆ સાત ગાઠવાળી લાકડીથી વાસાની કરોડ (Spinal Cord) સુચવાય છે સાત ગાઠથી સાત ચક્ર સુચવે છે એને વિષે હિંદુ શાસ્ત્રના પુસ્તકોમા ઘણુ લખાયલુ છે એમા ગુપ્ત રહેલો અગ્નિ કહેલો છે, તે કુંડલીની સુચવે છે એ બાબત ગુપ્તજ્ઞાન સંહિતામા (Secret Doctrine) ચર્ચેલી છે પરંતુ થિરસસ માત્ર એક સંજ્ઞા ન હતી, એ દરરોજના ઉપયોગમા આવતી એક વસ્તુ હતી એ એક ઘણુ જબરૂ વિદ્યુત શક્તિથી ભરપુર હથીઆર હતુ ભિક્ષિનો જ્યારે તેમને સચેતન અવસ્થામા કામ લોકમાં પ્રવેશ કરવો હોય ત્યારે સૂક્ષ્મ શરીરને છૂટું પાડવા સારૂ તેનો ઉપયોગ કરતા જે સાધુએ તેને મંત્ર્યું હોય તે જે શિષ્યને ત્યા જવુ હોય તેના કરોડ ઉપર મૂકતા અને એ રીતે પોતાની વિદ્યુત શક્તિ થોડી ઘણી તેને આપતા કે જેથી તેને ઉચ્ચ ભૂવનનાં કઠિન અને વિકટ કામો કરવાં સહેલા પડે. આ ગુપ્ત મંડળના સંબંધમા "બેકસના રમકડાં" એવે નામે ઓળખાતી કેટલીક વસ્તુઓની પણ ગણત્રી કરાવાય છે તમો જો બેકસના રમકડાંની યાદી વાચશો તો તે તમને ઘણી વિચિત્ર પરંતુ સૂચક લાગશે.

જ્યારે બાળક ઐકસ (ઇશ્વર) પોતાના રમકડાં વતી રમે છે ત્યારે ટિટનો તેને પકડી લે છે અને તેના કકડે કકડા કરી નાંખે છે પછીથી આ કકડાઓ પાછા એકઠા કરી દેવામાં આવે છે આવી કથા છે આ આપણને ગમે તેટલુ વિચિત્ર લાગે પરતુ એ એક રૂપકજ છે અને એમા એક અનેક ભાવને કેમ પામે છે અને અનેકભાવને પામેલા જીવો દુ ખ અને ત્યાગ દ્વારા પાછા ઐકય ભાવ કેવી રીતે પામે છે તેનુ સુદર દૃષ્ટાત છે. બાળક ઐકસ પ્રકૃતિમાં પ્રવેશ કરીને અનેક ભાવને પામે છે ત્યારે એ કયા રમકડાંએ રમે છે? પહેલાં તો તે પાસાએ રમે છે એમ કહે છે આ કાંઇ સાધારણ પાસાઓ નથી પણ એતો પ્લેટોના પાંચ પાસાઓ છે, અનેક બાજુની ચોક્કસ આકૃતિઓ છે, જેવી બીજી આકૃતિઓ ભૂમિતિમાં બનતી નથી આ ક્રમવાર આપવામા આવે છે અને એ ક્રમ તે સૂર્યમ ડળની જુદી જુદી ભૂમિકાઓની બરોબર છે. આ દરેક સૂર્યમ ડળની ભૂમિકા ઉપરના અણુની આકૃતિ નથી બતાવતી પરંતુ જે રેખા દ્વારા અણુની આસપાસ શકિત વહે છે તે બતાવે છે આ અને બાજુની આકૃતિઓ તે tetrahedon, (ટેટ્રેહેડ્રોન) cube; (કયૂબ) octrahedon; (ઓકટેહેડ્રોન) dodecahedron; (ડોડીકેહેડ્રોન) અને ıldsatedron (આઇકોસેહેડ્રોન) છે. આપણે જો બિ દુને એક છેડે મુકીએ અને sphere (સ્ફીયર)ને બીજી બાજુએ મૂકીયે તો આપણને સાત આકૃતિઓ મળે છે અને એ સખ્યા સૂર્યમંડળની ભૂમિકાઓની બરોબર છે.

આતો તમારી જાણીતી વાત છે કે કેટલીક પૂરાણી ફિલસુફીમા એવું કહ્યું છે કે "જેઓને ગણિત નહિ આવડતું હોય" તેમનાથી

પ્રવેશ કરી શકાશે નહિ એનો અર્થ શુ છે ? એ હાલ જેને આપણે ગણિત કહીએ છીયે તે નહિં પરતુ જે ગણીતમા ઉચી ભૂમિકાઓ ની બાબતોનો સમાવેશ થતો અને જેમાં તેમને અરસપરસ સબધ તથા બધા ઇશ્વરની ઇચ્છા શક્તિ વડે કેમ ઉત્પન્ન થયા તે પણ સમજાવાતુ પ્લેટો કહેતો કે પરમેશ્વર ભૂમિતિની આકૃતિઓ રચે છે. (ભૂમિતિને આધારે સૃષ્ટિ રચે છે) અને તે સર્વાંશે સત્ય છે આ આકૃતિઓ તે માનવીના મગજની કલ્પેલી વસ્તુઓ નથી, એ ઉચી ભૂમિકાને લગતા સત્યો છે આપણે યુકિલડની ભૂમિતિનો અભ્યાસ કરીએ છીયે પરતુ તે ભૂમિતિની મહત્તાને ખાતર નહિ પરન્તુ ઉચ્ચતર વિચાર પ્રદેશના પ્રવેશક દ્વાર તરીકે પુરાણા સમયના તત્વચિતકો એ બાબતો પર મનન કરતા તે એવા હેતુથી કે તે વડે જીવનના સત્ય શાસ્ત્રની કાઇ સમજણ પડે આપણે સત્ય જ્ઞાનની કૂચી ખોઇ બેઠા છીયે, અને ઘણીવાર જીવ વિનાના ખોળીયાને પકડી રાખીયે છીયે

બેકસનુ બીજુ રમકડુ એક ભમરડા હતો તે ગતિમાન્ આણુ સુચવે છે ઓકલ્ટ કેમેસ્ટ્રી (ગુપ્ત રસાયન શાસ્ત્ર)નામના પુસ્તકમા એ અણુનુ ચિત્ર આપવામા આવ્યુ છે વળી તે એક દડાની સાથે રમે છે તે દડો આપણી પૃથ્વી સુચવે છે એ ગ્રહમડળના જે ભાગ ઉપર ઇશ્વરનુ લક્ષ અમુક સમયે ચોટેલુ હોય છે તે છે વળી તે એક આરસી સાથે રમે છે હવે આરસી હમેશા કામ લોકનુ તેજ સુચવે છે કે જેની અદર મૂળ વિચારના રૂપોના પડછાયો પડે છે અને તેઓ સ્થળ રૂપ ધારણ કરે છે હવે તમે જોયુ હશે કે આ રમકડામાંનું પ્રત્યેક રમકડું સૂર્ય મંડળના એક મુખ્ય ભાગને સૂચવે છે.

જુદી જુદી સંસ્થાઓમા આ ગુપ્ત જ્ઞાનનો અભ્યાસ કરવાને માટે શિષ્યોને કેવી રીતે તૈયાર કરવામા આવતા હતા તેને વિષે બે બોલ કહેવાની જરૂર છે દાખલા તરીકે પાઇથેગોરાસની સંસ્થા લઈશુ હુ એ સસ્થામાં શિષ્ય હતો એમાં શિષ્યને ત્રણ વર્ગમા વહેચી નાખવામા આવ્યા હતા. પ્રથમ વર્ગને શ્રાવકવર્ગ એટલે માત્ર શ્રવણ કરનારાઓનું મંડળ કહેતા આનો અર્થ એવો છે કે તેઓ માત્ર શ્રવણ કરતા એક નિયમ એવો હતો કે બે વર્ષ સુધી તેમણે કાંઇ પણ બાલવુંજ નહિ

હાલના જમાનામા જેઓ આપણા મંડળમા દાખલ થાય છે, તેઓ આ નિયમને ઘણો હરકત કર્તા નિયમ ગણશે પરંતુ જે પુરાતન કાળની આપણે વાત કરીએ છીએ તે કાળમા તો એકલા પુરૂષો નહિ પરંતુ સ્ત્રીઓ પણ આ નિયમ પાળતી. આ નિયમનો બીજો પણ ભાવાર્થ હતો પરંતુ આ તો એક સત્ય છે, કે પ્રથમ વર્ગના સભ્યોને બે વર્ષ લગી મૌન રાખવુ પડતુ આ બીજો અર્થ એવો હતો કે જે બધો વખત અમુક માણસ આ વર્ગમા રહેતો તેટલા સમય સુધી તે માત્ર શિક્ષણ ગ્રહણ કરે પરંતુ કોઇને શિક્ષણ આપે નહિ થિઓસોફિકલ સોસાયટીમા આવી કાંઈ વ્યવસ્થા હોય તો સારૂ એવો મારો નમ્ર અભિપ્રાય છે, કારણકે ઘણીવાર એવુ બને છે કે જેઓ પોતેજ ઘણુ જાણતા નથી તેઓ બીજાને શિક્ષણ આપવાની ઇચ્છા રાખે છે. પરિણામ એ આવેછે કે તેમના વચનો અને થીઓસોફીસ્ટના વચન છે એમ તરત ઓળખાઈ આવતુ નથી. પાઇથેગોરાસના બીજા વર્ગના શિષ્યો ગણિતવેત્તાઓ કહેવાતા તેઓ પોતાનો વખત ભૂમિતિ, ગણિત, અને સંગિતનો અભ્યાસ કરવામા ગાળતા. આ

વિષયોને પરસ્પર કેવો સંબંધ છે તે તેઓ જોતા, અને રંગ અને ધ્વનિ વચ્ચે જે ઘણો ધ્યાન ખેંચે એવો સંબંધ છે તેની વિગતોનો અભ્યાસ કરતા

આપણે એક દૃષ્ટાંત લઇશું અને જોઈશુ કે આપણી દુનીઆ અસંબદ્ધ વસ્તુઓની બનેલી નથી પરંતુ પરસ્પર સંબધ વાળી અનેક વસ્તુઓની બનેલી એક વસ્તુ છે જેને દેખીતો કઇ પણ સંબધ નથી એવી જુદી જુદી વાતો લઇને એક બીજાનો સબધ બતાવી શકાય છે પ્લેટોની અનેક બાજુ વાળી પાચ આકૃતિવિષે હમણાજ ચર્ચા થઇ છે જેઓને સગિતનુ સહેજ પણ જ્ઞાન છે તેઓ જાણે છે કે દોરીઓની લબાઇને તેમાથી નીકળતા સૂરને અમુક સબંધ છે તમે જાણોછો કે પીયાનો ને અમુક પચમમા મેળવી શકાય અને જુદા જુદા સૂરોનો પરસ્પર સંબંધ તેમના આન્દોલનોની સખ્યાથી સુચવી શકાય એ પ્રમાણે એક સવાદિ ધ્વનિને ગણિતની સંખ્યાનુ રૂપ આપી શકાય પહેલાં આ પ્રયોગથી શોધવામા આવ્યુ હતુ, પછી તેમની વચ્ચેનું પ્રમાણ કેવું જોઇએ તે તેમણે શોધી કાઢયુ અને નવા પ્રયોગો કરતાં તે સત્ય જણાયુ પરંતુ એક ખાસ લક્ષણ એ છે કે જે અમુક સખ્યાથી અમુક ધ્વનિ ઉત્પન્ન કરી શકાય છે, તેનો વચ્ચે જે સબધ છે તે પ્લેટોના ઘન આકૃતિઓના કેટલાક ભાગ વચ્ચે છે. મને યાદ છે કે કેટલાક વખતપર એક અગ્રેજી સગિત શાસ્ત્રીએ આ સંધધ "થિયોસોફીકલ રિવ્યુ" નામના પત્રમા ચર્ચાકરી હતી

આ એક ખાસ ધ્યાનમા રાખવા જેવી વાત છે. આપણો સંગિતનો ક્રમ જુના ગ્રીક ક્રમ કરતા ઘણો જુદો છે. તેમા પાંચ

સગે ગણાય છે પરતુ ગ્રીસમા હજારો વર્ષ પૂર્વે જે પાંચ આકૃતિ નો અભ્યાસ થતો હતો તેમાંથી આપણો ક્રમ ઉપજાવી શકીએ એમ છે કેટલાકો એમ કહેશે કે ગણિત અને સગિત વચ્ચે આ સંબધ સભવે નહિ પરતુ તમે જોઇ શકોછો કે એ બેઉ એક વસ્તુના જુદા જુદા વિભાગ છે પાઇથેગોરાસના ત્રીજા વર્ગના શિષ્યો ને વિજ્ઞાન વાદીઓ કહેતા તેઓ પદાર્થ વિજ્ઞાનનો અભ્યાસ કરતા સ્થૂલ બનાવોનો આન્તર સંબધ શોધતા, અને સૃષ્ટિના વિકાસ ક્રમનો અને અધ્યાત્મ વિદ્યાનો અભ્યાસ કરતા મનુષ્ય અને કુદરત વિષેના સત્યો પણ તેઓ શીખતા અને બેઉના કર્તાને વિષે જે કાઇ જાણી શકાય તે જાણવાનો પ્રયત્ન કરતા અને તેનુ જ્ઞાન મેળવતા. આ ગુપ્ત મડળોના સબધમા હજુ એક વાતનો વિચાર કરવાની જરૂર છે, અને તે વાત શિષ્યોના જીવનને લગતી છે તેમને પરમ શુદ્ધ જીવન ગાલવાની જરૂર ગણાતી હતી હિંદુ સાસ્ત્રમા મુમુક્ષુ ને માટે જે પાચ પ્રથમ અધિકાર ગણાવેલા છે અને જેનુ વર્ણન મે "**ગેબી મદદગારો**" નામના પુસ્તકમા અને **મીસીસ બેસેન્ટે** "**મુમુક્ષુ ના માર્ગમા**" વર્ણન કરેલુ છે તેના જેવાજ પાચ વિભાગમા શિષ્યના જીવનની વ્યવસ્થા **પાઇથાગોરાસની** સસ્થામાં કરવામાં આવી હતી આધુનિક ખ્રિસ્તી ધર્મનાં લગભગ સર્વ ચિન્હો અને સર્વ આકૃતિઓનુ મૂળ ઇજીપ્તના ગુપ્ત જ્ઞાનમાં છે દૃષ્ટાત તરીકે ક્રોસ (Cross) એને લગતુ ચિન્હ રહસ્ય અને ઇશ્વરનુ અવતરણ અને એમનો પરમ ત્યાગ એ ઇજીપ્તના ગુપ્ત જ્ઞાનમાંથી લેવાયલું છે. આ બાબત ઉપર મેં મારા '**ક્રીશ્ચીયન ક્રીડ**' નામના પુસ્તકમા ચર્ચા કરેલી છે

ગ્રીસ, રોમ, ઇજીપ્ત અને કલ્ડીઆમા પ્રચલિત ગુપ્ત જ્ઞાન સસ્થાઓ ઘણો કાળ થયાં અદૃષ્ય થઇ હતી છતાં આન્તર મદિર-

મા પ્રવેશ કરવાના દ્વાર દુનીઆમાંના કોઇપણ માણસને માટે કદી બંધ કરવામા આવ્યાં નથી મધ્યમ કાળના સમયમા પણ જેઓ શીખવાને તૈયાર હતા તેમને રોઝીક્રુશિઅનો અને બીજી કેટલીક ગુપ્ત સંસ્થાઓ સત્યનો બોધ કરતા હતા, અને હાલના જડવાદી અને પ્રવૃત્તિમય સમયમા પણ થીઓસોફીકલ સોસાયટી સત્યનો વાવટો ઉરાડી રહી છે, અને જેઓ ખરેખરા આતુર અને ઉત્સાહી હોય છે તેમને જ્ઞાનમૂર્ત્તિ મહાત્માઓના ચરણની પ્રાપ્તિનુ સાધન થઇ રહી છે આપણા રહસ્ય જ્ઞાનમંડળમા પુરાણા ગુપ્ત જ્ઞાનમંડળમા હતા તેવાજ વર્ગો છે તેમને જેમ શ્વેત ભ્રાતૃમંડળના અધિકારીઓનો આશ્રય હતો તેવો આપણે પણ એ ખરેખરી દિક્ષાઓ આપનારાઓનો આશ્રય છે તમારે આટલુ યાદ રાખવાની જરૂર છે કે પૂર્વે જે બાબતો ગુપ્ત રાખવાનુ વચન લીધા પછી કહેવામા આવતી હતી તે બાબતો હવે થીઓસોફીકલ સોસાયટીદ્વારા જગતને પ્રસિદ્ધપણે કહેવામા આવે છે આપણને જે થોડીક ચોપડીઓદ્વારા ઘણી સહેલાઇથી મળી શકે છે તેની પ્રાપ્તિને અર્થે ઇતિહાસની અંદર ઘણી પ્રખ્યાતિ પામેલા મહાન પુરૂષોને અનેક વર્ષો સુધી અભ્યાસ કરવો પડતો હતો બાઇબલમાં કહ્યુ છે કે "જે બાબતો તમે જુઓ છો અને જાણો છો તે બાબતો જોવાને અને જાણવાને ઘણા પેગમ્બરોએ અને રાજાઓએ ઇચ્છા કરી હતી પરતુ તેમા તેઓ નિષ્ફળ નિવડયા હતા જે વાતો તમને કહેવામાં આવે છે તે સાંભળવાનો તેમણે પ્રયત્ન કીધો હતો પરતુ તે તેમને કહેવામા આવી નહોતી" (લ્યુક ૧૦-૨૪) આ વચનો આપણને અક્ષરશ સત્ય જણાય છે આપણને આવી ઉત્તમ તક આપવામાં આવી છે અને આવુ માનદાયક કાર્ય આપણે માટે રાખવામા આવ્યુ છે તો

મને તો લાગે છે કે તેથી આપણે શીર એક મહાન જવાબદારી આવેલી છે, અને આપણને મળેલી બક્ષીસને માટે આપણે સર્વ રીતે યોગ્ય છીએ એવી ખાત્રી કરી આપવાનો આપણે પ્રયત્ન કરવો જોઇએ. આવી તક મળવાનો સંભવ એ પૂર્વ કર્મનું ફળ છે આપણે તેને જો વ્યર્થ જવા દઈશુ તો હજારો વર્ષો સુધી ફરીથી એવી તક આપણને મળવાને માટે આપણે યોગ્ય ગણાઈશુ નહિ હું જાણું છુ તે પ્રમાણે હાલ જે બધી બાબતો આપણા આગળ મૂકવામાં આવે છે તે બધી શીખવાને માટે પ્રથમ કાળમાં તમારે કેટલાં કષ્ટો સહન કરવા પડતાં હતા તે તમે જાણી શકો તો જે તક તમને હમણા આપવામા આવી છે તેની તમે ખરી કીમત આકી શકો આપણાથી જેમ બને તેમ ત તકનો ઉપયોગ કરવાનો આપણે પ્રયત્ન કરવો જોઇએ અને થીઓસોફી દ્વારા આપણને મળેલા લાભને માટે આપણે યોગ્ય છીએ એમ બતાવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

દ્વિતીય સ્કંધ.

ધર્મ.

દ્વિતીય સ્કંધ.

પ્રકરણ ૧લું.

ઈશ્વર.

લોકો જે સાકાર ઇશ્વિર વિષે વાતો કરે છે અને જેને સકળ ગુણ સંપન્ન ગણે છે તેજ આપણા સૂર્ય મંડળના અધિષ્ઠાતા છે. તેનામાં પક્ષપાત, અન્યાય ઇર્ષા, કે ક્રૂરતા છેજ નહિ જેઓ આવા ગુણવાળા ઇશ્વિર છે એમ માનતા હોય તેમણે તેવા ઇશ્વરની શોધ અન્ય સ્થળે કરવી જોઇએ પોતાના મંડળના સંબંધમાં એ ઇશ્વિર સર્વજ્ઞ, સર્વવ્યાપી અને સર્વ શક્તિમાન છે તેમજ તેનામાં પ્રેમ, સત્તા, જ્ઞાન, કીર્તિ, પ્રભાવ, વગેરે સર્વાંશે છે, છતાં તે એક મહાન્ વ્યક્તિ છે એક વ્યક્તિમાં રહેલી મૂર્તિ છે છતાં જે પરમ અવ્યક્ત પરબ્રહ્મ કે જેના સંબંધમાં અનેક સુર્ય મંડળો પણ ધૂળની રજકણો છે, તેના કરતા તેઓ કેટલે દરજ્જે ઉતરતા છે તે આપણે કહી શકીએ એમ નથી હું તો નથી ધારતો કે આપણે એમની મૂર્તિમંત કલ્પના કરી શકીએ સ્થૂલ ભૂવનમાં સૂર્ય એ એમનું વ્યક્ત સ્વરૂપ છે આટલો વિચાર કરીએ તો તેમના ગુણો સમજવાનું કાંઇક સહેલું થઇ પડશે, અને સર્વ વસ્તુનું મળ એમાં શી રીતે છે, તે પણ સમજાશે સૂર્યને તેમના શરીરમાં એક શક્તિ ઝરતું બિંદુ ગણી શકાય, જેવુ માનવીનું હૃદય છે તેવું એ તેના શરીરના મુખ્ય ચક્રનું સ્થૂલ સ્વરૂપ છે

સૂર્ય મડળ એ ઇશ્વરનું સ્થુલ શરીર છે, છતાં તેની અદર જે કાર્ય થાય છે તેના કરતા તેમને હસ્તે સૂર્ય મડળની બહાર થતુ કાર્ય ઘણુ મોટુ છે. મે પોતે તેમની મૂર્તિ ખડી કરવાનુ વાસ્તવિક ધાર્યું નથી હું એમને સર્વ વસ્તુમા વ્યાપી રહેલા જોવાનો પ્રયત્ન કરૂં છુ એવી રીતે કે, હુ પણ તેજ છું અન્ય સર્વે પણ તેજ છે ટુકમા કહીએ તો સત્ય ઇશ્વિર શિવાય બીજુ કાઇ છેજ નહિ

જે આ આપણે જોઇ શકાએ છીએ તે તેમનું વ્યકત સ્વરૂપ છે, જે સૂર્ય મડળ આપણને આવુ મોટુ અને અતકર્ય લાગે છે તે તેમને એક અલ્પ અણુ સમાન છે જો કે તે આ સર્વ છે છતાં એ સર્વની બહાર પણ તેમની કીર્તિ અને પ્રભાવ એવા પ્રસરી રહ્યા છે કે તેનો આપણને ખ્યાલ પણ આવે નહિ તેથી જો કે આપણે ઇશ્વિરવાદી સાથે મળતા થઇએ છીએ અને કબુલ કરીએ છીએ કે સર્વત્ર ઇશ્વિર છે છતાં આપણે તેનાથી પણ આગળ વધીને કહીએ છીયે કે તેમની રચેલી સૃષ્ટિ કરતા તેમનુ વધારે મહાન્ અને પ્રભાવશાલી અસ્તિત્વ છે

ગીતાના ૧૦મા અધ્યાયના ૪૨મા શ્લોકમા કહ્યુ છે કે

विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ।

ઇશ્વિરની સાથે જે રીતે આપણુ ઐકય થાય છે તે વૈખરી વાણીમા કદી પણ વર્ણવી શકાય એમ હુ ધારતો નથી. એક રીતે જોતાં આપણે ઇશ્વરના શરીરના નાના પરમાણુઓ ગણાઇએ પણ તેના કરતા ખરેખરી રીતે જોતાં આપણી સ્થિતિ ઉચી છે કારણ

કે તેની જે શકિત આપણા દ્વારા વ્યક્ત થાય છે તે એવી રીતે થાય છે કે પરમાણુઓ દ્વારા જે રીતે કાર્ય થવું શકય છે તેના કરતા આપણુ દ્વારા ઘણી ઉચી રીતે થાય છે સૃષ્ટિના સૌથી હેઠેના ભુવનમા ઇશ્વર કેવી રીતે વ્યક્ત થાય છે તેના સબધમા આપણે એટલુ કહી શકીએ કે તેના પ્રથમ સ્વરૂપે આ ભુવનમાં સૌથી ઉંચી ભૂમિકામા તે બિરાજે છે દ્વિતીય સ્વરૂપે તેથી નીચી ભૂમિકામા અને તૃતીય સ્વરૂપે નિર્વાણના ઉચા ભૂવનોમા એટલે જ્યારે કોઈ સિદ્ધ પોતાના ચૈતન્ય વ્યાપારનો એક પછી બીજા ભુવન ઉપર વિકાસ કરે છે ત્યારે પ્રથમ તેને તૃતીય સ્વરૂપના દર્શન થાય છે અને તેથી તેની સાથેનું પોતાનુ ઐકય પ્રતિત થાય છે, ત્યાર પછી ઘણો કાળ વીતી ગયા બાદ દ્વિતીય અને પ્રથમ સ્વરૂપના દર્શન થાય છે, હું તમને આ બધી વાત કહુ છુ મે પોતે એમના એક સ્વરૂપે એક સમયે દર્શન કર્યા હતા. પરતુ તે તેમની રચેલી સૃષ્ટિના રૂપ કરતા કાઈક જુદાજ પ્રકારના જણાતાં હતા. સામાન્ય અનુભવ કરતા આ વાત ઘણી વિચિત્ર અને ઉચી છે હેઠેના ભુવનો સથે તેને કાંઈ લેવા દેવા નથી એક ઘણા સાહસભર્યા પ્રયોગથી આ દર્શન સભવ્યું હતું એ પ્રયોગમા એક ક્ષણવાર તો બે જુદા જુદા પ્રકારના આત્માનું ઐકય રચવામા આવ્યુ હતુ અને એથી કરીને એક એવી દશાએ પહોચી શકાયુ કે બેમાના એક પણ જીવાત્માએ જો એકલા તે દશાએ પહોંચવાનો પ્રયત્ન કર્યો હોત તો એ દશા પ્રાપ્ત થઈ શકતજ નહિ! પોતાની સષ્ટિના ઉપર ઘણે ઉચે તે બિરાજે છે, અને જાણે કમળના રાજ્યાસન ઉપર બિરાજતા હોય તેમ જણાય છે. સૃષ્ટિના સમગ્ર જીવનરૂપ હોવા છતા તેના કરતા તેમનુ જીવન ઘણુ વિસ્તૃત છે,

આપણે Augoeides નો વિચાર કરતા કરતા ઉચાને ઉચા જઇને છેક અનંતતા સુધી વિચાર કરીએ તો કઇંક ખ્યાલ આવે એમ છે એતો કોણ કહી શકે? પણ આ વાત એક ઘણું જબરૂ અને મહાન સત્ય બતાવે છે એમતો હુ બહુ સારી રીતે જાણું છું એક વખત જોવામા આવ્યુ હોય તે કદી ભુલાતુ નથી તેને માટે એક ઉચા અનુભવનો નાનો સરખો દાખલો કહીશ પરતુ તેનુ આબેહુબ વર્ણન કરવુ એ બહુ કઠિન કામ છે, શરીરના સૌથી ઉચા વિભાગમા જ્યારે માણસ પોતાના ચૈતન્યને લઈ જઈને માનસિક ભુવનના પરમાણુના પદાર્થમા તેને સ્થિત કરે છે ત્યારે તે ચેતન્યનો વ્યાપાર ત્રણ દિશામા થઇ શકે એમ હોય છે એ ત્રણ દશા સ્થળના ત્રણ પરિમાણને અનુસરતી છે આતો દેખીતુ છે કે તે ત્યાથી પોતાના ચૈતન્યને માનસિક ભુવનના બીજા ઉપભુવનમા દોરવી શકે, અથવાતો ઉપર બુદ્ધિક ભુવનના સૌથી હેઠેના ઉપ-વિભાગમા લઇ જઇ શકે આ બીજી રીતનો ઉપયોગ બૌદ્ધિક શરીરને એક ઉપાધી તરીકે વાપરતા જેઓ શીખ્યા છે તેમનાથીજ થઇ શકે એક બીજી દિશામાં પણ ચૈતન્યનો વ્યાપાર સભવે છે એ એક ભુવનના પરમાણુના ઉપભુવનમાથી બીજા હેઠેના અથવા ઉપરના ભુવનના એવાજ ઉપવિભાગમા લઈ જવાને લગતો છે આ પ્રમાણે કરવાથી વચ્ચેના ઉપભુવનોમા જાગ્રત થયા વિના માન-સિક ભુવનના પરમાણુના ઉપવિભાગમાથી નીચે કામ લોકના એવાજ વિભાગમા અથવા ઉપર બૌદ્ધિક ભુવનના એવાજ ઉપવિભાગમાં ચૈતન્યને લઇ જઇ શકાય બૌદ્ધિક ભુવનના સબધમા અહીંઆ પણ એટલુ યાદ રાખવુ જોઇએ કે આટલુ કરવાને માટે બૌદ્ધિક શરીરને એક ઉપાધી તરીકે વાપરતા આવડવુ જોઇએ આ ટુકા

રસ્તાનો બરોબર ખ્યાલ આપવાને માટે પરમાણુવાળાં ઉપભુવનોને જાણે એક સળીયાપર સાથે સાથે પરોવી લીધા હોય અને બીજા ઉપભુવનો શળીમાથી હેઠે લટકતા હોય એવી કઈક કલ્પના કરીએ તો સમજી શકાય એમ છે. આતો ખુલ્લી વાત છે કે પરમાણુમાના એક ઉપભુવનમાથી બીજા ઉપભુવનમા જવા સારૂ સળીયાને માર્ગે જઈ શકાય અથવાતો હેઠે ઉતરી પાછા ઉપર ચઢી શકાય આ સિવાય એક બીજો રસ્તો પણ ખુલ્લો છે એમા ગતિ કરવાની કઇ જરૂર નથી, માત્ર પૃથ્વીપર ઉભેલો માણુસ આકાશના તારા જુએ તેમ જોવાનુ છે

કારણકે સૌથી હેઠેના Cosmic Plane (કોસમિક પ્લેન) ના માનસિક ભુવનના Atomic sub-plane (એટોમિક સબ-પ્લેન) મા અને તેના જેવા Cosmic Mental plane (કોસમિક મેન્ટલ પ્લેન) ના Atomic Mental plane (એટોમિક મેન્ટલ પ્લેન) વચ્ચે એક જાતનો સીધો સબધ છે એ રીતે ઉપર ચઢવાનુ તો આપણાથી અત્યારે બની શકે એમ નથી પરતુ એક વખતે થએલા અનુભવથી જે કાઈ જોવામા આવ્યુ હતુ, તેનુ વર્ણન કરવાનો પ્રયત્ન કરવો એ નિરાશાને આમત્રણ કરવા બરોબર છે કારણકે એનો સહજ પણ ખ્યાલ આપવાની વૈખરીવાણીમા શક્તિ નથી પણ તેમાથી આટલી તો ખાતરી થાય છે ખરી કે અત્યાર સુ'ધી આપણે જેને આપણુ ચેતન, આપણી બુદ્ધિ વગેરે કહેતા આવ્યા છીએ તે આપણુ નથી પરતુ ઇશ્વરનુ' છે, અને તે પણ તેના ચેતનનો તથા તેની બુદ્ધિનો એક ભાગ છે નહિ કે તેનુ માત્ર એક પ્રતિબિ'બ આ વાત આપણી કલ્પનામાં ઉતરે એવી નથી પરન્તુ તે અક્ષરશ સત્ય છે ઘણી વખત આપણે ધ્યાનમા કહીએ છીએ કે 'હુ તે આત્મા છુ' ને

તે આત્મા હુ જ છુ' વગેરે, પરંતુ એની સત્યતા જોવી, જાણવી, અનુભવવી અને તેનો આવી રીતે સાક્ષાત્કાર કરવો એ વાક્યનો મુખપાઠ કરવા કરતાં કંઈક જુદીજ વાત છે.

થીઓસોફીના પુસ્તકોમાથી આપણે જે ત્રણ જીવનપ્રવાહ અથવા જીવનના મોજાઓની વાત કરીએ છીએ તે એ ઈશ્વરમાંથી આવે છે તેના ત્રીજા સ્વરૂપમાથી પહેલો પ્રવાહ નીકળે છે અને તે પૂર્વે તૈયાર થએલા પરમાણુઓને તત્ત્વરૂપે એકત્ર થવાની સત્તા આપે છે ખ્રિસ્તિ ધર્મના પુસ્તકમા આ ક્રિયાનુ વર્ણન ઇશ્વરને અવકાશરૂપી પાણી ઉપર ચાલતા કલ્પીને કરવામા આવ્યુ છે ત્યારપછી જ્યારે કુદરતની યોનીઓ ચોક્કસ રીતે તૈયાર થાય છે ત્યારે બીજો પ્રવાહ આવે છે એ ઇશ્વરના દ્વિતીય સ્વરૂપમાથી વહે છે એની ક્રિયાથી ખનિજ, વનસ્પતિ અને પ્રાણીની યોનીઓના જીવસમૂહ તૈયાર થાય છે આ પુરુષ પ્રકૃતિનો સંયોગ છે એથીજ આપણુ અસ્તિત્વ સંભવે છે પરંતુ માનવ યોનિનો વિચાર કરતા આટલુ યાદ રાખવાની જરૂર છે કે જીવાત્મા અનંત અને પ્રેમસ્વરૂપ પરમાત્માના પ્રથમ સ્વરૂપમાથી આવતા ત્રીજા પ્રવાહથી વ્યક્ત થાય છે દરેક તારો આપણા સૂર્યના જેવો એક સૂર્ય છે અને તે દરેક એકાદ ઈશ્વરનુ વ્યક્ત સ્વરૂપ છે

પ્રકરણ ૨જું.

બૌદ્ધ ધર્મ.

ભગવાન બુદ્ધને વિષે વિચાર કરતા આપણે ભુલી જવુ જોઇએ નહિ કે તેઓ એક સાધારણ ધર્મસ્થાપકના કરતા ઘણા ઉંચા દરજ્જાના છે. ગુપ્ત સિદ્ધસંગમા તેઓ એક મોટી પદ્વી ધરાવે છે. એ પદ્વી એવી મોટી છે કે તેમના કરતાં ઉંચો દરજ્જો માત્ર એક જણનોજ છે તેમના ધર્મને નામે ઓળખાતો આ બૌદ્ધ ધર્મ સ્થાપ્યો ત્યાર પહેલા તેમણે અનેક જન્મોમા અનેક ધર્મ સ્થાપ્યા હતા હિંદુ ધર્મને માટે જેમણે ઘણો શ્રમ લીધો છે એવા જે વ્યાસજી તે તેઓ પોતે હતા, ઇજીપ્તના ગુપ્ત જ્ઞાન મંડળ સ્થાપનાર હરમીસ તે પણ તેઓ પોતેજ સૂર્ય અને અગ્નિની પૂજા સ્થાપનાર મૂળ જરથુસ્ત્ર પણ પોતેજ હતા વળી ગ્રીક લોકોના ઓરફિઅસ એ પણ એઓ પોતેજ હતા આ છેલ્લા જન્મમા ભગવાન ગૌતમ તરીકે જ્યારે તેઓ પ્રગટ થયા ત્યારે તેમને નવો ધર્મ સ્થાપવાની પ્રથમથી જ ઇચ્છા હોય એવુ જણાતુ નથી· હિંદુ ધર્મ જે ઘણા જુના કાળનો છે અને જે તેથી કરીને સાધારણ રીતે સર્વ ધર્મની માફક તે સમયમા અધોગતિએ પહોંચ્યો હતો અને જેના મૂળ સિદ્ધાંતો લોકો ભૂલી ગયા હતા તેમાં સુધારણા કરનાર એક સુધારક તરીકે તેઓ પ્રકટ થયા હતા હિંદુ ધર્મ ઘણી રીતે સંકુચિત થઈ ગયો હતો અને તેથી કરીને હાલના કરતા પણ વધારે સાંકડી ભાવના-

ઓ પ્રચલિત હતી હાલમા જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચે કેવા તીવ્ર ભેદ ભાવ છે, તેમજ કર્મકાંડની બાબતમા પણ કેટલી સખ્તાઇ છે. આપણે જાણીએ છીએ કે કોઈ પર ધર્મીને હિંદુ ધર્મમા દાખલ કરી શકાતો નથી એ ધર્મમા પ્રવેશ કરવાનો માર્ગ કોઇ હિંદુના કુટુંબમા જન્મ થવાથીજ મળે છે

અસલના કાળમા આર્યન લોકોએ જ્યારે પ્રથમ વસવાટ કર્યો તે વખતે હિંદુ ધર્મ જેવો સર્વને આહ્લાદકને આશાજનક હતો તેના કરતા સર્વ પ્રકારે ઉલટોજ થઇ ગયો હોય અને મૂળ વિચારો તદ્દન બદલાઇજ ગયા હોય એવી કોઇ દશાની કલ્પના કરીએ તો બૌધ ધર્મની સ્થાપના પૂર્વે હિંદુ ધર્મની કેવી દશા હતી તેનો ખ્યાલ આવી શકે ભગવાન બુદ્ધના જન્મ પૂર્વ કઇક એવો વિચાર પ્રચલિત હતો કે બ્રાહ્મણ સિવાય અન્ય કોઇને મોક્ષ મળી શકેજ નહિ બ્રાહ્મણોની સખ્યા હમેશા નાનીજ હતી અહુણાપણ હિંદુસ્તાનની ત્રીસ કરોડની વસ્તીમા બ્રાહ્મણો માત્ર ત્રીસ લાખ છે એટલે તે વખત ઘણાખરા લોકોને માટે એ ધર્મના દ્વાર લગભગ બધજ હતા એમ કહીએ તો ચાલે કારણકે તેમને એમ કહેવામાં આવતુ કે ઘણા જન્મોના કષ્ટો સહ્યા પછી બ્રાહ્મણનો જન્મ મળી શકે છે અને પછીજ જન્મ મરણના ફેરામાથી મુક્ત થવાનો સંભવ ઉદય પામે છે.

એવા કાળમા ભગવાન બુદ્ધનો જન્મ થયો અને તેમણે સર્વને માટે ન્યાયનાં દ્વાર ખુલ્લાં મૂકયા, કેમકે તેઓ માનતા હતા કે હિંદુ ધર્મ તેની મૂળ ભાવના છોડીને ઘણી અધમ દશાને પહોચેલો છે. તેમણે વારેવારે કહ્યુ કે કોઈ માણુસ જન્મથી બ્રાહ્મણ હોય પરંતુ

જો તેની કરણી બ્રાહ્મણના જેવી ન હોય તો તે સન્માનને પાત્ર નથી એટલુ જ નહિ પરતુ તે મોક્ષને પણ યોગ્ય નથી વળી કોઈ માણસ કોઇ બીજીજ જ્ઞાતિનો હોય છતા તેનુ જીવન એક ઉચા બ્રાહ્મણના જેવું હોય તો જે જન્મથીજ બ્રાહ્મણ છે તેને જે મોક્ષના સાધનો મળે છે તેવાજ મળી શકે છે.

આ પ્રમાણે સામાન્ય મનુષ્યોને માટે મોક્ષ આટલો બધો કઠિન કહેવાતો અને તેથી કરીને સાધારણ મનુષ્યો નીરાશ અને બેદરકાર બની ગયા હતા તે આશાવત થયા બ્રાહ્મણોની માફક પોતાનુ સઘળુ જીવન કર્મકાડ કરવામા ને ધ્યાનમા ગાળવું એ તેમને ગમતુ ન હતુ તેમજ તેમનાથી તે બની શકે એમ પણ ન હોતુ આથી ભગવાન બુધ્ધે તેમને એક વચલો માર્ગ બોધ્યો એમણે કહ્યું કે તીવ્ર તપ અને ઉચી ભક્તિનો માર્ગ લોકોને અનુકુળ નથી તોપણ તેથી કરીને તેમણે નિરાશ થઇ તદ્દન બેદરકારીમા જીવન ગાળવાની જરૂર નથી દુનીઆમા રહેનાર મનુષ્યો વધારે ઉચુ જીવન ગાળી શકે છે એમ તેમને મહાત્મા બુધ્ધે બતાવ્યુ. એમનાથી આધ્યાત્મિક જ્ઞાનની સૂક્ષ્મ બાબતો ભલે ન સમજાય પરતુ દુનીઆના વિકાસ ક્રમની મુખ્ય મુખ્ય બાબતો સમજીને તેને અનુસરતુ જીવન ગાળવાની તેમનામા પણ શક્તિ છે અને એમ બની શકે એ તેમણે સ્પષ્ટ સમજાવ્યુ.

એમણે બોધ કર્યો કે આ બેમાની કોઈપણ દિશામા છેક અતને છેડે જઇ બેસવું એ અયોગ્ય છે એક તરફ સામાન્ય સંસારી મનુષ્યનું જીવન બેવકૂફી ભરેલું છે. કેમકે તે દ્રવ્ય અને સન્તાન શોધે છે અને જે કાંઇ ખરેખર પ્રાપ્ત કરવા જેવું છે તેના

તરફ કેવળ અલક્ષ્ય રહે છે બીજી તરફ જે તીવ્ર સન્યાસ માણુસને દુનિયા છોડી જવાનું શીખવે છે અને એ રીતે તેના પંજામાંથી છુટવાનો સ્વાર્થી પ્રયત્ન કરવાનો બોધ કરે છે તે પણ બેવકૂફી ભરેલો જ છે સત્ય અને સૌંદર્યથી ભરપુર મધ્યનો માર્ગ પરમ શ્રેયસ્કર છે એવું એમનું માનવુ હતું જેઓ યોગ્ય અધિકાર પ્રાપ્ત કરીને કેવળ અધ્યાત્મ જીવન ગાળવાને તૈયાર થયા હોય તેમને માટે તો પરમ સંન્યાસ ઉચિતજ ગણતા જેઓ દુનિયામાં રહે છે તેમનાથી ઉચા પ્રકારનુ જીવન ગાળી શકાય તેમજ પોતાની આધ્યાત્મિક ઉન્નતિ કરી શકાય એવું તેઓ કહેતા

એમના સિદ્ધાન્તોનુ બંધારણ બુદ્ધિ અને સામાન્ય સમજના ઉપર છે, કોઇને પણ કશી બાબત અંધ શ્રદ્ધાથી માની લેવાનુ તેઓ કહેતા નહિ ઉલટું પોતાના ચક્ષુઓ ખોલી આસપાસ દૃષ્ટિ કરવાનુ કહેતા દુનિયામા ઘણે સ્થળે શોક અને દુ ખ આપણે જોઇએ છીએ પરન્તુ જે મહાન્ યોજનાનો માનવી એક અંગ છે તે મહાન યોજના તો પરમ ન્યાયયુક્ત છે, અને જે નિયમોદ્વારા આપણી સ્થિતિ સભવે છે તે નિયમો સર્વ રીતે સારા છે, માત્ર આપણે કરવાનુ એટલુજ છે કે તે સમજવાનો પ્રયત્ન કરવો અને તદનુસાર જીવન ગાળવાને તત્પર થવુ તેમણે કહ્યુ હતુ કે જીવન-માત્ર દુ ખમય છે પરતુ તેની સાથે એમ પણ કહ્યુ હતુ કે માનવી પોતેજ એ દુ ખનો કર્તા છે, કારણકે તે હમેશા કામનાને વશ થાય છે અને પોતાની પાસે જે ન હોય તેની પ્રાપ્તિ કરવાનો પ્રયત્ન કરે છે. એમનો એક મત એવો હતો કે સુખ અને સતોષ કામનાનો પ્રદેશ વિસ્તારવાથી નહિ પરતુ સંકુચિત કરવાથીજ મળે છે.

આ હેતુથી એમણે પોનાનો બોધ યોજ્યો હતો, અને એ કાર્ય એમણે ઘણી આશ્ચર્યકારક રીતે કર્યું સર્વને મથાળાં હેઠે ગોઠવ્યા હતા કે જેથી સર્વ યાદ રહી શકે એ ખરેખર સ્મૃતિની કેળવણીની એક બરોબર યોજેલી યોજના છે એની રૂપરેષા એવી તો સાદી છે કે એનાં ચાર ઉચા સત્યો, અષ્ટાત્મક માર્ગ, અને તેનાથી સૂચિત થતા જીવનસૂત્રો એ દરેક બાળકપણ યાદ રાખી શકે, છતાં તેની વિગત એવી તો ભરપુર છે કે ડાહ્યા પુરૂષોને જ્ઞાનીઓને આખી જીદગીભર અભ્યાસ કરવાને પુરતી એક જીવન મિમાસા તેમાંથી જડે છે વળી જેમ જેમ અભ્યાસ થાય તેમ તેમ તેમાંથી કાઇ નવું જાણવાનુ મળ્યાજ કરે છે

આપણા માનવામાં ન આવે એવી આશ્ચર્ય જનક રીતે તેઓ સર્વ વસ્તુનું પૃથકકરણ કરતા એ વાત એમનાં બાર નિદાનોનો અભ્યાસ કરવાથી માલમ પડે છે વિચાર ક્રિયારૂપ થતાં વચમા કઈ દશામાંથી પસાર થાય છે તેની સમજ એમના ગણિતથી પણ થાય છે એમણે બાંધેલાં ચાર સત્યોમાંના દરેક શબ્દથી સૂચવ્યા છે. પરતુ તેમણે તેના ઉપરનાં વાખ્યાન સાભળ્યા હોય છે તેમને તો પ્રત્યેક શબ્દ અનેક વિચાર પ્રેરે છે અને જાગ્રત કરે છે. અષ્ટપાદાત્મક માર્ગને વિષે પણ આમજ છે "શાંતિનો નાદ" એ નામના પુસ્તકમા જેને પરમ ઉન્નતિ કહી છે તે આવુજ શિક્ષણ છે. આ જે છે તે જ્ઞાન, સત્તા અને પ્રેમનાં જુદાં જુદાં સ્વરૂપોજ છે. સાધારણ તેને દશકના રૂપમાં ગણવામાં આવે છે છતાં કેટલીકવાર તેને ૭ પણ ગણવામાં આવે છે. એ ૭ તે, (૧) પરમ ઔદાર્ય (૨) પરમ નીતિ. (૩) પરમ ધૃતિ (૪) પરમ શકિત (૫) પરમ સત્ય,

(૬) અને પરમ જ્ઞાન બીજા જે ચાર કોઇ કોઇવાર ઉમેરવામાં આવે છે તે (૧) પરમ ઇશ્વરાધીનતા, (૨) પરમ નિશ્રિયાત્મકતા, (૩) પરમ દયા, (૪) પરમ સંન્યાસ

બૌદ્ધ ધર્મ હિંદુસ્તાનમાથી તો બીલકુલ નાશ પામ્યો છે છતાં તે પાછળ તેની ઘણી સારી અસર મૂકતો ગયો છે પરંતુ જ્યાં જોશો ત્યા બુદ્ધ ભગવાનના ધર્મની છાપ પડેલી જોવામા આવશે એમના અવતાર પૂર્વે પ્રાણીઓનો ભોગ આપવાનો રિવાજ સર્વ સ્થળે પ્રચલિત હતો, હજુ પણ કોઈ કોઇ સ્થળે તેના દર્શન થાય છે, પરંતુ તે ઘણાજ ઓછા પ્રમાણમા એમણે બોધ કર્યો હતો કે આવી વસ્તુનો ભોગ આપવાથી કાંઇ ઈશ્વિર પ્રસન્ન થતા નથી પણ જે ભોગ પરમેશ્વર માગે છે તે પવિત્ર જીવનરૂપ ભોગ છે

તે કાળના "ચિત્રગુપ્તના ચોપડા" તપાસતા જણાય છે કે તેઓ ઘણુ ખરૂ ખુલ્લા મેદાનમાજ ધર્મનો બોધ કરતા અને લગભગ હમેશા એકાદ વૃક્ષની હેઠ બેસી બોધ કરતા શ્રોતાજનો તેમની સમક્ષ હેઠ જમીનપર બેસતા કે ઝાડોને અઢેલીને ઉભા રહેતા સ્ત્રીઓ, અને પુરુષો સર્વ એકઠા થતા અને છોકરાઓ આસપાસ રમતા ફરતા. ભગવાન્ બુદ્ધનો સ્વર ઘણો આશ્ચર્યજનક, સુદર અને મધુર હતો. વળી તેમનો દેખાવ પણ એવો હતો કે શ્રોતાજનોપર ચોક્કસ અસર થયા વિના રહેજ નહિ, અને તેમના પ્રતિ લક્ષ આપ્યા વિના ચાલેજ નહિ વળી તેઓ હમેશા તેમના અતઃકરણને વશ કરી લેતા. ભાગ્યેજ કોઈ તેઓશ્રી સાથે સંમત થતુ નહિ પરન્તુ સમત નહિ થનારા માણસો પણ તેમને અંતકરણપૂર્વક ચહાતા હતાજ. વળી જ્યારે તેઓશ્રી બોધ કરતા ત્યારે શ્રોતાજનોમાં

એકાએક ધર્મ ઉત્સાહ જાગ્રત થતો. આપણે અહુણા તાળીઓ પાડીએ છીએ તેને બદલે તેઓ તે સમયે "સાધુ" "સાધુ" એવો વારે વારે ઉચ્ચાર કરી તેમના બોધને વધાવી લેતા જ્યારે એવું કાઇ તેઓ કહે કે જેથી તેમને ખાસ અસર થાય ત્યારે તેઓ આવો ઉચ્ચાર કરતા અને તેમને માન આપવ ને ખાતર સર્વ એકો વખતે નમસ્કાર કરતા

તેમનો ઓજસ ઘણોજ સબળ હતો અને તેના આંદોલનો ઘણાજ જબરા હતા તે પણ આમ થવાનું કારણ હતું તેનુ કદ પણ ઘણુ મોટુ હતુ. જ્યારે તેઓ વ્યાખ્યાન આપતા ત્યારે શ્રોતાજનો જાણે એ ઓજસના પ્રવાહમા સ્નાન કરતા હોય અને શુદ્ધિ પામતા હોય એમ જણાતુ હતુ તેની સૂક્ષ્મ અસર તો અવર્ણનીય હતી તે એવી તો હતી કે જ્યારે શ્રોતાજનો તેની અસર હેઠે હોય ત્યારે તો તેમાનો મર્મમા મૂર્ખ શ્રોતા પણ તેઓશ્રી જે કહેતા તે પૂરેપુરૂ સમજી શકતો, પરન્તુ તેમના સાનિધ્યમાથી દૂર થતા તેજ પ્રમાણે સમજવુ તેમને કઠિન થઈ પડતુ બુદ્ધ ધર્મના પુસ્તકોમા, એમના શ્રોતાજનોમાના ઘણા અર્હતદશાએ પહોચેલા હતા એવુ લખવામા આવ્યું છે એમ થતુ તેનું કારણ પણ આજ હતુ ભગવાન બુદ્ધના કાર્યના વર્ણન વાચતા વારે વારે વાચવામા આવે છે કે સેંકડો, બલ્કે હજારો માણસો તેમનો બોધ સાભળી અર્હતદશા પ્રાપ્ત કરતા આ દશાએ પહોંચવું એ કેટલુ કઠિન છે તે અમો જાણતા હતા એટલે જ્યારે અમોએ એ વાત વાચી ત્યારે અમને આ વાત અશક્ય લાગી હતી અને અમે એમ માની લીધેલુ કે આ તો પૂર્વના લોકની સ્વભાવસિદ્ધ અતિ-

શયોક્તિ હશે પરંતુ પાછળથી સૂક્ષ્મ અભ્યાસ દ્વારા એમ માલમ પડ્યુ કે એ પુસ્તકોનાં વર્ણનો બધાં સત્યજ છે આ વિચિત્ર પરિણામ સમજવાને વધારે શોધ ખોળ કરવાની જરૂર પડી, અને તે કરી ત્યારે સમજાયુ કે આ બધુ સમજવાને પૂર્વ જન્મોનો અભ્યાસ કરવો જરૂરનો છે

મહાત્મા બુદ્ધનો આ છેલ્લો જન્મ જો કે પાંચમી પ્રજામા હતો છતાં તેઓ ચોથી પ્રજાના બુદ્ધ હતા એમ આપણને ખબર છે આગલની પ્રજાઓમા તેમના ઘણા જન્મો થયા હતા અને તે પ્રસંગે તેઓ હમેશા ધર્મગુરુ તરીકે જન્મ્યા હતા આ પ્રત્યેક જન્મમાં તેમણે સેંકડો માણસોને પોતાની આસપાસ શિષ્ય તરીકે એકઠા કર્યા હતા અને જ્યારે તેઓએ હિંદુસ્તાનમા જન્મ લીધો ત્યારે એવી વ્યવસ્થા કરી હતી કે જેઓ જુદે જુદે સ્થળે જુદા જુદા જન્મમા તેમના શિષ્ય હતા અને એ શિષ્યત્વ દ્વારા ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી શકયા હતા તેઓ સર્વને પોતાની આસપાસ એકત્ર કરવા

આ પ્રમાણે તે વખતે તેઓની આસપાસ પૂર્ણ રીતે તૈયાર થએલા અને ઉચ્ચ સ્થિતિએ પહોચેલા મનુષ્યો એકઠા થયા હતા જ્યારે તેઓ ભગવાન્ બુદ્ધની તિક્ષ્ણ વિદ્યુત શક્તિની અસર અનુભવતા ત્યારે તેમના શબ્દોને તેઓ વધારે સારી રીતે સમજી શકતા અને તેથી એવી સારી રીતે વર્તન કરી શકતા કે તેની અસર તેમના આત્મા ઉપર અજબ રીતે અસરકારક થતી આથી કરીને બુદ્ધ ભગવાનના શબ્દોના પત્યુત્તર તરતજ તેઓના અંતકરણમાથી મળતા અને તેથીજ તેઓ આવી ઉચ્ચ ભૂમિકા ઉપર જલદીથી પહોંચી શકયા.

બુદ્ધ ભગવાને પોતાનાં આંતર શરીરો ઉચ્ચ પ્રકારના પદાર્થોમાંથી ઉત્પન્ન કર્યા તેથી તેઓમા spirillae (સ્પીરીલી) નો સંપૂર્ણ રીતે વિકાસ થયો હતો એ વાત "ગુપ્તસંહિતા" ના ત્રીજા પુસ્તકમા "બુદ્ધ ભગવાનના વિષેની ગુપ્ત વાતો" નામના મનોરંજક અને અસર કારક વિભાગમા મળી આવે છે એમના બૌદ્ધિક, કારણ, અને માનસિક શરીરો બીજા મહાત્માઓના ઉપયોગ માટે રાખી મુકવામા આવ્યા છે કારણ કે એવા શરીરો ફરીથી ઉત્પન્ન કરવા ઘણા મુશ્કેલ થઇ પડે છે જ્યા લગી **મહાત્મા ક્રાઇસ્ટે** ઇસુના સ્થૂલ શરીરમા વાસ કરી તેઓના સુક્ષ્મ શરીરોનો ઉપયોગ કર્યો ત્યા લગી ઇસુ પોતાના સૂક્ષ્મ શરીરોમા રહીને ઉચ્ચ લોકમા વસતો હતો. **શ્રી શંકરાચાર્યે** પણ એ શરીરનો ઉપયોગ કીધો હતોજ અને તે થીજ એવી ખોટી વાત ઉડી હતી કે **શંકરાચાર્ય** પણ **મહાત્મા બુદ્ધનો** અવતાર હતા. આવતા **ક્રાઇસ્ટ** માટે હમણા એક બીજુ સ્થુલ શરીર તૈયાર થાય છે તેમા પણ તેઓ શ્રી એજ શરીરોનો ઉપયોગ કરવાના છે.

પૃથ્વી ઉપરનાં મનુષ્યોમા બીજા સર્વ ધર્મો કરતા બૌદ્ધધર્મ માનનારાની સખ્યા વધારે માલુમ પડે છે અને બૌદ્ધ ધર્મ આપણામાના કરોડોને એક પ્રકારના જીવન પ્રવાહ રૂપ છે યુરોપ વાસીઓના લખાણ ઉપરથી બરાબર રીતે તુલના કરી શકાતી નથી હું જ્યારે સીલોન અને બ્રહ્મદેશમાં રહેતો હતો તે વખતે મેં એમના લખાણને બૌદ્ધમત માનનારા કેટલાક વિદ્વાનોની દલીલો સાથે સરખાવ્યું હતુ. એ દેશના વિદ્વાન સાધુઓ પણ પૂર્વના વિદ્વાનોની માફક દલીલ સાથે એક વિષયનો ખુલાસો કરે છે, પરંતુ તેઓની સમજાવવાની રીત તદ્દન માલ વગરની માલુમ પડે છે. અગ્રેજી

ભાષામાં બૌદ્ધ ધર્મને લગતાં ઘણાં પુસ્તકો છે પરંતુ તેમાં હાલના બૌદ્ધમતવાદીઓ ખરૂ રહસ્ય સમજે છે તેને મળતું પુસ્તક તો માત્ર "**સર એડવીન આરનોલ્ડ**"નુ બનાવેલુ '**ધી લાઇટ ઓફ એશીઆ** જ છે અને આ પુસ્તકના સાથી તરીકે બીજુ પુસ્તક **મી એચ ફીલ્ડીગ હોલ**નુ બનાવેલુ "**ધી સોલ ઓફ એ પી**પલ ગણીશકાય સર **એડવીન આરનોલ્ડ** પોતાના ગ્રથમા મળ શબ્દના દેખીતા અર્થ કરતા કાંઈક ઉડા ગયા છે અને એ શબ્દોમા કાઇસ્ટે દર્શાવેલા વિચારજ આવે છે એમ દર્શાવવા પ્રયત્ન કીધુ છે એમ એમના કેટલાક ટીકાકારોએ કહ્યુ છે પરંતુ હુ એમ ધારતો નથી, અને મને તો ઉલટુ એમ માલમ પડે છે કે બીજા સર્વ બૌદ્ધ ધર્મ ઉપર લખનારાઓમા તેઓજ એ ધર્મનુ વર્ણન અને લાગણીનો ભાવ વધારે સારી રીતે દર્શાવી શકયા છે

બૌદ્ધ ધર્મ હાલમા બે વિભાગમા વહેચાઇ ગયો છે, એક ઉત્તર તરફના 'દેવળ'ને નામે ઓળખાય છે અને બીજો દક્ષિણના દેવળનો છે એ બને શાખાઓના મત બુદ્ધ ભગવાનના મુળ ઉપદેશથી કેટલેક અશે જુદા પડે છે અને એક બીજાથી જુદીજ દિશામા જુદા પડે છે બૌદ્ધ ધર્મ ઘણો સાદુ, સીધો અને સાધારણ બુદ્ધિવાળા મનુષ્યથી સમજાય એવો ધર્મ છે અને તેથીજ બીજા ધર્મના સિદ્ધાતો અને ક્રિયાઓનો ત્યાગ કીધા સિવાય ગમે તે મનુષ્ય એ ધર્મમા પ્રવેશ કરી શકે છે આના પરિણામે બૌદ્ધ ધર્મની એક શાખામા (ઉત્તર દેવળના વિભાગમા) એવી જાતનો ઘણો વધારો થએલો માલુમ પડે છે એ શાખામા પહેલાના ધર્મમા ચાલતી આવેલી ક્રિયાઓ અને સિદ્ધાતોના ઘણા ભાગ નજરે પડે છે દાખલા તરીકે ટીબેટ તરફના બૈદ્ધ મતમા દેવ,

ફીરીસ્તાઓ તથા રાક્ષસોના એક મોટા સમહુ વિષેની માનતા પ્રચલિત છે એ વીષે મૂળ ભગવાન બુધ્ધે સ્થાપેલા ધર્મમા કાઇપણ માલુમ પડતુ નથી બીજી બાજુએ જોતા દક્ષિણ દેવળની શાખાએ બુદ્ધ ભગવાનના ઉપદેશમા કાઇંક વધારો કરવાને બદલે ઉલટુ કઇક ગુમાવ્યુ છે તેણે એ તત્ત્વજ્ઞાનના સ્થૂળ અને નજીવા ભાગને વધારે સ્થળ બનાવ્યો છે

એક જન્મમાથી બીજા જન્મમા કર્મ સિવાય બીજુ કાઇ પણ જતુ નથી–મનુષ્યનો જીવ અમર નથી પરતુ બીજા જન્મમા, પહેલાનાજ જન્મમા કીધેલા કર્મોના ફળરૂપે તદ્દન નવેજ મનુષ્ય પેદા થાય છે, એવી જાતનુ શિક્ષણ એમા અપાય છે એના પુરાવા વાસ્તે બુદ્ધ ભગવાનના વચનો ટાકવામા આવે છે. વળી મહાત્મા બાદ્ધ પણ ભુતાદમા હમેશને માટે રહેતો નથી એ વીષે ઘણુ બોલતા હતા અને પોતાના શ્રોતાજનોની વારવાર ખાતરી કરી આપતાકે મનુષ્યમા જે સર્વ છે તેમાથી તેમજ આપણે જે જે જાણીએ છીએ તેમાથી કંઇપણ બીજા જન્મમા જતુ નથી પરતુ કોઇપણ જગ્યાએ એમણે જીવ માટે એવુ કહેલું જણાતુ નથી પણ ખરૂં જોતા તો એમના ઘણા વચનો તેમા શાક્ષીરૂપ છે દાખલા તરીકે "દીધ નિકાય" નામના પુસ્તકમા 'સામજ્ઞફલ સુત્ત' નામનો વિભાગ તપાસીએ. મુમુક્ષુના માર્ગ ઉપર વધારે વિજય મેળવવા માટે જોઇતી મનની કેળવણી વિષે કહ્યા પછી મનુષ્ય પોતાની પાછલી જીદગીના વૃત્તાત કેવી રીતે જાણી શકે તથા ચિત્રગુપ્તના ચોપડામા પોતા વિષે જે સર્વ લખાણુ હોય તે કેવી રીતે વાચી શકે એ **બુદ્ધ ભ**ગવાને યોગ્યરીતે સમજાવ્યું હતુ. તેઓશ્રી નીચલા શબ્દોમા એનુ સ્પષ્ટીકરણ કરે છે—

"જો એક મનુષ્ય એક ગામથી બીજે ગામ જાય અને ત્યાંથી ત્રીજે ગામે જાય, અને ત્યાંથી પાછો પોતાને ગામ પાછો આવે, તો પોતાના મનમા એ વિષે એવો વિચાર ચલાવી શકે કે "ખરેખેર હુ મારે પોતાને ગામથી પેલે બીજે ગામ ગયો, ત્યા હુ આ પ્રમાણે ઉભો રહ્યો, ત્યા આ પ્રમાણે હું બેઠો, આમ હોલ્યો અને આવી રીતે મુગો રહ્યો પાછો તે ગામથી બીજે ગામ હુ ગયો અને ત્યા પણ એ પ્રમાણેજ કીધુ, અને ત્યાથી અહી પાછો આવ્યો આ પ્રમાણે, પોતાનુ મન તદ્દન શુદ્ધ થાય છે ત્યારે યોગી પુરુષ પણ પાછલી જીદગીનું વૃત્તાંત જાણી શકે છે અને તે વખતે આમ વિચાર કરે છે કે--' આવી જગ્યાએ મારૂ નામ આ હતુ હું આવા કુટુબમા જન્મ્યો હતો, મારી જ્ઞાતિ આ હતી, મારો ખોરાક આવો હતો, અને આવી આવી રીતે મને સુખ તથા દુ ખનો અનુભવ થયો હતો ત્યાથી બાકીની જીદગી મેં બીજી જગ્યાએ પણ એમ ને એમજ ગાળી ત્યાથી ખસેડીને મને અહી જન્મ આપવામાં આવ્યો છે "

આ બુદ્ધ ભગવાનના વચનો તેઓશ્રીના પુનર્જન્મ માટેના સિદ્ધાંતનો સપૂર્ણ ખુલાસો કરે છે. અને એક યોગી પુરુષ બીજા મનુષ્યોના પાછલા જન્મના વૃતાતો કેવી રીતે જોઈ શકે છે તેમજ તેઓને એકજ જગ્યાએ મરતા કેમ જુએ છે અને પછી સ્વર્ગ અથવા નરકના સુખ, દુ ખ, નો અનુભવ લીધા પછી તેજ મનુષ્યો બીજી જગ્યાએ કેવી રીતે જન્મ પામે છે એ વિષે પણ તેઓશ્રીએ એજ સુત્રમાં સારી રીતે ખુલાસો કીધો છે વળી તેઓશ્રી "બ્રહ્મ જાલ સુત્ર" માં આત્મા (Soul) ના સર્વ વિવિધ રૂપો

(aspects) નો ઇસારો કરે છે અને કહે છે કે તેઓ તદ્દન સ્વતંત્રરીતે પોતાનું અસ્તિત્વ ધરાવતા નથી પરતુ તેઓના અસ્તિત્વનો મૂળ આધાર તેઓના સંબધ સાથે રહે છે. આત્માનું અસ્તિત્વ સર્વથી સ્વતત્રપણે છે એ એક વાત તેઓશ્રી સ્વીકારતા નથી પરતુ માત્ર આત્માનુજ નહિ પરતુ ઇશ્વરનુ પણ અસ્તિત્વ છે એ સત્ય છે એમ તેઓ કહે છે

બીન કેળવાએલા મનુષ્યો ઘણીવાર આ વિચારોને બરાબર રીતે સમજી શકતા નથી પરતુ પૂર્વ તરફના વિચારોનો કાળજીથી અભ્યાસ કરનાર તો એમા ખરૂં તત્ત્વ શુ સમાએલુ છે તે સારી રીતે સમજી શકશે અને વળી એ પણ જોઈ શકશે કે આ વિષયમાં બુદ્ધ ભગવાનનો જે ઉપદેશ છે તેજ થીઓસોફી તરફથી પણ આપવામા આવે છે આ ઉપરથી એનો સમજાતુ હશે કે એક પુસ્તક બીજાના કરતા તદ્દન ઉધુંજ સમજાવે છે એમ વારવાર ખાસ ભાર દઇને શા માટે કહેવામા આવે છે ખ્રિસ્તિ ધર્મના કેટલાંક મનુષ્યોને એવી ટેવ પડેલી હોય છે કે પોતાનાં ધર્મના અમુક પુસ્તકોને વારંવાર તેઓ ટાંકી બતાવે છે પરંતુ એજ વખતે એજ ધર્મના બીજા જરા ઉલટા ભાવાર્થના પુસ્તકોને પોતાના લક્ષમાથી તદ્દનજ બાતલ કરે છે. એજ પ્રમાણે દક્ષિણુ દેવળની શાખા પણ જીવાત્માનું અમરપણું સ્વીકારવા કરતા ભુતાત્મા જ હમેશને માટે રહેતો નથી એ વાત કહે છે

નિર્વાણુ એ કાંઇજ નહિ પરંતુ વિનાશ છે એવી જાતની ગેરસમજ પણ ઘણીવાર ઉભી થાય છે. ઓકસફર્ડના મહાન્ સંસ્કૃતવેત્તા મેકસમુલર પણ એ વિષે ઘણા વર્ષ લગી મોટી વીમા-

સણુમા હતા પરંતુ પાછળથી જેમ એઓ ઉંડા ઉતરવા લાગ્યા તેમ તેમ તેઓને માલુમ પડ્યુ કે એવી માન્યતામા તેમણે મોટી ભૂલ કીધી હતી. બુદ્ધ ભગવાને આપેલી નિવાર્ણની વ્યાખ્યા એવી છે કે જે સાધારણ તથા વ્યાવહારિક બુદ્ધિવાળા મનુષ્યથી જરાપણ સમજાય એમ નથી તેથી યુરોપવાસીઓ પહેલીજ વખતે જોતા એનો જરા ઉંધો અર્થ ગ્રહણ કરે એ સ્વાભાવિક છે પરંતુ પૂર્વના વિદ્-જ્જનોના સમાગમમા રહેલા મનુષ્યોમાનો એકપણ એવો નહિ નિકળે કે જે નિર્વાણનો અર્થ વિનાશ કહે

મનુષ્ય વિષે આપણે હાલમા જે કાઇ જાણીએ છીએ તે તેના અંધા સ્વભાવ વિષેજ છે તેનો તો નિર્વાણ મળતી વખતે વિનાશ થવોજ જોઇએ વાત તો સત્યજ છે નીચા શરીરોની સાથે જે સબધમા આવે છે તે ભૂતાત્મા અમર નથી પણ નાશ પામે છે હવે આ શબ્દોની અંદર જે કાંઈ સમાઇ ગયુ છે તે સર્વનો જ્યારે નાશ પામે છે ત્યારે મનુષ્યમા બાકી શુ રહે છે એ જાણવા માટે જો આપણે પ્રયત્ન કરીએ તો માલુમ પડશે કે હજારો જન્મોમા કેળવાએલા સર્વ ગુણોનો સપૂર્ણ વિકાસ આત્મામા થએલો માલમ પડશે પરંતુ આ વાત હજી એવી છે કે જે આપણી ભૂમિકા સુધી પહોચેલો મનુષ્ય ગ્રહણ કરી શકે નહિ મનુષ્ય હાલના વખતમા દેવી મદીરમા પ્રવેશ કરવા માટે ત્યાના બારણામા ખડો થવા યોગ્ય થયો છે એટલે પહેલા જે મનુષ્ય હતો તેના કરતા એ કાંઇક વધારે આગળ ગયો છે. છતા હજુ એ મનુષ્યત્વનો ત્યાગ કરવા યોગ્ય નથી

અત્યાર સુધીમા નિર્વાણની ઘણી વ્યાખ્યાઓ આપવામાં આવી છે, પરન્તુ તેમાંની કોઈપણ સતોષકારક નીવડી નથી માત્ર કહીએ

તો તેઓમાની ' સર્વજ્ઞતામૂલક શાંતિ ' એ વ્યાખ્યા તેઓના મુકાબલે વધારે યોગ્ય માલુમ પડે છે ઘણા વર્ષ પહેલા જ્યારે હુ બુદ્ધીષ્ટ છોકરાઓ માટે બૌદ્ધધર્મની રૂપરેખા તૈયાર કરતો હતો તે વખતે મહાન્ સાધુ સુમંગલે પોતે મને નિર્વાણની એવી વ્યાખ્યા આપી હતી કે આપણી સ્થિતિના કરતા ઘણીજ ઉંચી જાતની શાંતિ અને આનંદની ભૂમિકાને નિર્વાણ કહે છે એ શાંતિ અને આનંદવૃત્તિ એટલી બધી ઉંચા પ્રકારની હોય છે કે આપણને એનો સ્હેજ પણ ખ્યાલ આવવો ઘણો મુશ્કેલ થઇ પડે છે. પરંતુ એમ તો ખાતરીથી કહી શકાય છે કે વિનાશ ના કરતા એ જુદુજ સુચવે છે એનો સત્ય છે કે જે સર્વ આપણે ' મનુષ્ય ' મા ગણીએ છીએ તેનો નાશ થયો છે, પરંતુ એ કાંઈ જીવાત્માના વિનાશ ને લીધે થયું નથી પણ તે દીવ્યતાના મહોદધીમા ગરકાવ થઈ ગયો છે તેને લીધે છે

એક સમયે બુદ્ધ ભગવાને પણ કહ્યુ છે કે ' જ્યારે નિર્વાણ પ્રાપ્ત થાય છે ત્યારે આત્મા છે એમ પણ કહી શકાતુ નથી અને તે નથી એમ પણ કહી શકાતુ નથી. "

વળી બુદ્ધ ધર્મના ઉત્તર દેવળની શાખામાં અને દક્ષિણ દેવળના શાખામા એ તફાવત છે કે તેઓ મૂળગ્રંથના જુદા જુદા વિભાગોનેજ પોતાના આધારરૂપ ગણે છે ઉત્તર તરફના ' **મહાયાન** ' નો આધાર ગ્રહણ કરે છે અને દક્ષિણ તરફના ' **હીનયાણ** ' ને પોતાના મૂળગ્રન્થની ઉપમા આપે છે આટલુ પણ ખાતરીથી કહી શકાય એમ નથી કારણ કે એનો મુખ્ય આધાર તેઓ એ શબ્દોનો જેવો અર્થ ગ્રહણ કરે તે ઉપર રહેલો હોય છે.

'યાન' નો અર્થ વાહન કરવામાં આવે છે. જીવન મરણના સમુદ્રમાંથી તારીને નિર્વાણના ક્ષેત્રમાં લઇ જનાર વાહનરૂપી 'ધમ્મ' અથવા કાયદા સાથે એનો અર્થ બેસાડવામાં આવે છે પરતુ એ શબ્દનો કયો અર્થ લેવા યોગ્ય છે એ માટે પાચ જુદી જુદી માન્યતા પ્રચલિત છે

(૧) પ્રથમ માન્યતાના એમ કહેવાય છે કે જે ભાષામા એ કાયદો લખવામા આવ્યો છે તે માટે એટલે કે ઉચ્ચવાહન તે સસ્કૃત ભાષામાટે વપરાયુ હશે અને હલકુવાહન તે પાલીભાષાને સૂચવે છે પરતુ આ મને કાઇ યોગ્ય લાગતુ નથી. ઉત્તમ દેવળના ભાગમા સસ્કૃત ભાષાનો ઉપયોગ થાય છે અને દક્ષિણ દેવળના વિભાગમા પાલીભાષા કે જે ભગવાન્ બુદ્ધ જાતે બોલતા હતા તેનો ઉપયોગ થાય છે પરતુ એમ કહેવાય છે કે પહેલાના મૂળ પાલી ભાષાના પુસ્કોનો ' ટેમીલ ' લોકોએ નાશ કીધો હતો પરતુ હાલમા જે સીલોનમા પાલી ભાષામા લખએલાં પુસ્તકો મળી આવે છે તે તે સમયે ચાલતી સીલોનની ઇલુભાષાના પુસ્તક ઉપરથી કીધેલાં ભાષાંતર હશે

૨ હીનનો અર્થ નીમ, સહેલુ, અથવા નાનું એવો પણ થાય છે અને તેથી હીનયાનનો અર્થ મુકિત મેળવવાનો સહેલો માર્ગ. મુક્તિ મેળવવા માટે જોઇતા જ્ઞાન અને સારં ચાલ ચલગતનો તેમાં ઘણુજ થોડા પ્રમાણમા સમાવેશ કરવામા આવ્યો હોય છે.—અને મહાયાનમાં તો કુદરતની ઉચ્ચ ભૂમિકા વિષે જ્ઞાનના સપૂર્ણ ખુલાસાનો સમાવેશ થાય છે એ કહેવાની જરૂર નથી કે આવી જાતની માન્યતા મહાયાનના અનુયાયીઓ તરફની છે.

૩ બૌદ્ધધર્મ, બીજા સર્વ ધર્મો પણ મુકિતનો માર્ગ જુદા જુદા રૂપમાં દર્શાવે છે એમ માને છે પરતુ બુદ્ધ ભગવાનના ધર્મમાં સર્વથી નાનો, સરળ, અને પૂર્ણ ખાતરી વાળો માર્ગ દર્શાવવામાં આવે છે એમ માને છે આ રીતે બૌદ્ધ ધર્મ તે મહાયાન છે અને હીનયાનમા બીજા સર્વ ધર્મો—બ્રાહ્મણધર્મ, જરથુસ્તી ધર્મ અને અન્ય ધર્મ, વગેરેનો—સમાવેશ કરે છે

૪ મહાયાન અને હીનયાન એ એકજ સિદ્ધાત ના બે જુદા વિભાગો છે હીનયાન શ્રાવકો અથવા સાભળનારાઓ માટે છે અને મહાયાન આગળ વધેલા જીજ્ઞાસુઓ માટે છે.

૫. યાનનો અર્થ સ્પષ્ટ રીતે વાહન એવો લેવાનો નથી પરતુ અગ્રેજી શબ્દ Career (કાર્કાદી) ને મળતો લેવાનો છે એટલે મહાયાન, બોધી સત્વનુ પદ કેવી રીતે પ્રાપ્ત કરવુ તથા દુનીઆના લાભ માટે કેવી રીતે મડયા રહી મહત્તાવાળુ જીવન ગાળવુ એ શીખવે છે હીનયાન પોતેજ માત્ર નિર્વાણ કેમ પ્રાપ્ત કરી શકે છે એ બતાવે છે

'**આદિ બુદ્ધ**' અને 'અવલોકીતેશ્વર' ના અર્થો માટે પણ ઘણા વિવિધ અભિપ્રાયો છે મે એ વસ્તુઓનો તત્વજ્ઞાનની દૃષ્ટિએ જોતા ખાસ અભ્યાસ કીધો નથી પરતુ એ સબધી વાદવિવાદમાથી હુ જે કાઇ ગ્રહણ કરી શકયો છુ તે ઉપરથી એમ લાગે છે કે **આદિ બુધ્ધ** એ દૈવી વિકાસના વિવિધ માર્ગોમાથી એક માર્ગનો સપૂર્ણ છેડો દર્શાવે છે અને એ સર્વ બુધ્ધોનુ એક અવ્યકત તત્વ પણ કહી શકાય 'અવલોકીતેશ્વર' એ શબ્દ ઉત્તર તરફના દેવળમાં ઘણું ખરૂં વપરાતો માલુમ પડે છે અને ઇશ્વર (Logos) માટે એ શબ્દ ઘણુંખરૂં વાપરવામાં આવે છે એમ માલુમ પડે છે. યુરોપવાસીઓએ એનો અર્થ 'ઉચેથી નિરીક્ષણ કરનાર ભગવાન્'

એવો કીધો છે પરતુ બારીકાઇથી જોતા એ અર્થમા કાઇક વિશેષતા લાગે છે કારણ કે એ હમેશા ‘રૂપવાળા ઇશ્વર’ (Mainfested Logos) નો અર્થ દર્શાવે છે. પરતુ કેટલીક વખતે એક સૂર્ય મંડળના ઇશ્વ નો અને કેટલીક વખતે એના કરતા પણ ઉચા દરજ્જાના ઇશ્વરનો અર્થ દર્શાવે છે પણ તે હમેશા તો હોયછેજ મહાન ધર્મના સ્થાપનારાઓ જેને અમુક નામ પોતે આપે છે તેને જુએ છે અને જાણે પણ છે કે તે શુ છે, પરતુ તેઓના અનુયાયીઓ, તો એ શુ છે એ જોઇ શકતા નથી માટે માત્ર તેના અર્થ સબધે વિવિધ જાતની માથાકુટ કરે છે અને તેથી ખોટા અને મૂલને જરાપણ મળતા ન આવે એવા વિચારો તે માટે બાધે છે

જાપાન, ચીન, અને ટીબેટ એ દેશો તરફના એટલેકે ઉત્તર દેવળ વિભાગના બૌદ્ધધર્મમા નવું ઘણ્ દાખલ થવા પામ્યુ છે, અને સીલોન, બર્મા અને સિયામ તરફની એટલે કે દક્ષીણ દેવળના ભાગના બૌદ્ધધર્મમા એવુ હજુ દાખલ થવા પામ્યુ નથી બર્માના દેવળોમા બુદ્ધ ભગવાનની મૂર્તિઓ સિવાય બીજા કાઇ પણ દેવની મૂર્તિઓ નથી જે બુદ્ધ ભગવાનની મૂર્તિઓ છે તે વિવિધ જાતના ધાતુઓની બનાવેલી અને જુદે જુદે ઠેકાણે પધરાવેલી માલુમ પડે છે પરન્તુ સીલોનમા જ્યારે ટેમીલ રાજાઓ રાજ્ય કરતા હતા ત્યારે એ લોકોની લાગણી ન દુખાય અથવાતો સાધારણ જનમડલની લાગણી ન દુખાય માટે બુદ્ધ ભગવાનની મુર્તિઓની સાથે બીજી હિંદુ દેવોની મૂર્તિઓ પણ મુકવામા આવતી હતી તો પણ તેની અદર એટલો તફાવત રાખવામા આવતો કે હિદુ ધર્મના દેવોની મૂર્તિઓ બુદ્ધ ભગવાનની મુર્તિથી નીચી મુકવામા આવતી હતી અને એઓને તેઓશ્રીના એક જાતના અંગત સેવકો તરીકે ગણવામા આવતા હતા.

ટીબેટ તરફ દૃષ્ટિ કરતા ત્યાના બૌદ્ધધર્મમાં કેટલીક જાતના વહેમો દાખલ થઇ ગએલા જણાય છે એ માટે આપણે ટીબેટીવાસીઓનો વાંક કાઢીએ એ યોગ્ય ગણાય નહિ કારણકે દરેક દેશમાં જેમ જેમ વખત બદલાતો જાય છે તેમ તેમ એવા ફેરફારાતો થયાજકરે દાખલા તરીકે ઇટાલીમાં હજુ પણ ટેકરાઓમા રહેનાર ખેડુતો એ દેશના જુનો ધર્મ માને છે અને બેકસ (Bacchus) ને એટ્રસ્કન ભાષામા વપરાતાનામથી પૂજે છે આથી એમ માલુમ પડે છે કે એ નામ રોમન રાજાઓના વખતથી પણ પહેલાનો સમય દર્શાવે છે કેથોલીક સાધુઓ એ ધર્મના અસ્તિત્વ વિષે સારી પેઠે જાણે છે તેઓ એની સામા થવા ઘણોએ પ્રયત્ન કરે છે પરંતુ કાઇ પણ વળતુ નથી.

દક્ષિણ દેવળની શાખામા ખ્રિસ્તિ ધર્મની ક્રિયાઓ જેવી કાઈ પણ ક્રિયા માલુમ પડતી નથી જ્યારે સવારમા મનુષ્યો દેવળની મુલાકાત લેવા જાય છે ત્યારે તેઓ ઘણુ ખરૂ ત્યાના પૂજારી પાસે ‘ત્રણ મત્રો અને પાચ સૂત્ર’ પહેલા બોલાવે છે અને પછી તે પ્રમાણે બોલે છે વસ્તુત આ પણ ‘સાર્વજનિક ક્રિયા’ કહેવાય નહિ કારણ કે એ કાઈ એક વખતજ બોલાતી નથી જેમ માણસો આવે તેમ એ બોલવામા આવે છે તેમજ વળી ‘પરીત્ત’ અથવા ‘પીરીત’ નામની બીજી પણ ક્રિયા છે પરન્તુ એ કાઇ ખાસ દેવળમા અથવા અમુક ઠરાવેલે વખતેજ કરવામા આવતી નથી કોઇપણ સારા પ્રસગે કોઇપણ ઘરધણી એ ‘પીરીત’ ક્રિયાનો ઉત્સવ કરે છે આ ‘પીરીત’ ક્રિયા કરવી હોય ત્યારે તેને માટે એક સુશોભિત મડપ રચવામાં આવે છે અને તેની અદર ધર્મપુસ્તકમાંથી આશીશદાયક મત્રોનો ઉચ્ચાર કરવામા આવે છે. આ

ક્રિયાને માટે કેટલાએ સાધુઓ મંડપમાં આવી એક બીજાથી એકેક કલાકને અંતરે છુટા પકડી એ ક્રિયાને લગભગ પંદર દિવસ લગી ચલાવે છે

કોઇ વખતે કોઇ મનુષ્ય માંદો પડે તો તેને સારો કરવા માટે પણ 'પીરીટ' ક્રિયા કરવામાં આવે છે ખરી રીતે જોતા એ એક (Mesmeric) માનસિક પ્રયોગ છે કારણ કે એમા સાધુઓ ગોળ કુંડાળાના આકારમા હાથમા સર્વની આસપાસ ફરી વળતુ એક દોરડુ પકડીને બેસે છે અને પોતાનાં ધર્મપુસ્તક વાચતી વખતે તેઓના મનમા માત્ર આશીર્વાદ આપવાનીજ ઇચ્છા પ્રબળ રાખવા માટે તેઓને કહેવામા આવે છે ક્રિયા શરૂ થયા પછી ટુંક મુદ્દતમા એ દોરડામા વિદ્યુત શક્તિનો પ્રવાહ ઘણા જોરથી વહેવા માડે છે, અને તેથી જે પાણીમા એ દોરડામાંથી જુદી જુદી દોરડીઓ અથવા તાતણાઓ નાખવામાં આવ્યા હોય છે તે પાણી વિદ્યુત શક્તિથી ભરપુર થાય છે એની પૂર્ણાહુતી પછી એ પાણી સર્વ મનુષ્યોમાં વહેચવામા આવે છે અને ઘણી વખતે તો જે માંદો મનુષ્ય હોય છે તેના હાથમા પેલા દોરડાને વળગાડેલો એક તાતણો આપવામા આવે છે

દક્ષિણ દેવળના બૌદ્ધ ધર્મીઓ એમ કહે છે કે મોક્ષના માર્ગ ઉપર પ્રયાણ કરનાર મનુષ્ય પાચ આત્મિક શક્તિઓ પ્રાપ્ત કરી શકે (૧) જીવતા હોય છતા હવામાથી અને નક્કર પદાર્થમાંથી પસાર થઈ શકવુ તથા સ્વર્ગલોકમા જઈ શકવું આ ઉપરથી એમજ સમજવુ કે કામલોકમા છુટથી હરીફરી શકવુ કારણ સ્વર્ગ લોક એટલે માનસ લોક નહિ, પરંતુ કામલોકના ઉચ્ચ વિભાગજ સમજવાના છે

(૨) દૈવીનાદનું સાંભળી શકવું—એ કંઇજ નહિ પણ સૂક્ષ્મશ્રવણ નામની શકિતનો વિકાસ છે

(૩) બીજાના મનમાં શું છે તે સર્વ જાણી શકવું—એ વિચાર પારખવાની શકિત છે

(૪) પાછલા જન્મના વૃત્તાંત જાણી શકવા.

૫ દૈવી ભુવનોનું અથવા લોકોનું સ્પષ્ટ પણે નિરીક્ષણ કરી શકવું એટલે સૂક્ષ્મ દૃષ્ટિ કેટલાંક લખાણોમાં એક વધારે શકિત વિષે લખવામાં આવ્યું છે અને તે એ છે કે જ્ઞાનથી મુક્તિની પ્રાપ્તિ એટલે ફરીથી જન્મ થવાની જરૂરીઆત અથવા ફરજીઆતનો નાશ થવો. પરંતુ આ શક્તિ બીજી શક્તિઓના જેવીજ હોય એમ માલુમ પડતું નથી અને એ પાંચમાં એનો સમાવેશ થવો યોગ્ય લાગતો નથી

બુદ્ધ ભગવાનનો ખાસ શિષ્ય આનંદ નામનો હતો એમ કહેવાય છે અને ક્રાઇસ્ટનો ખાસ શિષ્ય જોન હતો એમ માલમ પડે છે આ બન્નેની બાબતમાં પાછલા જન્મના સબંધને લીધે એ પ્રમાણે બન્યું હતું એમાંતો જરાપણ શક નથી આનંદને વિદ્વત્તા માટે પસંદ કર્યો હતો એમ નથી બુદ્ધ ભગવાનના મરણ પછી જ્યારે પહેલો મેળાવડો (Council) મળ્યો હતો ત્યારે એમાંનો કોઇ સંગીન ખડકમાં થઇને પસાર થઈ શકતો નહિ તેને એમાં ભાગ લેવાદેવામાં આવવાનો ન હતો આનંદમાં એ શક્તિનો વિકાસ હજુ થયો ન હતો તેથી તે એમાં તે વખતે જઇ શક્યો નહિ પરંતુ તે સમયે પોતાના સદ્ગુરૂના એક મહાનકાર્યમાં પોતે કાંઈ મદદ કરી શકાઇ નહિ એનો શોક એને એટલો બધો વ્યાપી ગયોકે તેજ

વખતે એક સખ્ત પ્રયત્નથી એ શક્તિનો વિકાસ એ પોતામાં કરી શકયો વિકાસ થતાની સાથેજ તે પોતાના મિત્ર મંડલમા જગ્યા લેવાને માટે ઠરાવેલે વખતે જઈ પહોચ્યો. તેમા એટલુજ થયું ઠરાવેલા ટાઇમથી જરા મોડો પહોચ્યો.

આ ઉપરથી એમ માલમ પડે છે કે ઘણા આગળ વધેલા મહાત્માઓને તેઓના ખાસ મિત્રો હોય છે અને તેથી એક મનુષ્યના કરતા બીજા ઉપર વધારે પ્રેમ રખાય એ અયોગ્ય ગણી શકાય નહિ એ વાત સત્ય છે કે જેવું હેત તમે હમણા તમારા અતરના તથા પાસેના પાસેના સગા માટે રાખો છો તેવુજ હેત પછીથી સમગ્ર જનમંડળને માટે રાખશો, પરતુ તેજ વખતે તમારા પાસેનાઓ માટે તમારૂ હેત હજારગણુ વધેલુ માલમ પડશે તમારો પ્રેમ સર્વ ઉપર થશે પરતુ સર્વ ઉપર સમાન તો થશેજ નહિ આપણો આપણા ગુરુશ્રી ઉપર જેવો પ્રેમ હોય તેવો બીજા ઉપર તો હોઇ શકેજ નહિ કારણ કે જ્યારે તેઓશ્રી ઇશ્વિર થાય ત્યારે આપણે તેના મડળના એક વિભાગ બનશુ અને જ્યારે આપણે ઇશ્વરપણાને પ્રાપ્ત કરશું ત્યારે પણ આપણે તેઓશ્રી કે જે તે સમયે કોઇ મહાન્ સસ્થાના વ્યવસ્થાપક હશે તેના એક વિભાગ થઇ રહેશુ બીજાઓના કરતા કેટલાક ઉપર તે સમયે આપણો પ્રેમ વધારે હશે તોપણ જેના ઉપર પ્રેમ વધારે હોય અને જેના ઉપર ઓછો હોય તે સર્વને તે સમયે મદદ તો સમાનજ રીતે આપણે આપીશુ જેમ એક વૈદ પોતાનો દરદી મિત્ર હોય યા ન હોય તો પણ તેને સારો કરવા માટે બનતો પ્રયત્ન કરે છે તેમજ આપણે પણ તે વખતે સર્વના ભલા માટે

કરશું, કારણ કે તે વખને તો ઘણા સમય પહેલાથીજ પસદગી, નાપસદગી, અથવા તીરસ્કાર વગેરે નાશ પામ્યા હશે

બુદ્ધ ભગવાનના વખતમા આ દુનીઆ ઉપર ઘણા યોગી મહાત્માઓએ જન્મ લીધો હતો દાખલા તરીકે લીયો-ટસ કોનફ્યુશીઅસ, અને પાઇથાગોરાસ તેજ સમયે જુદી જુદી દીશાઓમા કામ કરતા હતા

દુનીઆના જુદા જુદા ભાગેમા મહાત્માઓને મોકલવા માટે તે સમયના દૈવીબલના પ્રચડ પ્રવાહનો ઘણો લાભ લેવામા આવ્યો હતો

પ્રકરણ ૩ જું.

ખ્રિસ્તિ ધર્મ

થિઓસોફિમા મૂળ ખ્રિસ્તિ ધર્મથી વિરૂદ્ધ જતા સિદ્ધાંતો કોઇ પણ નથી, પરતુ હાલના મનાતા ખ્રિસ્તિધર્મમા કેટલીક ભૂલો એવી માલુમ પડે છે કે જેનુ શાન્ત્વન કરવુ અશકય છે હાલનો ખ્રિસ્તિધર્મ પુસ્તકો ઉપર ઘણો આધાર રાખે છે અને મનેનો એમ પણ લાગે છે કે એ માત્ર એક અથવા બે પુસ્તક ઉપરજ પોતાનો મુખ્ય આધાર રાખે છે એ પુસ્તકોને લઇ તેમા કેટલીક દલીલો ઉમેરી બાઇબલનો અર્થ હાલના ખ્રિસ્તીધર્મના મનુષ્યો બીજા વિભાગોથી ઉલટોજ સિદ્ધ કરે છે જેમ મોટા પુસ્તકમા સાધારણ રીતે એક બીજાથી જરા ઉંધો અર્થ દર્શાવનારા વિભાગ મળી આવે એ સ્વાભાવિક છે તેમજ બાઇબલનુ પણ થયુ છે દુનીઆના ઇતિહાસમા એના કેટલાક વિભાગો ઘણા વખતને અંતરે લખાયા હતા અને તે લખનારા મનુષ્યો પણ જ્ઞાન અને સુધારાના વિકાસમા તદ્દન જુદીજ પંક્તિના હતા એમા થયેલુ લખાણ અક્ષરશ-સત્ય હોય એ તો બનવુ અશકયજ છે, પરતુ આ સર્વ પાછળ જઈ મૂળ ધર્મ સ્થાપના કરનારે શુ ઉપદેશ આપ્યો હતો એ આપણે જાણી શકીએ એમ છીએ બાઇબલના જુદા જુદા વિભાગોમા તદ્દન ઉંધાજ અર્થ દર્શાવનારા વચનો માલમ પડે છે અને એની ઉપર ભિન્ન ભિન્ન પ્રકારની દલીલો પણ ઘણીએ વાપરવામા આવીછે. માટે એક ખાસ ખ્રિસ્તિ ધર્મના અનુયાયીનુ કર્તવ્ય

તો એ છે કે એ જુદા જુદા વિભાગોને લઇ સાથે વિવિધ દલીલોને પણ મુકી. પોતાની સાધારણ બુદ્ધિ અને તર્કશક્તિથી જે જે યોગ્ય લાગે તે ખરૂ એમ નિશ્ચય કરવો.

ખરૂ જોતા દરેક ખ્રિસ્તિ ધર્માનુયાયી પોતાને માટે નક્કી તો પહેલેથીજ કરી નાખે છે તે રોમન કેથોલીક થાય છે, અથવા ઇંગ્લાડના દેવળનો અનુયાયી થાય છે, અથવા મેથોડીસ્ટ, અથવા એલ્વેશનીસ્ટ થાય છે પરંતુ તેમા દરેક પોતાની શાખાને ખરો ખ્રિસ્તિ ધર્મજ સમજાવનારી માને છે ત્યારે સાધારણ મજુરી કરનાર માણસ આવી રીતની શાખાઓમાથી પોતાને માટે શું નિશ્ચય કરી શકે ? પહેલા તો પોતાના બાપ જે પથમા હતો તેમાજ શુ તત્વ સમાયલું છે તેનો નિર્ણય કીધા સિવાય પડયા રહે અથવા તો તેની સર્વ રીતે તપાસ કરી, પોતાની મગજશક્તિથી અને હોશિઆરીથી તેનો નિર્ણય કરે

જો એ આ પ્રમાણે કરવા માગે છતા એક અથવા બે પુસ્તક ઉપરથી પોતાનો મત બાંધે અને બીજા પુસ્તકોનુ નિરીક્ષણ કરવા ની તસ્દી ન લે તો એ તદ્દન અયોગ્ય અને અર્થ વગરનુજ ગણાય. જો એ અપક્ષપાત રીતે સર્વ પુસ્તકો તપાસશે તો નક્કી તેને થીઓસોફીના ઘણા સિદ્ધાતો એમાથી મળશે અને વળી એમ પણ સમજશે કે જુદા જુદા ધર્મના પથોમાનુ ખરૂ રહસ્ય તો માત્ર થીઓસોફીજ સમજાવી શકશે આ જુદા જુદા પથોની ખાસ તપાસ કરવા માટે એ ધર્મના પાછળના ઇતિહાસ વિષે પણ ખબર કાઢી, હાલમા જેવી જાતના ખ્રિસ્તિ ધર્મના સિદ્ધાતો છે તે મળ કેવા હતા અને વખત જતો ગયો તેમ તેમ કેવા થયા એ પણ જોવુ પડશે.

તેને માલુમ પડશે કે મૂળ ખ્રિસ્તિ દેવળના ત્રણ વિભાગ હતા પહેલા મહાન્ Gnostic Doctors અથવા શિક્ષકો તેઓ ઘણા વિદ્વાન અને આગળ વધેલા મનુષ્યો હતા. તેઓ તે વખતના રોમન અને ગ્રીક તત્ત્વજ્ઞાનની શાળા (System) ઓ જેવીજ ખ્રિસ્તિ ધર્મના તત્ત્વજ્ઞાનની શાળાને માનતા.

તેઓ કહેતા કે એ શાળા જો કે ઘણી સુંદર અને સર્વગ્રાહી હતી છતા તેને સમજવુ ઘણુ મુશ્કેલ હતુ તેથી અજ્ઞાની મનુષ્યોને તેનો અભ્યાસ કરવાની ના પાડતા એને તેઓ 'નોસીસ' (gnosis) અથવા જ્ઞાન કહેતા આ જ્ઞાન દેવળના જેઓ અગત્યના, સભ્યો હોય તેઓનેજ મળતુ, દુનિઆના લોકોને તે આપવામા આવતુ નહિ. તેમજ દેવળના સભ્યો હોય છતા જેઓને 'સેક્રેમેંટ' (Sacrements) મળ્યા ન હોય અને જેઓ પ્રાથમિક દરજ્જા ઉપર હોય તેઓને પણ એ વિષે કંઇ પણ કહેવામા આવતુ નહિ

વળી એમાજ એક બીજો વિભાગ હતો તેમાં સાધારણ સ્થિતિના માણસો હતાં, કે જેઓ તત્વજ્ઞાન જાણવાની જરાપણ જીજ્ઞાસા રાખતાં નહિ પણ ક્રાઇસ્ટના બોલેલા શબ્દો પ્રમાણેજ પોતાનુ જીવન ગાળતાં તેઓની પાસે પોતાના ધર્મ પુસ્તક તરીકે ક્રાઇસ્ટના વચનોનુ એક પુસ્તક હતુ અને એના કેટલાક પાનાઓ હાલમા પુરાણી શોધ ખોળો કરનારને મળી આવ્યા છે.

વળી તદ્દન અજ્ઞાન, જુસ્સાદાર અને તોફાની મનુષ્યોનો એક વિભાગ હતો, તેઓને ખ્રિસ્તિધર્મના સિધ્ધાંતોનો કંઇપણ માલુમ ન હતો પરંતુ ઇસુ ખ્રીસ્તે એમ કહ્યું હતુ કે હવે સારો વખત આવવાનો છે તેથીજ તેઓ ખ્રિસ્તિ દેવળના સભ્યો થતા. ઇસુ-

ખ્રીસ્તને ગરીબ લોકોનાં હૃદયવેધક અને દયા ઉપજાવનારા દુઃખો જોઇને ઘણુ લાગો આવતુ અને તેથીં તેઓ શ્રી હમેશાં એમજ કહેતા કે જે ગરીબ માણુસ ધીરજ અને બહાદુરીથી મુગે મોઢે દુઃખ સહન કરે છે તે પોતાની તકો ગુમાવી દેનાર પૈસાદાર મનુષ્યના કરતા વધારે આગળ વધે છે આ ઉપરથી જોઈ શકાય છે કે ઈસુખ્રિસ્તે અજ્ઞાની લોકોને કહેલા ઉપદેશનો અર્થ એક તરફી રીતે લઇ શકાય ઇસુખ્રીસ્તે આપેલાવચનોને એ લોક ગ્રહણકરશે પણ કઈ સ્થિતિઅને કેવા સંજોગો વચ્ચે એ વચનો પ્રમાણે થવાનો સંભવ છે એનો એ લોકો વિચાર કરતા નથી. અને વળી સારા ભવિષ્ય માટે તેઓના વિચાર એવા હશે કે તે વખતમા તેઓ હાલના પૈસાદાર મનુષ્યો ઉપર જુલમ ગુજારનાર થાય અને પોતાનુ વેર લે—પરંતુ આવા અર્થવાળો ઉપદેશ તો ક્રાઇસ્ટ કોઇપણ દીવસ આપે એ સંભવતુ નથી અને છે પણ નહિ તેથી કરીનેજ તેઓશ્રીએ કઇ કારણુસર રાજ્ય વિરૂદ્ધ જતા ઘણા માણસોને પોતાની તરફ આકર્ષ્યા હતા અને જ્યારે આવા અજ્ઞાની લોકોને ખ્રિસ્તિ ધર્મનો ઉપદેશ પોતે આપવા માંડયો ત્યારે સ્વાભાવિક રીતે તેઓના ઉંધા વિચારો વધારે દ્રઢીભૂત થતા ગયા આ સાધારણ માણસોનો જથો દિવસે દિવસે વધારેને વધારે મોટો થતો ગયો અને આખરે તેઓ એટલા જોરાવર થઈ ગયા કે Gnostic Doctors અથવા શિક્ષકોને નાસ્તિક (heritics) તરીકે ગણી કાઢવા માંડયા કારણકે તેઓ એમ સમજતા કે જે જ્ઞાન તેઓને મળ્યુ નહતુ તે ખ્રિસ્તિ ધર્મના ખાસ વિભાગનું જ્ઞાન હોઇ શકેજ નહિ

વળી બીજી રીતે જોતાપણ ખ્રિસ્તિ ધર્મ માનનારાને થિઓ-સોફી કેટલી ઉપયોગી થઈ પડે છે તે દર્શાવનારૂ એક કારણ મળી આવે છે તે એ છે કે હાલમા જુના વિચારના ઘણા ખ્રિસ્તિઓમા ધાર્મિક શિક્ષણની સાધારણ બુદ્ધિ અને વિજ્ઞાન શાસ્ત્રની મદદથી તપાસ કરવાની લાગણી ઉદ્દભવ પામેલી જોવામા આવે છે ધર્મને અધ શ્રદ્ધાથી નહિ પણ ખાસ પ્રયત્ન કરી તેને સમજ્યા પછી માનવો એવી લાગણી પણ આથી પ્રદર્શિત થાય છે ઘણા યુગોથી એમ કહેવાય છે કે ખ્રિસ્તિ દેવલની ક્રિયાઓ અને સિદ્ધાતોને ગોળીની માફક ગળીજવા જોઇએ એમા બુદ્ધિપૂર્વક વિચારનો ઉપયોગ કરવો એ અધર્મ ગણાય છે એવો પણ પહેલા ઉપદેશ કરવામા આવતો એવા ઘણા માણસો દુનિયાની અદર વસે છે કે જેઓ ઘણી ઉચા પ્રકારની માનસિક શક્તિઓ ધરાવે છે અને જેઓ સમજ્યા વિના કેવળ અધ શ્રદ્ધાથી કોઇ સિદ્ધાતો સ્વીકારી શકતા નથી અમુક વસ્તુ માનતા પહેલા તે સપૂર્ણ રીતે સમજવાનો પ્રયત્ન કરે છે તેમને કાઇ કહેવામા આવ્યુ હોય તો બીજી બાબતો સાથેનો તેનો સબધ જ્યા સુધી બુદ્ધિમા ઉતરે નહિ ત્યા સુધી તેમના ઉપર તેમની માન્યતા ચોટતી નથી અને તેને નહિ સમજાતી વસ્તુઓની ગણત્રીમાં ગણે છે પરતુ કેટલાક જુના વિચારના લોકોની માફક એમ કહેવુ કે તેઓ સ્વભાવથીજ દુષ્ટ હોય છે અને સેતાનના પજામા સપડાયલા છે એતો ખરેખર હસવા જેવુ છે એથી ઉલટુ પરમેશ્વરે આપેલી તર્કશક્તિ રૂપી મહા બક્ષિસની પૂરેપૂરી કદર જાણનાર તેઓજ છે અને તેનો ઉંચામા ઉચી દિશાની અદર એટલેકે ધર્મનુ રહસ્ય શોધવામા ઉપયોગ કરવાનો

પ્રયત્ન કરે છે સત્ય વાત એ છે કે ટીકાકારો ધર્મની ઘણી સારી સેવા બજાવે છે જે જે બાબતો અત્યાર સુધી બરોબર સમજાતી નહોતી તે બાબત તેમના પ્રયાસને લીધેજ સ્પષ્ટ થવા લાગી છે જે બાબતો અપૂર્ણ પણે સમજાતી હતી તે ઘણા સારી રીતે અને સંભાળ પૂર્વક સમજાવવા માડી છે અને અત્યાર સુધી જે બાબતો અર્થ વિનાના સિદ્ધાંતોના ગુચવાડા ભરેલા સમૂહ જેવી લાગતી હતી તેને બુદ્ધિગ્રાહ્ય સ્વરૂપમા બતાવી શકાય છે એ પણ તમના પ્રયાસનુજ ફલ છે આપણામાના જેને એવા મિત્રો હોય કે જેઓ આવા ટીકાકારોની ટીકાઓથી ગભરાતા હોય અને એમ માનતા હોય કે આપણા ધર્મને આવી રીતે બુદ્ધિગ્રાહ્ય કરવાના પ્રયત્નમા તેના નાશનો સભવ છે, તો તેઓને બ્રહ્મ વિદ્યાનો અભ્યાસ કરવાની સૂચના કરવાની જરૂર છે કારણ કે તેમના મનોવ્યાધીનો એજ રામબાણ ઉપાય છે એથી કરીને તેઓ પોતાના પૂર્વજોને માન્ય સિદ્ધાંતોનો તિરસ્કાર કરતા અટકાવશે અને બતાવી આપશે કે જો આપણે તેને બરોબર વિચાર પૂર્વક સમજવાનો વિચાર કરીએ તો તેમાની ઘણી માન્યતા અર્થવાળી અને મજબુત પાયાપર રચાએલી જણાશે વળી તેનાપરથી એમ પણ ખાતરી થશે કે મધ્ય કાળના ધર્મ ઉપદેશકોએ પ્રવર્તાવેલા સિદ્ધાંતો નહિ સમજાય એવા અને નહિ મનાય એવા છે તો પણ ઈસુખ્રિસ્તે કરેલા ઉપદેશમા સનાતન સત્ય બહુ સુદર રીતે પ્રકટી નીકળે છે

જો તેઓ અધ શ્રદ્ધા કૂદી ગયા હોય, ધર્મના બાહ્ય સ્વરૂપનો સર્વથા સ્વીકાર કરવાની જરૂર રહે નહિ એવી તેમની ઉન્નત પ્રગતિ થઈ ચૂકેલી હોય, બુદ્ધિ અને પ્રેરણાની પાંખો પર બેમીને માનસિક

જીવનના ઉચ્ચ પ્રદેશમાં તેઓ ઉડી શકતા હોય તો બ્રહ્મવિદ્યાના અભ્યાસથી તેમને સમજાશે કે આ સ્થિતિએ પહોચવામા તેમણે કાંઇ ગુમાવ્યુ નથી પરંતુ તેમા તેમને એક મહાન્ અને અમૂલ્ય લાભ થયલો છે કારણ કે આવા અભ્યાસથી સમજાશે કે આધ્યાત્મિક જીવનમાં જે ભક્તિભાવના ઉપર તેમનો ઘણો ભાવ છે તે યુક્તિ યુક્ત અને સત્ય છે આધ્યાત્મિક વિચારોની પ્રભા, તેમનુ માદર્ય અને કવિત્વ પહેલાના કરતાં વિશેષ સમજાય છે. આ સર્વ સામાન્ય સમજના પ્રબળ વેગની અંદર કોઇક વખતે ઘસડાઇ જવાના એવા માત્ર આનંદી સ્વપ્ન જેવુ નથી પરતુ તિવ્ર શોધ ખોળ કરતા પણ સત્ય ઠરે એટલુજ નહિ પરતુ જેમ ચોક્કસ રીતે સમજાય તેમ વધારે સુદર અને સપૂર્ણ લાગે એવા નૈસર્ગિક સત્યો છે ખ્રિસ્તિ ધર્મના ધર્મ પુસ્તક બાઇબિલનો અભ્યાસ કરતા માત્ર શબ્દાર્થ જોવાનો નથી, કારણકે તેની અંદર ઘણા સિદ્ધાતો રહસ્ય સૂચક છે અને કેટલાક અસત્ય પણ છે દાખલા તરીકે ખ્રિસ્તિ ધર્મના સ્થાપકના જીવનનુ સૂક્ષ્મ દૃષ્ટિએ નિરીક્ષણ કરીએ છીએ ત્યારે તેમા બાર ધર્મદુત જડતા નથી, માનવી તરીકે તેઓની કદી હયાતી હોય એવુ જણાતુ નથી અને એમ જણાય છે કે બાર રાશીઓ સૂચવવાને માટે તેમની કલ્પના કરવામા આવી હોય જીસસ નામના જે શિષ્યના શરીરમા મહાત્મા ક્રાઇસ્ટે પ્રવેશ કર્યો હતો તે અનીતિનો પુત્ર નહોતો (ગોસપેલમા કહેવામા આવ્યુ છે તેમ) અને તેનો પિતા સુથાર પણ નહતો ખરેખર એ જયુ લોકોના સાથી ઉચા કુટુંબનો તેમના રાજકર્તાના વશનો હતો તેનામા એક આર્યનો અંશ હોય એ સભવિત હતુ અને તેથી જયૂ લોકોએ એમ કહ્યુ

હશે કે તે દેવીડનો પુત્ર નથો, અને એમ કહેવાથી તેમના જીવન વૃત્તાંતમાં તેમના જન્મ વિષે જે સૂચન મળે છે તે જન્મવા પામ્યું હોય

જે ચાર ગોસ્પેલ્સ છે તે ઐતિહાસિક છે એવું મનાવવાનો ઉદ્દેશજ નહતો હિબ્રુ ભાષામા મેથ્યુસ નામના એક સાધુએ એક ઘણો ન્હાનો લેખ લખેલો છે તેના ઉપરથી એની રચના થએલી છે પેલેસ્ટાઇનની દક્ષિણે એક રણમા આવેલા મઠમા એ સાધુ રહેતો હતો દીક્ષા માર્ગના કેટલાક સત્યોને વાર્તાનુ રૂપ આપવાનો તેણે પ્રયત્ન કર્યો જણાય છે અને તેટલા સારૂ આસરે ઈ સ પૂર્વે ૧૦૫ વર્ષ ઉપર થઈ ગયેલા મૂળ જીસસના જીવનના કેટલાક પ્રસગો અને પાછળથી થએલા એક અજાણ્યા અને અપ્રસિદ્ધ ધર્માધ ઉપદેશકના જીવનના કેટલાક પ્રસંગોને લઇને કથા કરેલી જણાય છે આ ઉપદેશક ઇ સ ૩૦ના વર્ષમા થઈ ગએલો અને તેને જેરૂસલેમ મા મારી નાખવામા આવ્યો હતો.

પોતે લખેલા પુસ્તકની હસ્તપ્રત તેણે એલેકઝાન્દ્રિયામા રહેતા પોતાના એક સાધુ મિત્રને મોકલી આપી આ મિત્ર એ મોટા મંદિરનો સાધુ હતો તેણે વળી સૂચના પણ કરી કે તેણે એનો ગ્રીક ભાષામા સારોદ્ધાર કરવો અથવા કોઇ મિત્ર પાસે એ કાર્ય કરાવવુ એલેકઝાન્ડ્રિયાના આ સાધુએ પોતાના શિષ્યોમાથી ઘણાને આ કાર્યે લગાડ્યા જણાય છે સર્વને પોતાને અનુકૂળ રીતે આ કાર્ય કરવાની છુટ હતી પરિણામ એ આવ્યુ કે જુદી જુદી યોગ્યતાવાળા અનેક પુસ્તકો તૈયાર થયા દરેક પુસ્તકમા મેથ્યુસની મૂળ વાર્તા થોડે ઘણે અ શે તો આવતીજ પરંતુ પોતાના જ્ઞાનને આધારે કે કલ્પનાના બળે તેમા બીજી

ઘણી બાબતોનો પણ દરેક જણે સમાવેશ કર્યો આમાના ચાર હાલ પણ આપણી પાસે રહ્યા છે અને તેમની સાથે જે સાધુઓએ રચેલા તેમના નામો જોડાએલા છે એ ચાર સાધુઓ તે મેથ્યુ, માર્ક, લ્યુક, અને જોન જે મૂળ શરૂઆતનો ભાગ જોનના રચેલા વૃતાનમા જોવામા આવે છે તે સ્વરચિત નથી પરતુ તેણે ઉતારેલો છે કારણ કે ક્રાઈસ્ટ પહેલા ઘણા વર્ષ પૂર્વે રચાએલા એક હસ્ત પ્રતમા હમોએ એ ભાગ જોયો છે. તે કાળે પણ એ ઘણુ જુનુ પુસ્તક મનાતુ હતુ

એ પુસ્તકમા ધ્યાનના ફકરાઓના સબધમા એક ભાગ ઉતારેલો હતો અને આ ફકરાઓનો પણ ગ્રીક ભાષામા તરજુમો થએલો હતો.

પ્રકરણ ૪ થું.

પાપ.

તમો પુછોછો કે પાપનો ખરેખરો અર્થ શું ? સાધારણ રીતે અને મૂખ્યત્વે કરીને ખ્રિસ્તિ પાદરીઓ આ શબ્દનો અથ કરે છે તે અર્થમા તો પાપ ધર્મ બુદ્ધિની કલ્પના સૃષ્ટિનુ બચ્ચુ છે ઇશ્વરી નિયમનુ ઉલઘન કરવુ, એટલે કે એક વસ્તુ ખોટી છે એમ જાણ્યા છતા તે કરવી એને સાધારણ રીતે લોકો પાપ કહે છે પરતુ આવુ કદી બને છે કે નહિ એજ શકાભરેલ વાર્તા છે અમુક વસ્તુ ખોટી છે એવી ખાત્રી થયા છતા તેનાથી પ્રતિકૂળ વર્તન થાય છે કે નહિ એ શકાસ્પદ છે, માનવી ઇશ્વરની ઇચ્છા ખરેખર રીતે સમજે છે કે તરતજ તે તેને અનુકુળ થઇ રહે છે, અને તેના બે કારણોછે આપણી કલ્પના ચાલી શકે એવા સર્વ દૃષ્ટાતોમા તો એમજ બને છે કે ઇશ્વરી નિયમનુ ઉલઘન બે દરકારીથી અથવા તો અજ્ઞાનથીજ થાય છે, જાણી જોઇને થતુ નથી. એકવાર ઈશ્વરી ઇચ્છાની ખાત્રી થતા હમેશ તેને અનુકૂળજ વર્તન થવાના બે કારણો છે પહેલાતો એમ સમજાય છે કે એ ઇચ્છાની વિરૂદ્ધ વર્તન કરવુ એ કેવળ નિર્થક છે, પાછળથી જ્યારે ઇશ્વરી સકલનાનુ સૌદર્ય સમજાય છે તેની પ્રભાનો પ્રકાશ અતરમા પડે છે ત્યારે પોતામા હોય તેટલી શક્તિથી તેને અનુસરવાનો પ્રયત્ન કરવામાજ એક જાતનો આનદ થાય છે અને તેમ કર્યા વિના રહેવાનુજ નથી

અજ્ઞાન દશામા લોકો હતા તે સમયનો તેમની પાસેથી ગેર સમજુતિઓનો આપણને જે વારસો મળ્યો છે તેમાની આ એક

મોટી અને એક ઘણી ગભીર ગેર સમજુતી છે આપણે એમજ માની બેઠા છીએ કે પાપ એવી વસ્તુ છે કે જેને પરિણામે ક્રૂર શિક્ષા થાય છે પરન્તુ વાસ્તવિક રીતે જોતા તો એ અજ્ઞાનનુ ફલ છે અને અજ્ઞાનનો નાશ શિક્ષાથી થતો નથી પરતુ જ્ઞાન અને કેળવણીના પ્રકાશથી થાય છે આ કહ્યુ તેની સામે એવો વાદ કરવામા આવશે કે સાધારણ રીતે આપણુને દુનીઆમા એવા ઘણા માણુસો મળે છે કે જેઓ પોતે ખોટુ છે એમ સમજતા છતા તે કરતા જણાય છે પરતુ આમ કહેવું એ વસ્તુ સ્થિતિનુ યથાર્થ દર્શન નથી તેઓ તેમને જે ખોટુ છે એમ **કહેવામાં આવ્યું** છે તે કરે છે આ એક તદ્દન જુદી વાત છે જયારે માણસની ખાતરી થાય છે કે અમુક વસ્તુ ખોટી છે, અને તેમ કરવાથી અમુક પરિણામ આવે છે ત્યારે તે તે રસ્તે જતો નથી આપણે ખરેખર ખાતરી પૂર્વક જાણીએ છીએ કે દેવતાને અડકવાથી દઝાય છે અને તેથી કરીનેજ આપણે અગ્નિથી દૂર રહીએ આપણુને કહેવામા આવે છે કે અમુક કાર્યના પરિણામે નર્કના અગ્નિનો તાપ સહન કરવોજ પડશે પરતુ તેથી તે વાત ખાત્રીપૂર્વક તે જાણે છે એમ કહેવાય નહિ તેથી જ્યારે તેને આ વસ્તુ કરવાની વૃત્તિ થાય છે ત્યારે ભયાનક પરિણામોની તેને ચેતવણી મળ્યા છતા તે પોતાની વૃત્તિને આધીન થાય છે સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરતા સમજાશે કે પાપ કરનારાઓ પણ પાપ કરતી વખતે તો પોતાના મન સાથે તેનો પતાવટ કરી લે છે જો કે પાછળથી શાતચિત્તે વિચાર કરતા પોતાના કૃત્ય વિષે ગમે તેવો વિચાર આવે માટેજ હુ કહું છુ કે સામાન્ય રીતે જેને આપણે પાપ કહીએ છીએ તે ધર્મ બુદ્ધિની કલ્પનાશક્તિનું બાળક છે.

ખરેખર આપણે કમનશીબે અજ્ઞાન જોવામા આવે છે અને તેને લીધેજ ઇશ્વરી નિયમોનુ ઉલ્લઘન થાય છે માટે થિઓસોફિના પ્રકાશ વડે આ અજ્ઞાનનો અધકાર વિખેરવો એ આપણુ સર્વનુ કર્તવ્ય છે

પ્રકરણ ૫ મું.

પોપ.

ક્રિશ્ચનોના ધર્મ ગુરૂ પોપને એક સુન્દર તક મળેલી છે, અને તે એ તકનો લાભલેશે, એતક જવા દેશે નહિ થિઓસોફિ અને તેના સિદ્ધાન્તોનો બહિષ્કાર કરવાને બદલે તે પોતેજ ખ્રિસ્તિ ધર્મનું જે રહસ્ય થિઓસોફીથી સમજાવવામા આવે છે તે પ્રકટ કરશે. આટલું યાદ રાખવાની જરૂર છે કે રોમન કથોલીક કે જે ખ્રિસ્તિ ધર્મનો એક ભાગ છે તે સસ્થાના અનુયાયીઓ વિકાસ વાદને માને છે, વળી તેઓ પોપને પૃથ્વિપર ઇશ્વરનો પ્રતિનિધિ ગણે છે અને ઇશ્વરના સિદ્ધાન્તોનો કદી પણ ભૂલ ન કરે એવો ઉચો ઉપદેશક ગણે છે તેથી કદી થિઓસોફિના સિદ્ધાન્તો સબધે આવુ કંઈક કહે તો તેથી તે પોતાના અધિકારની બહાર જતો ગણાય નહિ વખતે એમ કહે પણ ખરો કે " ખરેખર તમો જે કહો તેજ ખ્રિસ્તિ ધર્મનુ ખરેખરૂ રહસ્ય છે. આ બાબત અમનેતો જાણીતી જ હતી અને તેનો પુરાવો જોઇએ તો વેટીકન લાઇબ્રેરીમા ઘણી હસ્ત પ્રતો છે આ બાબત અમે ઉઘાડી પાડી નહિ તેનુ કારણ એટલુજ કે પૂર્વે ઘણા કાળ સુધી લોકો એ સત્ય સમજવાને તેમજ તત્વ જ્ઞાનથી ભરપૂર અને રહસ્યવાળુ શિક્ષણ સમજવા જેવા તેઓ સુધરેલા નહતા તેથી તેમને માત્ર બાહ્ય રૈપાજ બતાવવામા આવી હતી હવે એક પગલુ આગળ ભરાએલુ છે, અને તેથી આ વખારે ઉચ્ચ શિક્ષણ પ્રકટ કરવાનો વખત આવ્યો છે તેથી આપણા સિ-

દ્ધાન્તનો બોજો અને રહસ્યનો અર્થ તમારા સમક્ષ મૂકવામા આવે છે. જે લોકો હજુ પણ બાહ્ય સ્વરૂપથીજ સંતોષ પામતા હોય તેમની મશ્કરી કરવી નહિ તેમજ તેમને પણ જેઓ એનો આંતર અર્થ સમજવા તૈયાર થએલા છે તેમના તરફ તિરસ્કાર બતલાવવા દેવો નહિ

ઉપરોક્ત કથન મુજબ કહેવાને તૈયાર થનારો માણસ ખરે-ખર ઘણો ડાહ્યો અને ધીરવીર પુરૂષ હોવો જોઇએ બીજા લોકોની માફક પોપની આસપાસ પણ જે ધર્મની વિચાર મૂર્તિઓ રમી રહેલી છે તેમાથી બહાર નીકળી નવે માર્ગે પ્રયાણ કરવાનુ કાર્ય તેમને કઠીન લાગે એ સ્વભાવિક છે

પ્રકરણ ૬ ઠ્ઠું.

ક્રિયાકાન્ડ.

દીક્ષા માર્ગ ઉપર ઘણા માણસો ક્રિયાકાન્ડ દ્વારા આવે છે પરંતુ બધી ધર્મ ક્રિયાઓ અવશ્યની છે એવું કાંઇ છેજ નહિ એટલુંજ સમજવાની જરૂર છે. દીક્ષા માર્ગ ઉપર જેને પ્રયાણ કરવાની અભિલાષા હોય તેને તો આ સ્પષ્ટ રીતે સમજવાની જરૂર છે અને તેના માર્ગને આ વસ્તુ આડે અવનાર બંધન રૂપ છે એમ સમજવું જોઇએ આમ કહેવાનો અર્થ આવો સમજવાનો નથી કે આપણે કાંઈ અમુક પરિણામ લાવવામાં ક્રિયાઓ નિષ્ફલ થાય છે માત્ર એટલુંજ કે તેમની આવશ્યકતા નથી જેઓ ઉન્નતિને માર્ગે ત્વરિત ગતિએ જવાનો વિચાર કરતા હોય તેમણે તો એના વિના ચલાવી લેતા શીખવું જોઇએ કેટલાક ઉતરતી પંક્તિના માર્ગે છે. પરંતુ કેટલાક મનુષ્યો એવા પણ હોય છે કે જેમને ક્રિયાઓ તેમની અને તેમના ઇષ્ટ દેવતાઓની વચ્ચે વિઘ્નરૂપ લાગે છે ખ્રિસ્તિ ધર્મમાં પોતાની દિવ્ય શક્તિ લોકોને પહોચાડવાના સાધન તરીકે ક્રિયાઓની યોજના તેના સ્થાપકે કરેલા છે લોકોને પવિત્ર કરવાની જે ક્રિયા કરવામાં આવે છે તેનો હેતુ એવો છે કે તે દ્વારા લોકોના ઉપર દિવ્ય શક્તિનો પ્રવાહ ઉતારી શકાય આ ક્રિયા થાય છે અને તેથી આ ઉપર કહેલી અસર કરવાનું કાર્ય સહેલું થાય છે. જોકે એના વિના એ અસર થાય નહિ એવું કાંઇ નથી જેઓનામાં ભક્તિભાવ જાગ્રત થયો હોય છે તેઓ આ પ્રવાહનો બીજાઓના કરતા વધારે લાભ લઇ શકે છે, કેમકે તેમના અંતઃકરણ વધારે પ્રવાહ

ગ્રહણ કરે એવી સ્થિતિમાં હોય છે વળી બીજી બાજુએ જોતા અંધ અને અજ્ઞાન મૂલક ભક્તિમાથી વહેમ ઉત્પન્ન થવાનો સંભવ છે. ગુપ્તજ્ઞાનની દૃષ્ટિએ આવી બાબતેની તપાસ કરતા થોડાક વખતની વાત ઉપર સીસીલીમા શોધકરતા મને એમ માલમ પડ્યુ હતું કે વહેમ ઘણો વધી ગયો હતો અને ધર્મોપદેશકો ગૃહસ્થોની સામાન્ય બાબતોમા પણ બહુ માથુ મારતા પણ એકદર રીતે વિચાર કરતા એ દેશ સારી સ્થિતિમા હતો એ ધર્મ વિના તેની જેવી સ્થિતિ હતે તેના કરતા એ ધર્મ સાથેની આ સ્થિતિ સારી હતી. વળી યાદ રાખવુ જોઇએ કે ધાર્મિક અતિઉત્સાહના માઠા પરિણામો વિષેતો આપણને વારવાર ઇતિહાસમા કહેવામા આવે છે પરતુ હજારો વર્ષ પર્યંત ધીમે ધીમે થતા સુધારા અને વૃદ્ધિ વિષે તેમા ભાગ્યેજ ઇસારો કરવામા આવે છે

પ્રકરણ ૭ મું.

પ્રાર્થના

પ્રાર્થનાનો વિષય ઘણો વિશાળ છે પ્રાર્થનાઓ એવીતો વિવિધ પ્રકારની હોય છે, અને એટલા બધી જુદી જુદી વ્યક્તિઓને પ્રાર્થના કરવામા આવે છે કે એ વિષયમા સર્વ સામાન્ય કાંઇ કહેવુ મુશ્કેલ છે ધર્મ સસ્થાપકોએ કદી પોતની પ્રાર્થના કરવામા તેમના અનુયાયીઓને ઉત્તેજન આપ્યુ હોય એમ જણાતુ નથી વળી અનુયાયીઓ પણ પ્રાર્થના કરે નહિ એવા સુશિક્ષિત હતા એમ જણાય છે તેમને જો કાઇ પ્રાર્થના દૃઢ ચિત્તથી કરવામા આવી હોયતો તે વિચાર તેમને પહોચી શકે કે નહિ તેનો આધાર ધર્મ સ્થાપકો કઈ દિશામા કાર્ય કરે છે તેના ઉપર છે તેઓ પૃથ્વી સાથેનો સબધ તોડી ગયા છે કે નહિ એ પ્રશ્નના ઉપરજ આના ઉત્તરનો આધાર છે યદ્યપિ તેઓ પૃથ્વી સાથે સબધમા રહેતા હોય અને આવો વિચાર તેમને પહોચતો હોય તો તેમને એમ લાગે કે એ વિચારના પર કાંઇ લક્ષ આપવાથી તે મોકલનારને કાઇ ફાયદો થવાનો સભવ છે તો તો પોતાના કોઈ પૃથ્વીપર રહેતા શિષ્યનુ તેઓ તેના પ્રતિ લક્ષ ખેચે છે. વિકાસક્રમમા જે મહાન્ અને રમણીય કાર્ય ઉચ્ચ ભૂમિકાઓ ઉપર રહીને મહાત્માઓ કરી રહ્યા છે તેનો જેમને ખ્યાલ હોય તેઓ તો પોતાની નાની નાની બાબતો પર તેમનુ લક્ષ ખેચવાનો વિચાર કરે એજ સભવિત નથી તેઓને તો ખાતરીજ હોય છે કે જે જાતની મદદ તેમને જરૂરની છે તે જાતની મદદ તો યોગ્યરીતે જેઓ તેમની સાથેજ પૃથ્વી ઉપર વસે છે તેમની તરફથી મળી

શકશે. એ બાબતમા તો આપણે સ્થૂળ ભૂમિકા ઉપર પણ ડહાપણ ભરેલી રીતે વર્તીએ છીયે. આપણી શારદાપીઠના મહાન્ વિદ્વાનોનો સમય આપણે આપણા બાલકોને મૂળાક્ષર શીખવવામા રોકતા નથી

કોઇપણ પંથના સાધુઓના સબંધમા જુદી રીતેજ વિચાર કરવાની જરૂર છે જોકે તેમની પ્રાર્થના સાભળવની શક્તિનો પણ તેમના વિકાસના ઉપર આધાર રાખે છે સાધારણ સાધુ જે ઘણો સાદો માણસ છે તે તો સાધા॰॰ નિયમ પ્રમાણે સ્વર્ગમા વસશેજ અને એ સમય ઘણો લાબો હોવાનો પણ સભવ છે કામલોકપર તેમની લાબી સ્થિતિ થતી નથી એ સ્થિતિમાજ (કામ લોકમા હોય ત્યાસુધી) પ્રાર્થના સાભળી શકે છે અને તે દ્વારા તેમનુ ધ્યાન ખેચાય છે એટલા કાલમા કદી પ્રાર્થનાઓ તેમનાથી સંભળાયતો પ્રાર્થના કરનારને કોઇરીતે સભાળવાનો તેઓ પ્રયત્ન કરે, પણ આ પ્રમાણે તેમનુ ધ્યાન ખેચાયજ એ વાત કાંઈ નક્કિ નથી કારણ્કે તેઓ પોતાની નવી સૃષ્ટિમા ગુલતાન હોવાનો સભવ છે.

જ્યારે તેઓ સ્વર્ગમા વાસ કરે ત્યારે તો આ લોકની બાબતો સાથેનો તેમનો સબધ સદતર ત્રુટે છે પરતુ આવા સજોગોમાં પણ તેમને જો પ્રાર્થના કરવામા આવી હોય તો તેની જરાપણ અસર ન થાય એવુ કાઇ નથી આવો માણસ હમેશા જનમડળ તરફ પ્રેમનો સતત પ્રવાહ મોકલ્યા કરે છે અને આ વિચાર પ્રવાહ જેમના ઉપર પડે તેમને આધ્યાત્મિક ઉન્નતિનુ તે સાધન થઈ પડે એવો સભવ છે વળી જે માણસ અમુક વ્યક્તિ ને પ્રાર્થના કરે છે તે તેની સથે અમુક રીતે સવાદી થાય છે અને તેથી તે પોતાના તરફ આ પ્રેમ પ્રવાહ વધારે ખેચી શકે એ બનવા જોગ

છે જોકે તે બાબતની એ પ્રવાહ મોકલનાર સાધુને કાંઈ ખબર ન પડે અને એ સાધુ વારેવારે એક પછી એક જન્મ લઇ પોતાની શુદ્ધિ કરી લેવાનો પ્રસગ જે દશામા પ્રાપ્ત થાય છે તે દશાએ પહોચેલો હોયતો વળી જુદી રીતે વિચાર કરવાની જરૂર છે એ દશામા તે હમેશા પૃથ્વી શાથે નિકટ સબધમાજ હોય છે એટલે કામલોકમા હોય છે અથવા તો પૃથ્વીપર અન્ય દેહમા જન્મેલો હોય છે આમ હોય ત્યારે જ્યારે તે પોતાના શરીરની બહાર હોય તેવે પ્રસંગે જો તેની પ્રાર્થના કરવામા આવે તો પોતથી બનતી મદદ તે કરે છે

પરતુ જે હજારો લોકો અધ શ્રદ્ધાથી અને અજ્ઞાનને લીધે હમેશા પ્રાર્થનાઓ કર્યાજ કરે છે તેમને સારે નસીબે આ સર્વ બાબતો ના કરતા ભિન્ન પ્રકારે એક મોટી આશાનુ સ્થાન છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતામા શ્રીમુખે કહ્યુ છે કે “ ગમે તેની પ્રાર્થના કરવામા આવે તો પણ તે અતે તો મનેજ પહોચે છે ” એક જાતનુ એવું વ્યાપક ચૈતન્ય છે કે જે સર્વગ્રાહી છે અને આધ્યાત્મિક ઉન્નતિ માટે થતા પ્રયત્નોમા યત્ન કરનારને કદી મદદ કરવામા ચૂકતુ નથી એ કાર્ય અનેક રીતે થાય છે કેટલીકવાર કોઈ દેવનુ લક્ષ યાચક તરફ દોરવામા આવે છે કેટલીકવાર દેહધારો મનુષ્યો કામલોક અને માનસિક લોકમા જનમંડળને માટે કાર્ય કરે છે તેમની દ્વારા એવી મદદ કરવામા આવે છે આ દેવ અથવા આવો કોઇ મદદગાર કદી દર્શન દે તો યાચક તો તેને પોતે જેની પ્રાર્થના કરે છે તેજ તે છે એવુ માની લે અને આવુ બને છે પણ ખરૂં. તે બતાવનારી ઘણી વાર્તાઓ છે.

એક વખતે આવી મદદ કરવાનો પ્રસંગ મ્હને મળ્યો હતો. તે પ્રસંગે યાચકે મ્હને સેઈન્ટ ફીલીપ નેરી માની લીધો હતો અને મારી સાથે જે એક બીજો શિષ્ય હતો તેને સેઈન્ટ સ્ટેનિસલસ કોસ્ટકા માનવામા આવ્યો હતો આપણા પ્રમુખ (મિસિસ બેસન્ટ) ને, તેમને જેને મદદ કરવાનુ પ્રાપ્ત થએલુ તેમણે ઘણીવાર એક ફિરસ્તો માની લીધેલા મારી જાણમા છે

પ્રકરણ ૮મું.

સેતાન.

સેતાન જેવું કોઈ છેજ નહિ કેટલાક માણસો એમ માને છે કે તેમણે સેતાન સાથે નહિ ફેરવી શકાય એવો કોલકરાર કરેલો છે તેટલા વખત સારૂ જે વ્યક્તિ એનો વેશ ધરી આવી હોય છે તેના ઉપર આના પરિણામનો આધાર રહે છે માનવીની આવી જાતની સખત મશ્કરી કરવામા આનંદ માનનારી ઘણી વ્યક્તિઓ છે માનવીના જીવાત્માને આવી વ્યક્તિ પછી તે ગમે તે હોય તોપણ કશી રીતે ખપ લાગે નહિ અને વળી આવો કરાર કરાવનાર બેવકૂફ માણસ કોઇ હોય તો તેનો જીવાત્મા કાઇને ખપ લાગે નહિ આ બધા વહેમો છે એ વાત આટલે જો લક્ષમા રાખીએ તો સમજાય છે માનવી એ જીવાત્મા છે અને તે તેને વેચી શકે નહિ વળી આ વ્યાપારમા ઘરાકો પણ મળવા મુસ્કેલ છે એટલે આ વાત બેવકૂફાઈ ભરેલી લાગે છે

કોઇને વીશ વર્ષની ઐહિક સુખ સામગ્રી પુરી પાડવાનો કરાર કરવા ઇચ્છનાર અને તેમ કરી શકનાર ઘણી વ્યક્તિઓ હોય છે તેઓ હમેશા સ્થુલ લાભને સારૂજ આવી સેવા કરવા તત્પર થાય છે આમા મરઘા, બકરા અને બાળકોના બલિદાનનો સમાવેશ થાય છે જીવાત્મા આવા કશામા ભાગ લેતો નથી, પછી કોઈ વ્યક્તિના આવા છુટા છવાયા કાર્યમા કે સામાન્ય જંગલી પૂજાના કાર્યમા આ વ્યક્તિઓ માનુષી જીવાત્મા પર સત્તા બેસાડી શકે નહિ–તેમા આવેશ કરી શકે નહી અને કદાચ આવેશ કરી શકે તો તેનો તેઓથી કશો ઉપયોગ થઇ

શકે નહિ માનવીનુ શરીર તેમને ઘણીવાર ઉપયોગી થઇ પડે છે અને તેમાં આવેશ કરવાની રજાના બદલામા તેઓ કોઇ વાર કાઇ ચોક્કસ શરતો કરે છે આવી રીતની શરત કરવાથી તેમની અમુક જાતની સત્તા બેસે છે. પરતુ જ્યારે કોઇને તેની કરેલી ભૂલ માલમ પડે ત્યારે તેણે દઢતાથી આવા આવા આવેશની સામા થવુ એજ સર્વોત્તમ ઉપાય છે પોતાના લોહીથી સહિ કરવાથી કાંઈ ખાસ અસર થતી નથી. એ ક્રિયા તો બહુ નિર્જીવ અને હસવા જેવી છે

પાપ માર્ગીઓનો કોઈ સઘ નથી અહિ તહિ અધમ પ્રકારના જાદુ કરનારાઓ જડે છે એ વાત સત્ય છે, પણ એવા જાદુગર હમેશા એકાકી હોય છે તેઓ પોતાનેજ માટે કામ કરે છે અર્થાત્ જુદી વ્યક્તિ તરીકે કામ કરે છે, અને પોતાનોજ સ્વાર્થ સાધવાને સારૂ એક બીજાના ઉપર અણુવિશ્વાસ રાખે છે એવા લોકોનો કોઇ સઘ સભવેજ નહિ એ વાત સિદ્ધ છે સઘમા પ્રત્યેક બધુ અન્યના પર વિશ્વાસ રાખે છે. પણ પાપીઓને એક બીજાપર વિશ્વાસ હોયજ નહિ કેમકે તેમના હિતનુ મૂળ સ્વાર્થ છે.

વળી પાપની વાતો કરતા પાપ એ શબ્દનો આપણે શો અર્થ કરીએ છીએ તે વાત લક્ષમાં રાખવી જોઇએ વિનાશક શક્તિને ઘણીવાર નામ રૂપ આપવામા આવે છે; પરતુ આપણે ભૂલી જવું ન જોઇએ કે જુના પુરાણા થઇ ગએલા રૂપો નવા તૈયાર થવા સારૂ વિખેરી નાખવાની જરૂર છે હિંદુસ્તાનમા તમો શીવજી કહો છો અને માનો છો કે એ એક મહાન્ સહારક શક્તિ છે પરતુ કોઇ એને પાપી કહેશે નહિ. તેઓ પરમાત્માનુ એક ઉચ્ચુ સ્વરૂપ લેખાય છે જીવનનો વિકાસ થવાને સારૂ રૂપનો નાશ આવશ્યક છે એક એવા મહાત્મા છે કે જેમનું કાર્ય દુનીઆમા કયારે મોટા અકસ્માતો થશે તે નક્કી કરવાનુ છે આ બાબતો પાપી ગણવાની નથી.

ખ્રિસ્તિ ધર્મમા એક બળવાખોર ફેરસ્તો પરમેશ્વરની સામો થયો એવું મનાય છે તેનો મૂળ આધાર ઘણું ખરૂ મિલ્ટન કવિની કવિતામા છે. જોનના પુસ્તકમાં એ વાત છે તેની કલ્પના અને મિલટનની કલ્પનામા ઘણો ફેર પડે છે મિલ્ટનની કવીતામા જે શોકપૂર્ણ નાયક ચિતરવામા આવ્યો છે તેના કરતા એ વાર્તાનો નાયક જુદે જ જણાય છે વળી બૌદ્ધમાર્ગીઓ માર નામના દેવમાં માને છે માર પણ પૂર્વ જન્મનાં કર્મોના પરિણામ માનવાને રુદન કરવા પડે છે એવુ સૂચવનાર એ કર્મોની મૂર્તિ રૂપ છે જ્ઞાન દશાએ પહોચતા તરત કર્મની લેવડ દેવડ પૂર્ણ થઈ જાય છે

સ્થુળ વસ્તુ માત્ર પાપ રૂપ છે એવુ માનવુ, કહેવું, એ પણ અસત્ય છે એ શબ્દને સામાન્ય અર્થમા લઇએ અને એના બીજા ગૂઢ અર્થનો વિચાર કરીએ નહિતો પ્રકૃતિ પાપ રૂપ નથી આત્મા અને પ્રકૃતિ સમાન છે તેમનામા વિરોધ નથી પ્રકૃતિ આપણને બાધક જણાય છે તેનુ કારણ એ છે કે આપણે શરીરદ્વારા કામ કરવુ પડે છે, પરતુ આપણે અહિ સ્થુલ જીવન સિવાય અન્ય રીતે જ શિક્ષણ મળે નહિ તે લેવાને આવ્યા છીયે આપણા ચૈતન્યને સ્થુળ જીવન ચોકસાઈ શીખવે છે. એ શક્તિ અહિઆ જોઇએ એટલો વખત સુધી મળે નહિ તો ઉચ્ચતર ભુમિકાઓ ઉપર તે ખીલતી નથી પણ લોકોને પાપની સાથે માથાકૂટ શુ કરવા કરવી જોઇએ? દુનિયામા જોઇએ તેટલી ભલાઇ છે, જોઇએ તેટલુ પુણ્ય છે, માટે તેનો વિચાર કરવો એજ વધારે સારૂં છે. કેમકે આપણે જેનો વિચાર કરીએ તે વસ્તુ તે વિચારથી વધારે સુદ્રઢ બને છે પાપી વ્યક્તિઓ વિષે બહુ વિચાર કરવાથી તમો તેમનું લક્ષ તમારા તરફ ખેચો છો. અને ઘણીવાર એમ થયાનું પરિણામ બહુ અનિષ્ટ આવે છે.

પ્રકરણ ૯મુ

હિંદુ ધર્મ

અજ્ઞાન પાદરીઓ હિંદુ લોકોના ત્રેત્રીસ કરોડ દેવોની વાતો કરી એ ધર્મની હાસી કરે છે, પરન્તુ તેઓ પોતાના કરતા ઘણા સાગ અને વધારે શાસ્ત્રીય એક ધર્મને માટે ઘણી ગેરસમજુતી ઉત્પન્ન કરનારી વાતો કરે છે હિંદુ ધર્મમા પણ અન્ય ધર્મ પેઠે, પરમેશ્વરનાં અનેક સ્વરૂપો હોઇ શકે તો પણ પરમેશ્વર એકજ હોય છે એ વાત સ્વીકારાયલી છે. આ બધા સ્વરૂપોને પરમેશ્વરો (Gods) કહેવા એ હસવા જેવુ છે ખ્રિસ્તિ ધર્મના અનુયાયીઓએ પરમેશ્વર (God) એ શબ્દનો એવો તો અનર્થ કર્યો છે કે એ શબ્દજ જો વાપરવો બંધ કરીએ તો ઠીક પરંતુ જો એ શબ્દનો ઉપયોગ કરવો પડે તો તો સૂર્યમંડળના ઇશ્વરના કરતા ઉતરતી પંક્તિની વ્યક્તિને માટે તો એ શબ્દ વાપરવો જોઇએજ નહિ ખ્રિસ્તિ લોકો પરમેશ્વર (God) ને વિષે જે ઉચા ઉચા સારી વાતો કહે છે તે સૂર્યમંડળના ઇશ્વરને ઘટતી જણાય છે એ મંડળમા એવુ કાઇ નથી કે જેમા એ પોતે નથી છતા એ પોતાના જગત કરતા ઘણા ઉચા છે પરબ્રહ્મનો આપણને યોગ્ય ખ્યાલ આવી શકે એમ નથી; જે કાઇ વિચાર આપણે કરી શકીએ તે કિંચિત માત્રજ હોઇ શકે કેમકે આપણા મનની શક્તિ બહુ થોડી છે ભગવાન બુદ્ધ હમેશા પોતાના શિષ્યોને કહેતા કે પરબ્રહ્મના વિષે તમારે બહુ માથાકુટ કરવી નહિ કેમકે એ બહુ મોટી વાત થઇ ગઇ, એ બાબતમા કશા

નિર્ણયપર આવવુ એ અશક્ય છે અને તેમાથી કશો લાભ થાય એમ નથી

હિંદુઓની મૂર્તિઓ ઘણી વિદ્યુત શક્તિ ધરાવનારી હોય છે, અને જ્યારે તહેવારના દીવસોએ વરઘોડો કહાડી તેમને ફેરવવામા આવે છે ત્યારે લોકોપર તેમની એ શક્તિની ઘણી સારી અસર થાય છે હિંદુઓના ઘણા મંદિરોમા ઘણી મજબૂત સૂક્ષ્મ શક્તિઓ કાર્ય કરી રહી હોય છે દષ્ટાન્ત તરીકે મદુરાના મંદિરમાની મૂર્તિનો સૂક્ષ્મ પ્રવાહ ઘણો પ્રબલ છે એકવાર જ્યારે હુ એ શહેરમા ગયો હતો ત્યારે શિવની ધોળી ભસ્મ મને આપવામા આવી હતી અને પાર્વતિના મંદિરમાથી ચળકતો રાતો ભૂકો પણ આપવામા આવ્યો હતો આ બન્ને એવી તો પ્રબળ વિદ્યુત શક્તિ ધરાવતા હતા કે ઘણો પ્રવાસ કર્યા પછી પણ તેમા એ શક્તિ ઘણા વર્ષ સુધી રહી શકી હતી

હિંદુસ્તાન કર્મકાન્ડની ભૂમિ છે હિંદુધર્મમા કર્મકાન્ડની વાત બહુ આવે છે, ક્રિયાઓ ઘણા પ્રકારની છે વળી એમની ઘણી ક્રિયાઓ ખુદ ભગવાન મનુએ પોતે બતાવેલી કહેવાય છે જોકે આટલુ તો દેખીતુજ છેકે ઘણી ક્રિયાઓ પાછળથી ઉમેરાએલી છે એમાની કેટલીક ક્રિયાઓ નવી પ્રજાની શરૂઆતમા જરૂરની ગણવી જોઇએ, પરંતુ હવે પ્રજા બરોબર સ્થિત થએલી છે એટલે એ ક્રિયાઓનો તેવો ઉપયોગ રહ્યો નથી. જ્યારે આ ક્રિયાઓ થતી જોઇએ છીયે ત્યારે તેમનો શો હેતુ હશે તે સ્પષ્ટ સમજાય છે હવે તો એ ક્રિયા માત્ર નામનીજ જણાય છે, તેનાથી કઇ પણ અસર ઉત્પન્ન થતી જણાતી નથી બાળ જીવોને માટે આવી બાબનો નિરૂપયોગી નથી; એટલુજ

નહિ પરતુ કેટલાક જીવો એમા આનદ માને છે અને તેમાથી ઘણો લાભ મેળવે છે પરતુ ક્રિયા વિના ચાલેજ નહિ એવો એનો ઉપયોગ નથી અને ખરેખર આગળ વધેલા જીવ તો આવા બધનોમા રહેતાજ નથી, તેતો આપોઆપ તુટી જાય છે

પૂર્વે પ્રથમના કાળમા ઘરનો ધણી આખા ઘરનો ગોર ગણાતો પરતુ જેમ જેમ સુધારો આગળ વધતો ગયો તેમ તેમ ક્રિયાકાન્ડ પણ ગુચવાડા ભરેલુ થતુ ગયુ અને તેથી એ કાર્યમા ખાસ કુશળ વર્ગની ઉત્પત્તિ થઇ કારણકે જેમને બીજી બાબતોનો કાઇપણ વિચાર કરવાનો હોય તેમને ક્રિયાની ઝીણી ઝીણી ઘણી બીનજરૂરી બાબદો યાદ રહે નહિ હમણા તો લોકો ક્રિયા કરે છે અથવા કરાવે છે તે દાક્તરને ત્યાથી દવા મગાવી ખાઇએ તેની માફક કરે છે એ શું છે તે આપણે સમજતા નથી, પણ આપણને એવી શ્રદ્ધા છે કે એ દવા પીધાથી આપણને સારૂ થશે તેજ પ્રમાણે ક્રિયા શુ છે તે ઘણા સમજતા નથી, માત્ર શ્રદ્ધા રાખે છે કે પરિણામ સારૂ જ આવશે છતા ઘણા એવા માણસો પણ છે કે જેઓ ક્રિયાઓ શુ છે તે સમજે નહિ ત્યા સુધી તે અતકરણ પૂર્વક કરે નહિ એવા લોકો આખરે ક્રિયાઓનો ત્યાગ કરીને બેસે છે

જૂની ક્રિયાઓ જે એક સમયે ઘણી સારી રીતે થતી અને જેના ઘણા સારાં પરિણામો આવતાં તે ક્રિયાઓ જુની પુરાણી રીતે થતી જોઇએ છીએ અને તેની લેશપણ અસર થતી જણાતી નથી ત્યારે ઘણી દિલગીરી થાય છે ઇચ્છા શક્તિનો સહજ પણ ઉપયોગ થતો જણાતો નથી કેટલાક લોકો મત્રોને ॐ **भूर्भुव स्व** એવા શબ્દોચ્ચારથી શરૂ કરે છે, પરતુ એ શબ્દોચ્ચાર કરે

છે ત્યારે કશી અસર થતી નથી પૂર્વે તો જેઓ આ ક્રિયાઓ કરાવતા તેઓ એ કાર્યમા પોતાની ઇચ્છા શક્તિનો ઉપયોગ કરતા અને પોતાના તેમજ હાજર રહેલાઓના ચૈતન્યને ઉચી ભૂમિકાઓ સાથે સબધમા લાવતા જેમ ઉચ્ચાર થતા તેમ એકપરથી બીજી ભૂમિકાપર ચઢતા

હિદુસ્તાનમા હજારો વર્ષ પૂર્વે થએલા એક જણના વિષે અમે અભ્યાસ કરતા હતા ત્યારે આ બાબત જોવાની અમને તક મળી હતી એ જીવનમાં ક્રિયાઓની આવી અસરનુ દૃષ્ટાંત મળ્યું હતુ તે એવુ હતુ કે લોકો એક અદરના અધારા ઓરડામા દાખલ થયા અને ત્યા ઉભા રહ્યા ક્રિયાની શરૂઆતમા પુરોહિતે આ શબ્દોનો ધીમેથી સ્પષ્ટ રીતે ઉચ્ચાર કર્યો અને તેની આસપાસ ઉભેલા શ્રોતાજનોમાના ઘણાનાપર તેની યોગ્ય અસર થઇ ૐના ઉચ્ચારથી સર્વ લોકો તેની સાથે એકતાન થઇ ગયા, અને તેની લાગણી-ઓ સાથે સબંધી થયા પછી ભૂ એ શબ્દના ઉચ્ચારથી તેમને ઓરડામા સાધારણ અજવાળુ જણાયુ, અને તેથી તેઓ સ્થૂળ પદાર્થ જોઇ સકયા. અને બીજા ને ત્રીજા શબ્દના ઉચ્ચારથી તેમની દૃષ્ટિપર પણ એવીજ અસર થઈ અને એ ઉચ્ચ ભુવનના આનદનો અને શક્તિનો તેમને અનુભવ થવા લાગ્યો ત્યારપછી મંત્રોનો ઉચ્ચાર થયો તે દરમિયાનમા તેઓ આ સ્થિતિમાજ રહ્યા

આ અસર તાત્કાલિક હતી એતો સત્યજ છે જ્યારે ક્રિયા પુરી થઇ ત્યારે તેમા ભાગ લેનારા ઉપર જે અસર થએલી તે પણ જતી રહી. પરંતુ એ અનુભવ તો તેમને ઘણો મ્હાન્ હતો, અને પરિણામે એવી બીજી ક્રિયાને પ્રસગે ઉચ્ચ ભુવનોપર તેમના ચૈતન્યની જાગ્રતિ વધારે

સહેલાઇથી થઇ શકી પણ હવે તો આમાનુ કાઇપણુ કોઇપણ સ્થળે થતુ જણાતું નથી માત્ર ગોર લાકડા એકઠા કરે છે અને અગ્નિની પ્રાર્થના કરી લાકડાને દીવાસળીથી (!) સળગાવે છે પરન્તુ પૂર્વે તો અગ્નિ દેવનુ જે સ્વરૂપ છે તે પ્રત્યક્ષ આવતુ, અર્થાત્ અગ્નિ પોતાની મેળે પ્રકટ થતો હવે તો આ સર્વ વિસ્મૃત થયુ છે અને માત્ર તેનું રૂપ રહી ગયુ છે

યાત્રાની યેજનામા તો ઘણો ઉડો શાસ્ત્રીય ભેદ સમાએલો છે યાત્રા શાસ્ત્રીય અને યુક્તિયુક્ત છે ઘણું કરીને મોટા યાત્રાના મદિરો કોઇ મોટા માણસના મૃત્યુની જગ્યાએ અથવા તો જ્યાં કોઇ મહાન બનાવ બનેલો હોય એવે સ્થળે હોય છે, પછી એ પ્રસગ કોઈ ગત મહાત્માના જીવનના દીક્ષા પ્રસગનો હોય અથવા તો બીજો હોય ગમે તે હોય પરતુ આવી જગ્યાએ સબળ વિદ્યુત પ્રવાહ ચાલી રહેલો હોય છે અને તેની અસર હજારો વર્ષ સુધી રહે છે કોઇ પણ સૂક્ષ્મસ્પર્શી માણસ ત્યા જાય તો તે આ અસર તરતજ પારખી શકે, અને તેની અસર તેનાપર નક્કી સારીજ થવાની જ્યા સાધારણ માનવીના ઉત્તમોત્તમ આદોલનો કરતા વધારે ઉચા પ્રકારના આદોલનો ચાલી રહ્યા હોય ત્યા જો કોઇ માણસ આવે છે તો તેની તેના પર ઉપરના જેવી કાઇક અસર થાય એ સ્વભાવિક છે અને તેના પોતાના આદોલનો તેટલીવાર એ સ્થળના આદોલનો સાથે સવાદી થાય છે

જે પ્રવાસી આવી પવિત્ર જગ્યાએ આવી આ પવિત્ર આદોલનોમા લાગ લગટ થોડા દીવસો સુધી સ્નાન કરે તેને તેથી ફાયદો થાયજ. જુદી જુદી પ્રકૃતિના મનુષ્ય ઉપર તેની અસર જુદી જુદી

થાય એ સભવિત છે અને એ અસરનુ પ્રમાણ તેમની પોતાની સૂક્ષ્મસ્પર્શની શક્તિના ઉપર આધાર રાખે છે બુદ્ધ ને ગયાજીમા જે બોધીવ્રૃક્ષ છે તે આવુ પવિત્ર સ્થળ છે, એ સ્થળે ગૌતમ બુધ્ધે બુદ્ધની દીક્ષા લીધી હતી જો કે ત્યા જે ઝાડ હાલ છે તે બીજુ છે છતા ત્યા આવી અસર માલમ પડે છે એ વૃક્ષ મધ્ય કાલમા નાશ પામ્યુ હતુ પણ હાલનુ જે વૃક્ષ છે તે તેનો એક ફાટોજ છે છતા એ સ્થળમા ઘણુ જબરૂ વિધુત બળ ટકી રહ્યુ છે અને હજુ પણ ઘણા સૈકા સુધી ટકી રહેશે એમ લાગે છે

પ્રકરણ ૧૦મું

વર્ણભેદ

એમ કહેવાય છે કે પૂર્વે પ્રત્યેક જ્ઞાતિનો એક વર્ણ (રંગ) હતો વર્ણ એ સંસ્કૃત શબ્દ છે અને તેનો અર્થ ' રંગ ' એ પ્રશ્નનો મેં અભ્યાસ કર્યો નથી તોપણ એટલું તો ખાતરીથી કહી શકીશ કે જે રંગો ગણાય છે તે તે જ્ઞાતિના લોકોના ઓજસના રંગોતો નથીજ કેવળ ધોળો ઓજસ તો એક બાળકનોજ હોય છે મહાત્માઓના ઓજસમાં પણ વિવિધ વર્ણો જોવામાં આવે છે, જો કે તેઓ ઘણા ઝળકે છે છતાં કોઇ કારણસર બ્રાહ્મણનો વર્ણ ધોળો ગણવામાં આવે છે અને ક્ષત્રિયનો વર્ણ રાતો ગણવામાં આવે છે પરન્તુ માનવીના ઓજસમાં પણ જુદા જુદા જાતનો રાતો વર્ણ જોવામાં આવે છે પ્રેમના ખુલ્લા ગુલાબી રંગથી માંડીને ક્રોધના ઘેરા રાતા અને વિષય વાસનાના મેલા રાતા રંગ સુધીમાં જુદજુદા વર્ણો જણાય છે પરંતુ ક્ષત્રિયોમાં બીજા મનુષ્યો કરતાં આ રંગો કાંઈ વધારે હોતા નથી વૈશ્યનો પીળો રંગ ગણવામાં આવે છે પરંતુ ઓજસમાં એ રંગ માનસિક શક્તિ સૂચવે છે તો પણ વૈશ્યોમાજ એ શક્તિ હોય છે એવું માનવાને આપણી પાસે કાંઇ કારણ નથી શુદ્રનો રંગ કાળો ગણવામાં આવે છે

કદી એવું માન્ય કરીએ કે આ વર્ણોને પ્રાથમિક પ્રજાઓના રંગ સાથે સંબંધ છે તો કાંઇ વધારે સમજણ પડે છે આપણને માલમ પડે છે કે આર્ય બ્રાહ્મણો જે પ્રજામાં આવીને રહયા તેના કરતા વધારે નિર્મળ વર્ણના હતા. જે રતાસવાળા ટોલ્ટેક લોકો તે સમયે

એ દેશમા રાજ્ય કરતા હતા તેઓને મૂળ ક્ષત્રિય વર્ગ સાથે કાંઈ સબધ હોય તો તે બનવા યોગ્ય છે અને જે જગલી લેમુરીયન લોકો હતા તેની હમણાં જગલમા રહેતી પહાડી પ્રજાઓ રહી સહી નિશાની છે તેમનો વર્ણ લગભગ કાળો હતો તેથી તેમને શુદ્રની સાથે કાંઇ સબધ હોય એમ સભવી શકે એ જગલી લોકો અને ટોલ્ટેક લોકોની વચમા ઘણા આટલાન્ટીયન લોકો આવીને વ્યાપારી તરીકે રહેલા હતા તેમનો વર્ણ હાલના ચીનાઓના જેવો પીળાસ પડતો હતો તેથી એ લોકો મૂળ વૈશ્યો તરીકે ગણાતા હોય એવો સભવ છે

આ પ્રમાણે વર્ણ ભેદના સબધમા કાંઈ નિશ્ચિતપણે હજુ કહેવાતુ નથી, પરતુ પૂર્વ જન્મોની જે શોધખોળ ચાલે છે તે જેમ જેમ વધતી જશે અને ભૂતકાળમા જેમ જેમ પ્રવેશ થતો જશે તેમ તેમ વર્ણ ભેદના મૂળ પણ ચોક્કસ પણે સમજાતા જશે, અને ત્યારેજ જ્ઞાતિનો અને તેને લગતા વર્ણોનો સંબધ સમજાશે.

પ્રકરણ ૧૧મું.

પ્રેતાવાહનવાદ

પ્રેતાવાહનવાદીઓ અને આપણે બ્રહ્મવિદ્યાના જિજ્ઞાસુઓ કેટલીક અગત્યની બાબતમાં એકમત છીએ એ કદી વિસ્મૃત થવું જોઇએ નહિ. તેઓ સર્વ કહે છે કે (૧) મૃત્યુ પછી પણ એક જાતનુ જીવન છે, અને તે સત્ય છે (૨) સર્વને અનંત વિકાસ કરવાનો છે અને આખરે સર્વને, ભલાને અને ભુંડાને, સુખની પ્રાપ્તિ નક્કી છે આ બે બાબતો એટલી અગત્યની છે અને સાધારણ અસલી વિચારના અનુયાયીઓની વાતો કરતાં એટલી બધી આગળ વધેલી વિચારશ્રેણી સૂચવે છે કે હુ પોતે તો આ સામાન્ય મતતત્રને માટે તેમની સાથે રહીને કામ કરવામાં અડચણ જોતો નથી. આ પ્રમાણે કરીને આટલું સત્યજ દુનિયાના લોકોની પાસે મનાવી શકાય તો જે બાબતો ઉપર આપણે અને તેમને મતભેદ છે તેના ઉપર વિવાદ કરવાનું આગળને માટે મુલતવી રાખી શકાય એમ છે. હું તો હમેશાં ધારૂં છું કે આપણાં બેઉ મંડળને માટે જોઇએ તેટલુ વિશાળ કાર્યક્ષેત્ર છે.

જેઓ નજરે જુએ તેટલુંજ માનનારા છે, જેઓ પ્રત્યક્ષ પુરાવાજ માગ્યાં કરે છે, તેઓને આપણાથી સંતોષાય એમ નથી. તેમને જે જોઇએ છીએ તે પ્રેતાવાહનવાદીઓ તરફથી મળશે. બીજી બાજુએ જેઓને પ્રેતાવાહનવાદીઓ તરફથી મળે તેના કરતાં વધારે તત્વ-

જ્ઞાનની અપેક્ષા હશે તે આ આપણા મંડળ પ્રતિ આકર્ષાશે. પ્રેતોના ભાષણની જેઓ પ્રસંશા કરે છે તેમને બ્રહ્મજ્ઞાન રૂચશે નહિ; તેમજ બ્રહ્મવિદ્યાના રસિકોને પ્રેતોના ભાષણો તૃપ્ત નહિ કરે આપણે બેઉને ઉદાર અને સત્યગ્રાહી લોકોની અપેક્ષા છે, પરતુ તે જુદા જુદા પ્રકારના લોકની દરમીઆન આપણે લડવુ જોઇએ નહિ

મેડમ બ્લેવેટસ્કીએ એ વિષય ઉપર જે કાઇ લખ્યુ તેમા તેમણે એ બાબતના અનિશ્ચિતપણાપર ભાર મુકયો, અને સત્ય વાતો ના કરતા દાંભિકોના પ્રયોગો વિષે વધારે કહયું મારો પોતાનો અનુભવ જુદોજ છે પ્રેતાવાહનના પ્રયોગ કરવામા મે કેટલાક વર્ષો ગુમાવ્યા છે અને પુસ્તકોમા જે બનાવો વિષે ઘણીવાર વાચવામા આવે છે તેમાનો ભાગ્યેજ કોઇ એવો હશે કે જે મારા અનુભવમા આવ્યો ન હોય મે પણ ઘણા દાંભિકો જોયા છે પરતુ ખરેખરા પ્રેતોનો પણ મને અનુભવ થયા છે અને તેટલા સારૂ કેટલાક પ્રેતા વાહનના પ્રયોગો સત્ય હોય છે એમ કહેવું એ મ્હારી ફરજ છે જે સંદેશાઓ તેઓ મોકલે છે તે અરસિક હોય છે અને તેમના ધાર્મિક ઉપદેશમા ઘણુખરૂ ખ્રીસ્તિ ધર્મનોજ બોધ હોય છે પરતુ તે પણ કેટલીક રીતે સર્વ ગ્રાહી હોઈ શકે છે, પ્રથમના કાળના કરતા એટલી થોડી ઉદાર બુદ્ધિ પણ વદ્ધીયછે

એમ કહેવા માગતો નથી કે પ્રેતાવાહનવાદીઓ પણ મતાંધ હોતા નથી, તેઓ પણ બીજા પથોવાળાની માફક સાકડા વિચારના અને અસહિષ્ણુતાવાળા હોય છે દાખલા તરીકે પૂનર્જન્મનો સિદ્ધાન્ત લો. તેની તકરારમા એ લોકો એવાજ જણાય છે અગ્રેજ અને અમેરિકન પ્રેતાવાહનવાદીઓને આ સિદ્ધાન્તની હજી ખબર

નથી પરંતુ એનન કાર્ડેકના ફ્રેચ અનુયાયીઓ અને ઇગ્લાન્ડની મેડમ એસ્પેરેંના અનુયાયીઓ પુનર્જન્મનો સ્વીકાર કરે છે. ઘણા માણસો એવો અચબો પામે છે કે મરેલા માણસો શા માટે પુનર્જન્મનો સિદ્ધાન્ત જાણતા નહિ હોય! પરતુ તેમણે એ બાબત જાણવીજ જોઇએ એમ માનવાનું કારણ શુ છે? માણસ મૃત્યુ પામે છે ત્યારે પૃથ્વીપર તેને જેનો સગ હતો તેનો સગ તે શોધે છે, સ્થળ જીવનમાં જેમ તે હરતો ફરતો તેમજ ત્યા પણ હરે ફરે છે સાધારણ ગામડાનો ગાંધી મરણ પછી પૂનર્જન્મના સિદ્ધાન્તો સમજાવનાર કોઇના સગમા આવી પડે એવો સભવજ નથી વળી ઘણા માણસો તો પોતાના પક્ષપાતી વિચારોને લીધે નવા વિચાર ગ્રહણ કરવાની શક્તિજ ધરાવતા નથી તેઓ પોતાના મતો મૃત્યુ પછી પણ મૂકતા નથી અને તેથી સાધારણ સમજ કે બુદ્ધિનો અહિના કરતા ત્યા તેઓ વધારે ઉપયોગ કરે એવુ છેજ નહિ.

પરંતુ જે ખરેખરો ઉદાર વિચારનો છે, જયાથી જડે ત્યાંથી સત્ય ગ્રહણ કરવાને તૈયાર છે, તેને તો કામલોકમા નવીન વિચાર કરવાનો અને નવિન શિક્ષણ લેવાનો ઘણો સારો પ્રસગ મળે છે; તેથી એવો માણસ ઝટ બ્રહ્મવિદ્યાના સિદ્ધાન્તો શીખી શકે છે, અને એવા ઘણા મૃત્યુ પામેલા માણસો છે કે જેઓ તેમ કરે છે માટે કેટલીકવાર પ્રેતોના સંદેશાઓમા અને શિક્ષણમા કોઈ કોઈ સ્થળે બ્રહ્મવિદ્યાના ઝાખા દર્શન થાય છે વળી આપણે યાદ રાખવાની જરૂર છે કે એક જાતનો વધારે ઉચ્ચ પ્રેતાવાહનવાદ છે તેના અનુયાયીઓ કદી પોતાના કાર્યને પ્રસિદ્ધિ આપતા નથી સૌથી સરસ મડળો તો તદ્દન ખાનગી રીતેજ કાર્ય કરે છે. તેમા સર્વ

એકજ કુટુંબના હોય છે અથવાતો ખાસ મિત્ર મંડળનો તેમાં સમાવેશ થાય છે આવાં મડળોમાં એકજ જાતના માણસો હંમેશાં મળ્યાં કરે છે અને બીજા કોઈ અજાણ્યા માણસને તેમાં પ્રવેશ કરવા દેવામાં આવતો નથી. આ પ્રમાણે તેનું વિદ્યુત વાતાવરણ બદલાવવા દેવામાં આવતું નથી, એટલે જે સાધનો ત્યાં જડે છે તે લગભગ શ્રેષ્ટ હોય છે, તેના જે પરિણામો મળે છે તે ઘણાં આશ્ચર્ય કારક હોય છે જે પ્રસિદ્ધ પ્રેતાવાહન મડળોમાં કોઈ પણ માણસ ફી આપીને જઇ શકે છે ત્યા જે પ્રેતોનું આવાહન થાય છે તે ઘણા ઉતરતા પ્રકારના પ્રેતો હોય છે અને તેનુ કારણ એ છે કે ત્યા હાજર રહેનારના વિદ્યુત વાતાવરણમા સવાદ બીલકુલ હોતો નથી.

પ્રકરણ ૧૨ મું.

સંજ્ઞાશાસ્ત્ર.

સંજ્ઞાશાસ્ત્રનો અભ્યાસ ઘણો રસિક છે કેટલાંક માણસોનાં મન એવાં હોય છે કે તેમને સર્વ વસ્તુ સંજ્ઞામય જણાય છે, અને કેટલાકને તો સંજ્ઞા ઘણીજ મદદગાર રૂપ થઇ પડે છે. હુ પોતે એવો નથી અને તેથી મે એ બાબતનો ખાસ અભ્યાસ કર્યો નથી, અને એ બાબત પર ખાસ લક્ષ આપ્યું નથી કેટલીક તો બહુ સરળ અને દેખીતી રીતે સૂચક છે. જેઓ તેગનો અર્થ સમજવાના નિયમો જાણે તેમનાથી તે સહેલાઇથી સમજી શકાય છે. ધ્યાનના પુસ્તકનાં પહેલાં પાનાંઓ ઉપર જે સંજ્ઞાઓ આપી છે તેનો વિચાર કરો. પહેલા પાનાપર એક ધોલી ગોળાકૃતિ છે અને તે અવ્યક્ત સ્થિતિ સૂચવે છે, બીજા પાનાપર એ ધવલ ગોળાકૃતિનાં વચમાં એક બિંદુ દર્શન દે છે. એ બિંદુ પ્રથમ વ્યક્તદશા સૂચવે છે. પ્રથમ ઇશ્વિર (First Logos) વ્યક્ત થાય છે તે સૂચવે છે. ત્રીજા પાના ઉપર આ બિંદુ બે તરફથી વધીને એક લીટી બની છે. એટલે તેની આકૃતિ એક સળી જેવી થઈ છે અને તેથી ગોળાકૃતિના બે વિભાગ થાય છે. આથી પ્રકૃતિ અને પુરૂષ છુટાં પડયાની દશા સુચવાય છે વળી દ્વિતીય ઇશ્વિરને હમેશાં દ્વિલિંગ કહેવાય છે. વળી ચોથા પાના ઉપર આ ઉભી લીટીને બરોબર કાટખૂણે એક બીજી લીટી દોરાએલી માલમ પડે છે. અને તેથી ચાર ભાગમાં વહેંચાયલા વર્તુલની આકૃતિ બને છે. એ ત્રીજા ઇશ્વિરનું (Third Logos) વ્યક્તપણું સૂચવે છે,

પણ તે હજુ કાર્ય કરવા લાગ્યા નથી પાચમા પાના ઉપરની આકૃતિમાં વર્તુલ જણાતુ નથી માત્ર એક ચાર સરખા હાથની ચોકડીજ માલમ પડે છે આ દ્વિતીય ઇશ્વર (Second Logos) કાર્ય કરવાની તૈયારીમા છે, તેના બ્રહ્માન્ડની પ્રકૃતિમા પ્રવેશ કરવાની તૈયારીમા છે, એવુ સૂચવે છે.

આ કાર્યની બીજી સ્થિતિ એ સજ્ઞાની જુદી જુદી આકૃતિથી દર્શાવાએલા છે એક **મોલ્ટીઝ ક્રોસ છે** આસપાસના બે હાથ મધ્યબિંદુથી આઘા ખસે છે તેમ મોટા થાય છે બીજી સજ્ઞામાં સીધા હાથ બરોબર રહેલા જણાય છે પરતુ છેડેથી અગ્નિની જ્વાળા નીકળતી હોય એવુ બતાવવામા આવે છે એ તેની અંદર જે અગ્નિ પ્રજ્વલી રહ્યા છે તે સૂચવે છે આજ વિચાર વધારે સૂચક બનાવવા સારૂ ક્રોસને મધ્યબિંદુપર ચકર ચકર ફરતો બતાવે છે. ત્યારે તેની જ્વાળાઓ જેમ તે ફરે છે તેમ પાછળ પડતી બતાવાય છે. આ તે સર્વમાન્ય સ્વસ્તિક છે આ સર્વ દેશના સર્વ ધર્મમા માન્ય આકૃતિ છે

ખ્રિસ્તિ ધર્મમાં જે **લાટીન ક્રોસ** વપરાય છે તેનો જે અર્થ સાધારણ રીતે સમજાય છે તેમા અને આ સજ્ઞાત્મક અર્થમાં સરખાપણું નથી. એનો અર્થ તદ્દન જુદો છે. એ ઇશ્વરનો દ્વિતીય વ્યક્ત ભાવ સૂચવે છે અને તેનો અને પ્રકૃતિનો સબંધ સૂચવે છે. વળી એ ઇજીપ્તના ગુપ્ત જ્ઞાન મંડળોની દીક્ષાની ક્રિયાનો અર્થ પણ સૂચવે છે. ઝ્યાનના પુસ્તકની સજ્ઞાના અર્થ સમજવામા એક અનુકૂળતા છે. એ પુસ્તક બહુ સબળ રીતે મત્રેલુ છે. અને તેથી જે શિષ્યને એનો અભ્યાસ કરવાનો લાભ આપવામા આવ્યો છે એવો કોઈ શિષ્ય તેનું એકાદ પાનું હાથમાં લે છે કે તરત એના

ઉપર એક અમુક પ્રકારની અસર થાય છે તેનાં માનસિક ચક્ષુ સમીપ એ પાનાની આકૃતિમા જે અર્થ સૂચવ્યો હોય છે તેનુ એક ચિત્ર ખડુ થાય છે, અને તેની સાથેજ તે એ લીટીઓનું ઉચ્ચારણ થતું સાભળે છે આ બધું સ્પષ્ટ રીતે વૈખરી વાણીમા સમજાવવું મુશ્કેલ છે પરતુ એ અનુભવ બહુ આશ્ચર્યજનક છે

જે પ્રતનુ મેડમ બ્લેવેટસ્કી વર્ણન કરે છે તે પ્રત મે પોતે જોઈ છે અને તેનો ઉપયોગ કર્યો છે એના અભ્યાસ ઉપરથી તેમણે "ગુપ્તજ્ઞાન સહિતા"ના પુસ્તકો રચ્યા એ મૂળ પુસ્તકતો નથીજ પરંતુ જે ગુપ્ત સગ્રહસ્થાન મહાત્મા કે૦ એચ૦ ના રક્ષણ હેઠે છે તેમાની મૂળ પ્રતની નકલ છે મૂળ પ્રત શબાલામા છે, અને સિદ્ધસંઘના પ્રમુખના તાબામા છે એ પુસ્તક દુનિયામા સૌથી જૂનુ પુસ્તક છે એટલૂજ નહિ, પરતુ એ પુસ્તકનો કેટલોક ભાગ— મારા ધારવા પ્રમાણે પહેલા છ ખડ—તો આ દુનિયાના કરતાં પણ જૂના છે કારણ કે એમ કહેવાય છે કે તેમને પૂર્વની કોઇ સૃષ્ટિમાથી આણેલા છે. કેટલાક તો એ સર્વથી જૂના વિભાગને સૃષ્ટિની રચનાનું ક્રિયા દર્શક પુસ્તક છે એમ માને છે આ પ્રત લાખો વર્ષની જૂની હોવી જોઇએ

બીજી જાણીતી સંજ્ઞા એક મહાન્ પક્ષીની છે. એથી ઇશ્વર પોતાની સૃષ્ટિપર ઘૂમ્યાં કરતા હોય સ્થળના સમુદ્ર પર ચિતન કરતા હોય એવુ સૂચવે છે આ મહાન્ પક્ષીની બે પાંખોની મધ્યમાં સ્થિત થવું એનો અર્થ એ કે ઇશ્વરની સાથેના ઐકયનો સાક્ષાત્કાર થાય એવી રીતે ધ્યાનસ્થ થવુ. અને એમ કહેવાય છે કે જે મનુષ્ય એ સ્થિતિએ પહોચે તે ત્યાં અસંખ્ય વર્ષો પર્યંત રહી શકે.

એજ અર્થ સૂચવનારો "ॐ" શબ્દ છે. એ પાંચમી આર્ય પ્રજાનો પવિત્ર અને રહસ્યાત્મક શબ્દ છે. આટલાન્ટીઅનોનો એવો શબ્દ 'તાઓ' હતો એમ કહે છે કે એક પછી એક પ્રજાને જે શબ્દ પવિત્ર શબ્દ તરીકે આપવામાં આવેલા તે એક ઘણાજ બળવાળા શબ્દના ઉપભાગો છે અને તેજ ખરેખરૂં સત્યમાં સત્ય નામ છે

એક બીજી સંજ્ઞા માનવીના હૃદયની છે, એ પૂર્વના આટલાન્ટિસ–લોકોના ધર્મમા પ્રચલિત હતી સોનેરી દરવાજાવાળા શહેરના મહાન્ મંદિરના સૌથી અંદરના ખંડમા એક મોટી હૃદયાકારની સોનાની પેટી રહેતી હતી તેને ઉઘાડવાનુ રહસ્ય મોટા પુજારી સિવાય અન્ય કોઈ જાણતુ નહિ આને 'જગતનુ હૃદય' એવું નામ અપાયલું હતુ. અને તેથી તેઓ જે ગુપ્તમા ગુપ્ત રહસ્યો જાણતા તે સૂચવાતાં હતા તેમા તેઓ પોતાની પવિત્રમાં પવિત્ર વસ્તુઓ રાખતા, અને તેમનો સંજ્ઞા સમૂહ એના ઉપરજ આધાર રાખતો તેઓ જાણતા હતા કે પ્રત્યેક પરમાણુ એક હૃદયની માફક ધડક છે વળી તેઓ એમ માનતા કે સૂર્યને પણ એવી ગતિ છે, અને તેનો સૂર્યમા જણાતા ડાઘાઓ સાથે સબંધ છે કેટલીકવાર તેમનાં પુસ્તકો વાંચતા એમ જણાય છે કે આપણા કરતા તેઓ વિજ્ઞાનશાસ્ત્રમા વધારે આગળ વધેલા હતા જો કે એ બાબતોપર તેઓ વિજ્ઞાનશાસ્ત્રની દૃષ્ટિ કરતાં કવિની દૃષ્ટિએ જોતા અને તેઓ માનતા કે પૃથ્વિ શ્વાસ લે છે અને ફરે છે. આટલુતો સત્ય છે કે હમણા થોડા વખત ઉપર વિજ્ઞાનશાસ્ત્રીઓએ એવી શોધ કરી છે કે પ્રતિદિન પૃથ્વિની સપાટીની સ્થિતિ બદલાય છે, ઉંચકાય છે તેને એક રીતે જોતાં શ્વાસ લેવાની ક્રિયા સાથે સરખાવી શકાય.

બીજી એક સંજ્ઞા કમળના પુષ્પની છે. એ સંજ્ઞા સૂર્યમંડળનો તેના આધિષ્ઠાતા ઇશ્વર સાથેનો સબંધ બતાવવા માટે વપરાય છે. આ સરખામણી કરવાનું ખરૂં કારણ છે કેમકે કુદરતમાં એમ બને છે. સપ્તર્ષિ (Planetary Logoi) જો કે સાત જુદી જુદી વ્યક્તિઓ છે છતાં તેઓ સૂર્યના અધિષ્ટાતાનાં સ્વરૂપ છે અને તેના શરીરમાના ચક્રો જેવાં છે.

આ સાતેને એક જાતની ગતિ છે, અને તે ગતિ માનવીનું હૃદય ધપકારા મારે છે તે વખતે જે ગતિ થાય છે અથવા તો શ્વાસોશ્વાસ લેતી વખતે જે ગતિ થાય છે તેના જેવી છે. આ વારેવારે થતા ફેરફારોમાના કેટલાક બીજાઓના કરતાં ઘણા ઝડપથી થાય છે અને તેથી કરીને ઘણી ગૂચવાડા ભરેલી અસરો ઉપ્તજ થાય છે એમ પણ કહેવામાં આવ્યુ છે કે સ્થૂળ ગ્રહોની એક બીજાના સંબધમા ગતિ છે તે અમુક કાળે બ્રહ્માંડની મહાન શક્તિઓની ગતિ સૂચવે છે આ મહાન્ ચક્રોને સૂર્યના સ્વરૂપમાં અમુક વિશેષ સ્થાન હોય છે અને બીજું એક તેની બહાર ઉપસ્થાન હોય છે. આ ઉપસ્થાનની જગ્યા સ્થૂળ ગ્રહોથી સૂચવાય છે.

માત્ર ત્રણ પરીસીમાની આપણી ભાષાની પરિભાષામાં આ સબધનુ ભાગ્યેજ ચોકસ વર્ણન થઇ શકે એમ છે. આપણે કહીએ તો ચાલે કે દરેક ચક્રને લગભગ એક સૂર્યમંડળના જેટલું વિશાળ કાર્યક્ષેત્ર હોય છે. અને જો એ કાર્યક્ષેત્રની એક બાજુનું ચિત્ર પાડીએ તો તે કઇક લંબગોળાકારનું થાય. અને બીજુ તે એ શક્તિને અધીન સ્થૂળ ગ્રહ બને. જ્યારે મૂળ જળહળતી હવાઈ સ્થિતિમાંથી સૃષ્ટિની રચના થઇ ત્યારે ગ્રહોનુ સ્થાન આ ઉપબિંદુ

આગળ શિખરાકૃતિ થવાથી નક્કી થયુ હોય એ પણ સંભવિત છે. સર્વ લંબગોળાકૃતિમા જે સૃષ્ટિ સામાન્ય હોય છે તેમા સર્વ સ્થૂળ ગ્રહોની વ્યવસ્થા છે એટલે આ વસ્તુ સ્થિતિનું માનસિક ચિત્ર કરવાનો પ્રયત્ન કરશે તેમને ખાતરી થશે કે આ લંબગોળાકૃતિને પણ શિખરાકાર હોવો જોઇએ એને ગ્રહમડળને કમળના ફુલ સાથે સરખાવવાનુ કારણ પણ સમજાઇ જશે

વળી આ પ્રમાણે કમળના ફુલ સાથે સરખામણી કરવાના કરતા પણ વધારે સુદર પરતુ વધાર ગહન એક બીજુ કારણ પણ છે આપણે જોઇએ છીયે ત્યારે ગ્રહો જુદા જુદા ગોળા જેવા દેખાય છે પરતુ ખરેખર તેમની વચ્ચે આપણા સ્થળ મગજની સમજ શક્તિમા ઉતરે નહિ એવો સબધ હોય છે જેમણે ચતુષ પરિમાણુનો અભ્યાસ કર્યો છે તેમને તો આપણાથી અદૃશ્ય એવી દિશામાના પરિમાણુનો ખ્યાલ આવ્યો હોય છે પરતુ તેમને ભાગ્યે-જ સૂઝ્યુ હશે કે એજ વિચાર સમસ્ત સૂર્ય મડળને પણ લગાડી શકાય એમ છે.

ખરેખરૂ સ્વરૂપ આ રીતે કાઇક સમજાશે. આપણે હથેલીને ઉપર રાખી હાથને પ્યાલાનો આકાર આપીએ અને આંગળીઓ છુટી રાખીએ અને પછી આંગળીની અણી પર એક કાગળનો કકડો મૂકીએ તો તેથી જે દેખાવ થાય તે ઘણો સૂચક છે એમ જણાશે કાગળના કકડા પર રહેનાર કોઈ વ્યક્તિ હોય અને તેને એજ પરિમાણનુ જ્ઞાન હોય તો હાથ હોવાનો ખ્યાલ તેને ભાગ્યેજ આવશે. તેને તો માત્ર કાગળ અને આંગલનાં ટેરવાં આગળનાં નાનાં નાનાં વર્તુલોનોજ ખ્યાલ આવશે. તેની દૃષ્ટિમાં તો આ વર્તુલો

એક બીજાથી તદ્દન ભિન્નજ જણાશે પરંતુ આપણે એક વધારે પરિમાણની દૃષ્ટિએ જોવાથી જોઈ શકીશું કે પ્રત્યેક વર્તુલનો નીચેના ભાગમાં વિસ્તાર છે, અને તે રીતે તે પ્રત્યેક હાથનો એક ભાગ છે. તેજ પ્રમાણે ચોથા પરિમાણની દૃષ્ટિ થકી જોઇ શકનાર મનુષ્ય જે ગ્રહો આપણા ત્રણ પરિમાણની દૃષ્ટિએ જોતા ભિન્ન ભિન્ન લાગે છે તે એક અમુક રીતે જોડાએલાં છે. એમ જુએ છે એ ઉચ્ચી દૃષ્ટિએ જોતા એ બધા ગ્રહો એક પુલના જેવા જણાય છે અને પુલના હૃદયમાં એક એક ઝકઝકતું કેમ્બર (પુલનુ) હોય છે તે આપણો સૂર્ય છે. સાંપ્રત વિજ્ઞાન શાસ્ત્રના અભ્યાસીઓએ ગતકાળના શાસ્ત્રો જેનો દેખીતી વિચિત્ર સંજ્ઞાઓદ્વારા બોધ કરવાનો પ્રયત્ન થયો હતો તેને હસી કહાડવાના કે તેનો તિરસ્કાર કરવાનો નથી કારણકે પૂર્વની ઘણી સંજ્ઞાઓમાં ઉંડુ રહસ્ય સમાએલુ છે અને એ રહસ્ય બતાવે છે કે હાલના લોકોના કરતાં તે સમયના લોકોનુ જ્ઞાન વધારે ઉંડું હતુ. બ્રહ્મવિદ્યાના ઉપાસકોને જે વાતની પોતાને સમજણ પડે નહિં તેનો તિરસ્કાર નજ કરવો જોઇએ. કારણકે જે ભાષામા એ વાતો લખેલી છે તે ભાષા હજુ તેણે શીખવાની છે.

પ્રકરણ ૧૩મું.

અગ્નિ.

ઉંચાં ભૂવનો ઉપરની સ્થિતિ અહિં જેને આપણે પ્રકાશમાન કહીએ છીએ તેના જેવી છે. કેટલેક સ્થળે તો સર્વ અગ્નિમય છે એમ કહી શકાય પરંતુ તે અગ્નિને સ્થૂલ ભૂવનપર આપણે જે અગ્નિથી પરિચિત છીએ તેવો ગણી શકાય નહિ આપણે અહિ જેને અગ્નિ કહીએ છીએ તેને કંઇપણ બળતણરૂપી સાધનની જરૂર છે. તેથી આપણો અગ્નિ તે આ ઉંચી આપણી સાધારણ ઇન્દ્રિયથી અજ્ઞેય સ્થિતિનુ પ્રતિબિંબ અથવા ઉતરતુ રૂપ છે આ બાબતનું પૂર્વે ઝારોસ્ટરના અનુયાયીઓને જ્ઞાન હતુ એમ જણાય છે, કારણકે તેમના મંદિરમા આવો બળતણ વિના પ્રજ્વલતો અગ્નિ હતો અને તે પવિત્ર અગ્નિદ્વારા તેઓ દૈવી જીવનનું સૂચન કરતા

ઇશ્વર સાથે ઐકય પામવાનો એક માર્ગ આ અગ્નિદ્વારા છે. પૂર્વંના પારસીઓ આ બાબત સારી રીતે જાણતા હતા. અને તેમના ચૈતન્યને જ્યા સુધી તેઓ ઐકય પામે ત્યા સુધી વિકસાવતા કે એ માર્ગે તેઓ ઇશ્વર સાથે ઐકય સાધે આમ કરવાનો માત્ર એકજ માર્ગ છે, તે એ છે કે દેવોની સહાય મેળવવી. પરંતુ આ જમાનામા તો આપણે એવા તો જડવાદી બની ગયા છીએ કે આપણામાના ઘણા થોડા આટલી મહેનત ઉઠાવી શકે. પહેલા ઝારાસ્ટરને એવા ઘણા શિષ્યો હતા કે જેઓ આ માર્ગ ગ્રહણ કરી શકે. આ કાળમા આપણા આ સ્થળ શરીર વડે એવા પ્રયત્નો કરવા જોઇએ કે કદાચ

આપણા શરીરો નાશ પામે તોપણ ભવિષ્યની પ્રજાઓમાં અને અન્ય ગોલકો ઉપર આપણે ફરી આ માર્ગ ગ્રહણ કરી શકાય. આ બધું વિચિત્ર અને અતકર્ય લાગે છે. તેનું કારણ એ છે કે એમાં પ્રકૃતિની આ ભૂવનપર ન સમજી શકાય એવી સ્થિતિ છે. ગુપ્ત વિદ્યાના અભ્યાસીને તો જેમ જેમ તે આગળ વધશે તેમ તેમ માલમ પડતુ જશે કે સ્થૂળ ભૂમિ ઉપરની ભાષામાં વર્ણન નહિ કરી શકાય એવી બાબતો પણ આગળ જતાં જાણવામાં આવશે.

પ્રથમ વિભાગ સમાપ્ત.

થીઓસોફી (બ્રહ્મવિદ્યા) ને લગતાં ગુજરાતી પુસ્તકોનું લીસ્ટ.

નામ	કિંમત.
પુરાણી પ્રજ્ઞા પાકા પુઠાની	૧–૪–૦
એજન કાચા પુઠાની	૧–૦–૦
આનિબીસેન્ટનું જીવન ચરિત્ર	૦–૧૨–૦
શ્રી કૃષ્ણ ચરિત્ર	૦–૨–૦
મહાન મંદીરનો ચોક.	૦–૭–૦
હિન્દુસ્તાનની ઉન્નતિનો માર્ગ	૦–૭–૦
પુનર્જન્મ	૦–૪–૦
દેહી અને તેના દેહ	૦–૬–૦
મુમુક્ષુનો માર્ગ	૦–૬–૦
ધર્મ અને હિંદુ ધર્મ	૦–૬–૦
કર્મ, જ્ઞાન અને ભક્તિ	૦–૫–૦
અવતાર	૦–૫–૦
સમપર્ણ મનુષ્ય	૦–૪–૦
કર્મ	૦–૪–૦
દેવલોક	૦–૪–૦
હૃદયવાદ	૦–૪–૦
આત્મા ને તેના કોષો	૦–૪–૦
કામલોક	છપાય છે.
મરણ અને પ્રેત સ્થિતી	૦–૪–૦
એનિબીસાન્ટ વ્યાખ્યાનમાળા મનુષ્ય, તેનો સ્વભાવ અને શક્તિ	૦–૪–૦
જીવન અને મરણ પછીની અવસ્થા	૦–૧–૦
સનાતન ધર્મ ગ્રંથાવળી	૦–૯–૦
મહાભારત	૦–૮–૦
શ્રી રામચંદ્ર	૦–૮–૦
સનાતન ધર્મ સંવાદ	૦–૧–૦

નામ	કિમત
ગુપ્ત જ્ઞાન સહિંતા	૦-૧૨-૦
ગુપ્ત નાદ	૦-૪-૦
બ્રહ્મ જ્ઞાનસસાર	૦-૨-૦
રાજ રૂષી	૩-૦-૦
બ્રહ્મજ્ઞાન ભોમીઓ	૧-૮-૦
યોગ દર્શન અનુભવ	૨-૦-૦
સુબોધ પત્રીકા (ઉતરાર્ધ અને પૂર્વાર્ધ)	૧-૪-૦
માર્ગોપદેશ માળા	૦-૮-૦
વર્ણોપચાર વિદ્યા અને જ્ઞાનામૃત પત્રીકા	૦-૮-૦
નિવૃત્તિનું સાધન અને સજ્ઞા	૦-૨-૦
સન્માર્ગદર્શક ઉપદેશ માળા	૦-૨-૦
જીજ્ઞાસુનો નિત્ય બોધપાઠ	૦-૧-૦
દયાનો ઝરો	૦-૪-૦
સુબોધચંદ્ર	૦-૮-૦
જૈન ધર્મનુ વ્યાખ્યાન	૦-૧-૦
જાહેર હિમત	૦-૧-૦
મનુષ્યનુ ભવિષ્ય પોતાના હાથમાં	૦-૧-૦
શાન્તિનુ સ્થળ	૦-૧-૦
યોગ માર્ગનો ભોમીઓ	૦-૨-૦
જ્ઞાન દીપક	૦-૨-૦
ગુરૂ દર્શન	૦-૬-૦
શ્રીમદ્ ભગવદ્ગીતા પાકાં મોરોકોના પુઠાની	૧-૪-૦
એજન કપડાના પુઠાની	૦-૬-૦
હૃદય વિનોદ ભાગ ૧ લો (કાવ્યમાં)	૦-૮-૦
એજન ભા. ૨ જો ”	૦-૮-૦
સુવાસિકા ”	૦-૪-૦
ઉત્તરગીતા	૦-૩-૦
કઠોપનિષદ (ગુજરાતી ટીકા સાથે)	૦-૫-૦

સુરત ધર્મનીતિ શિક્ષણ ફંડ ખાતેના

નામ.		કિંમત
નીતિ રત્નામાળા	કવિતામાં	૦-૨-૦
ધર્મનીતિ બોધિની ભા. ૧ લો	(પુરાણોની વાર્તા)	૦-૨-૦
એજન ભા ૨ જો	"	૦-૩-૦
બાળબોધ માળા		૦-૦-૬
મુમુક્ષુનું નિત્ય કર્મ, અનુભવ વાકય, પથીરામ અને આત્મારામનો સંવાદ		૦-૧-૦
બોધવચન માળા ભા ૧ લો		૦-૦-૬
વિદ્યાર્થીની નિત્ય નોંધ		૦-૧-૦

બીજાં પુસ્તકો

સ્વધર્મ	૦-૧-૦
સંસાર યાત્રા	૦-૧-૬
સ્વપ્ન	૦-૨-૦
અંગ્રેજી શિક્ષક	૦-૬-૦
રાસ્ટ્રીય જીવન અને કેળવણી	૦-૧-૦
ગુરૂ પ્રસાદ (માહાત્મા કે. એચ ના વચનામૃતો)	૦-૨-૦
આંતર જીવન ભા. ૧ લો	૦-૮-૦
થીઓસોફી	૧-૦-૦
સ્વામી હરી સ્વરૂપના ભાષણો	૦-૧૨-૦
ગેબી મદદગારો	૦-૪-૦
માર્ગ ઉપર પ્રકાશ	૦-૪-૦
કબીર પદ	૧-૧૨-૦
ચરીત્ર માળા	૦-૧૨-૦
મનુષ્ય તેજ	૦-૩-૦
આંતર્દષ્ટીની પીડા	૦-૧-૦
વિચાર શકિત, કાયુ અને કેળવણી	૦-૧૨-૦
ગેબી અવાજ	૦-૧૨-૦
શ્રી કૃષ્ણની છબી	૦-૧-૦

સુરત—થીઓસોફીકલ સોસાયટી શ્રી હાટકેશ્વર મહાદેવવાળા મકાનમાં
ગોપીપુરા.